દેશના અર્થતંત્રના વિકાસમાં ત્રણ પરિબળો અંગેની ભૂમિકા મહત્વની હોય છે. દેશનો આર્થિક વિકાસ ખેતી ક્ષેત્ર ઉદ્યોગ ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર ઉપર આધારીત છે. અર્થશાસ્ત્રની પરિભાષામાં ખેતી ક્ષેત્રને પ્રાથમિક ક્ષેત્ર પણ ગણવામાં આવે છે. ઉદ્યોગ એટલે કે 'મેન્યુફેકચરીંગ' ગણવામાં આવે છે. અને 'દ્વિતિય ક્ષેત્ર' પણ કહેવામાં આવે છે. જયારે સેવા ક્ષેત્રને 'તૃતિય' પણ કહેવામાં આવે છે.

ઉદ્યોગ એટલે કે મેન્યુફેકચરીંગ આર્થિક વિકાસ માટેનું મહત્વનું ચાલક બળ છે. ભારતમાં સ્વતંત્રતા પૂર્વે કેટલાંક મર્યાદિત ઉદ્યોગો હતા. જેમાં હાથસાપ, વણાટ, કાપડ ઉદ્યોગ મહત્વના હતા પરંતુ આપણે જેને 'હાર્દરૂપ' કહીએ છીએ. તેવા લોખંડ - પોલાદ ઉદ્યોગનો પાયો ઈ.સ. 1907માં મૂળ પારસી પણ ભારતમાં જેમનું બહુ મોટું યોગદાન છે. તેવા શ્રી જમશેદજી નસરવાળજી ટાટા હતો. 1907 માં 'જમશેદપુર' માં તેઓએ 'લોખંડ અને પોલાદ'નું પ્રથમ એકમ શરૂ કર્યું હતું.આ એકમની કાર્યપધ્ધતિ ગુણવત્તા અને ચાહના એટલી હતી કે 'જમશેદપુર' ટાટાનગર તરીકે આજે પણ ઓળખાય છે. ઘણા લોકો આજે પણ તેને 'સ્ટીલ સીટી' તરીકે ઓળખે છે. સ્વતંત્રતા પછી ભારતમાં ઉદ્યોગોનો વિકાસ ઝડપથી થયો. બીજું પંચવર્ષિય યોજનાના કાળમાં ઈ.સ. 1956 પછી ભારતમાં સરકાર દ્વારા ભીલાઈ (મધ્યપ્રદેશ), રૂર કેલા (ઓરીસ્સા/બોકારો (બિહાર) અને દુર્ગાપુર (પ.બંગાળ) ચાર મોટા એકમો શરૂ કરવામાં આવ્યા હતા.

વર્તમાન ભારતમાં લોખંડ પોલાદ ઉપરાંત - સીમેન્ટ ખાતર, કોલસા અને ખનીજ તેલનો પણ સમાવેશ કરવામાં આવે છે.

ભારત સરકાર પ્રતિ વર્ષ ખેતી ઉત્પાદનની જેમ ઔદ્યોગિક ઉત્પાદનનો આંક પણ તૈયાર કરે છે. ભારતમાં ઉદ્યોગને મુખ્યત્વે 4 વિભાગમાં વહેંચવામાં આવે છે.



## 4.2 વ્યાખ્યા :-

ભારત સરકારની નવી નીતિ પ્રમાણે સુક્ષ્મ કદ, નાના પાયાના એકમો, મધ્યમ કદના ઉદ્યોગો અને વિશાળ કદની નીચે પ્રમાણે વ્યાખ્યા કરવામાં આવેલ છે.

**(1) સુક્ષ્મ કદ :** મેન્યુફેક્ચરીંગ એકમો કે જેમાં વધુમાં વધુ રૂા. 25 લાખ સુધીનું રોકાણ પ્લાન્ટ અને મશીનરીમાં કરવામાં આવ્યું હોય તે 'સુક્ષ્મ કદના' 'મેન્યુફેક્ચરીંગ' એકમો છે.

જો એકમ 'સેવાક્ષેત્ર'નું હોય તો મહત્તમ રોકાણ રૂા. 10 લાખ સુધી હોય તેવા 'સુક્ષ્મકદના સેવા એકમો' છે.

**(2) નાના પાયાના એકમો :** જે મેન્યુફેક્ચરીંગ એકમોમાં પ્લાન્ટ અને ગણતરીમાં રૂા. 25 લાખથી વધુ પણ રૂા. 5 કરોડથી ઓછું રોકાણ કરવામાં આવે તેને 'નાના પાયાના મેન્યુફેકરીંગ એકમો' ગણાય છે.

જે 'સેવા એકમો'માં કુલ રોકાણ રૂા. 10 લાખથી વધુ પણ રૂા. 2 કરોડથી ઓછું રોકાણ કરવામાં આવે તેને 'સેવા કામના' નાના કામના એકમો 'ગણવામાં આવે છે.'

**(3) મધ્યમકદ :** જે એકમો મેન્યુફેક્ચરીંગમાં છે અને પ્લાન્ટ તથા મશીનરીમાં કુલ મળીને રૂા. 5 કરોડથી વધુ પણ રૂા. 10 કરોડથી ઓછું રોકાણ હોય તેવા એકમોને 'મધ્યમ કદના મેન્યુફેક્ચરીંગ એકમો' ગણવામાં આવશે.

સેવા ક્ષેત્રમાં જે એકમો રૂા. 2 કરોડથી વધુ પણ રૂા. 5 કરોડથી ઓછું રોકાણ કરતા હોય તેવા એકમો 'મધ્યમ કદના સેવા એકમો ગણાશે.'

- **મોટા કદ :** જો મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રમાં રૂા. 10 કરોડથી વધુ રોકાણ કરવામાં આવ્યું હોય અથવા સેવા ક્ષેત્રમાં રૂા. 5 કરોડથી વધુ રોકાણ કરવામાં આવ્યું હોય તેવા એકમોને 'મોટા કદ'ના એકમો ગણવામાં આવશે.

## 4.3 હેતુ :

સુક્ષ્મ, નાના પાયાના અને મધ્યમ કદના એકમોને પ્રાધાન્ય આપવાની નીતિ ભારતમાં જોવા મળી છે. ભારત મુખ્યત્વે ગામડાઓ અને નાના નગરોનો બનેલો દેશ છે. ઈ.સ. 2011ની જન સંખ્યા પ્રમાણે ભારતમાં આજે પણ 69 ટકા જેટલી વસતિ ગામડામાં વસે છે. ગામડાઓમાં અશિક્ષિત અને અર્ધશિક્ષિત વર્ગ ઘણો મોટો છે. આ વર્ગમાં મોટાભાગના લોકો એવા છે જેની પાસે બહુ મોટી અસ્કમાયત મિલકત પણ નથી. આ વર્ગ આર્થિક સ્થિરતા માટે 'સ્વ' ઉપર વધારે આધારીત છે. આ વર્ગ પાસે કોઠા સુઝ છે. નાના નાના કૌશલ્યો પણ છે વિકાસની મુખ્યધરીમાં આ વર્ગને જોડવા માટે સરકારે સુક્ષ્મ, નાના અને મધ્યમ એકમોને પ્રોત્સાહન આપવાનું નક્કી કર્યું છે.

સરકારના મુખ્ય હેતુઓને નીચે મુજબ દર્શાવી શકાય.

(1) આર્થિક ક્ષમતા ઓછી છે પણ કૌશલ્ય સંપન્ન છે તેવા લોકો સ્વ રોજગારી માટે પ્રવૃત્ત થાય તેવું વાતાવરણ નિર્માણ કરવું.

(2) ગ્રામ્ય વિસ્તાર/ નાના નાના નગરોમાં જ્યાં વસવાટ છે ત્યાં નજીકમાં જ રોજી રોટી માટે પ્રબંધ કરવો વિકેન્દ્રીત વિકાસને વેગ આપવો.

(3) ભારતમાં પ્રથમ પરંપરાગત ટેકનોલોજીથી કરકસર યુક્ત વિકાસનો માર્ગ નક્કી કરવો

(4) ભારત દેશમાં જ્યાં સામાજિક મૂલ્યો રૂઢીઓનો પ્રભાવ છે ત્યાં સામાજિક દષ્ટિએ બહિષ્કૃત વર્ગને વિકાસમાં જોડીને સન્માન તથા વિકાસનું વાતાવરણ નિર્માણ કરવું.

- **નાણાં પ્રબંધ :** સુક્ષ્મ, નાના પાયાના નવા મધ્યમ એકમો સાથે જોડાયેલ વર્ગમાં મોટાભાગના લોકો એવા છે. જેમની પાસે નાનું મોટું કૌશલ્ય છે. આપ બળે આગળ આવવાની તૈયારી પણ છે. પરંતુ 'મૂડી' તેમની માટે મુખ્ય પ્રશ્ન છે આ વર્ગ પાસે પ્રારંભ કરવા માટે જેને 'બીજ મુડી' (સીડ કેપીટલ) કહેવાય તેની પણ અછત હોય છે.

ભારત સરકારે પ્રારંભથી જ આવા એકમોને પ્રારંભિક તબક્કો જરૂરી બીજ મૂડીનો પ્રશ્ન અવરોધ રૂપ ન બને તે માટે અને આવા એકમોનો હળવે વિસ્તાર કરવો હોય કે વૈવિધ્યીકરણ કરવું

હોય તો તે પ્રત્યેક તબક્કો ચીજ વસ્તુની ખરીદી માટે પર્યાપ્ત મૂડી મળી રહે તે માટે સંસ્થાકીય વ્યવસ્થાઓ પણ કરી છે.

સુક્ષ્મ, નાના પાયાના તથા મધ્યકદના એકમોને જુદા જુદા તબક્કે મુડીથી સહાય માટે સરકાર/ અર્ધ સરકારી સંસ્થાકીય વ્યવસ્થા કરી છે.

રાષ્ટ્રીય કક્ષાએ 'સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (સીડબી)' નામની સંસ્થા કાર્યરત છે. 'સીડબી'નું મુખ્ય કામ સુક્ષ્મ, નાના પાયા તથા મધ્યમકદના એકમોને મૂડી પૂરી પાડનાર સંસ્થાઓને મૂડી આપે છે એટલે કે 'રીફાઈનાન્સીંગ પુન મૂડીકરણનું કામ કરે છે.'

નાણાં પ્રબંધ માટે પ્રત્યક્ષ રીતે કામ કરતી મુખ્ય સંસ્થાઓમાં 'ઈન્ડસ્ટ્રી અલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા - આઈ.ડી. બી.આઈ છે જે હવે બેંક તરીકે જ કાર્યરત છે.'

સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ફાઈનાન્શિયલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા "ભારતીય લઘુ ઉદ્યોગ નાણાંકીય નિગમ) ત્રીજી મહત્વની સંસ્થા છે."

પ્રત્યેક રાજયમાં "રાજ્ય નાણાં નિગમ સ્ટેટ ફાઈનાન્શિયલ કોર્પોરેશનનો પણ કાર્યરત છે. આ સિવાય 'નાબાર્ડ' (નેશનલ બેંક ફોર રૂરલ ડેવલપમેન્ટ) 1983થી કાર્યરત છે. નાબોર્ડ ખેતી વિકાસ ઉપરાંત ગ્રામીણ કારીગરીને તાલીમ માટે નાણાં સહાય પણ કરે છે.

સમગ્ર દેશમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા જે સરકારી બેંક છે તે ઉપરાંત રાષ્ટ્રીય કૃત બેંક અને ખાનગી બેંક પણ સુક્ષ્મ નાના પાયાના મધ્યમ એકમોને વ્યાજબી દરે હળવી શરતોએ ધિરાણની કામગીરી કરે છે.

સુક્ષ્મ - નાના પાયાના તથા મધ્યમ એકમોને પ્રોત્સાહીત કરવા સ્થિર કરવા ખાસ કરીને સુક્ષ્મ એકમો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને ભારત સરકારે 'સીડબી' નામ હેઠળ સ્વતંત્ર અંગભૂત એકમ શરૂ કરેલ છે. તા. 8 એપ્રીલ 2015થી આ એકમ શરૂ કરવામાં આવેલ છે. જેનું મુખ્યાલય મુંબઈમાં છે સંસ્થાનું ટૂંકુંનામ 'મુદ્રા બેંક' છે જેનું મૂળ નામ "માઈક્રો યુનીટ ડેવલપમેન્ટ એન્ડ રીફાઈનરી" છે.

- **નાના તથા મધ્યમ ઉદ્યોગોનો વિકાસ : (MSME)**

NSSOના 73માં રાઉન્ડમાં દર્શાવેલ છે તે મુજબ 2015-16માં MSMEનું કુલ પ્રમાણ 633.88 લાખ (બિનકૃષિ) જેટલું હતુ. એ પૈકી 196.65 લાખ એકમો (31%) મેન્યુફેકચરીંગ ક્ષેત્રમાં હતા. 230.35 લાખ એકમો (36%) તાલીમ સેવાક્ષેત્રમાં હતા જયારે અન્ય ક્ષેત્રમાં 206.85 લાખ એકમો એટલે કે 33% એકમો હતા.

633.88 લાખે એકમો પૈકી 324.88 લાખ એકમો ગ્રામ્ય વિસ્તારમાં હતા અને 309.0 લાખ એકમો શહેરી ભારતમાં હતા. MSMEના કુલ 324.88 લાખ ગ્રામ્ય એકમોમાંથી 77.86% એકમો પુરુષોની માલિકીના હતા જયારે 22.14% એકમોની માલિકી મહિલાઓની હતી. શહેરી ભારતના એકમોમાંથી 81.58% એકમો પુરુષોની માલિકીના અને 18.42% એકમો મહિલાઓની માલિકીની હતા. એકદરે 79.63% એકમો પુરુષોના તથા 20.37% એકમો મહિલાઓના હતા.

જો વર્ગીકરણ મુજબ તપાસવામાં આવે તો સૂક્ષ્મ કદ ના 79.56% એકમો પુરુષો તથા 20.55% એકમો મહિલાઓના હતા નાના પાયાના એકમો પૈકી 94.74% પુરુષો તતા 5.26% એકમો મહિલાઓના હતા. મધ્યમ કદના એકમો પૈકી 97.33% પુરુષો તથા 2.67% એકમો મહિલાઓના હતા.

ભારતમાં સુક્ષ્મ નાના અને મધ્યમ કદના એકમો જે આવેલા છે તેમાં જો સામાજિક જૂથ પ્રમાણે વિભાગ કરવામાં આવે તો ગ્રામ્ય માં 51.59% એકમો OBC વર્ગની માલિકીના 15.37% એકમો અનુસૂચિત જાતિના તથા 6.70% એકમો અનુસૂચિત જનજાતિના હતા. આપણે જેને સવર્ણ કરીએ છીએ તેમની પાસે 25.62% માલિકી હતી. જ્યારે શહેરી ભારતમાં OBC પાસે 47.80% અનુસૂચિત જાતિ પાસે 9.45% તથા અનુસૂચિત જનજાતિ પાસે 1.83 % એકમો હતા જયારે સવર્ણ પાસે 40.86% એકમો હતા.

સુક્ષ્મ કદના કુલ એકમો પૈકી 49.84 % એકમો OBC પાસે 12.48 % એકમો અનુસૂચિત જાતિ અને 4.11 % એકમો અનુસૂચિત જનજાતિ પાસે હતા તથા સવર્ણ પાસે 32.79 % હતા. નાના પાયાના એકમો માં 29.64 % એકમો OBC પાસે હતા, 5.85 % એકમો અનુસૂચિત જાતિ પાસે

તથા. 1.65 % એકમો અનુસૂચિત જનજાતિ પાસે હતા જ્યારે સવર્ણ પાસે 62.82 % એકમો હતા મધ્યમ કદના કુલ એકમો પૈકી 33.85 એકમો OBC પાસે તથા 61 % સવર્ણોની માલિકીના હતા. એકંદરે MSMEમાં OBC વર્ગ પાસે 49.72 %ની માલિકી ધરાવે છે તથા સવર્ણ 32.95 % માલિકી ધરાવે છે.

- **રોજગારી :**

MSMEમાં ગ્રામીણ ભારતમાં 496.78 લાખ લોકોને રોજગારી મળે છે. જે પૈકી 186.56 લાખ લોકોને મેન્યુફેક્ચરીંગમાં, વ્યાપાર સેવામાં 160.64 લાખ લોકોને તથા અન્ય ક્ષેત્રમાં 150.53 લાખ લોકોને રોજગારી મળે છે. વિજળીમાં નગણ્ય 6 લાખ લોકોને રોજગારી મળે છે.

શહેરી ભારતમાં MSMEમાં રોજગારીનું પ્રમાણ 612.50 લાખ છે જે પૈકી 173.86 લાખ લોકોને મેન્યુફેક્ચરીંગમાં 226.54 લાખ લોકોને વેપાર સેવામાં 211.69 લાખ લોકોને અન્ય ક્ષેત્રમાં રોજગારી મળે છે ટકાવારી પ્રમાણે MSMEમાં કુલ રોજગારીના મેન્યુફેક્ચરીંગમાં 32% વેપાર સેવા માં 35% અને અન્ય ક્ષેત્રમાં 33% લોકોને રોજગારી મળે છે.

## 4.4 અવરોધક પરિબળો :

સ્વતંત્ર ભારતમાં આયોજક કાળ દરમ્યાન સતત સુક્ષ્મ નાના પાયાના તેમજ મધ્યમ કદના એકમોને પ્રોત્સાહિત કરવાના પ્રયત્નો થયા છે. ભારત સરકાર માત્ર આ જ વિભાગ માટે સ્વતંત્ર એવા રાજ્ય કક્ષાના મંત્રી સાથેનું કાર્યાલય પણ ચલાવે છે. જેની અંદર કૌશલ્ય સંપન્ન વિશેષ અધિકારીઓ ફરજ બજાવે છે અને રાજ્ય સરકારોની સાથે રહીને છેક તળીયા સુધી સંકલનની કામગીરી કરે છે. આમ છતાં રાષ્ટ્ર પાસે જે કુલ માનવ મુડી છે તે માનવ મૂડી પાસે જે પરંપરાગત સાધનો અને સૂજ છે તેને વિકાસની મુખ્ય ધરીમાં જોડવા માટેની કામગીરી અપેક્ષા કરતા ઓછી જોવા મળે છે. તેના કારણમાં કેટલાંક આર્થિક અને બિનઆર્થિક એવા પરિબળો જવાબદાર છે જે નીચે મુજબ છે.

### (1) નાણાં પ્રબંધ :

ભારત સરકારે નાના માણસોની ટુંકાગાળાની મૂડીની જરૂરીયાતો ને ધ્યાનમાં લઈને સંસ્થાકીય પ્રયાસો કર્યા છે પરંતુ આ પ્રયાસોમાં મૂડી સ્રોત સ્વયં મર્યાદા ધરાવે છે. ખાસ કરીને MSME માટે જે કુલ ફાળવણી છે તે જરુરિયાતની સરખામણીમાં ઓછી છે. આજે જ્યારે ગુણવત્તાયુક્ત સાધનોની માંગ વધતી જાય છે ત્યારે સ્પર્ધાત્મક ગુણવત્તામાં ટકી રહેવા માટે મૂડીની જરૂરિયાત મહત્વની છે. ખાસ કરીને સુક્ષ્મ એકમોને ભારે મૂડીરોકાણ કરતા રોજબેરોજની કાર્યકારી મૂડીની માંગ વધુ છે તે સંતોષાતી નથી. અપ્રાપ્ત મૂડીને કારણે એકમોના નિયમિત અસરકારક સંચાલનમાં વિક્ષેપ ઉભા થાય છે.

### (2) ટેકનોલોજી :

MSME એકમો જાત મહેનતે તૈયાર થયેલા એકમો છે. બજારમાં જે પ્રમાણમાં માંગ વધે છે. અને જે ઝડપથી માંગનું સ્વરુપ બદલાય છે તેને પહોંચી વળવા કેવળ માનવબળ ટુંકું પડે છે. જેથી નાના મોટા ઉપકરણો ધરાવતી ટેકનોલોજીનો ઉપયોગ અનિવાર્ય છે. બજારની ભાષામાં આ ટેકનોલોજી એક નિપજક (Input) છે જે સહેલાઈથી પ્રાપ્ત નથી. આ ટેકનોલોજી માલિકી અથવા ભાડેથી મેળવવા મૂડી ઉપરાંત અન્ય પ્રક્રિયા પણ અવરોધ રુપ છે. ખાસ કરીને જે ટેકનોલોજીમાં ઉર્જાનો ઉપયોગ છે તે પ્રશ્ન વિશેષ છે.

### (3) તાલીમ :

સૂક્ષ્મ અને નાના એકમોમાં જે વર્ગ જોડાયેલા છે તે સ્વયંસૂજથી કામ કરે છે. વર્તમાન સમયમાં ટેકનલોજી સંપન્ન માનવ મૂડી વિશેષ જરુરી બને છે. આ વર્ગ પાસે નવીનીકરણની માહિતી પુરતી નથી અને માહિતી હોય તો ઉપયોગ કરવાની પધ્ધતિઓથી અજ્ઞાન છે એટલે કે સુક્ષ્મ અને નાના એકમોમાં માલિકો કે કારીગરોને વિશેષ તાલીમની જરુરિયાત છે અને આ પ્રકારના તાલીમ કેન્દ્રો પણ સહજ સુલભ નથી. વૈશ્વીકરણમાં અદ્યતન તાલીમ કેન્દ્રો માટે આગ્રહ છે. સુક્ષ્મ અને નાના એકમો પાસે સંગઠિત તાકાત નથી તેથી સરકાર પાસેથી જેટલી માત્રામાં તાલીમી સહાય મળે તેનાથી એકમો ચાલે છે.

**(4) બજારી કરણનો અભાવ :**

જે વસ્તુઓ કે સેવાઓ સુક્ષ્મ કદના કે નાના એકમો તૈયાર કરે છે તેની બજાર માંગ ઊભી કરવા માટેના પ્રયત્નોનો અભાવ છે. ભારત જેવાં વિશાળ બજારને પહોંચી વળવા માટે અલગ ટેકનોલોજી છે. સંચાલકો પાસે આવી બજારી ટેકનોલોજીનું પૂરતું જ્ઞાન પણ નથી અને તેની સેવા ખરીદવા માટે સાધનો પણ નથી. એકંદરે એવું જોવા મળે છે કે જેનો વિજળી વેગે પ્રચાર થાય નવીનીકરણથી પ્રચાર થાય તેવા ઉત્પાદનો બજારમાં ઝડપથી છવાય છે. તેની સ્પર્ધામાં સૂક્ષ્મ અને નાના એકમો ગુણવત્તા હોય તો પણ બજારમાં ટકી શકતા નથી જેના કારણે સતત ટકી રહેવાના પ્રશ્નો ઉભા થાય છે.

**(5) સંસ્થાકીય નીતિ :**

સરકારે જે એકંદરે નીતિ અપનાવી છે તે મુખ્યત્વે મોટા એકમોને અથવા મધ્યમ એકમોને અનુકૂળ છે. આજે નાના ઉદ્યોગો માટે આધાર મેમોરેન્ડમની યોજના અમલમાં છે જુદા-જુદા પ્રકારની 21 ટેકનોલોજીની સેવાઓ ઉપલબ્ધ છે પરંતુ તેની મર્યાદા એ છે કે તે સરકારી સેવા છે એટલે કે તેની માહિતી અને પ્રસારણમાં ખામી છે. એકંદરે સુક્ષ્મ અને નાના એકમોને મંજૂરીની પ્રક્રિયાથી માંડીને ભૂમિની પ્રાપ્યતા, મૂડી, શ્રમ નીતિ વગેરે બાબતે સંકલનનો અભાવ છે. જેના કારણે નવા એકમો બંધ થાય છે.

## 4.5 આર્થિક સુધારા :

સ્વતંત્રતા પછી આપણા દેશમાં આપણે મિશ્ર અર્થ નીતિ અપનાવી મિશ્ર અર્થ કારણ એટલે એવી વ્યવસ્થા જેમાં ઉત્પાદનના સાધનોની માલિકી અંગે સ્વતંત્રતા નથી કે સંપૂર્ણ પ્રતિબંધ નથી. અંશતઃ માલિકી ખાનગી તથા અંશતઃ માલિકી સરકારની છે.

આનો હેતુ એ હતો કે સ્વતંત્ર ભારતમાં જે આર્થિક આંતર માળખું ઊભુ કરવાની જરુરિયાત હતી તેમાં જંગી મૂડી રોકાણ આવશ્યક હતું અને તેનો વળતર ગાળો લાંબો હતો. ખાનગી ક્ષેત્ર આ સાહસોમાં રોકાણ કરવા માટે ઓછો રસ ધરાવે. જે સેવાઓ કે સાધનો જરુરી હોય અને જો તેનું ખાનગીકરણ હોય તો તે સેવા કે સાધનોનો ખર્ચ વધુ આવે જે સામાન્ય વર્ગના ગજાની બહાર હોય આને ધ્યાનમાં લઈ આપણે મિશ્ર અર્થકારણ અમલમાં મૂક્યું. અને તે પ્રમાણે પાયાના આંતર માળખાના કામ, સંરક્ષણ વગેરે જાહેર ક્ષેત્ર હસ્તક રહ્યા અને અન્ય કામોમાં ખાનગી ક્ષેત્રને છૂટ મળી.

1967 પછી સમાજવાદનો આક્રમક તબક્કે આવ્યો અને ભારતમાં લગભગ અંકુશિત અર્થકારણ અમલમાં આવ્યું જેમાં ખાનગીને અવકાશ ન હતો. ચાર દાયકા સુધી એકંદરે મિશ્ર અર્થતંત્રમાં અંકુશનો અનુભવ કર્યા પછી 1991માં આપણા દેશમાં આર્થિક સુધારાનો પ્રારંભ થયો.

- **સુધારાના કારણો :**

(1) 1991માં જ્યારે નવી સતા અમલમાં આવી ત્યારે ફુગાવાનો દર લગભગ 17% હતો. એટલે કે ફુગાવો બેકાબુ હતો.

(2) ભારત સરકારની તિજોરીમાં વિદેશી હુંડિયામણની તીવ્ર કટોકટી હતી. વધુમાં વધુ 30 દિવસનો જ પુરવઠો હતો જેના કારણે આંતરરાષ્ટ્રીય વ્યવહારોની કટોકટી ઊભી થઈ હતી.

(3) ભારત દેશ દેવાના વિષયકમાં ફસાયેલો હતો એટલે કે અગાઉ કરેલ દેવાના વ્યાજની ચૂકવણી માટે પણ દેવું કરવાનો સમય આવ્યો હતો. જે આર્થિક કટોકટી કહી શકાય.

આ કારણોને ધ્યાનમાં લઈ સૌ પ્રથમ ઝડપથી આર્થિક સ્થિરતા આવે તે માટે આર્થિક સુધારા અમલમાં મુકવા માટે તે સમયના વડાપ્રધાન શ્રી. પી.વી નરસિંહ રાવે તે સમયના નાણાંમંત્રી ડો. મનમોહન સિંઘને પુરતી સત્તા આપી જેનાં પગલે આર્થિક સુધારા અલમમાં આવ્યા.

## 4.6 આર્થિક સુધારાના અંગો :

આર્થિક સુધારાના મુખ્ય ચાર અંગો છે. ઉદારીકરણ, વૈશ્વિકરણ ખાનગીકરણ અને માળખાકીય સમાયોજન

- **ઉદારીકરણ :**

ઉદારીકરણનો અર્થ એવો થાય કે સરકાર હવે ધંધાકીય આર્થિક પ્રવૃત્તિઓમાંથી પોતાનો હાથ

પાછો ખેંચી લેશે. 1991માં જ્યારે નવી સરકાર આવી ત્યારે નાની મોટી કુલ મળીને 85 જેટલી વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન ઉપર કેવળ સરકારનો જ હક હતો. આના ઉત્પાદન કે વિતરણમાં ખાનગી ક્ષેત્રને અધિકાર ન હતો. ઉદારીકરણ હેઠળ સૌ પ્રથમ આ વસ્તુઓની યાદી 85 થી ઘટાડીને 17 કરવાના આવી ત્યાર બાદ 8 તથા ત્યાર બાદ તે ઘટાડીને 3 આનું મુખ્ય કારણ ઉત્પાદન વૃધ્ધિ, ઝડપી ઉત્પાદન, વિવિધતા તથો રોજગારી ગણાવી શકાય. જ્યારે પ્રતિબંધ હતો ત્યારે તુમારશાહીમાં એટલે કે વહીવટી જડતામાં મોટાભાગની પ્રવૃત્તિઓ ધીમી હતી. કેવળ સરકારી હોવાના કારણે સુરક્ષાના માહોલમાં નવીનીકરણ કે ગુણવતા સુધારણાના પ્રયત્નો થતા ન હતા જેનાથી અર્થકારણ ને ફટકો પડતો હતો. ઉદારીકરણ પછી બજારમાં મૂડીરોકાણનું પ્રમાણ વધ્યું. ઉત્પાદનની પ્રવૃત્તિઓ પણ વધી. નવીનીકરણ પણ થયું અને બજારમાં આર્થિક ચેતનાનો સંચાર થયો.

- **ખાનગીકરણ :**

ખાનગીકરણના મુખ્ય બે પાસાં છે. પ્રથમ તો સરકારે એ સ્પષ્ટ કર્યું કે હવે નવા કોઈ સાહસો સરકાર કરશે નહી અને બીજું જે સાહસો કાર્યરત છે તે પૈકીના જે સાહસો આર્થિક રીતે નબળા છે. સરકાર ઉપર બોજ સમાન છે તેવા નબળા એકમોને સરકાર બજારમાં વહેંચવા મુકશે એટલે કે સરકાર તેવા સાહસોમાંથી મૂડી પાછી ખેંચી લેશે. સરકારી સાહસોનું ખુલ્લા બજારમાં વેચાણને 'વિનિવેશ' કહેવામાં આવે છે.

- **વૈશ્વિકીકરણ :**

દુનિયાના મોટા ભાગના વિકસિત તેમજ કોરીયા અને ચીન જેવાં સામ્યવાદી દેશો પણ અર્થકારણને મુક્ત કરવા લાગ્યા હતા. એટલે કે દેશમાં વિદેશી વસ્તુઓની ઉત્પાદન પ્રક્રિયા કે વેચાણ માટે કોઈ પણ પ્રકારના અંકુશ ન રહે તેમજ દેશના સાહસો કે નિયોજકો વિદેશની ધરતી ઉપર મુક્ત ધંધાકીય વ્યવહારો કરી શકે, તેને વૈશ્વીકરણ કહેવાય. આનો મુખ્ય હેતુ એ છે કે પોતાના દેશમાં જે ટેક્નોલોજી પ્રાપ્ત નથી જે સેવા કૌશલ્ય પ્રાપ્ત નથી અને તે કારણે દેશનો વિકાસ ધીમો રહે છે. તો જો વૈશ્વીકરણ અપનાવવામાં આવે તો વિદેશની ભૌતિક મૂડી, ટેક્નોલોજી અને માનવ મૂડીની મુક્ત હેર-ફેર થઈ શકે જેના કારણે ઉત્પાદનની પ્રક્રિયા વધુ ગતિશીલ અને નવીન શ્રેષ્ઠ વસ્તુઓ પ્રાપ્ત બને અને સ્પર્ધાને કારણે વ્યાજબી કિંમત જળવાઈ રહે. આનુ એક મોટું પાસુ એ પણ છે કે આના હેઠળ માત્ર ઔદ્યોગિક ચીજવસ્તુઓ કે નાણાંકીય સેવાઓને આવરી લેવામાં આવી નથી તે ઉપરાંત જ્ઞાન સેવા સાંસ્કૃતિક પ્રચાર વગેરેને પણ બજાર હેઠળ મુકવામાં આવેલ છે. જેના કારણે નવા ક્ષેત્રોનો વ્યાપ વધતા બજારની તકોમાં ઉમેરો થયો છે.

- **માળખાકીય સમાયોજન :**

આર્થિક વિકાસ માટે દરેક દેશ જુદા-જુદા ક્ષેત્રોને ઉત્પાદનમાં પ્રયોજીને વિકાસને વેગ આપવાનો પ્રયત્ન કરે છે. નબળા કે વિકાસ પામતા દેશોમાં આ ક્ષેત્રો જેવાં કે કૃષિ ક્ષેત્ર, ઉદ્યોગ ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર વચ્ચે મોટે ભાગે અસમતુલા જોવા મળતી હોય છે એટલે સમતોલ કહી શકાય તેવા ક્ષેત્રીય વિકાસ ઓછો જોવા મળે છે. જો માળખાકીય સમાયોજન હાથ ધરવામાં આવે તો દરેક ક્ષેત્રને પુરતી તક પ્રાપ્ત થઈ રહે અને દરેક ક્ષેત્રનું વિકાસમાં સપ્રમાણ પ્રદાન રહે.

બીજું એ પણ છે કે કોઈ પણ દેશમાં ઉત્પાદન અને સેવાના સાધનોની માલિકીની તરાહ પણ મહત્વની ભૂમિકા ભજવે છે અને અંકુશિત અર્થકારણ હેઠળ કેવળ જાહેર સાહસ જ ચલણ અને વલણમાં હોય છે જેના પરિણામે માંગ અને પુરવઠાની સમતુલામાં તેમજ માંગની વિવિધતા સંદર્ભે પ્રશ્નો ઉભા થાય છે. જો ઉત્પાદન કે સેવાના સાધનોની માલિકીના તરાહમાં સમતુલા લાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો વ્યક્તિગત સાહસોને પ્રોત્સાહન અને અવકાશ પણ પ્રાપ્ત થાય અને બીજી તરફ સ્થિરતાનું વાતાવરણ ઊભું થાય.

## 4.7 આર્થિક સુધારાના ફાયદાઓ :

### (1) ઉત્પાદન વૃધ્ધિ :

આર્થિક સુધારાના કારણે બજારમાં નિયોજન શક્તિનો અવકાશ વધ્યો, નિયોજન શક્તિ કામે લાગતા કુલ ઉત્પાદનમાં પણ વધારો થયો અને ઉત્પાદનના સાધનોની માંગમાં પણ વધારો થયો.

**(2) મૂડીકરણ :**

જ્યાં સુધી સંપૂર્ણ અંકુશ હોય એટલે કે પ્રોત્સાહનનો અભાવ હોય ત્યાં સુધી સમાજના એક વર્ગ પાસે બચતો નિષ્ક્રીય પડી રહે. જો ઉદારીકરણ અને ખાનગીકરણ લાવવામાં આવે તો આર્થિક પ્રવૃતિ માટે પ્રોત્સાહનો વધે જેને કારણે નિષ્ક્રિય બચતોનું ઉત્પાદીકય રોકાણમાં પરિવર્તન થાય જેથી સરકાર પરનો બોજ ઘટે અને આર્થિક સાધનોની અછત ઓછી થાય.

**(3) વિવિધતા :**

જ્યારે કેવળ અંકુશ હોય ત્યારે માત્ર સરકારની જ પહેલ હોય છે તેના કારણે જાહેર ક્ષેત્ર હેઠળ જે ઉત્પાદન કે સેવા બજારમાં પ્રાપ્ત હોય તેનો જ સ્વીકાર કરવો પડે કેમકે તેનો વિકલ્પ નથી. જ્યારે આર્થિક સુધારા પછી ખાનગી મૂડી રોકાણ ને કારણે ચીજવસ્તુઓ અને સેવાઓમાં નવીનીકરણ અને વિવિધતાને વેગ મળે. દા.ત. 1991-92 સુધી ભારતના નાગરીકો ને માત્ર એસ.ટી બસની સુવિધા પ્રાપ્ત હતી. જ્યારે હવે ખાનગી વાહનો ઉપલબ્ધ હોવાથી તેની માત્રા અને ગુણવત્તા વધુ છે.

તેવી જ રીતે સંદેશા વ્યવહારમાં ખાનગી ટેલીફોન સેવા તેમજ કુરીયર સેવાનો લાભ મળે છે.

**(4) રોજગારી :**

આર્થિક સુધારામાં બજારનું તત્વ મુખ્ય છે એટલે કે ચીજવસ્તુઓ કે સેવાઓનું બજાર જેટલા પ્રમાણમાં હોય તેટલા પ્રમાણમાં સાધનોની માંગ વધે એટલે બજારનું કૌશલ્ય જેની પાસે છે તેવી માનવ મૂડીની માંગ વધે તેથી રોજગારી ઊભી થાય અને બજારમાં નવીનીકરણની માંગને કારણે પ્રક્રિયામાં પણ નવી માંગ ઉભી થવાથી આનુષાંગિક રોજગારી પણ વધે છે.

**(5) ગુણવત્તા :**

જ્યારે અકુંશ હોય ત્યારે વિકલ્પના અભાવે ગ્રાહક સેવા શૂન્ય હોય કારણ કે ગ્રાહક પાસે બીજો કોઈ વિકલ્પ નથી હોતો સુધારાને કારણે બજારમાં સ્પર્ધાનું તત્વ આવે જેને કારણે પ્રત્યેક એકમ ટકી રહેવા માટે પણ ગ્રાહકોની માંગને અનુરુપ ઉત્પાદન કે સેવાનો પ્રયત્ન કરે એટલે સમાજને ગુણવતાનો લાભ પ્રાપ્ત થાય.

## 4.8 આર્થિક સુધારોની મર્યાદાઓ :

દરેક નીતિના બે પાસાંઓ હોય છે. તેથી આર્થિક સુધારામાં કેટલીક મર્યાદાઓ પણ છે. આર્થિક સુધારાને લગભગ 28 વર્ષ થયા. સુધારા એ જે કેટલીક નવીનતા લાવી તેમ કેટલા પ્રશ્નો પણ ઉભા કર્યા છે જે નીચે મુજબ છે.

**(1) આર્થિક અસ્થિરતા :**

બજારનો અર્થ માંગ અને પુરવઠો આર્થિક સુધારા પછી બજારનો પ્રવેશ થયો એટલે જો માંગ કરતા પુરવઠો વધુ હોય તો ઉત્પાદકોને ભાવ પ્રાપ્ત થતાં નથી. માલનો ભરાવો થતાં અસ્થિરતા ઉભી થાય જો માંગ વધુ હોય તો ફુગાવાની સ્થિતિ ઊભી થાય જેમાં ભાવો વધે છે. મુખ્ય મર્યાદા એ છે કે બજારમાં સરકારનો હસ્તક્ષેપ શૂન્ય હોવાથી માંગ અને પુરવઠાનું ચક્ર જેમ બદલાય તેમ બજારનું ચિત્ર બદલાય એટલે માંગ અને પુરવઠો સમતુલામાં ન રહેતા બજારમાં અસ્થિરતા જોવા મળે.

**(2) અસલામતી :**

માંગ અને પુરવઠાની અસમતુલા સીધી રીતે શ્રમની માંગ ઉપર અસર કરે જે ઉત્પાદન કે સેવાઓની માંગ અનિયમિત હોત કે જેમાં માંગ ઘટે તેવા ક્ષેત્રમાં શ્રમની માંગ ઘટતા રોજગારી ઘટે છે. ખાસ કરીને નવીનીકરણ અને ટેકનોલોજીના કારણે ઉત્પાદન પધ્ધતિ જ મૂડી પ્રધાન થવાથી યંત્રોનો ઉપયોગ વધ્યો અને શ્રમની માંગ ઘટી છે. તેથી અસલામતીનું વાતાવરણ સર્જાયું છે.

**(3) સાધનોનો બગાડ :**

બજારનો અર્થ ખાનગી ક્ષેત્રનું પ્રભુત્વ એવો પણ થાય ખાનગી ક્ષેત્ર ધંધામાં કે આર્થિક પ્રવૃત્તિમાં રોકાણ ઉપર ઊચામાં ઊચા વળતરની અપેક્ષા રાખે છે. એટલે કે નફાનું પ્રમાણ વધે તેવું ઈચ્છે છે. કિંમત નિયોજકના હાથમાં ન હોય અને નફો ટકાવી રાખવો હોય ત્યારે નિયોજક અન્ય અનિષ્ટો દાખલ કરે છે. તંદુરસ્ત સ્પર્ધાને બદલે ગળાકાપ સ્પર્ધા થાય ત્યારે પ્રભુત્વ ધરાવતા નિયોજકો માલનું કેન્દ્રીકરણ કરીને ઉત્પાદનનું પ્રમાણ ઘટાડીને ગ્રાહકોનું શોષણ કરે છે તથા ઉત્પાદનના સાધનોનો

બગાડ કરે છે જેની સીધી અસર વહેંચણી ઉપર પણ થાય છે.

**(4) અસમાનતા :**

મુક્ત અર્થકરણ એટલે બળિયાના બે ભાગ એટલે કે જે નિયોજક સાધન સંપન્ન હોય જેની રોકાણ કરવાની ક્ષમતા વધુ હોય તે આર્થિક સતાનું કેન્દ્રીયકરણ કરે. કેવળ એક જ ક્ષેત્રમાં નહીં પણ જુદા-જુદા ક્ષેત્રોમાં આ વર્ગ ઝંપલાવીને બજાર ઉપર પ્રભુત્વ મેળવે છે. જેનાં કારણે માલિકીની અસમાનતા ઉભી થાય છે. બહુ જ થોડા લોકો પાસે જંગી સંપત્તિ કેન્દ્રીત થાય છે અને નાના લોકોનો મોટો સમુહ સંપતિથી વંચિત રહે છે. સમાજ વ્યવસ્થામાં સાધન સંપન્નના વારસદારોને મિલ્કતનો જંગી લાભ મળે છે. જ્યારે સાધન વિહોણા વારસદારોને વંચિતપણુ મળે છે જે સમાજની તંદુરસ્તીને જોખમાવે છે અને લાંબાગાળે વર્ગ વિગ્રહ લાવે છે.

**(5) પર્યાવરણના પ્રશ્નો :**

આર્થિક સુધારા પછી જેમ-જેમ બજારનો પ્રવેશ વધતો ગયો તેમ-તેમ વિવિધ ક્ષેત્રો ઉપર ખાનગી ક્ષેત્રોનો પ્રભાવ વધતો ગયો. આ પ્રભાવ હેઠળ નિયોજકો વધુ ને વધુ કુદરતી સંપત્તિનો પણ ઉપયોગ કરવા લાગ્યા આ ઉપરાંત જંગી ઉત્પાદનના લોભથી કૃત્રિમ ટેકનોલોજીનો વપરાશ પણ વધારવા લાગ્યા. આમ થવાના કારણે પાકૃતિક સમતુલામાં વિક્ષેપ ઉભા થયા. આજે વૃક્ષ અને વનરાજીના જંગલોને બદલે સિમેન્ટના જંગલો વધ્યા છે. એટલે કે જે સાધનો લાંબા ગાળા સુધી સમાજને પોષણ કરે કે લાભ આપે તેવા સાધનોનો અતિ વપરાશ થવાથી પર્યાવરણીય સમતુલા પણ જોખમાય છે.

**સ્વાધ્યાય :**

- **ટૂંકા પ્રશ્નો :**

(1) પ્રાથમિક ક્ષેત્ર એટલે શું ?

(2) ભારતમાં લોખંડ અને પોલાદનું પ્રથમ એકમ કયાં અને કોને શરુ કર્યું હતું.

(3) ભારતમાં કયાં શહેરને સ્ટીલ સીટી કહેવાય છે.

(4) ભારતમાં ઉદ્યોગોના કેટલા પ્રકાર છે.

(5) સૂક્ષ્મ એકમો એટલે શું ?

(6) વિનિવેશ એટલે શું ?

(7) ખાનગીકરણનો અર્થ સમજાવો.

(8) ભારતમાં આર્થિક સુધારાની શરુઆત ક્યારે થઈ ?

(9) વૈશ્વીકરણ એટલે શું ?

- **મોટા પ્રશ્નો**

(1) ભારતમાં ઉદ્યોગોનું વર્ગીકરણ સમજાવો ?

(2) ભારતમાં નાના પાયાના ઉદ્યોગોના નાણાં પ્રબંધ વિશે જણાવો ?

(3) નાના પાયાના ઉદ્યોગોનો અર્થ આપી તેની મુખ્ય સમસ્યાઓની ચર્ચા કરો ?

(4) ભારતમાં નાના પાયાના ઉદ્યોગોના વિકાસની ચર્ચા કરો ?

(5) નવી ઔદ્યોગિક નીતિનો અર્થ આપી તેના મુખ્ય આધારસ્તંભોની ચર્ચા કરો ?

(6) ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વીકરણનો અર્થ સવિસ્તાર સમજાવો ?

(7) 1991ની નવી આર્થિક નીતિનું મૂલ્યાંકન કરો ?

(8) ભારતમાં નવી આર્થિક નીતિ માટેના જવાબદાર કારણોની ચર્ચા કરો ?

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

તૃતીય વર્ષ બી.કોમ.

**BCECON302**

# ભારતીય અર્થશાસ્ત્ર



## બ્લોક-૨

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય: પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિશ્રી,**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

| | | |
|---|---|---|
| લેખન : | ડૉ. રુચિર પંડ્યા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>મારવાડી યુનિવર્સિટી, રાજકોટ. |
| | ડૉ. રણછોડ ગાગલ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>ગવર્મેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, રાપર કચ્છ. |
| | ડૉ. બીના પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ફેકલ્ટી ઓફ કોમર્સ (SMPIC),<br>જી.એલ.એસ. યુનિવર્સિટી, અમદાવાદ. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. હિનાબેન પટેલ | પ્રિન્સીપાલ,<br>મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડી. |
| | પ્રિ. નટુભાઈ પટેલ | રીટાયર્ડ પ્રિન્સીપાલ,<br>સી. યુ. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક(ભાષા) : | ઘનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| | ડૉ. અજય રાવલ | એસોસિયેટ પ્રોફેસર,<br>ગુજરાતી વિભાગ, ઉમિયા આર્ટસ & કોમર્સ, અમદાવાદ |
| | ડૉ.દિનેશ ભદ્રેસરીયા | આસિસ્ટન્ટ પ્રોફેસર(ગુજરાતી )<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| આવૃત્તિ : | સુધારેલ પુનઃ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ-2022) | |
| ISBN : | 978-93-5598-189-9 | |

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## (ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**તૃતીય વર્ષ, B.Com.**

**BCECON-302**

**ભારતીય અર્થશાસ્ત્ર**

# ભારતીય અર્થશાસ્ત્ર


| | | |
|---|---|---|
| **એકમ-5** | **ભારતીય આંતરમાળખું - I** | **01** |
| **એકમ-6** | **ભારતીય આંતરમાળખું - II** | **19** |
| **એકમ-7** | **ભારતનું વસ્તીવિષયક માળખું** | **38** |
| **એકમ-8** | **ભારતમાં પર્યાવરણની સમસ્યાઓ અને નીતિ** | **46** |


# PART - 2

એકમ 5

# ભારતીય આંતર માળખું - 1

-: રૂપરેખા :-


5.1 પ્રસ્તાવના

5.2 આંતરમાળખાનો અર્થ

5.3 મહત્ત્વ અને આર્થિક વિકાસમાં આંતરમાળખાની ભૂમિકા

5.4 ભારતમાં માર્ગ વ્યવહાર

5.5 જળમાર્ગ / જળવ્યવહાર/જળવાહનવ્યવહાર

5.6 સંદેશાવ્યવહાર

5.7 સ્વાધ્યાય


## 5.1 પ્રસ્તાવના

આંતરમાળખું એ કોઈપણ વિકાસ માટેની પૂર્વશરત છે. જો દેશ-પ્રદેશ કે કોઈપણ વ્યવસ્થાનો વિકાસ કરવો હોય તો મજબૂત આંતરમાળખું હોવું જરૂરી છે. આંતરમાળખું શબ્દ બે શબ્દોથી બનેલો છે. એક તો આંતર અને બીજું માળખું એટલે કે પરસ્પર સંકળાયેલા વિવિધ માળખાઓ, ઢાંચાઓ કે જે સમગ્ર સ્વરૂપે સમગ્ર વ્યવસ્થા ચલાવે છે. આંતરમાળખાકીય વિકાસ જે દેશનો વધારે હોય એ દેશ ખૂબ જ પ્રગતિ કરે છે. તેથી જ અર્થશાસ્ત્રમાં અર્થવ્યવસ્થામાં આંતરમાળખાનું મહત્ત્વ અનેરું છે.

## 5.2 આંતરમાળખાનો અર્થ

આંતરમાળખું એટલે કોઈપણ એવી વ્યવસ્થા કે જેથી ઉત્પાદન અને સેવા શક્ય બને. ડીક્ષનરી અર્થ પ્રમાણે આંતરમાળખું એ મૂડીસાધનો તેમજ ભૌતિક વ્યવસ્થાઓ છે કે જે આ દેશની અન્ય ગ્રાહકલક્ષી સેવાઓ અને માલનું ઉત્પાદન શક્ય બનાવે છે તેમજ કલ્યાણ પ્રવૃત્તિઓનું પણ સંવર્ધન કરે છે

## 5.3 મહત્વ અને આર્થિક વિકાસમાં આંતરમાળખાની ભૂમિકા

### 5.3.1 અર્થતંત્રને ગતિશીલ રાખે છે

કોઈપણ અર્થતંત્ર કે અર્થવ્યવસ્થા આંતરમાળખાકીય સવલતોના વિકાસ પર આધાર રાખે છે. આ સવલતો અર્થતંત્રના ચક્ર તરીકે કાર્ય કરી તેને સતત કાર્યરત રાખે છે. જેમ કે એરપોર્ટ હોય તો વિમાનની સેવા શક્ય બને છે તેમજ રેલ્વે હોય તો માલ પરિવહન સેવા શક્ય બને છે. તે જ રીતે વીજળી હોય તો ફેક્ટરી દ્વારા વધુ માલનું ઉત્પાદન શક્ય બને છે

### 5.3.2 આર્થિક વિકાસને વેગ આપે છે

જેમ આંતરમાળખાકીય સવલતોનો વિકાસ થાય તેમ તેમ આર્થિક વિકાસને વેગ મળે છે. તેનું જવલંત ઉદાહરણ એટલે અમેરિકાનો આંતરમાળખાકીય વિકાસ. લાસ વેગાસ નામના શહેરમાં તેઓ નેવાડા રાજ્યમાં આવેલ હુવર ડેમમાંથી જળવિદ્યુત ઉત્પાદિત

કરે છે અને સમગ્ર શહેરને જોઈએ તેટલી વીજળી આપે છે. તેના થકી લાસ વેગાસ નો એક પ્રવાસી આકર્ષણ તરીકે વિકાસ થયો છે. પ્રોફેસર રૉસેસ્ટર રોડન તેમના કાંઠ ગિપડાઈ Big Push Theory નામના પુસ્તકમાં જણાવે છે કે મૂડીરોકાણ તો જ થાય કે જ્યારે આંતરમાળખાકીય સવલતો ઉત્તમ કક્ષાની હોય. તેથી જ રસ્તા, રેલવે, વિમાની સેવા, વીજળી, સંદેશાવ્યવહાર જેવી સવલતો હોય તો વિદેશી મૂડીરોકાણ આકર્ષાય છે.

### 5.3.3 રોજગારીનું સર્જન

આંતરમાળખાકીય સવલતો પ્રાથમિક રીતે અને પરોક્ષ રીતે પણ રોજગારીનું સર્જન કરવામાં ખૂબ જ ઉપયોગી થાય છે. જ્યારે આંતરમાળખાકીય સવલતો જેવી કે ડેમ, રસ્તા,એરપોર્ટ વગેરેનું નિર્માણ થતું હોય ત્યારે પણ તે પ્રત્યક્ષ રીતે કે સીધી રીતે રોજગારીનું સર્જન કરે છે અને તેના દ્વારા જ્યારે ઉદ્યોગો અને સેવા ક્ષેત્રનો વિકાસ થાય ત્યારે પણ તેમાં પરોક્ષ રીતે રોજગારીનું સર્જન થતું હોય છે. જેમ કે ઝડપી ઈન્ટરનેટ સેવાથી આઈટી ક્ષેત્રમાં ઘણી બધી રોજગારીનું સર્જન એનું સુંદર દ્રષ્ટાંત છે.

### 5.3.4 ગરીબી ઘટાડવા ઉપયોગી

જ્યારે રોજગારીનું સર્જન થાય ત્યારે લોકોની આવક વધે છે. બેરોજગાર લોકોને રોજગારી મળતા જ તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થતો જોવા મળે છે. લોકો ગરીબીરેખામાંથી બહાર આવે છે તેમજ કુપોષણ બીમારી વગેરે જેવા હાનિકર્તા દૂષણો માંથી બહાર આવે છે. થોડા પરિવારો ગરીબીમાંથી બહાર આવે તો ગરીબીનું વિષચક્ર તૂટે છે અને ધીમે ધીમે દેશ ગરીબીમાંથી બહાર આવતો જાય છે. ચીન તેનું ઉદાહરણ છે. ચીનમાં સરકાર દ્વારા ખર્ચ કરી આંતરમાળખાનો વિકાસ કરવામાં આવેલ છે. જેનાથી ગરીબીનું પ્રમાણ ઠીક ઠીક પ્રમાણમાં ઘટ્યું છે. ભારતમાં પણ વર્ષોથી આંતરમાળખાકીય વિકાસ ગરીબી ઘટાડવામાં ખુબ સુંદર ફાળો આપી રહેલ છે.

### 5.3.5 જીવનધોરણમાં સુધારો

આંતરમાળખાકીય વિકાસ કે સવલતો જીવનધોરણ ઊંચું લાવવામાં અનેક પ્રકારે ફાળો આપે છે. એક તો આંતરમાળખાકીય વિકાસ દરમ્યાન રોજગારીનું સર્જન થાય છે, ગરીબીનું પ્રમાણ ઘટે છે. તેથી લોકો ખોરાક પોશાક ઉપકરણો વગેરે પાછળ નાણાં ખર્ચતા થાય છે અને તેમનું જીવનધોરણ ઊંચું કે વીજળી જેવી સવલતો હોવાથી લોકો ઈલેક્ટ્રીક ઉપકરણો જેવા કે ટેલિવિઝન, ફ્રીજ, વોશિંગમશીન વગેરેનો ઉપયોગ કરી પોતાનું જીવન આરામદાયક બનાવી શકે છે. ઈન્ટરનેટ જેવી સેવા હોવાથી લોકો કોમ્પ્યુટર અને વિવિધ સોફ્ટવેરના ઉપયોગથી પોતાનું કાર્ય સરળ બનાવી શકે છે.

### 5.3.6 વૈશ્વિકરણનું માધ્યમ

આંતરમાળખાકીય સવલતો જેમ કે વિદેશી વાહનવ્યવહાર કે જેમાં આંતરરાષ્ટ્રીય વિમાનવ્યવહાર, જળ વ્યવહાર, માર્ગવ્યવહાર વગેરે થકી વિવિધ દેશના લોકો એકબીજાથી નિકટ આવે છે અને વૈશ્વિકરણની ભૂમિકા રચાય છે. તે જ રીતે ઇન્ટરનેટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી લોકો તેના વડે જોડાય છે. વિશ્વ વ્યાપાર શક્ય બને છે તેમજ બહુરાષ્ટ્રીય કંપનીઓ પોતાનું કાર્ય સરળ રીતે કરી શકે છે, માહિતીનું આદાન પ્રદાન પણ ખૂબ જ સુચારુ રીતે થઈ શકે છે.

### 5.3.7 માનવસંસાધનની ગુણવત્તામાં સુધાર

આંતરમાળખા બે પ્રકારના હોય છે. એક આર્થિક અને બીજું સામાજિક. સામાજિક આંતરમાળખામાં આરોગ્ય અને શિક્ષણને લગતા આંતરમાળખાનો સમાવેશ થાય છે અને તેને લગતી સુવિધા તેમાં સમાવિષ્ટ છે. જો શિક્ષણનું સ્તર સુધરે તો માનવસંસાધન વધુ કૌશલ્ય, વધુ જ્ઞાન-અભ્યાસ સાથે વિકસે છે. એ જ રીતે આરોગ્ય સેવાઓ પણ સારી હોય જેમકે દવાખાના હોસ્પિટલ વગેરે લોકોના આરોગ્યમાં સુધારો કરે છે અને તેઓ વધારે ઉત્પાદક અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો ફાળો આપી શકે છે

આમ આંતરમાળખું એ એકથી વધારે રીતે રાષ્ટ્રનિર્માણમાં ઉપયોગી થાય છે તેમજ રાષ્ટ્ર ઘડતરમાં તેનો બહુમૂલ્ય ફાળો છે. તેથી જ આર્થિક નીતિઓ અને આથિક વ્યવસ્થા કરનારનું ઉત્તરદાયિત્વ બહુમૂલ્ય અને અનેરૂ માનવામાં આવ્યું છે. અગાઉ ઉલ્લેખ થયો એ પ્રમાણે આંતરમાળખા બે પ્રકારના હોય છે એક આર્થિક અને બીજું સામાજિક આ પ્રકરણમાં આપણે આર્થિક માળખા અંગે વિસ્તારથી ચર્ચા કરીશું. જેમાં મુખ્યત્વે વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર, બેકિંગ વગેરે નો સમાવેશ થાય છે. આંતરમાળખા અંતર્ગત આપણે માર્ગ વ્યવહાર, રેલવે વ્યવહાર, જળમાર્ગ, દૂરસંચાર તથા બેક્રિંગ સેવા નો અભ્યાસ કરવાનો છે તો સૌ પ્રથમ માર્ગ વ્યવહાર વિશે જાણકારી મેળવીએ

## 5.4 ભારતમાં માર્ગ વ્યવહાર

ભારતમાં માર્ગ વ્યવહારનું મહત્વ રેલવે કરતાં સામાન્ય રીતે વધુ જોવા મળ્યું છે. માર્ગ વ્યવહારમાં ભારતમાં ચાર પ્રકારના માર્ગોનો સમાવેશ થાય છે.

★ નેશનલ હાઈવે

★ સ્ટેટ હાઈવે

★ જિલ્લાના રસ્તા અને

★ ગ્રામ્ય વિસ્તારના રસ્તા

જો કે આ રસ્તાઓનું મહત્વ પોતપોતાની રીતે હોવા છતાં વિકાસ ભેદભાવયુક્ત જોવા મળે છે. ભારતમાં માર્ગ વ્યવહારના લક્ષણો નીચે મુજબ તારવી શકાય.

### 5.4.1 લક્ષણો

★ ભારતના મોટાભાગના ગામડાઓ રસ્તા થી જોડાયેલા છે કે જ્યાં રેલવેનો વિકાસ પૂરતો થયો નથી.

★ રસ્તા વ્યવહાર ઝડપી સરળ અને વધુ સગવડવાળો છે.

★ માર્ગવ્યવહાર રેલવેના પૂર્વક વ્યવહાર તરીકે ઉભો થયો છે.

★ ઓછા વજનવાળી અને નાશવંત વસ્તુઓના પરિવહન માટે રસ્તાનો ઉપયોગ થતો જોવા મળે છે.

### 5.4.2 ફાયદા

★ આ માર્ગ વ્યવહાર વધુ સલામત પણ જોવા મળ્યો છે.

★ સંરક્ષણ માટેનો સામાન એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી પહોંચાડી શકાય છે.

- ★ માર્ગ વ્યવહારમાં સરકારે તેમજ ખાનગી ક્ષેત્રમાં મૂડીરોકાણ ઓછું કરવાનું રહે છે.
- ★ ભારતમાં રાજ્ય કક્ષાનો રસ્તા વ્યવહાર રાષ્ટ્રીયકરણ એટલે સરકાર હસ્તક રહ્યો છે.
- ★ સરકારની આવકમાં વધારો કરે છે.

### 5.4.3 ભારતમાં માર્ગ વ્યવહાર ની સ્થિતિ

ભારતમાં વિશ્વનું બીજા ક્રમનું વિશાળ માર્ગોનું નેટવર્ક, 5.89 મિલિયન કિલોમીટર નું બનેલું છે. ભારતમાં માર્ગ વ્યવહાર 90 ટકા જેટલો યાત્રિકોનો ટ્રાફિક વહન કરે છે તેમજ 65 ટકા જેટલો વ્યાપાર વહન કરે છે ભારતમાં રોડની ઘનતા ઊંચી છે પરંતુ રોડની લંબાઈ અન્ય દેશોની સરખામણીમાં ઓછી છે. ભારતમાં રસ્તાઓની લંબાઈ 61% છે જેની સામે રશિયા અને ચીનની લંબાઈ 67 ટકા જેટલી છે વધારે છે. ભારતમાં મોટા ભાગના હાઈવે સાંકડા અને ટ્રાફિકની ગીચતા વાળા છે તેમજ તેમની સપાટીની ગુણવત્તા ખામીયુક્ત જોવા મળે છે. ગ્રામીણ ક્ષેત્રમાં તો માર્ગ વ્યવહારની સ્થિતિ વધુ ખરાબ છે. 40 ટકા જેટલા ભારતના ગામડાઓમાં હજુ પણ દરેક ઋતુમાં ઉપયોગમાં લઈ શકાય એવા માર્ગો બન્યા નથી.

### 5.4.4 પ્રગતિ

| Road Cate-gory | 1950-51 | 1960-61 | 1970-71 | 1980-81 | 1990-91 | 2000-01 | 2010-11 | 2015-16 | 2020-21 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| National Highway | 19,811<br>4.95% | 23,798<br>4.54% | 23,838<br>2.61% | 31,671<br>2.13% | 33,650<br>1.45% | 57,737<br>1.71% | 70,934<br>1.52% | 1,01,011<br>1.80% | 1,51,000<br>2.51% |
| State Highway | - | - | 56,765<br>6.20% | 94,359<br>6.35% | 1,27,311<br>5.47% | 1,32,100<br>3.92% | 1,63,898<br>3.50% | 1,76,166<br>3.14% | 1,86,528<br>3.00% |
| District Road | 1,73,723<br>43.44% | 2,57,125<br>49.02% | 2,73,833<br>30.26% | 4,21,895<br>28.40% | 5,09,435<br>21.89% | 5,73,001<br>21.82% | 9,98,895<br>21.36% | 5,61,940<br>10.03% | 6,32,154<br>10.17% |
| District Road | 1,73,723<br>43.44% | 2,57,125<br>49.02% | 2,73,833<br>30.26% | 4,21,895<br>28.40% | 5,09,435<br>21.89% | 5,73,001<br>21.82% | 9,98,895<br>21.36% | 5,61,940<br>10.03% | 6,32,154<br>10.17% |
| Rural Road | 2,06,408<br>51.61% | 1,97,194<br>37.60% | 3,54,530<br>38.75% | 6,28,865<br>42.34% | 1,260,430<br>54.16% | 1,972,016<br>58.46% | 2,749,804<br>58.80% | 3,935,337<br>70.23% | 4,535,511<br>72.97% |
| Urban Road | 0 | 46,316<br>8.84% | 72,120<br>7.88% | 1,23,120<br>8.29% | 1,86,799<br>8.06% | 2,52,001<br>7.47% | 4,11,679<br>8.80% | 5,09,730<br>9.10% | 5,44,683<br>8.76% |
| Project Road | 0 | 0 | 1,30,893<br>14.31% | 1,85,511<br>12.49% | 2,09,737<br>9.01% | 2,23,665<br>6.63% | 2,81,628<br>6.02% | 3,19,109<br>5.70% | 3,54,921<br>5.71% |
| Total | 3,99,942 | 5,24,478 | 9,14,979 | 1,485,421 | 2,327,362 | 3,373,520 | 4,676,837 | 5,603,293 | 6,215,797 |

Source : Ministry of Road and Transport, India.

1951માં 0.4 મિલિયન કિલોમીટરના રસ્તાથી વધી 3.4 મિલિયન કિલોમીટરની લંબાઇ ના રસ્તા 2000 2001 સુધીમાં બનાવવામાં આવ્યા. નેશનલ હાઈવે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ 5646 કિલોમીટર નવતર દક્ષિણ પૂર્વ પશ્ચિમ કોરીડોર પ્રોજેક્ટ સરકારે હાથ ધર્યો. 3633 માઈલનો એક્સપ્રેસ હાઈવે દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકાતા અને સાંકળે છે જાહેર ક્ષેત્રનો મોટામાં મોટો પ્રોજેક્ટ છે જે 1998માં અમલમાં આવ્યો. નાણાકીય વર્ષ 2016 થી લઇ નાણાકીય વર્ષ 2021 સુધીમાં હાઈવેના નિર્માણનું કાર્ય 17 ટકા જેટલા ચક્રવૃદ્ધિ દરે વધ્યું છે. કોરોના જેવી આપત્તિઓ હોવા છતાં ભારતમાં 13258 કિલોમીટરના હાઇ-વે નું નિર્માણ ફક્ત નાણાકીય વર્ષ 2021 માં થયું છે.

★ ભારતમાં માર્ગોના નિર્માણમાં નેશનલ હાઈવે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ કાર્યરત છે તેમજ ભારતમાલા પ્રોજેક્ટ કાર્યરત છે જે ભારતની સરહદો તેમજ પશ્ચિમથી લઇ પૂર્વ સુધીની સરહદોને જોડે છે.

★ પૂર્વોત્તર એક્સપ્રેસ હાઈવે કે જે તેરસો કિલોમીટર પૂર્વોત્તરમાં કાર્યરત છે.

★ જૂન 2021 માં જ ભારત સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા 2284 કિલોમીટરના હાઇ-વેનું નિર્માણ થયું છે.

★ ઓક્ટોબર 2020માં નેશનલ હાઇવે પ્રોજેક્ટની સ્થાપના થઈ કે જે અંતર્ગત રૂપિયા 2700 કરોડના ખર્ચે ત્રિપુરામાં 262 કિલોમીટર ના રોડનું નિર્માણ થયું છે

★ ભારત સરકારે 111 લાખ કરોડ ફાળવીને નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન પ્રકલ્પ હાથ ધર્યો છે કે જે નાણાકીય વર્ષ 2019 થી લઇ નાણાકીય વર્ષ 2025 સુધીમાં સાકાર થનાર છે.

★ ભારત સરકારનો કુલ મૂડી ખર્ચ માં 18 ટકા જેટલો હિસ્સો માર્ગ વ્યવહાર પાછળ ખર્ચ આપવાનો છે.

★ સરકાર અનેક પગલાં લઇ અને વર્ષ 2022 સુધીમાં કુલ બે લાખ કિલોમીટર જેટલા નેશનલ હાઈવે નિર્માણ સંપન્ન કરવા માટે કટિબદ્ધ છે.

★ આવનારા પાંચ વર્ષ દરમ્યાન નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા એક લાખ કરોડ જેટલું ભંડોળ વિવિધ સાધનો દ્વારા એકઠી કરવા માટે સંકલ્પબદ્ધ છે.

### 5.4.5 ભારતમાં માર્ગવ્યવહારના અપૂરતા વિકાસ માટેના કારણો

અન્ય વિકસિત અને વિકાસશીલ દેશોની સાથે પણ તુલના કરવામાં આવે તો માર્ગ વ્યવહારના ધીમાં અને અપૂરતા વિકાસ માટે કેટલાક કારણો સામે તરી આવે છે જે નીચે મુજબ ગણાવી શકાય.

★ માર્ગ વ્યવહારના વિકાસ માટે મૂડીરોકાણ અપ્રયાપ્ત રહ્યું છે

★ રસ્તાના નિર્માણ અને જાળવણી અંગેની નીતિ તથા અમલવારી ખામીયુક્ત જણાય છે

★ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપનો અમલ વધારે સમયપછી કરવામાં આવ્યો છે

### 5.4.6 રેલમાર્ગ




Source : Ministry of Road and Transport, India.

રેલમાર્ગ ભારતમાં જીવનદોરી સમાન ગણવામાં આવેલ છે. તે મુસાફરોના પરિવહનમાં તેમજ માલના પરિવહન બંને માટે ખૂબ જ મહત્વનું પ્રદાન કરી રહેલ છે. આર્થિક વિકાસ અને રાષ્ટ્રીય એકીકરણમાં પણ તેનો સિંહફાળો છે. ભારતમાં સૌ પ્રથમ રેલવે લાઈન 1853માં મુંબઈ અને થાણે વચ્ચે શરૂ કરવામાં આવેલ હતી. વર્તમાન પરિસ્થિતિમાં ભારત એશિયાનું સૌથી મોટું રેલમાર્ગ નેટવર્ક ધરાવે છે. વિશ્વમાં સૌથી મોટું ચોથું રેલ નેટવર્ક ધરાવે છે. સૌ પ્રથમ ક્રમે યુએસએ ત્યારબાદ રશિયા અને પછી ચાઈનાનો સમાવેશ થાય છે. જો કે મુસાફરોની સંખ્યા અને જોઈએ તો સૌથી વધુ મુસાફરોને નિશ્ચિત સમયમાં પરિવહન કરતી ભારતીય રેલ વિશ્વની સૌથી મોટી રેલમાર્ગ છે. ભારતીય રેલવે તે રેલવે મંત્રાલયનું કાયદાકીય બોડી છે. ભારત સરકારના નિયમ હેઠળ તે રાષ્ટ્રીય રેલમાર્ગ નિયંત્રિત કરે છે. ભારતીય રેલ કુલ 67956 કિલોમીટર જેટલી લંબાઇ ધરાવે છે. ભારતમાં કુલ નવ પ્રકારની મુસાફરો માટેની ટ્રેન ઉપલબ્ધ છે જેમાં ગતિમાન એક્સપ્રેસ, રાજધાની એક્સપ્રેસ, શતાબ્દી કે જનશતાબ્દી એક્સપ્રેસ, દુરાન્તો એક્સપ્રેસ, યુવા ગરીબરથ એક્સપ્રેસ, એસી એક્સપ્રેસ, સુપરફાસ્ટ, મેઈલ તેમજ પેસેન્જર ડેમુ-મેમુનો સમાવેશ થાય છે.

### 5.4.7 પ્રગતિ

2009-2010માં આદર્શ સ્ટેશન સ્કીમ શરૂ કરવામાં આવી હતી, જે અંતર્ગત અત્યારે, સ્ટેશન્સ આધુનિકયુક્ત કરી અને તેમાં વધુ સુવિધાઓ ઉમેરવામાં આવી રહી છે. આ સ્કીમ હેઠળ 1253 સ્ટેશનને સંશોધિત કરવામાં આવ્યા છે અને વિકાસ હેઠળ મૂકવામાં આવ્યા છે. જેમાંથી 201 જેટલા સ્ટેશન વિકસિત થઇ ચૂક્યા છે. બાકીના 52 સ્ટેશન પણ 2021 સુધીમાં આધુનિક થઈ જવાના છે. ભારતીય રેલવે આવકવૃદ્ધિના પ્રયત્નો કરી રહી છે. જે અંતર્ગત ગાડીના કોચના બંધારણમાં પરિવર્તન કરવામાં આવી રહ્યું છે.

વધુ ને વધુ વાતાનુકૂલિત કોચ ઉમેરવામાં આવી રહ્યા છે તેમજ IRCTC દ્વારા ડિજિટલ બુકિંગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. અંતિમ વિકલ્પ IRCTCના વિનિવેશકરણનો છે. ભારતીય રેલવે દ્વારા નેશનલ રેલ પ્લાન 2024 લોન્ચ કરવામાં આવ્યો છે કે જેનાથી નિર્ણાયક પ્રોજેક્ટ અમલીકરણ ગતિ પામે. વધુ પડતા ટ્રાફીક ધરાવતા દિલ્હી હાવડા અને દિલ્હી મુંબઈ વચ્ચે ટ્રેનની ગતિ 160 કિલોમીટર પ્રતિ કલાક કરવી તેમજ અન્ય ટ્રેનની સ્પીડ 130 કિલોમીટર પ્રતિ કલાક કરવાની નેમ છે. ભારતીય રેલવે હેઠળ કેટલીક પેટા કંપનીઓ કાર્યરત છે. જેમાં કોંકણ રેલ કોર્પોરેશન, આઈ સી એફ ચિત્તરંજન લોકોમોટિવ વર્ક્સ, રેલકોચ ફેક્ટરી, મોડર્ન કોચ ફેક્ટરી તેમજ મેટ્રો રેલનો સમાવેશ થાય છે.

### 5.4.8 ફાયદા

- ★ લાંબાગાળાના વાહન વ્યવહારમાં રેલવે ખૂબ જ ઉપયોગી છે.
- ★ રેલમાર્ગ ખૂબ જ ઝડપી છે અને તેમાં રુકાવટો ઓછી આવે છે.
- ★ ખરાબ હવામાન અને ગીચતાના પ્રશ્નો આસાનીથી નિવારી શકાય છે.
- ★ ભારે વજન ધરાવતા માલ અને મોટું કદ ધરાવતા માલના હેરફેર માટે તે કરકસરયુક્ત વાહન વ્યવહાર પદ્ધતિ છે.

### 5.4.9 ગેરફાયદા

- ★ પોઈન્ટ ટુ પોઈન્ટ માલના પીક અપ અને ડ્રોપ માટે આ સેવા થોડી અગવડ યુક્ત છે.
- ★ વૈવિધ્યસભર વસ્તુઓના પરિવહન માટે આ સેવા વધુ ઉપયોગી નથી.
- ★ રસ્તા વ્યવહારમાં વધારે વિકલ્પો પ્રાપ્ય છે જ્યારે અહીં મર્યાદિત વિકલ્પો ઉપલબ્ધ છે.

## 5.5 જળમાર્ગ/જળવ્યવહાર/જળવાહનવ્યવહાર

માર્ગવ્યવહાર બાદ જળવ્યવહારનો અભ્યાસ કરીએ. ભારતમાં જળવ્યવહાર બે પ્રકારમાં વહેંચાયેલો જોવા મળે છે જેમાં પ્રથમ છે આંતરિક જળવ્યવહાર અને બીજો છે તટવર્તીય (કિનારા પરનો) દરિયાઈ વ્યવહાર.

### 5.5.1 આંતરિક જળવાહનવ્યવહાર

માર્ગ વ્યવહાર અને રેલવે વ્યવહારના વિકાસ પહેલા આંતરિક જળવ્યવહારનું વધારે મહત્વ હતું જેમાં નદી કેનાલ, બેકવોટર, સરોવર વગેરેનો સમાવેશ થાય છે. પ્રાદેશિક લાંબા અને ટૂંકા અંતર માટે જળ વ્યવહારનો ઉપયોગ કેટલાક દાયકાઓ અગાઉ થતો હતો જે વ્યવહાર ખૂબ ઓછો ખર્ચાળ હતો. સ્થાનિક લોકોને તેનાથી રોજગારીનું સર્જન પણ થતું. પરંતુ સમય જતાં માર્ગવ્યવહાર અને રેલવ્યવહારના વિકાસના કારણે આ આંતરિક જળવાહનવ્યવહારનું મહત્વ ઘટતું ગયું. આજે પણ પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તરપ્રદેશ, આસામ જેવા રાજ્યોમાં નદીઓ દ્વારા આંતરિક વ્યવહાર થાય છે. ભારતના મહાનગર કોલકાતામાં અને પૂર્વોત્તર રાજ્યો એવા આસામમાં આજે પણ જળવ્યવહારનું ખૂબ જ મહત્ત્વ છે. અને તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે.

### 5.5.2 તટવર્તીય/દરિયાઈ જળમાર્ગ

બીજો પ્રકાર છે દરિયાઈ જળમાર્ગ કે દરિયાઈ જળ વ્યવહાર જેનું પણ ભારતીય અર્થવ્યવસ્થામાં પ્રાચીનકાળથી મહત્ત્વ રહેલું છે. હજારો વર્ષથી જળમાર્ગ ભારતના વેપાર-વાણિજ્ય તેમજ મુસાફરોની આવન-જાવન માટે પ્રચલિત હતો તેવા પ્રમાણો પણ મળે છે. પુરાતત્વ ખાતાએ પણ ભારતમાં સહસ્રાબ્દીઓ પહેલા જળમાર્ગ હતો તેવું આધારભૂત રીતે કહ્યું છે. દરિયાઈ જળમાર્ગ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક સંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરે છે. આંતરરાષ્ટ્રીય વેપાર અને વાણિજ્યનો વિકાસ આ દરિયાઈ માર્ગે જ આભારી છે. જ્યારે હવાઈમાર્ગ કે રેલ માર્ગ ન હતા ત્યારે શત પ્રતિશત આંતરરાષ્ટ્રીય વ્યવહાર જળમાર્ગ દ્વારા જ થતો કે જેને શિપિંગ પણ કહેવામાં આવે છે

દરિયાઈ જળવ્યવહારના બે પ્રકારો છેઃ એક તો દેશના જુદા જુદા બંદર વચ્ચે થતો જળવ્યવહાર અને બે દેશો વચ્ચે થતો દરિયાઈ વ્યવહાર કે ઇન્ટરનેશનલ શીપીંગ. ભારત જેવા ખૂબ જ લાંબી દરિયાઈ સીમા ધરાવતા દેશ માટે આ જળવ્યવહાર ખૂબ જ ઉપયોગી અને મહત્ત્વનો બની રહે છે. તે દેશના જ આંતરિક સંસાધનો જેવા કે કોલસા, લોખંડ, પોલાદ વગેરેના પરિવહન માટે ખૂબ જ આશીર્વાદ સમાન છે. તે ઉપરાંત આંતરરાષ્ટ્રીય ક્ષેત્રીય નિકાસ માટે પણ ભારતીય પેઢીઓને આગળ વ્યવહાર ખૂબ જ ઉપયોગી બની રહે છે દેશના આંતરિક સ્થાનોથી ભારે વસ્તુઓ બંદરો સુધી પહોંચાડવામાં પણ આ વિકલ્પ ખૂબ અગત્યનો છે. ભારતમાં દરિયાઈ કિનારા પર વેપાર એ સંપૂર્ણપણે ભારતીય જહાજો માટે આરક્ષિત કરવામાં આવેલ છે.

### 5.5.3 ફાયદાઓ

- ★ જળમાર્ગે વાહન વ્યવહાર કેટલાક સસ્તામાં સસ્તા વિકલ્પોમાંનો એક છે.
- ★ જળમાર્ગમાં આંચકાઓ અથવા હલનચલનથી થતાં નુકસાનો નિવારી શકાતા હોય છે.
- ★ તે બટકણી વસ્તુઓ કે તૂટની સંભાવના વાળી વસ્તુઓ જેમ કે કાચ વગેરે માટે સલામત ગણાય છે.
- ★ ભારે વજન ધરાવતા માલ માટે પણ તે વધારે ઉપયોગ છે.
- ★ તેનાથી પ્રદૂષણ પ્રમાણમાં ઓછું થાય છે.
- ★ નદીની જાળવણી વગેરેનો ખર્ચ પણ ખાસ થતો નથી કે જે રસ્તાઓ અને રેલ્વે વ્યવહારમાં બહોળા પ્રમાણમાં થાય છે.

### 5.5.4 મર્યાદાઓ

- ★ તે ખૂબ જ ધીમું માધ્યમ છે.
- ★ રેલવે અને માર્ગવ્યવહાર કરતાં ખૂબ જ મોડેથી તેમાં માલ તથા મુસાફરોની આવન-જાવન રહે છે.
- ★ પૂર જેવી કુદરતી આપત્તિઓ તેના માટે ખૂબ જ જોખમી છે.
- ★ નદીનું અપૂરતું વહેણ કે પાણીનો અભાવ પણ તેના માટે નુકસાનકર્તા છે.
- ★ નદીઓ ક્યારેક તેનું વહેણ બદલે છે કે જેનાથી આવન-જાવન અને વાહન વ્યવહારમાં રૂકાવટ આવે છે.




Source : Inland Waterways Authority of India.

## 5.5 પ્રગતિ

1947થી લઈ ભારતે જળ વ્યવહારમાં ખૂબ જ પ્રગતિ કરેલ છે. જળવ્યવહારમાં ભારતનો ક્રમ એશિયામાં બીજા સૌથી મોટા દેશ તરીકે અને આખા વિશ્વમાં છઠ્ઠા વિશાળ દેશ તરીકે અંકિત છે. ભારતીય જહાજો વિશ્વના લગભગ દરેક બંદરને આવરી લે છે. ભારતમાં મુખ્યત્વે 11 જેટલા મુખ્ય બંદરો આવેલા છે. ભારતનું સૌથી મોટું બંદર મુંબઈ છે ત્યારબાદ કંડલા અને વિશાખાપટ્ટનમનો સમાવેશ થાય છે. ભારતમાં જળમાર્ગ અને પરિવહન નિયંત્રણ ઇનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા થઈ રહ્યું છે. તેના હસ્તક 111 જેટલા રાષ્ટ્રીય જળમાર્ગ સંચાલિત છે. આંતરિક જળવ્યવહાર અને પરિવહનનું મહત્વ વધારવા માટે અને તેની કાર્યક્ષમતા ને બહેતર બનાવવા માટે નેશનલ વોટર પ્રોજેક્ટ 2016 ખાસ પસાર કરવામાં આવેલ છે.સરકારે કેટલાક મહત્ત્વના જળમાર્ગો સંશોધિત કર્યા છે. જેને રાષ્ટ્રીય જળમાર્ગનો દરજ્જો આપવામાં આવ્યો છે. પહેલા માત્ર પાંચ જ માર્ગો અને રાષ્ટ્રીય જળમાર્ગ તરીકે ગણવામાં આવતા હતા પરંતુ અત્યારે ભારત સરકારે 106 જેટલા વધારાના રાષ્ટ્રીય જળમાર્ગો ઓ સંશોધિત કર્યા છે. હાલમાં ભારતમાં પાંચ હજાર કિલોમીટરની લંબાઈ ધરાવતા જળમાર્ગો વિકાસ હેઠળ છે.

## 5.6 સંદેશાવ્યવહાર

આર્થિક આંતરમાળખાકીય સવલતોમાં વાહન વ્યવહાર બાદ મુખ્ય સંરક્ષક તરીકે સંદેશા વ્યવહારનો સમાવેશ થાય છે જેમાં પોસ્ટલ વ્યવસ્થા, ટેલિફોન અને ઇન્ટરનેટનો સમાવેશ થાય છે. પ્રથમ પોસ્ટલ સેવા જોઈએ.

## 6.1 પોસ્ટલ વ્યવસ્થા

ભારતમાં જાહેર ક્ષેત્ર હેઠળ 1950-51માં પોસ્ટલ સેવા શરૂ થઈ. આજે ભારતના દરેક ગામમાં પોસ્ટલ સેવા છે. કુલ દોઢ લાખ પોસ્ટ ઓફિસ ભારતમાં આવેલી છે. ત્રણ

કિલોમીટરના અંતરે અને 500થી વધુ વસ્તી ધરાવતા દરેક ગામને આ સવલત મળે છે. એ જ રીતે શહેરી વિસ્તારમાં પણ પોસ્ટ ઓફિસ પોતાની સેવા આપે છે. નાણાકીય વર્ષ 2019ના અંતે ભારતમાં ગ્રામીણ નાણાકીય વર્ષ 2019ના અંત સુધીમાં ભારતમાં કુલ 141001 ગ્રામીણ પોસ્ટઓફિસ અને 15999 શહેરી પોસ્ટ ઓફિસ અસ્તિત્વમાં હતી. આમ ઈન્ડિયા પોસ્ટ પાસે 2019 સુધીમાં 1,56,600 પોસ્ટ ઓફિસનું નેટવર્ક છે. પોસ્ટલ ડિપાર્ટમેન્ટની માહિતી મુજબ ભારતનું પોસ્ટલ નેટવર્ક સમગ્ર વિશ્વમાં સૌથી વિશાળ છે દરેક પોસ્ટ ઓફિસ આઉટલેટ તરીકે તો કાર્યરત છે જ પરંતુ તે પેમેન્ટ બેક્ર તરીકે પણ કાર્યરત છે. IPPB-ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંકની સ્થાપના વર્ષ 2016માં પબ્લિક લિમિટેડ કંપની તરીકે થઈ હતી કે જેની સો ટકા શેર મૂડી ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ પાસે છે.

### 6.1.1 પ્રગતિ

ભારતીય પોસ્ટલ ડિપાર્ટમેન્ટ દ્વારા 12 આંકડાના યુનિક આઈડેન્ટિફિકેશન નંબર-UIN યુ આઈ એનનો પ્રારંભ થયેલ છે. 2008 એપ્રિલમાં Project Arrow અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ હેઠળ શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારમાં પોસ્ટઓફિસ નવીનીકરણ કરવાનું લક્ષ્ય છે. અત્યાર સુધીમાં 23500 પોસ્ટ ઓફિસમાં તેનો અમલ થઇ ચૂક્યો છે. 22 માર્ચ 2013 થી ઇલેક્ટ્રોનિક ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડરનો પ્રારંભ થયો. આ સેવા વિશેષ કરીને વિદેશમાં રહેતા નાગરિકો માટે ખૂબ જ ઉપયોગી હતી પરંતુ 14 ફેબ્રુઆરી 2014થી દેશના નાગરિકોને પણ આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તે ઉપરાંત પોસ્ટ ડીપાર્ટમેન્ટ દ્વારા લાઈફ ઇન્સ્યોરન્સ એટલે કે જીવન વીમા ની સેવા પણ આપવામાં આવે છે. પોસ્ટ ડિપાર્ટમેન્ટ સેવિંગ્સ પણ ખોલી આપે છે જેમાં રિકરિંગ ડિપોઝિટ, સુકન્યાસમૃદ્ધિ ખાતું, નેશનલ સેવિંગ સર્ટિફિકેટ, કિસાન-વિકાસ પત્ર વગેરે જામીનગીરીઓ પણ બહાર પાડવામાં આવે છે. ઈ-કોમર્સની વધતી જતી માંગને ધ્યાનમાં લઇ ઈ-કોમર્સ ડિલિવરીનો પણ પ્રારંભ કરેલ છે. આ યોજનાથી 2015-16માં ઇન્ડિયા પોસ્ટની આવક 15 મિલિયન જેટલી થવાનો અંદાજ હતો. ટેલિફોન 1999માં જ્યારે નવી ટેલિફોન નીતિ જાહેર થઇ ત્યાં સુધી ભારતમાં 26 લાખ બે કરોડ ટેલિફોન વપરાશકારો હતા. 1994ની નીતિમાં ખાનગી ક્ષેત્રને પણ ટેલિફોનમાં પ્રવેશની મંજૂરી આપવામાં આવી. ભારતમાં એમટીએનએલ(MTNL) તથા બીએસએનએલ(BSNL) ટેલિફોન સેવા આપતી જાહેર કંપનીઓ છે. ટેલિફોનક્ષેત્રનો નિયમન ટ્રાય (TRAI) દ્વારા કરવામાં આવે છે જે ટેલિફોનના દર નિયંત્રિત કરે છે. ભારતનું ટેલિફોન નેટવર્ક વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું નેટવર્ક છે કે જેમાં 18 કરોડ ટેલિફોન ધારકો છે. પ્રથમ લેન્ડલાઈન ટેલિફોન ધારકો હતા જ્યારે હવે મોબાઇલ મોબાઇલ ફોનનો યુગ પ્રવર્તે છે. વર્તમાન મોબાઇલ ફોનના યુગમાં લેન્ડલાઈન ફોનધારકો ની સંખ્યા સાડા ત્રણ કરોડ જેટલી સીમિત થઈ છે. ભારતમાં કુલ 115 કરોડ મોબાઈલ કનેક્શન ધારકો છે. ભારતની ગ્રામીણ ટેલિડેન્સિટી માર્ચ 2014 માં 44% થી વધીને સપ્ટેમ્બર 2021 માં 59% થઈ ગઈ છે. સપ્ટેમ્બર 2021માં કુલ ટેલિફોન કનેક્શન વધીને 1.189 બિલિયન થઈ ગયા જે માર્ચ 2014માં 930 મિલિયન હતા, જે આ સમયગાળામાં 28% ની વૃદ્ધિ સાથે હતા.

ભારત મુખ્યત્વે 900 MHz બેન્ડમાં GSM મોબાઇલ સિસ્ટમને અનુસરે છે. તાજેતરના ઓપરેટરો પણ 1800 MHz બેન્ડમાં કામ કરે છે. પ્રભાવશાળી ખેલાડીઓ Vi, Airtel, Jio અને BSNL/MTNL. છે. મોટાભાગના ઓપરેટરો અને ઘણા વિદેશી કેરિયર્સ વચ્ચે આંતરરાષ્ટ્રીય રોમિંગ કરારો અસ્તિત્વમાં છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ

ઈન્ડિયા (TRAI) ની સ્થાપના 20મી ફેબ્રુઆરી 1997 થી સંસદના એક અધિનિયમ દ્વારા કરવામાં આવી હતી, જેને ટેલિકોમ રેગ્યુલેટટી ઓથોરિટી ઓફ ઈન્ડિયા એક્ટ, 1997 કહેવાય છે, ટેલિકોમ સેવાઓનું નિયમન કરવા માટે જેમાં ટેરિફના ફિક્સેશન/ રિવિઝનનો સમાવેશ થાય છે. TRAIનું મિશન દેશમાં ટેલિકોમ્યુનિકેશનના વિકાસ માટે એવી રીતે અને ગતિએ પરિસ્થિતિઓ બનાવવાનું અને તેનું પાલન કરવાનું છે જે ભારતને ઉભરતા વૈશ્વિક માહિતી સમાજમાં અગ્રણી ભૂમિકા ભજવવા સક્ષમ બનાવે. TRAIના મુખ્ય ઉદ્દેશ્યો પૈકી એક નિષ્પક્ષ અને પારદર્શક નીતિ વાતાવરણ પૂરું પાડવાનો છે જે એક સમાન સ્પર્ધા-અવસરને પ્રોત્સાહન આપે છે. ઉપરોક્ત ઉદ્દેશ્યના અનુસંધાનમાં TRAI એ તેની સમક્ષ આવતા મુદ્દાઓ સાથે કામ પાર પાડવા માટે સમયાંતરે મોટી સંખ્યામાં નિયમો, આદેશો અને નિર્દેશો જારી કર્યા છે.. જારી કરાયેલા નિર્દેશો, આદેશો અને નિયમોમાં ટેરિફ, ઇન્ટરકનેક્શન અને સેવાની ગુણવત્તા તેમજ ઓથોરિટીના શાસન હિતના વિષયોની વિશાળ શ્રેણી આવરી લેવામાં આવી છે.

TRAI એક્ટમાં એક વટહુકમ દ્વારા સુધારો કરવામાં આવ્યો હતો, જે 24 જાન્યુઆરી 2000 થી અમલમાં આવ્યો હતો, જેમાં TRAI પાસેથી ન્યાયિક અને વિવાદોના કાર્યોને હાથમાં લેવા માટે ટેલિકોમ્યુનિકેશન ડિસ્પ્યુટ સેટલમેન્ટ એન્ડ એપેલેટ ટ્રિબ્યુનલ (TDSAT) ની સ્થાપના કરવામાં આવી હતી. (TDSAT) ની સ્થાપના લાઈસન્સર અને લાયસન્સધારક વચ્ચે, બે કે તેથી વધુ સેવા પ્રદાતાઓ વચ્ચે, સેવા પ્રદાતા અને ગ્રાહકોના જૂથ વચ્ચેના કોઈપણ વિવાદના નિરાકરણ માટે અને ટ્રાઈના કોઈપણ નિર્દેશ, નિર્ણય અથવા આદેશ સામેની અપીલની સુનાવણી અને નિકાલ કરવા માટે કરવામાં આવી હતી.

### 6.3 ઇન્ટરનેટ

ભારતમાં ઈન્ટરનેટનો પ્રારંભ 1986 માં થયેલો અને તે માત્ર શિક્ષણ અને સંશોધન કરતા લોકો માટે ઉપયોગી માનવામાં આવતું. સામાન્ય લોકો માટે ઇન્ટરનેટ સેવાનો પ્રારંભ 15 ઓગસ્ટ 1995 માં થયો અને 2020 ના વર્ષના અંત સુધીમાં કુલ 718.75 મિલિયન ઇન્ટરનેટ વપરાશકારો ભારતમાં છે, જે કુલ વસતીના 54.42 ટકા છે. ભારત વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું ઇન્ટરનેટ વપરાશકાર છે. ઇન્ટરનેટ દ્વારા બાતલ ઈ-કોમર્સ, સંદેશાવ્યવહાર, વોઇસકોલિંગ, વીડિયોકોલિંગ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ થઈ છે. અત્યારે 4G અને ટૂંક સમયમાં ભારતમાં 5G ઇન્ટરનેટ સેવાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે

આ કોષ્ટકમાં ભારતના ઇન્ટરનેટ વપરાશના આંકડાઓ દર્શાવેલ છે

| **Statistic.** | **Figures** |
|---|---|
| Total Subscribers | 833.71 million |
| Narrowband Subscribers | 40.93 million |
| Broadband Subscribers | 792.78 million |
| Wired Subscribers | 23.58 million |
| Wireless Subscribers | 810.13 million |

| | |
|---|---|
| Urban Subscribers | 496.84 million |
| Rural Subscribers | 336.87 million |
| Overall net penetration | 61.06 % |
| Urban net penertation | 105.06 % |
| Rural net penetration | 37.74 % |

Source : TRAI Report May 2021

ભારતમાં વસ્તી ગણતરી 2011 અનુસાર મૃત્યુદર 7.0 છે 1951માં મૃત્યુદર 27.4 હતું તેમાં સતત ઘટાડો થઈ રહ્યો છે 1991માં 9.8 અને 2001માં 8.4 નોંધાયેલ હતું. 2011માં ભારતમાં સૌથી વધુ મૃત્યુદર 8.6 ઓરિસ્સા જયારે સૌથી ઓછું મૃત્યુદર 6.0 પશ્ચિમ બંગાળમાં નોંધાયેલ છે.

ભારતમાં મૃત્યુદરમાં ઘટાડા માટે આરોગ્ય સેવાઓનો વિકાસ અને વિસ્તરણ ઉપરાંત લોકોની આવકમાં વધારો થતાં જીવન ધોરણમાં સુધારો થયો છે. શિક્ષણ અને તબીબી વિજ્ઞાનમાં સંશોધનો થતાં તેના વ્યાપને લીધે પણ ભારતમાં મૃત્યુદર નીચે જઈ રહ્યો છે.

- **વસ્તી વૃદ્ધિ દર :**

વસ્તી વૃદ્ધિ દર એટલે કોઈ પણ પ્રદેશમાં પ્રવર્તમાન વસ્તીમાં થતો ટકાવારી વધારો. બાળકોનો જન્મ એટલે કે જન્મદર દેશની વસ્તીમાં વધારો કરે છે જયારે મૃત્યુદર વસ્તીમાં ઘટાડો લાવે છે મૃત્યુદર કરતા જન્મદર ઊંચું હોય તો વસ્તી વૃધ્ધિનો દર ઊંચો હોય છે જયારે જન્મદર કરતા મૃત્યુદર ઊંચું હોય ત્યારે વસ્તી વૃધ્ધિનો દર નીચું હોય છે. ભારતમાં 2011 વસ્તી ગણતરી અનુસાર વસ્તી વૃધ્ધિ દરમાં 2001 પછી 14.7 ટકાનો વધારો થયો છે એટલે કે વાર્ષિક વસ્તી વૃધ્ધિ દર 1.2 જેટલું નોંધાયું છે. ભારતમાં સરકારની વસ્તીનીતિ, કુટુંબ નિયોજન યોજનાઓ, લોકોમાં જાગૃતિ, શૈક્ષણિક પ્રગતિ તથા સામાજિક પરિવર્તનના કારણે વસ્તી વૃધ્ધિ દરમાં ધીમા દરે ઘટાડો થઈ રહ્યો છે.

- **વસ્તી ગીચતા :**

કોઈ એક પ્રદેશમાં પ્રતિ ચોરસ કિલો મીટરે વસવાટ કરતી વસ્તીનો પ્રમાણ એટલે વસ્તી ગીચતા.

**સુત્ર :**

$$\text{વસ્તી ગીચતા} = \frac{\text{કુલ વસ્તી}}{\text{જમીન}}$$

કોઈ પણ પ્રદેશમાં વસ્તી એક સરખી વહેંચાયેલી હોતી નથી. ક્યાંક વધુ લોકો વસવાટ કરતા હોય છે તો ક્યાંક ઓછા લોકો રહેતા હોય છે. સામાન્ય રીતે ગ્રામ્ય કે નિર્જન જંગલ વિસ્તારમાં ઓછી વસ્તી રહેતી હોય છે જયારે શહેરી કે ઔધોગિક વિસ્તારમાં વધુ વસ્તી રહેતી હોય છે.

ભારતમાં વસ્તી ગણતરી 2011 અનુસાર વસ્તી ગીચતા 38ર છે જે એક દાયકા અગાઉ 2001માં 325 જેટલી હતી. ભારતમાં સતત વસ્તી વધારાના લીધે મર્યાદિત જમીન પર લોકોનું ભારણ વધતું જાય છે ભારતમાં સૌથી વધુ વસ્તી ગીચતા દિલ્લીમાં છે જ્યાં પ્રતિ ચોરસ કિલોમીટરે 11320 લોકો રહે છે.

- **અપેક્ષિત આયુષ્ય :**

અપેક્ષિત આયુષ્ય એટલે બાળકના જન્મ સમયે આયુષ્યની ધારણા અથવા જીવવાની શક્યતાના વર્ષો. આમ, વ્યક્તિ જન્મ પછી તે કેટલા વર્ષ જીવી શકશે તેની અપેક્ષા અથવા ધારણાને અપેક્ષિત આયુષ્ય કહેવામાં આવે છે. વધુ વર્ષ જીવવાની અથવા લાંબા આયુષ્યની શક્યતાનો આધાર જે-તે પ્રદેશના આર્થિક, સામાજિક, શૈક્ષણિક તથા આરોગ્ય વિષયક પાસાઓ પર નિર્ભર રહે છે ઉપરાંત વિષમ આબોહવા વ્યકિતના આયુષ્ય સાથે સંબંધ ધરાવે છે. દરેક પ્રદેશમાં ઉપરોક્ત દરેક પરિબળો ભિન્ન-ભિન્ન હોય છે અને તેથી દરેક દેશમાં અપેક્ષિત આયુષ્ય પણ ભિન્ન ભિન્ન હોય છે. તેની સાથે જાતિ વિષયક વિભિન્નતાના લીધે સ્ત્રી અને પુરુષનાં અપેક્ષિત આયુષ્યમાં પણ તફાવત જોવા મળે છે પુરુષો કરતા સ્ત્રીઓનું અપેક્ષિત આયુષ્ય ઊંચું હોય છે.

વસ્તી ગણતરી 2011 અનુસાર ભારતમાં અપેક્ષિત આયુષ્ય 68 વર્ષ નોંધાયેલ છે જે સ્ત્રીઓમાં 70 વર્ષ તથા પુરુષોમાં 66 વર્ષ છે.

## 7.3 ભારતીય વસ્તીના લક્ષણો :

ભૌગોલિક રીતે રશિયા, ચીન, કેનેડા, બ્રાઝીલ, અમેરિકા અને ઓસ્ટ્રેલીયા ભારત કરતાં મોટા છે. આ રીતે વિસ્તારની દષ્ટિએ ભારતનો સાતમો ક્રમ છે પરંતુ વસ્તીની દષ્ટિએ માત્ર ચીન ભારતથી આગળ છે વર્તમાન વસ્તીના વલણોને જોતા અગામી વર્ષોમાં ભારત વસ્તીમાં પ્રથમ સ્થાને હશે તેવી પૂરી શક્યતા છે. દુનિયાના કુલ વિસ્તારનો 2.4 ટકા હિસ્સો ભારત ધરાવે છે પરંતુ તેમાં દુનિયાની 17 ટકા વસ્તી રહે છે તેની સામે ચીન પાસે દુનિયાની 20 ટકા વસ્તી છે અને દુનિયાનો 7 ટકા વિસ્તાર છે. વસ્તી ગણતરી 2011 અનુસાર ભારતની કુલ વસ્તી 121 કરોડ છે જેમાં 62.4 કરોડ પુરુષો અને 58.7 કરોડ સ્ત્રીઓ છે.પોપ્યુલેશન રેફરન્સ બ્યુરોની 2018ની પોપ્યુલેશન ડેટા શીટ મુજબ ભારતની વસ્તી 2018ના અંત સુધી 132 કરોડ પહોચી છે. ભારતીય વસ્તીના કેટલાક અગત્યના લક્ષણો નીચે મુજબ છે.

- **જાતિ પ્રમાણ દર :**

જાતિ પ્રમાણ દર કોઈ પણ પ્રદેશમાં પુરુષની તુલનાએ સ્ત્રીની સંખ્યાના સંદર્ભમાં છે. કોઈપણ પ્રદેશમાં દર એક હજાર પુરુષોએ સ્ત્રીઓની સરેરાશ સંખ્યા એટલે જાતિ પ્રમાણ દર. જાતિ પ્રમાણ દર કોઈ પણ દેશની વસ્તીની રચના સમજવા માટે અતિ મહત્વનું પરિબળ છે. સામાન્ય રીતે સમાજમાં સ્ત્રી અને પુરુષની સંખ્યા સમાન હોય તે ઈષ્ટતમ સમાજ રચના કહેવાય પરંતુ સ્ત્રી અને પુરુષની વચ્ચે ઘણી બધી વિષમતાઓના લીધે અનેક સમસ્યાઓ ઊભી થાય છે જેથી તેના પ્રમાણમાં સમાનતા જળવાતી નથી. મોટાભાગના પ્રદેશોમાં જાતિ પ્રમાણ દર નીચું એટલે કે, પુરુષોની સરખામણીએ સ્ત્રીઓની સંખ્યા ઓછી હોય તેવું જોવા મળે છે તેની પાછળ કેટલાંક સામાજિક-સંસ્કૃતિક પરિબળો જવાબદાર માનવામાં આવે છે જેમકે પુરૂષપ્રધાન સમાજમાં પુત્ર પ્રાપ્તિની ઈચ્છા, કન્યાઓને પોષણયુકત આહારની અપ્રાપ્તિ, કન્યાઓ પ્રત્યે દુર્લક્ષ વગેરે ભારતમાં 1901થી 1951 સુધી જાતિ પ્રમાણ દર નીચે જતું હતું જયારે પછીના દાયકાઓમાં તેમાં વધઘટ જોવા મળી છે. વસ્તી ગણતરી 2011 અનુસાર ભારતમાં જાતિ પ્રમાણ દર 940 છે જે એક દાયકા અગાઉ 2001 (933) કરતા +7 વધ્યો છે. ભારતમાં સૌથી ઊંચું જાતિપ્રમાણ દર 1000થી ઉપર કેરલ રાજ્યનો છે.

- **શહેરી-ગ્રામિણ વસ્તી :**

ભારતીય વસ્તીમાં વિસ્તાર પ્રમાણે વસ્તીના વસવાટમાં છેલ્લા બે દાયકાથી મોટો ફેરફાર થયો છે તેથી ભારતમાં વસ્તીનો શહેરી-ગ્રામિણ રેશિયો ઝડપથી બદલી રહ્યો છે. વસ્તી ગણતરી 2011 અનુસાર ભારતની કુલ વસ્તીમાં 65 ટકા ગ્રામિણ વસ્તી જયારે 35 ટકા શહેરી વસ્તી છે. આ રેશિયો એક દાયકા અગાઉ, 2001માં 72.2 ટકા ગ્રામિણ વસ્તી જયારે 27.8 ટકા શહેરી વસ્તી હતી. 1901માં ભારતમાં ગ્રામિણ વસ્તીની ટકાવારી 89.2 હતી તે 1951માં 82.7 અને 1991માં 74.3 ટકા રહેવા પામી હતી. ભારતમાં વધતા જતા શહેરીકરણ, ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીની ઘટતી જતી તકો તથા ઔદ્યોગીકરણના લીધે ગ્રામિણ વસ્તીનો શહેરી વસ્તીમાં પરિવર્તન થઈ રહ્યો છે.

- **વય જૂથ વિભાજન :**

વય જૂથ વિભાજન એટલે વસ્તીનું અલગ અલગ વય અનુસાર વિભાજન. ભારતનું વયજૂથનું માળખું ઝડપથી બદલી રહ્યું છે સામાન્ય રીતે વય જૂથને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે 0 થી 14 વર્ષ, 15 થી 59 વર્ષ તથા 60 કે તેનાથી વધુ વર્ષ. જોકે, વસ્તી ગણતરી અનુસાર દરેક 1 થી 100 વર્ષ સુધીની વસ્તીને અહેવાલ સ્વરૂપે પ્રસિદ્ધ કરવામાં આવે છે. ભારત હાલમાં દુનિયાનું યુવા દેશ કહેવાય છે કેમકે 15 થી 29 વર્ષ અને ખાસ કરીને 19 થી 45 વર્ષની વસ્તીમાં દેશ મોખરે છે અને હજી એક દાયકા સુધી આ સ્થાન જાળવી રાખવાનું છે જે આર્થિક વિકાસ માટે લાભપ્રદ બાબત કહેવામાં આવે છે.

ભારતમાં વય જૂથ પ્રમાણે વસ્તીના માળખામાં છેલ્લા બે દાયકા દરમ્યાન આ રીતે ફેરફાર થયો છે. 1991માં 0.14 વયજૂથ વસ્તી 36.5 ટકા હતી તે ઘટીને 2001માં 35.3 ટકા તથા 2011માં 29.5 ટકા જેટલી છે. બાળ વસ્તીનો ઘટાડો યુવાવસ્તીમાં વધારો કરે છે યુવા વસ્તી એટલે કે, 15-59 વય જૂથ વસ્તી. 1991માં 57.7 હતી તે 2001માં 56.9 ટકા અને 2011માં 62.5 ટકા થઇ છે. 60 કે તેથી વધુ વય ધરાવતી વસ્તી 1991માં 6.6 ટકા હતી તેમાં વધારો થઇ 2001માં 7.4 ટકા અને 2011માં 8 ટકા જેટલી છે. આમ હજી આગામી ઘણા વર્ષો સુધી બાળવસ્તીનું યુવાવસ્તીમાં પરિવર્તન ચાલુ રહેશે તેથી ભારત યુવાવસ્તીમાં આગળ હશે.

- **કામદાર વસ્તી :**

કામદાર વસ્તી એટલે કામ કરતી વસ્તીનો પ્રમાણ. ભારતમાં વસ્તી ગણતરી 1991 અંતર્ગત પ્રથમવાર કામદાર વસ્તીનો અલગથી ઉલ્લેખ કરવામાં આવ્યો જેમાં કોઈપણ પ્રકારની આર્થિક અને ઉત્પાદકીય પ્રવૃતિમાં જોડાયેલ વ્યકિતઓની સંખ્યા એટલે કામદાર વસ્તી.

કામદાર વસ્તીને ત્રણ પ્રકારે વિભાજીત કરવામાં આવે છે જેમાં (1) મુખ્ય કામદારો એટલે કે વર્ષમાં ઓછામાં ઓછા 183 કે તેથી વધુ દિવસ રોજગારી મળતી હોય, (2) સીમાંત કામદારો એટલે કે વર્ષ દરમ્યાન 183થી ઓછા દિવસ રાજગારી મળતી હોય તથા (3) બિન કામદારો જે કોઈ પણ જાતની આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલા ન હોય. સૈદ્ધાતિક રીતે કામદાર વસ્તીમાં 15થી 65 વર્ષની ઉમરના લોકોનો સમાવેશ થાય છે. ભારતની 2011ની વસ્તી ગણતરી અનુસાર કુલ વસ્તીના 39.8 ટકા વસ્તી કામદાર વસ્તી છે જાતિ અનુસાર, કુલ પુરુષોમાં કામદારોની ટકાવારી 53.3 ટકા જયારે કુલ સ્ત્રી વસ્તીમાં સ્ત્રી કામદારોની ટકાવારી 25.5 છે. કામદાર વસ્તી 2001માં 39.3 ટકા જયારે 1991માં 37.7 ટકા હતી.

- **વ્યવસાયિક જૂથ પ્રમાણે કામદારો :**

વ્યવસાયિક જૂથ મૂજબ કામ કરતી વસ્તીના ચાર પ્રકાર પાડવામાં આવે છે ખેડૂતો, ખેત મજૂરો, ઘર એકમ કે ઔધોગિક શ્રમિકો અને અન્ય કામદારો. ભારતમાં વસ્તી ગણતરી 2011 અનુસાર મુખ્ય કામદારોમાં 26.44 ટકા ખેડૂતો, 23.77 ટકા ખેત મજૂરો, 3.4 ટકા ઘર એકમ કામદારો અને 46.38 ટકા અન્ય કામદારોનો સમાવેશ થાય છે. ભારતમાં ખેતી ક્ષેત્રમાં ૫૫ ટકા કામદારો છે જે 2001માં 58.4 ટકા હતા.

## 7.4 માનવ વિકાસ આંક (HDI) :

1991થી યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ કેટલાંક અર્થિક અને સામાજિક પાસાઓના મૂલ્યાંકનના આધારે માનવ વિકાસ આંકનો અહેવાલ તૈયાર કરે છે જેને માનવ વિકાસ આંક (HDI) કહેવામાં આવે છે. માનવ વિકાસ આંકનો પ્રથમ અહેવાલ 1996માં તૈયાર કરવામાં આવ્યો. વર્તમાન સમયે વિશ્વમાં વિકાસના ઝડપી અને ટૂંકાં માર્ગો શોધવામાં આવે છે ત્યારે માનવ સુખાકારી કે માનવ કલ્યાણનો વિકાસ એ સાધન બની રહે છે તેનાથી માનવ વિકાસ કેટલો થયો તે અગત્યનું છે. માનવ વિકાસનો સૌ પ્રથમ ખ્યાલ પાકિસ્તાની અર્થશાસ્ત્રી મહેબૂબ-ઉલ-હક્કે આપ્યો છે આમ, માનવ વિકાસ આંકનો સંપૂર્ણ યશ તેને જાય છે.

**ભારતનું વસ્તી વિષયક માળખું**

- **માનવ વિકાસની વ્યાખ્યા :**

“આર્થિક વિકાસમાં માત્ર વ્યકિત કે રાષ્ટ્રની આવક પર ભાર મૂકાય છે જયારે માનવ વિકાસમાં સામાજિક, રાજકીય તમામ પ્રકારની વ્યક્તિની પસંદગીઓ અને પ્રાપ્ત સુવિધાઓના સ્તરનો સમાવેશ થાય છે.” ***— મહેબૂબ-ઉલ-હક્ક***

“માનવ વિકાસમાં બધા માનવ હક્કોનો સમાવેશ થાય છે અને તેનું મહત્વ પાયાનાં શિક્ષણ, આરોગ્ય અને રહેઠાણના મહત્વ જેટલું જ છે.” ***— મેરી રોબીન્સ***

- **માનવ વિકાસ આંકનું મહત્વ :**

માનવ વિકાસ આંક માત્ર આર્થિક વિકાસ પર જ નહિ પણ સામાજિક વિકાસ પર પણ ભાર મૂકે છે. શિક્ષણ અને આરોગ્યની સેવાઓની પ્રાપ્તિનો પરોક્ષ રીતે ઉલ્લેખ કરે છે. કોઈ પણ રાષ્ટ્રમાં આવકનું સર્જન થવું જરૂરી છે અને તે આવકનો ઉપયોગ કેવી રીતે, કેટલા પ્રમાણમાં થાય છે તે માનવ વિકાસ આંક પરથી ખ્યાલ મેળવી શકાય છે.

દરેક રાષ્ટ્રનો ધ્યેય માનવ વિકાસ આંકમાં વધુને વધુ સુધારો થાય તે છે જેથી આ સુધારો શૈક્ષણિક, આરોગ્યલક્ષી, અર્થિક પાસાઓમાં વ્યકિતઓના સંતોષની સપાટી ઊંચી લાવે છે.

માનવ વિકાસનો ખ્યાલ સંપૂર્ણ રીતે સૂખ, શાંત અને સમૃદ્ધ સમાજ રચનાના ઉદેશ સાથે કામ કરે છે તે ઉદેશ પૂર્ણ કરવા અર્થિક વિકાસ એક માર્ગ સમાન એટલે કે સાધન છે. આવક વધારો મહત્વનું છે પરંતુ આવક વધારાની યોગ્ય ફાળવણી કે યોગ્ય ઉપયોગ ન થાય તો આવક વધારો માનવ કલ્યાણ કે સામાજિક વિકાસમાં પરિણમતો નથી આ તમામ પાસાઓમાં સુધારો થાય તો માનવ વિકાસ આંક ઊંચે જાય.

- **માનવ વિકાસ આંક (HDI)ના નિર્દેશકો :**

માનવ વિકાસ આંક તૈયાર કરવા માટે ત્રણ બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે

**(1)** **અપેક્ષિત આયુષ્ય :** અપેક્ષિત આયુષ્ય જે તે રાષ્ટ્રના આરોગ્ય માળખાની સ્થિતિ તથા આરોગ્ય સેવાઓની પ્રાપ્યતા અને તેના વિસ્તરણ પર આધાર રાખે છે. તેની સ્થિતિ કેવી છે તે આ નિર્દેશક દ્વારા જાણી શકાય છે.

**(2)** **સાક્ષરતા દર :** સાક્ષરતા દર સામાન્ય રીતે સમાજમાં શિક્ષણનું સ્તર કેવું છે અને કેટલી માત્રામાં છે તે દર્શાવે છે. રાજયમાં શિક્ષણ જમીની સ્તરેથી ઉચ્ચ સ્તર સુધી કેવું છે તેના પર પ્રકાશ પાડે છે.

**(3)** **જીવન ધોરણ :** જીવન ધોરણ એ આર્થિક પાસું છે જે મહત્તમ અંશે આવક પર નિર્ભર છે જેમ રાષ્ટ્રની આવક ઊંચી હશે તેમ લોકોનું જીવન ધોરણ ઊંચું હશે તે સ્વાભાવિક છે.

- **આધુનિક ખ્યાલ :**

વર્તમાન સમયમાં ઉપરોક્ત નિર્દેશકો ઉપરાંત કેટલાંક આધુનિક આર્થિક અને સામાજિક ખ્યાલોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ગરીબી, અસમાનતા અને જાતિ પ્રમાણ અને તેના સુધારાનું મૂલ્યાંકન માનવ વિકાસ આંક તૈયાર કરવામાં થાય છે. સાથે સાથે બીજા વધારાના નવા ખ્યાલો ઉમેરી (1) મલ્ટી ડીમેન્સન પોવર્ટી ઈન્ડેક્ષ (MPI), (2) ઇન-ઇક્વાલીટી એડજસ્ટડ હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ (IHDI), (3) જેન્ડર ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ (GDI) અને (4) જેન્ડર ઈન-ઈક્વાલીટી ઈન્ડેક્ષ (GII) મેળવવામાં આવે છે.

- **માનવ વિકાસ આંકની પદ્ધતિ :**

માનવ વિકાસ આંક નીચે મુજબની રીતે તૈયાર કરવામાં આવે છે

(1) અપેક્ષિત આયુષ્ય માટે લઘુતમ મૂલ્ય 25 વર્ષ અને મહત્તમ મૂલ્ય 85 વર્ષ છે.

(2) પુખ્ત સાક્ષરતા માટે લઘુતમ મૂલ્ય 0 છે અને મહત્તમ મૂલ્ય 100 છે.

(3) માથાદીઠ આવક માટે લઘુતમ 100 ડોલર તથા મહત્તમ 40000 ડોલર છે.

ઉપરોક્ત નિર્દેશકોના આધારે દરેક નિર્દેશકના પ્રાપ્ત થતા મૂલ્યમાંથી લઘુતમ મૂલ્ય બાદ કરી તથા તેને મહતમ મુલ્યમાંથી લઘુતમ મૂલ્ય બાદ કરવાથી મળતાં મૂલ્ય સાથે ભાગવામાં આવે છે જેથી વાસ્તવિક મૂલ્ય પ્રાપ્ત થાય છે આમ દરેક નિર્દેશકનો મૂલ્યનો આંક મેળવી જે સરેરાશ આંક મળે તેને માનવ વિકાસ આંક કહેવાય.

- **માનવ વિકાસ આંક (HDI) 2018 :**

યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP)નાં માનવ વિકાસ અહેવાલ 2018 અનુસાર અહેવાલને કુલ ચાર વિભાગમાં વહેચવામાં આવ્યો છે ખૂબ ઊંચા માનવ વિકાસ વાળા 59 દેશો, ઊંચા માનવ વિકાસ વાળા 53 દેશો, મધ્યમ માનવ વિકાસ વાળા 39 દેશો તથા નીચા માનવ વિકાસ વાળા 38 દેશો મળી કુલ 189 દેશોનો માનવ વિકાસ આંક તૈયાર કરવામાં આવ્યો છે.

માનવ વિકાસ આંક 2018માં સૌથી ઊંચા અંક 0.953 સાથે નોર્વે પ્રથમ, 0.944 અંક સાથે સ્વિન્ઝરલેન્ડ બીજા અને 0.939 અંક સાથે ઓસ્ટ્રેલીયા ત્રીજા ક્રમે છે. ભારત 0.640 અંક સાથે 129માં ક્રમે છે.

- **ભારતમાં માનવવિકાસ આંકનાં વલણો :**

| વર્ષ | માનવ વિકાસ આંક | વિશ્વનાં દેશોમાં ભારતનો ક્રમ |
|---|---|---|
| 2010 | 0.581 | 136 |
| 2012 | 0.600 | 131 |
| 2014 | 0.618 | 130 |
| 2016 | 0.636 | 129 |
| 2017 | 0.640 | 130 |

સ્રોત : બિઝનેસ સ્ટાન્ડર્ડ, 15 સપ્ટેમ્બર, 2018

ભારતમાં 2010 પછી માનવ વિકાસ આંકમાં ધીમા દરે વધારો થઈ રહ્યો છે અને વિશ્વનાં કુલ દેશોમાં ભારતનો ક્રમ 2010માં 136 પર હતો તે 2018માં 7 સ્થાન ખસીને 129 પર આવ્યો છે.

◆ **સ્વાધ્યાય :**

- **નીચે આપેલ પ્રશ્નોના વિગતવાર જવાબ લખો. (મોટા પ્રશ્નો)**

(1) વસ્તી ગણતરીની પ્રક્રિયા અને વસ્તીનાં નિર્દેશકો વ્યાખ્યા સાથે સમજાવો.

(2) ભારતમાં વસ્તી ગણતરીની પ્રક્રિયા સમજાવી, ભારતીય વસ્તીનાં લક્ષણો લખો.

(3) માનવ વિકાસ આંક એટલે શું ? માનવ વિકાસનો ખ્યાલ સવિસ્તાર રજૂ કરો.

- **નીચે આપેલ પ્રશ્નો પર નોંધ લખો (ટૂંકનોંધ)**

(1) વસ્તી ગણતરી એટલે શું ? તેની પ્રક્રિયા સમજાવો.

(2) વસ્તીનાં વિવિધ નિર્દેશકો વ્યાખ્યા સાથે જણાવો.

(3) માનવ વિકાસનાં નિર્દેશકો સમજાવી ભારતમાં માનવ વિકાસનાં વલણો જણાવો.

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

(1) ભારતમાં વસ્તી ગણતરીની શરૂઆત ક્યારે થઈ ?

(A) 1981 (B) 1951 (C) 1872 (D) 1881

(2) ભારતમાં કેટલા વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે ?

(A) 5 વર્ષ (B) 10 વર્ષ (C) 15 વર્ષ (D) દર વર્ષે

(3) ભારતમાં છેલ્લી વસ્તી ગણતરી ક્યારે થઈ ?

(A) 2001 (B) 2011 (C) 2010 (D) 2018

(4) જેમ જેમ જન્મ દર ઊંચે જશે તેમ વસ્તીનાં પ્રમાણમાં ... થશે.
(A) વધારો (B) ઘટાડો (C) સ્થિર (D) કોઈ ફેરફાર નહીં

(5) મૃત્યુદર અને વસ્તી વચ્ચેનો સંબંધ કેવો છે ?
(A) સીધો (B) તપાસવું
(C) બંને પ્રકારનો (D) ત્રણમાંથી એકપણ નહિ.

(6) 2011 માં ભારતમાં વસ્તી ગીચતા કેટલી છે ?
(A) 325 (B) 382 (C) 412 (D) 575

(7) વસ્તીમાં થતો ટકાવારી વધારો એટલે –
(A) જન્મ દર (B) મૃત્યુ દર
(C) વસ્તી વૃદ્ધિ દર (D) અપેક્ષિત આયુષ્ય દર

(8) ભારતમાં સૌથી વધારે કામદારો કયાં ક્ષેત્ર સાથે જોડાયેલા છે ?
(A) ઉદ્યોગ (B) સેવા ક્ષેત્ર (C) ખેતી ક્ષેત્ર (D) સરકારી નોકરી

(9) વર્ષમાં 183 કરતાં પણ ઓછા દિવસ રોજગારી મળે તેને ....... કહેવાય.
(A) ખેત મજૂર (B) મુખ્ય કામદાર (C) સીમાંત કામદાર (D) ત્રણેય

(10) વર્તમાન ભારતમાં સૌથી વધુ વસ્તી કોની છે ?
(A) બાળકો (B) મહિલાઓ (C) યુવાનો (D) વૃદ્ધો

(11) પ્રથમ માનવ વિકાસ અહેવાલ ક્યારે તૈયાર થયો ?
(A) 1991 (B) 1996 (C) 2001 (D) 1995

(12) માનવ વિકાસ આંકમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?
(A) શિક્ષણ (B) આયુષ્ય (C) જીવનધોરણ (D) ત્રણેય

(13) ભારત HDI માં કયા ક્રમે છે ?
(A) 129 (B) 130 (C) 131 (D) 132

(14) 2010 પછી ભારતમાં માનવ વિકાસ આંકમાં શું ફેરફાર થયો છે ?
(A) વધારો (B) ઘટાડો (C) વધારો – ઘટાડો (D) કોઈ ફેરફાર નહીં

(15) ભારત વસ્તીમાં કયા ક્રમે છે ?
(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા

## સંદર્ભ

(1) વસ્તી ગણતરી અહેવાલ 1991, 2001 અને 2011, રજીસ્ટ્રાર ઓફ સેન્સસ, ભારત સરકાર

(2) ડેમોગ્રાફી, લેખકઃ એમ.એલ.જીંગન, બી.કે.ભટ્ટ, જે.એન.દેસાઈ, વંદા પબ્લીકેશન-દિલ્લી (2016)

(3) સામાજિક વસ્તીશાસ્ત્ર અને ભારતમાં કુટુંબ નિયોજન, લેખકઃ એ.જે.શાહ, રચના પ્રકાશન-અમદાવાદ (1992)

એકમ 8

# ભારતમાં પર્યાવરણની સમસ્યાઓ અને નીતિ

-: રૂપરેખા :-

**8.1 પર્યાવરણનો અર્થ અને સમસ્યાઓ**

**8.2 ભારતમાં પર્યાવરણીય સમસ્યાઓ**

**8.3 આબોહવા પરિવર્તન અને ગ્લોબલ વોર્મિંગ**

**8.3.1 ગ્રીનહાઉસ અસર**

**8.4 ભારતમાં સરકારની પર્યાવરણ સંરક્ષણ નીતિ**

**8.5 પર્યાવરણ સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સ્તરના પગલાં: આંતરરાષ્ટ્રીય સંધિઓ અને સંમેલનો -**

**8.6 સ્વાધ્યાય**

## 8.1 પર્યાવરણનો અર્થ અને સમસ્યાઓ

**પ્રસ્તાવના:** 'પર્યાવરણ મુદ્દાઓ બાયોફિઝિકલ પર્યાવરણ પર માનવ પ્રવૃત્તિની હાનિકારક અસરોનો સંદર્ભ આપે છે.' પર્યાવરણીય સમસ્યાઓમાં તે પડકારો અને સમસ્યાઓનો સમાવેશ થાય છે જે માનવીય પ્રવૃત્તિને કારણે બાયોફિઝિકલ પર્યાવરણમાં આવી છે.

**પર્યાવરણીય સમસ્યાઓ અથવા મુદ્દાઓ**

આપણું વાતાવરણ સતત બદલાઈ રહ્યું છે અને તેના પરિણામે કુદરતી આફતો, પૂર, વોર્મિંગ, ઠંડકનો સમયગાળો, હવામાનની પેટર્નમાં અચાનક ફેરફાર અને ઘણું બધું આવી રહ્યું છે. કેટલાક પર્યાવરણીય મુદ્દાઓ કે જેના પર ધ્યાન આપવાની જરૂર છે તે નીચે મુજબ છે -

1) **પ્રદૂષણ :** તેમાં કારખાનાઓ, ઉદ્યોગો, અશ્મિભૂત ઈંધણ અને વાહનોના દહનથી ઉત્પન્ન થતા ઝેરી અને હાનિહાનિકારક વાયુઓને કારણે હવા, પાણી અને માટીનું પ્રદૂષણ શામેલ છે. ભારે ધાતુઓ, પ્લાસ્ટિક અને નાઈટ્રેટનો ઉપયોગ પણ વાતાવરણમાં અનેક પ્રકારના પ્રદૂષકો ઉમેરે છે. એસિડ વરસાદ, ઓઈલ છલકાવું/ઢોળાવું અને શહેરી પ્રવાહને કારણે પાણીનું પ્રદૂષણ થાય છે અને જમીનનું પ્રદૂષણ મુખ્યત્વે ઔધોગિક કચરાથી થાય છે કારણ કે તે જરૂરી પોષક તત્ત્વોથી જમીનને વંચિત કરે છે.

2) **ગ્લોબલ વોર્મિંગ :** ગ્લોબલ વોર્મિંગ એ માનવ પ્રવૃત્તિનું પરિણામ છે જેમાં ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનનો સમાવેશ થાય છે. તે તાપમાનમાં ઝડપી વધારો તરફ દોરી જાય છે જેના કારણે ધ્રુવીય બરફ પીગળી રહ્યો છે અને આનાથી, બીજી તરફ, દરિયાની સપાટીમાં વધારો થાય છે અને અતિશય બરફ, અચાનક પૂર અને રણમાં વધારો જેવા વરસાદની અકુદરતી પેટર્નમાં વધારો થાય છે.

3) **વધુ પડતી વસ્તી :** આપણા ગ્રહની વસ્તી બિનટકાઉ સ્તરે પહોંચી રહી છે અને તેના પરિણામે ઈંધણ, ખોરાક અને પાણીની અછત ઊભી થઈ રહી છે. વસ્તી વિસ્ફોટના પરિણામે સંસાધનોની અછત છે. વસ્તીની વધતી જતી જરૂરિયાતને સંતોષવા માટે સઘન કૃષિ પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે અને તેમાં રાસાયણિક ખાતરો, જંતુનાશકો અને જંતુનાશકોનો વધુ ઉપયોગ સામેલ છે.

4) **કુદરતી સંસાધન અવક્ષય :** તે સૌથી નિર્ણાયક પર્યાવરણીય મુદ્દાઓમાંની એક છે. અશ્મિભૂત ઈંધણનો વપરાશ ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં પરિણમે છે અને બીજી તરફ, આબોહવા પરિવર્તન અને ગ્લોબલ વોર્મિંગમાં પરિણમે છે. લોકો સૌર ઊર્જા જેવા રિન્યુએબલ સ્ત્રોતોના ઉપયોગ પર વધુને વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

5) **કચરાનો નિકાલ :** સંસાધનોનો વધુ પડતો વપરાશ અને પ્લાસ્ટિકની રચનાને કારણે, કચરાનો નિકાલ એ બીજો પડકાર બની ગયો છે. વિકસિત દેશો તેમના કચરાનો નિકાલ મહાસાગરોમાં કરી રહ્યા છે અને તેનાથી જળચર પ્રાણીઓના દરિયાઈ જીવન પર અસર થઈ રહી છે. આ ઉપરાંત, પરમાણું કચરાનો નિકાલ એ અન્ય એક પડકાર છે કારણ કે તેની સાથે આરોગ્ય માટે જબરદસ્ત જોખમ સંકળાયેલું છે. ફાસ્ટ ફૂડ, ઈલેક્ટ્રોનિક્સ, પેકેજિંગ, પ્લાસ્ટિક એ અમુક કચરો છે જે સમગ્ર ઇકોસિસ્ટમને જોખમમાં મૂકે છે.

6) **આબોહવા પરિવર્તન :** આબોહવામાં પરિવર્તન થઈ રહ્યું છે અને છેલ્લા કેટલાક દાયકાઓમાં તે સપાટી પર આવ્યું છે. તે ગ્લોબલ વોર્મિંગમાં વધારો અને અશ્મિભૂત ઈંધણના જ્વલનને કારણે થયું છે. તેના કારણે પૂરની વારંવાર ઘટનાઓ, નવા રોગોની ઘટનાઓ, આત્યંતિક તાપમાન અને સમગ્ર હવામાનની સ્થિતિમાં પરિવર્તન આવ્યું છે.

7) **જૈવવિવિધતાની ખોટ :** માનવીય પ્રવૃત્તિ પણ વિવિધ વસવાટો અને પ્રજાતિઓના લુપ્ત થવા તરફ દોરી જાય છે અને તેના કારણે જૈવવિવિધતાનું નુકસાન થાય છે. ઇકોસિસ્ટમ જોખમમાં છે કારણ કે ઘણી કુદરતી પ્રક્રિયાઓ થઈ રહી છે. ઉદાહરણ તરીકે, વિવિધ મહાસાગરોમાં પરવાળાના ખડકોનો વિનાશ થયો છે. આ ખડકો સમૃદ્ધ દરિયાઈ જીવનને ટેકો આપે છે તે હવે જોખમમાં છે.

8) **વન નાબૂદી :** વન નાબૂદી એ પર્યાવરણ માટેનો બીજો પડકાર છે. આ જંગલો ઓક્સિજનના કુદરતી સ્ત્રોત છે અને વરસાદ, પૂર અને તાપમાનને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. પરંતુ વસવાટ, ખેતી અને ઉદ્યોગો માટે જમીનની વધતી જતી જરૂરિયાતને કારણે વન આવરણ સતત ઘટી રહ્યું છે. વનનાબૂદીનો સીધો અર્થ એ થાય છે કે ગ્રીન કવરને સાફ કરવું અને માનવપ્રવૃત્તિઓના ઉપયોગ માટે જમીન ઉપલબ્ધ કરાવવી.

9) **ઓશન એસીડીફિકેશન :** ઓશન એસીડીફિકેશન એ પર્યાવરણમાં વધુ કાર્બન ડાયોક્સાઈડ છોડવાની સીધી અસર છે. છેલ્લા 250 વર્ષોમાં સમુદ્રની એસિડિફિકેશનમાં નોંધપાત્ર વધારો થયો છે અને તે વર્ષ 2100 સુધી 150% સુધી વધી શકે છે. આનાથી જળચર જીવન પર નકારાત્મક અસર પડી રહી છે.

10) **ઓઝોન સ્તર અવક્ષય :** ઓઝોન સ્તર એ અદ્રશ્ય સ્તર છે જે પૃથ્વીને સૂર્યના હાનિકારક અલ્ટ્રા વાયોલેટ કિરણોત્સર્ગથી રક્ષણ આપે છે. ક્લોરોફ્લોરોકાર્બન્સ (CFC's) પર જોવા મળતા બ્રોમાઇડ અને ક્લોરિનના કારણે પ્રદૂષણમાં ઝડપથી વધારો થવાને કારણે આ સ્તર ખતમ થઈ રહ્યું છે. આ વાયુઓ ઓઝોન સ્તર સુધી પહોંચે છે, પરિણામે મોટું નુકસાન થાય છે. આના પરિણામે, ઘણા ગ્રાહક ઉત્પાદનો અને ઉદ્યોગોમાં CFC પ્રતિબંધિત છે.

11) **એસિડ વરસાદ :** તે વાતાવરણમાં પ્રદૂષકોની હાજરીને કારણે થાય છે જે અશ્મિભૂત ઈંધણના દહન, સડતી વનસ્પતિ, જ્વાળામુખી વિસ્ફોટ વગેરેને કારણે થાય છે. આ ઘટનાઓ વાતાવરણમાં સલ્ફર ડાયોક્સાઇડ અને નાઇટ્રોજન ઓક્સાઇડ ઉમેરે છે, જે

બીજી તરફ, એસિડ વરસાદ તરફ દોરી જાય છે. તે ગંભીર પર્યાવરણીય સમસ્યા છે જે માનવ, વન્યજીવન અને જળચર પ્રજાતિઓના સ્વાસ્થ્યને અસર કરી રહી છે.

## 8.2 ભારતમાં પર્યાવરણીય સમસ્યાઓ

તાજેતરના ઉદ્યોગોની તેજી અને પર્યાવરણ સંરક્ષણ અંગે બહુ ઓછું કે કોઈ શિક્ષણ કે જાગૃતિ ન હોવાને કારણે ભારત ગંભીર પર્યાવરણીય સમસ્યાનો સામનો કરી રહ્યું છે. ભારતમાં મુખ્ય મુદ્દાઓમાં નીચેનાનો સમાવેશ થાય છે :

1. **પાણી :** નદીઓ વસ્તીની જીવનરેખા છે. માનવીય પ્રવૃતિઓને કારણે દેશના લોકો મહત્ત્વપૂર્ણ અને તાજા પાણીના સંસાધનોની ઓછી સુલભતાનો સામનો કરી રહ્યા છે. અહીં સ્થિત ઉદ્યોગો જળાશયોને દૂષિત કરી રહ્યા છે અને પાણીમાં ઝેરી તત્વોના નિકાલ માટે જવાબદાર છે.

2. **વન નાબૂદી :** તે બીજી સમસ્યા છે અને અનુમાન છે કે આઝાદી પછીથી લગભગ 5.3 મિલિયન હેક્ટર જંગલનો નાશ થયો છે. સરકારે હવે જંગલના મહત્ત્વને ઓળખ્યું છે અને સંરક્ષણ માટે યોગ્ય પગલાં લઈ રહી છે, પરંતુ નબળા સંચાલન અને સત્તાનો દુરુપયોગ એ સંરક્ષણમાં મોટી અડચણો છે.

3. **વાયુ પ્રદૂષણ :** ભારતને સમગ્ર વિશ્વમાં સૌથી ખરાબ હવાની ગુણવત્તા ધરાવતું માનવામાં આવે છે. દિલ્હી અને મુંબઈ જેવા મોટા શહેરોમાં લાખો ગંદા અને જૂના ડીઝલ એન્જિનો ટનબંધ સલ્ફરનું મંથન કરે છે, જે બીજી તરફ બાળકોમાં અસ્થમાની સમસ્યાનું પ્રમાણ વધી રહ્યું છે.

4. **પ્લાસ્ટિક અને અન્ય કચરો :** કચરાના નિકાલ એ ભારતમાં બીજી સમસ્યા છે, જેમાં લોકો કચરાના નિકાલની યોગ્ય પદ્ધતિઓ વિશે જાગૃત નથી. જેના કારણે હવા, પાણી અને જમીનનું પ્રદૂષણ થાય છે.

5. **અન્ય :** આ ઉપરાંત, ભારત અન્ય પર્યાવરણીય સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે જેમ કે વધુ વસ્તી, ગરીબી, ભૂગર્ભ જળ પર વધુ નિર્ભરતા, વગેરે જે સમગ્ર ઇકોસિસ્ટમ પર નકારાત્મક અસર કરી રહી છે. એક ઉજ્જવળ નોંધ પર, વિશ્વના અન્ય ભાગોની તુલનામાં ભારતમાં સૌર ઊર્જાનો ઉપયોગ તેજી પર છે.

## 8.3 આબોહવા પરિવર્તન અને ગ્લોબલ વોર્મિંગ

પૃથ્વીના સમગ્ર ઇતિહાસમાં, આબોહવા બદલાઈ છે. તેના વિવિધ કારણોમાં કુદરતી બાહ્ય પરિબળોનો સમાવેશ થાય છે, જેમ કે સૌર ઉત્સર્જનમાં ફેરફાર અથવા પૃથ્વીની ભ્રમણકક્ષામાં ધીમા ફેરફારો; અથવા આબોહવા અથવા પૃથ્વી સિસ્ટમની કુદરતી આંતરિક પ્રક્રિયાઓ જેમ કે જ્વાળામુખીની પ્રવૃત્તિ; અથવા, માનવ પ્રેરિત (માનવવિષયક) પરિબળો. માનવ પ્રેરિત અને કુદરતી પરિબળો વચ્ચેના તફાવતને અલગ પાડવામાં મદદ કરવા માટે, યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCCC) એવા ફેરફારોનો સંદર્ભ આપવા માટે 'ક્લાઈમેટ ચેન્જ' શબ્દનો ઉપયોગ કરે છે જે માનવીય પ્રવૃત્તિને આભારી હોઈ શકે છે જેણે વાતાવરણ અને તેના દ્વારા, પૃથ્વીની આબોહવા પ્રણાલીની કામગીરી રચનામાં ફેરફાર કર્યો છે. UNFCCC પૃથ્વીની આબોહવામાં કુદરતી ફેરફારોનો સંદર્ભ આપવા માટે 'ક્લાઈમેટ વેરિએબિલિટી' શબ્દનો ઉપયોગ કરે છે. તાજેતરના દાયકાઓમાં માપવામાં આવેલ વૈશ્વિક તાપમાનમાં વધારો, જો તે ચાલુ રહે તો, માનવ સમાજ જેના પર નિર્ભર છે તે

પર્યાવરણીય, આર્થિક અને શહેરી માળખાને ગંભીરપણે વિક્ષેપિત કરવાની ક્ષમતા ધરાવે છે. આબોહવા અને પૃથ્વી પ્રણાલીના વિવિધ ઘટકો જટિલ પ્રતિસાદ પદ્ધતિઓ દ્વારા અસ્પષ્ટ રીતે જોડાયેલા છે, અને તાપમાન જેવા એક ઘટકમાં ફેરફાર અન્ય ઘટકોમાં ફેરફારો અને ગોઠવણોને પ્રેરિત કરશે. અન્ય ફેરફારો કે જે કાં તો પહેલાથી જ જોવામાં આવ્યા છે અથવા માનવીય પ્રવૃત્તિના પરિણામે થવાનો અંદાજ છે તેમાં દરિયાની સપાટીમાં વધારો શામેલ છે; વરસાદની પેટર્નમાં ફેરફાર; આત્યંતિક હવામાન ઘટનાઓમાં વધારો; હિમનદીઓ, બરફની ચાદર અને દરિયાઈ પાની ના સ્તર માં ઘટાડો; દરિયાઈ ઉષ્ણતા અને એસિડિફિકેશન; સમુદ્ર પરિભ્રમણ ફેરફારો; અને જમીન સૂકાવી.

**ગ્લોબલ વોર્મિંગની વ્યાખ્યા :** ગ્લોબલ વોર્મિંગ એ ગ્રીનહાઉસ વાયુઓની અસરને કારણે પૃથ્વીના સરેરાશ સપાટીના તાપમાનમાં વધારો છે, જેમ કે અશ્મિભૂત ઈંધણ બાળવાથી અથવા વનનાબૂદીને કારણે કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન, જે ગરમીને ગરમી જે વાતાવરણમાં શોષાતી નથી છે જે અન્યથા પૃથ્વી પરથી છટકી જશે. આ ગ્રીનહાઉસ ઈફેકટનો એક પ્રકાર છે.

વૈજ્ઞાનિકોએ 1800 ના દાયકાથી તાપમાનમાં થયેલા વધારાનું દસ્તાવેજીકરણ કર્યું છે અને શોધી કાઢ્યું છે ક પાછલી સદીમાં તાપમાનમાં સરેરાશ 1.4 ડિગ્રી કેરનહીટ વધારો થયો છે અને તે બીજા 100 વર્ષોમાં 2-11.5 ડિગ્રી ફેરનહીટ વધવાનો અંદાજ છે.

### 8.3.1 ગ્રીનહાઉસ અસર

ગ્લોબલ વોર્મિંગ સૂર્ય અને પૃથ્વીના વાતાવરણમાંથી આવતા કિરણોત્સર્ગ વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાને કારણે ગ્રીનહાઉસ અસરથી શરૂ થાય છે. સૌર કિરણોત્સર્ગ પૃથ્વીના વાતાવરણમાંથી પસાર થાય છે, જ્યાં તે શોષાય છે અને પછી ગરમીના સ્વરૂપમાં ઉપર તરફ પ્રતિબિંબિત થાય છે. પૃથ્વીના વાતાવરણમાંના વાયુઓ આ ગરમીના 90% ગ્રહણ કરે છે અને તેને પાછું ફેલાવે છે.

કેટલાક ઈન્ફ્રારેડ કિરણો વાતાવરણમાંથી પસાર થાય છે પરંતુ મોટા ભાગના ગ્રીનહાઉસ ગેસના પરમાણુઓ અને વાદળો દ્વારા બધી દિશામાં શોષાય છે અને ફરીથી ઉત્સર્જિત થાય છે. આની અસર પૃથ્વીની સપાટી અને નીચલા વાતાવરણને ગરમ કરે છે.

## 8.4 ભારતમાં સરકારની પર્યાવરણ સંરક્ષણ નીતિ

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB), વૈધાનિક સંસ્થાની રચના સપ્ટેમ્બર, 1974માં પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 1974 હેઠળ કરવામાં આવી હતી. વધુમાં, સીપીસીબીને હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) હેઠળ સત્તાઓ અને કાર્યો સોંપવામાં આવ્યા હતા. પ્રદૂષણ) અધિનિયમ, 1981.

### પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરી

બોર્ડને અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવાની અને પ્રદૂષણને લગતા બોર્ડના કાર્યોને સોંપવાની સત્તાઓ પ્રદાન કરવી. તે ક્ષેત્રની રચના તરીકે કામ કરે છે અને પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, 1986 ની જોગવાઈઓ માટે પર્યાવરણ અને વન મંત્રાલયને તકનીકો સેવાઓ પણ પૂરી પાડે છે. CPCB ના મુખ્ય કાર્યો, જેમ કે પાણી (પ્રદૂષણનું નિવારણ અને નિયંત્રણ) માં જોડણી કરવામાં આવી છે. અધિનિયમ, 1974, અને હવા (પ્રદૂષણનું નિવારણ

અને નિયંત્રણ) અધિનિયમ, 1981, (i) જળ પ્રદૂષણને રોકવા, નિયંત્રણ અને ઘટાડવા દ્વારા રાજ્યોના વિવિધ વિસ્તારોમાં નદીઓ અને કુવાઓની સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે, અને (ii) સુધારવા માટે હવાની ગુણવત્તા અને દેશમાં વાયુ પ્રદૂષણને રોકવા, નિયંત્રણ અથવા ઘટાડવા માટે.

- દેશમાં જળ પ્રદૂષણની સમસ્યાઓનો સામનો કરવા માટે સરકારે PCB ને જરૂરી સત્તાઓ આપી છે. સરકારે કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલ દંડ પણ સૂચવ્યો છે. બોર્ડને જળ પ્રદૂષણની મર્યાદાનું મૂલ્યાંકન કરવા સક્ષમ બનાવવા માટે કેન્દ્ર અને રાજ્યની જળ પરીક્ષણ પ્રયોગશાળાઓની સ્થાપના કરવામાં આવી છે અને ધોરણો નક્કી કરવામાં આવ્યા છે.

1. **હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 1981**

   - વાયુ પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અને ઘટાડા માટે પ્રદાન કરવા.
   - અધિનિયમનો અમલ કરવા માટે કેન્દ્રીય અને રાજ્ય બોર્ડની સ્થાપના માટે જોગવાઈ કરવી.

   વાયુ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ 1981 માં ઘડવામાં આવ્યો હતો અને ભારતમાં વાયુ પ્રદૂષણને રોકવા, નિયંત્રણ અને ઘટાડવાની જોગવાઈ કરવા માટે 1987 માં સુધારો કરવામાં આવ્યો હતો.

2. **જળ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ 1974** માં જળ પ્રદૂષણને રોકવા અને નિયંત્રણ માટે અને દેશમાં પાણીની તંદુરસ્તી જાળવવા અથવા પુનઃસ્થાપિત કરવા માટે ઘડવામાં આવ્યો હતો. તે પ્રદૂષણના સ્તરનું મૂલ્યાંકન કરવા અને પ્રદૂષકોને સજા કરવા માટે રચાયેલ છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સ્થાપના કરી છે જે પાણીના પ્રદૂષણ પર નજર રાખે છે. કાયદામાં 1988માં સુધારો કરવામાં આવ્યો હતો. પાણી (પ્રદૂષણનું નિવારણ અને નિયંત્રણ) સેસ એક્ટ 1977માં ઘડવામાં આવ્યો હતો, જે ચોક્કસ પ્રકારની ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ચલાવતી અને વહન કરતી વ્યક્તિઓ દ્વારા વપરાશમાં લેવાયેલા પાણી પર સેસ વસૂલવા અને વસૂલવાની જોગવાઈ કરવા માટે બનાવવામાં આવ્યો હતો. આ સેસ વોટર (પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન) એક્ટ, 1974 હેઠળ રચાયેલા જળ પ્રદૂષણના નિવારણ અને નિયંત્રણ માટે કેન્દ્રીય બોર્ડ અને રાજ્ય બોર્ડના સંસાધનો વધારવાના હેતુથી એકત્રિત કરવામાં આવે છે. આ કાયદામાં છેલ્લે 2003માં સુધારો કરવામાં આવ્યો હતો.

3. **પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ**

   પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, 1986 એ ભારતની સંસદનો અધિનિયમ છે. ભોપાલ દુર્ઘટનાના પગલે, ભારત સરકારે બંધારણના અનુચ્છેદ 253 હેઠળ 1986નો પર્યાવરણ સુરક્ષા કાયદો ઘડ્યો. અધિનિયમનો હેતુ અમલીકરણ કરવાનો છે.

   માનવ પર્યાવરણ પર યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સના નિર્ણયો તેઓ માનવ પર્યાવરણના રક્ષણ અને સુધારણા અને મનુષ્યો, અન્ય જીવંત પ્રાણીઓ, છોડ અને સંપત્તિ માટેના જોખમોને રોકવા સાથે સંબંધિત છે. અધિનિયમ એક ‘છત્ર’ છે.

   અગાઉના કાયદાઓ, જેમ કે વોટર એક્ટ અને એર એક્ટ હેઠળ સ્થાપિત વિવિધ કેન્દ્રીય અને રાજ્ય સત્તાધિકારીઓની પ્રવૃત્તિઓના કેન્દ્ર સરકારના સંકલન માટે માળખું પૂરું પાડવા માટે રચાયેલ કાયદો.

- પહેલેથી જ અસ્તિત્વમાં છે તે વિવિધ નિયમનકારી એજન્સીઓની પ્રવૃત્તિઓનું સંકલન કરવું.
- પર્યાવરણીય સંરક્ષણ માટે પર્યાપ્ત સત્તાઓ સાથે અથવા સત્તાધિકારીઓની રચના.
- પર્યાવરણીય પ્રદૂષકોના વિસર્જનનું નિયમન અને જોખમી પદાર્થોનું સંચાલન.

**4. વન સંરક્ષણ અધિનિયમ**

ભારતીય વન અધિનિયમ, 1927 મોટાભાગે બ્રિટિશ શાસન હેઠળ લાગુ કરાયેલા અગાઉના ભારતીય વન અધિનિયમો પર આધારિત હતો. સૌથી પ્રસિદ્ધ એક 1878નો ભારતીય વન અધિનિયમ હતો. 1878 નો અધિનિયમ અને 1927 બંનેએ વન કવર ધરાવતા વિસ્તારો અથવા નોંધપાત્ર વન્યજીવોને એકીકૃત અને આરક્ષિત કરવાનો પ્રયાસ કર્યો હતો, જેથી વન પેદાશોની હિલચાલ અને પરિવહનને નિયંત્રિત કરી શકાય, અને લાકડા પર વસૂલવામાં આવતી ડ્યૂટી અને અન્ય વન પેદાશો. તે કોઈ વિસ્તારને આરક્ષિત જંગલ, સંરક્ષિત જંગલ અથવા ગ્રામ્ય વન તરીકે જાહેર કરવા માટે અનુસરવામાં આવતી પ્રક્રિયાને પણ વ્યાખ્યાયિત કરે છે. તે વ્યાખ્યાયિત કરે છે કે વન ગુનો શું છે, આરક્ષિત જંગલની અંદર કયા કાર્યો પ્રતિબંધિત છે અને કાયદાની જોગવાઈઓના ઉલ્લંઘન પર દંડ વસૂલવામાં આવે છે.

- આરક્ષિત વન
- સંરક્ષિત વન
- ગામ વન

**5. ધી નેશનલ એન્વાયર્નમેન્ટ ટ્રિબ્યુનલ એક્ટ, 1995**

કોઈપણ અકસ્માત અથવા હેન્ડલિંગ (કોઈપણ) જોખમી પદાર્થને કારણે થતા નુકસાન માટે કડક જવાબદારી પૂરી પાડવા માટે અને રાહત અને વળતર આપવાના દષ્ટિકોણથી આવા અકસ્માતોમાંથી ઉદ્ભવતા કેસોના અસરકારક અને ઝડપી નિકાલ માટે રાષ્ટ્રીય પર્યાવરણીય ટ્રિબ્યુનલની સ્થાપના કરવા માટેનું અધિનિયમ. તેની સાથે જોડાયેલ બાબતો માટે વ્યક્તિઓ, મિલકત અને પર્યાવરણને નુકસાન માટે.

**6. નેશનલ કન્ઝર્વેશન સ્ટ્રેટેજી એન્ડ પોલિસી સ્ટેટમેન્ટ ઓન એન્વાયર્નમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ, 1992**

રાષ્ટ્રીય સંરક્ષણ વ્યૂહરચના અને પર્યાવરણ અને વિકાસ પર નીતિ નિવેશે એ માર્ગદર્શિકા મૂકવાની જરૂરિયાતના પ્રતિભાવમાં છે જે આપણા રાષ્ટ્રીય જીવન અને આપણી વિકાસ પ્રક્રિયાના ફેબ્રિકમાં પર્યાવરણીય વિચારણાઓને મદદ કરશે. તે પર્યાવરણીય પરિપ્રેક્ષ્ય સાથે એકસાથે નીતિઓ અને પગલાંને પુનઃપ્રાપ્ત કરવા માટેની ભારતની પ્રતિબદ્ધતાની અભિવ્યક્તિ છે. તે પર્યાવરણીય સમસ્યાઓના સ્વભાવ અને પરિમાણો વિશે વાત કરે છે, સમસ્યાઓના જવાબમાં લેવાયેલા પગલાં અને ક્રિયા માટેની પ્રાથમિકતાઓ અને વ્યૂહરચનાઓની યાદી આપે છે. તે પર્યાવરણીય દ્રષ્ટિકોણથી વિકાસ નીતિઓ અને જરૂરી સહાયક નીતિઓ અને સિસ્ટમોને પણ જુએ છે.

## 8.5 પર્યાવરણ સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સ્તરના પગલાંઃ આંતરરાષ્ટ્રીય સંધિઓ અને સંમેલનો -

- **મોન્ટ્રિયલ પ્રોટોકોલ**

તેને વર્ષ 1987માં આખરી સ્વરૂપ આપવામાં આવ્યું હતું અને 15 સપ્ટેમ્બર 1987ના રોજ અપનાવવામાં આવ્યું હતું. તે બહુપક્ષીય પર્યાવરણીય કરાર છે અને આ પ્રોટોકોલ અત્યાર સુધીની એકમાત્ર યુએન સંધિ છે જેને શરૂઆતમાં માત્ર 46 દેશો દ્વારા મંજૂર કરવામાં આવી હતી પરંતુ હવે તે તમામ 197 UN સભ્ય દ્વારા મંજૂર કરવામાં આવી છે. દેશો/રાજ્યો. આ પ્રોટોકોલ માનવસર્જિત રસાયણોના ઉત્પાદન અને વપરાશને નિયંત્રિત કરે છે જે ઓઝોન સ્તરને ક્ષીણ કરી શકે છે.

આ સંધિ એટલા માટે કરવામાં આવી હતી કે વાતાવરણમાં અમુક પદાર્થો અથવા રસાયણો છોડવામાં આવે ત્યારે તે ઊર્ધ્વમંડળના ઓઝોન સ્તરને નુકસાન પહોંચાડે છે જે પૃથ્વીનું રક્ષણાત્મક કવચ છે જે મનુષ્ય અને પર્યાવરણને સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણોના હાનિકારક સ્તરોથી રક્ષણ આપે છે. વાસ્તવમાં ઊર્ધ્વમંડળનું સ્તર હાનિકારક રેડિયેશનને ફિલ્ટર કરે છે. જો તે ફિલ્ટર ન થાય તો ત્વચાનું કેન્સર અને મોતિયા થવાની શક્યતાઓ વધી જાય છે અને તે કૃષિ ઉત્પાદકતામાં પણ ઘટાડો કરે છે અને દરિયાઈ જીવસૃષ્ટિ નુકસાન પહોંચાડે છે. આ સંધિ હેઠળ, વિકસિત અને વિકાસશીલ દેશો ઓઝોન-ક્ષીણ કરનારા પદાર્થો (ODS) પ્રત્યે સમાન પરંતુ અલગ-અલગ જવાબદારીઓ ધરાવે છે પરંતુ બંને જૂથના દેશો બંધનકર્તા, સમય-લક્ષિત અને માપી શકાય તેવી પ્રતિબદ્ધતા ધરાવે છે. બધા દેશોને ઓઝોન-ક્ષીણ કરનારા પદાર્થોને ઘટાડવા સંબંધિત ચોક્કસ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

ભારત 19મી જૂન 1992ના રોજ આ સંધિનું સહી કરનાર સભ્ય બન્યું હતું. હાઈડ્રોક્લોરોફ્લોરોકાર્બન્સ (HCFCs) એ ગેસ છે જેનો ઉપયોગ વિશ્વભરમાં થાય છે. તે રેફ્રિજરેટર, એર-કંડિશનર વગેરેમાં હાજર હોય છે. તે કાર્બન ડાયોક્સાઈડ કરતાં ખૂબ નુકસાનકારક અને શક્તિશાળી છે. મોન્ટ્રીયલ પ્રોટોકોલે આ હાનિકારક પદાર્થને નિયંત્રિત કરવા માટે પગલાં લીધાં છે.

15મી ઓક્ટોબર 2016ના રોજ, મોન્ટ્રિયલ પ્રોટોકોલના પક્ષોએ હાઈડ્રોફ્લોરોકાર્બન (HFCs) ના વપરાશ અને ઉત્પાદનને ઘટાડવા માટે કિગાલી સુધારો અપનાવ્યો. દેશો નિયંત્રિત પદાર્થોની યાદીમાં HFC ને ઉમેરવા સંમત થયા છે. કિગાલી સુધારો 1 જાન્યુઆરી 2019 ના રોજથી તે દેશો માટે અમલમાં આવ્યો જેણે આ સુધારાની પુષ્ટ કરી છે.

- **ક્યોટો પ્રોટોકોલ**

ક્યોટો પ્રોટોકોલ (2013-2020)ની બીજી પ્રતિબદ્ધતા, વધુ ઉત્સર્જન કાપ સાથે પ્રથમ પ્રતિબદ્ધતાના અંત અને બીજી પ્રતિબદ્ધતાની શરૂઆત વચ્ચેના અંતરને દૂર કરે છે. ક્યોટો પ્રોટોકોલ એ યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCCC) ની અંદરનો એક આંતરરાષ્ટ્રીય કરાર છે, જે કાયદેસર રીતે બંધનકર્તા ઉત્સર્જન ઘટાડવાની પ્રતિબદ્ધતાઓ સાથે તેના Annex B-પક્ષો (જે દેશોએ ગ્રીનહાઉસ ઉત્સર્જન ઘટાડવાના લક્ષ્યો અપનાવ્યા છે) પ્રતિબદ્ધ છે.

જ્યારે, ક્યોટો પ્રોટોકોલ લાગુ કરવામાં આવેલ છે ત્યાં છ ગ્રીનહાઉસ વાયુઓ છેઃ - કાર્બન ડાયોક્સાઇડ (CO2), મિથેન (CH4), નાઇટ્રસ ઓક્સાઇડ (N2O), હાઈડ્રોક્લોરોકાર્બન (HFCs), પરફ્લુરોકાર્બન (PFCs), અને સલ્ફર હેક્સાફ્લોરાઇડ (SF6).

- **પેરિસ કરાર**

તે યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્ચન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCC) ની અંદર એક કરાર છે જે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે તેના પુરોગામી, ક્યોટો પ્રોટોકોલ દ્વારા બદલવામાં આવ્યું છે જે સમાન હેતુઓ માટે આંતરરાષ્ટ્રીય સંધિ પણ છે અને તેની બીજી પ્રતિબદ્ધતા આ વર્ષે એટલે કે 2020 માં સમાપ્ત થાય છે. પેરિસ કરાર 4 નવેમ્બર 2016 ના રોજ અમલમાં આવ્યો હતો અને 197 દેશો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને નવેમ્બર સુધીમાં 2019-187 દેશોએ પુષ્ટિ કરી છે. ભારતે પણ આ કરાર માટે પોતાની સંમતિ આપી દીધી છે. સમગ્ર વિશ્વમાં, મે 2019 અનુસાર ગ્રીનહાઉસ અસરના ઉત્સર્જનની વાત કરીએ તો ભારત ચીન અને યુએસ પછી ત્રીજા સ્થાને છે. આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય જળવાયુ પરિવર્તન સામે લડવાનો છે. આ કરારનો હેતુ ગ્રીનડાઉસના ઉત્સર્જનને ચોક્કસ સ્તર સુધી રોકવાનો પણ છે.

- **પોલ્યુટન્ટ રિલીઝ અને ટ્રાન્સફર રજીસ્ટર પર કિવ પ્રોટોકોલ**

8 ઓક્ટોબર 2009ના રોજ, તે આંતરરાષ્ટ્રીય કાયદો બન્યો અને તે એકમાત્ર સાધન છે જે પક્ષકારોને કાયદાકીય રીતે બંધનકર્તા છે. આ પ્રોટોકોલનો ઉદ્દેશ્ય વ્યવસ્થિત પ્રદૂષક પ્રકાશન અને ટ્રાન્સફર રજીસ્ટરની રચના દ્વારા માહિતીની જાહેર પહોંચ વધારવાનો છે. યુએનના તમામ સભ્ય દેશો આ પ્રોટોકોલમાં જોડાઈ શકે છે કારણ કે તે 'ઓપન ગ્લોબલ ટ્રીટી' દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે.

- **વિયેના કન્વેન્શન ફોર ધ પ્રોટેક્શન ઓફ ધ ઓઝોન લેયર 1985**

શરૂઆતમાં, આ સંમેલન 1985 માં સંમત થયું હતું અને તે 22 સપ્ટેમ્બર 1988 ના રોજ અમલમાં આવ્યું હતું. તે બહુપક્ષીય કરાર છે. મોન્ટ્રિયલ પ્રોટોકોલ આ સંમેલન હેઠળ આવે છે. આ સંમેલનની રચના ઓઝોન અવક્ષય અંગે વૈશ્વિક સ્તરે દેખરેખ અને અહેવાલ આપવાના હેતુથી કરવામાં આવી હતી. આ સંમેલન હેઠળ, તેણે પ્રોટોકોલ્સના સુધારણા માટે અને વધુ બંધનકર્તા પગલાં લેવા માટે માળખાં બનાવ્યાં.

વિયેના કન્વેન્શન અને તેનો મોન્ટ્રિયલ પ્રોટોકોલ 197 સભ્ય દેશો સાથે સાર્વત્રિક સ્વીકૃતિ મેળવનાર પ્રથમ અને એકમાત્ર વૈશ્વિક પર્યાવરણીય સંધિ છે. વિયેના કન્વેન્શનમાં એવા કોઈ ધ્યેયોનો સમાવેશ થતો નથી કે જે દેશો માટે કાયદેસર રીતે બંધનકર્તા હોય. આ કાયદેસર રીતે બંધનકર્તા લક્ષ્યો મોન્ટ્રિયલ પ્રોટોકોલ હેઠળ ઓઝોન સ્તરને અવક્ષય કરી શકે તેવા પધાર્થોના સંદર્ભમાં ઘડવામાં આવ્યા છે.

- **જોખમી કચરાના ટ્રાન્સબાઉન્ડ્રી હિલચાલ અને તેના નિકાલ પર બેસલ કન્વેન્શન 1989**

સામાન્ય રીતે તેને બેસલ કન્વેન્શન તરીકે ઓળખવામાં આવે છે. બેસલ સંમેલન માર્ચ 1989 માં બેસલ, સ્વિટ્ઝર્લેન્ડમાં અપનાવવામાં આવ્યું હતું અને 1992 માં અમલમાં આવ્યું હતું અને ઓક્ટોબર 2018 સુધી 187 પક્ષો આ સંમેલનના સભ્યો છે. તે એક

આંતરરાષ્ટ્રીય સંધિ છે જેણે જોખમી કચરાના પ્રતિકૂળ અસરો સામે માનવ આરોગ્ય અને પર્યાવરણ રક્ષણ માટે યોજનાઓ ઘડી હતી.

- **વેટલેન્ડ્સ પર રામસર સંમેલન**

  આ સંમેલન 2જી ફેબ્રુઆરી 1974ના રોજ અપનાવવામાં આવેલી આંતર-સરકારી સંધિ છે અને તે 21 ડિસેમ્બર 1975ના રોજ અમલમાં આવી હતી. તે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સહકાર માટે એક માળખું પૂરું પાડે છે જેથી કરીને તેઓ વેટલેન્ડ્સના સંરક્ષણ અને ન્યાયપૂર્ણ/સમજદાર ઉપયોગ તરફ પ્રયત્નો કરીને સમગ્ર વિશ્વમાં ટકાઉ વિકાસ હાંસલ કરી શકે. જાન્યુઆરી 2016 સુધીમાં, 170 રાષ્ટ્રો કરાર પક્ષો તરીકે સંમેલનમાં જોડાયા છે.

## 8.6 સ્વાધ્યાય

**મુદ્દાસર પ્રશ્નો લખો :**

1) પર્યાવરણીય પ્રદૂષણ શું છે તેના પ્રકારો અને કારણની ચર્ચા કરો ?
2) ભારતમાં પર્યાવરણીય સમસ્યાઓ વિશે ચર્ચા કરો ?
3) ભારતમાં પર્યાવરણીય નીતિ પર નોંધ લખો.
4) ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ પર વિસ્તારથી નોધ લખો.
5) પર્યાવરણ સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સ્તરના પગલાં પર નોંધ લખો.

**ટૂંકા પ્રશ્નો લખો :**

1) પર્યાવરણીય પ્રદૂષણ અર્થ લખો.
2) ક્લાઈમેટ ચેન્જ શું છે ?
3) ગ્લોબલ વોર્મિંગ શું છે ?
4) પર્યાવરણીય સમસ્યાઓ ટૂંકમાં લખો.
5) ઓશન એસીડીફિકેશન શું છે ?
6) ક્યોટો પ્રોટોકોલ સમજવો.
7) મોન્ટ્રિયલ પ્રોટોકલ સમજવો.
8) વન સંરક્ષણ અધિનિયમ લખો.

**બહુવિકલ્પ પસંદગીના પ્રશ્નો :**

1) ક્યોટો પ્રોટોકોલનો પ્રાથમિક કાર્યસૂચિ શું છે ?
   (a) જોખમી કચરાનું નિયમન
   (b) પરમાણુ ઊર્જાના ઉત્પાદનને નિયંત્રિત કરો
   (c) ગ્રીનહાઉસ વાયુઓના એન્થ્રોપોજેનિક સ્ત્રોતોને નિયંત્રિત કરો
   (d) ઉપર્યુક્તમાંથી કોઈ નહિ

2) પાણીના શરીરમાં ............ ની હાજરી એ જળ પ્રદૂષણનું સૂચક છે.

(a) ઝાયગોસ્પોરેન્જિયમ (b) ઇ.કોલી

(c) ડીનોકોકસ રેડિયોડ્યુરાન્સ (d) ઉપર્યુક્તમાંથી કોઈ નહિ

3) ગ્રીનહાઉસ વાયુઓ તે છે જે ઇન્ફ્રારેડ રેડિયેશનને શોષી લે છે અને બહાર કાઢે છે. ઉદાહરણોમાં ............

(a) નાઇટ્રોજન (b) ઓઝોન

(c) આર્ગોન (d) ઉપર્યુક્તમાંથી કોઈ નહિ

4) ઓઝોન સ્તરનું અવક્ષય માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. તેમાં કઈ નકારાત્મક અસરોનો સમાવેશ થાય છે.

(a) ત્વચા કેન્સર (b) ઓસ્ટિયોપોરોસિસ

(c) ડિસપેપ્સિયા (d) ઉપર્યુક્તમાંથી કોઈ નહિ

5) સૂર્યપ્રકાશના અલ્ટ્રાવાયોલેટ કિરણો કઈ રચનામાં પરિણમે છે ?

(a) કાર્બન મોનોક્સાઇડ (b) સલ્ફર ડાયોક્સાઇડ

(c) ઓઝોન (d) ફ્લોરાઈડ્સ

6) નીચેનામાંથી કયું વાતાવરણીય પ્રદૂષણનું કારણ બનશે નહીં ?

(a) હાઇડ્રોજન (b) સલ્ફર ડાયોક્સાઇડ

(c) કાર્બન ડાયોક્સાઇડ (d) કાર્બન મોનોક્સાઇડ

7) નીચેનામાંથી કયું ગ્રીનહાઉસ વાયુઓની સાંદ્રતા વધારે છે

(a) રેફ્રિજરેટરનો ઉપયોગ (b) તેલ અને કોલસાના દહનમાં વધારો

(c) વન નાબૂદી (d) ઉપરોક્ત તમામ

8) માટીનું સૌથી મહત્ત્વનું કારણભૂત પ્રદૂષક શું છે ?

(a) પ્લાસ્ટિક (b) આયર્નજંક (c) ડિટરજન્ટ (d) કાચના જંક

9) ઓઝોન સ્તરનું અવક્ષય કયા ઓક્સાઇડના કારણે થાય છે ?

(a) કાર્બન (b) ફોસ્ફરસ

(c) નાઇટ્રોજન (d) ઉપરોક્ત કોઈ નહીં

10) પાણીનું પ્રદૂષણ મુખ્યત્વે કયા કારણે થાય છે.

(a) જળચર પ્રાણીઓના શરીરનો સડો (b) ઔદ્યોગિક પ્રવાહ

(c) અતિશય વરસાદ (d) ફાયટોપ્લાંકટોનની વૃષ્ટિ

11) કયા સ્તરથી ઉપરનો અવાજ હાનિકારક ગણાય છે?

(a) 40 ડીબી ઉપર (b) 60 ડીબીથી ઉપર

(c) 80 ડીબીથી ઉપર (d) 120 ડીબી ઉપર

12) મહત્તમ હવા પ્રદૂષણના કારણે થાય છે

(a) ધુમાડો (b) જંતુનાશક

(c) ઉદ્યોગ (d) ઓટોમોબાઈલ એક્ઝોસ્ટ

13) 1984ની ભોપાલ ગેસ દુર્ઘટના કયા તત્ત્વના લિકેજને લીધે થઈ હતી ?

(a) મિથાઈલ આઈસોસાયનેટ (b) 2-4 ડિક્લોરોફેનોક્સ્યાસેટિક એસિડ

(c) એમોનિયા (d) હાઈડ્રોજન સાયનાઈડ

14) CPCB નો અર્થ શું છે ?

(a) નિયંત્રણ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (b) કેન્દ્રીય પ્રદૂષણ કેન્દ્રીય બોર્ડ

(c) પ્રદૂષણ નિયંત્રણ કેન્દ્રીય બોર્ડ (d) કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

15) વિયેના કન્વેન્શન અને તેનો મોન્ટ્રિયલ પ્રોટોકોલમાં કેટલા ………… સભ્યદેશો છે ?

(a) 197 (b) 150 (c) 200 (d) 199

**જવાબ :**

| | | | | |
|---|---|---|---|---|
| (1) - C | (2) - B | (3) - B | (4) - A | (5) - C |
| (6) - A | (7) - D | (8) - A | (9) - C | (10) - D |
| (11) - C | (12) - D | (13) - A | (14) - D | (15) - A |

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chhharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

તૃતીય વર્ષ બી.કોમ.

**BCECON302**

# ભારતીય અર્થશાસ્ત્ર



## બ્લોક-૩

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય: પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિશ્રી,**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

| | | |
|---|---|---|
| લેખન : | ડૉ. સંગીતા ઘાટે | પ્રિન્સિપાલ, શ્રી એમ. પી. પટેલ એન્ડ બી.એ. પટેલ ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| | ડૉ. દિનેશ પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, જે.જી. કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| | ડૉ. પલ્લવી વ્યાસ | આસિસ્ટન્ટ પ્રોફેસર, હેડ ઓફ ઇકોનોમિક ડીપાર્ટમેન્ટ, એમ.સી.શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| | ડૉ. બીના પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ફેકલ્ટી ઓફ કોમર્સ (SMPIC), જી.એલ.એસ. યુનિવર્સિટી, અમદાવાદ. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. હિનાબેન પટેલ | પ્રિન્સીપાલ, મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડી. |
| | પ્રિ. નટુભાઈ પટેલ | રીટાયર્ડ પ્રિન્સીપાલ, સી. યુ. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક(ભાષા) : | ઘનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય, સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| | ડૉ. અજય રાવલ | એસોસિયેટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ઉમિયા આર્ટસ & કોમર્સ, અમદાવાદ |
| | શ્રી ધ્વનિલ પારેખ | સહ પ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા. |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| આવૃત્તિ : | પ્રથમ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ-2022) | |

ISBN : 978-93-5598-196-7

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**તૃતીય વર્ષ, B.Com.**

**BCECON-302**

**ભારતીય અર્થશાસ્ત્ર**

# ભારતીય અર્થશાસ્ત્ર


| | | |
|---|---|---|
| **એકમ-9** | **રાજકોષીય નીતિ** | **01** |
| **એકમ-10** | **ભારતીય બેંકિંગ વ્યવસ્થા - ભારતીય રિઝર્વ બેંક** | **11** |
| **એકમ-11** | **વેપારી બેંકો** | **24** |
| **એકમ-12** | **ભારતનો વિદેશ વેપાર અને લેણદેણની તુલા** | **41** |
| **એકમ-13** | **ભારતની વેપાર નીતિ** | **60** |
| **એકમ-14** | **ભારતનું જાહેરક્ષેત્ર** | **76** |


# PART - 3

એકમ 9

# રાજકોષીય નીતિ

-: રૂપરેખા :-

**9.1 રોજકોષીય નીતિનો અર્થ, હેતુઓ**

**9.1.1 રાજકોષીય નીતિનો અર્થ**

**9.1.2 રાજકોષીય નીતિના હેતુઓ**

**9.2 રાજકોષીય નીતિના આવકના અને ખર્ચના સાધનો**

**9.2.1 મહેસૂલી રસીદ**

**9.2.2 સરકારી ખર્ચ**

**9.2.3 Fiscal Responsibility and Budget Management Act**

**9.2.4 જાહેર દેવું**

**9.3 રાજકોષીય નીતિના પ્રકાર**

**9.4 ખાનગી ક્ષેત્ર સાથે ભાગીદારી (Public Private Partnership)**

**9.4.1 PPP ની કામગીરી**

**9.4.2 PPP ના ફાયદા**

**9.4.3 PPP ની મર્યાદા**

**9.5 સ્વાધ્યાય**

## 9.1 રાજકોષીય નીતિનો અર્થ, હેતુઓ

પ્રસ્તાવના :

આર્થિક વિકાસ માટે રાજકોષીય નીતિની ભૂમિકા અદ્યતન દેશના વિકાસ દરના, સ્થિરતા સાથે સંબંધિત છે. સરકારી ખર્ચ અને કરવેરામાં ભિન્નતા દ્વારા રાજકોષીય નીતિ રાષ્ટ્રીય આવક, રોજગાર, ઉત્પાદન અને કિંમતોની ઊંડી અસર કરે છે.

### 9.1.1 રાજકોષીય નીતિનો અર્થ

રોજકોષીય નીતિ એટલે સ્થિરતા કે વૃદ્ધિ માટે સરકાર દ્વારા કરવેરા એ જાહેર ખર્ચનો ઉપયોગ.

- કલબસ્ટેનના જણાવ્યા મુજબ 'રાજકોષીય નીતિ દ્વારા આપણે સરકારની ક્રિયાઓ જે રસીદો અને ખર્ચને અસર કરે છે. જેને સમાવેશ આ રીતે થાય છે જેમ કે સરકારની રસીદો, તેની પૂરાંત કે ખાદ્ય દ્વારા માપવામાં આવે છે.'
- સરકાર જાહેર ખર્ચ અને કરના વળતરાત્મક ફેરફારો દ્વારા ખાનગી વપરાશ અને રોકાણમાં અનિચ્છનીય ફેરફારોને સરભર કરી શકે છે.

- આર્થર સ્મિથિસ રાજકોષીય નીતિને 'એવી નીતિ તરીકે વ્યાખ્યાયિત કરે છે કે જેના હેઠળ સરકાર તેના ખર્ચ આવક કાર્યક્રમોનો ઉપયોગ ઈચ્છનીય અસરો પેદા કરવા અને રાષ્ટ્રીય આવક, ઉત્પાદન અને રોજગાર પર અનિચ્છનીય અસરોને ટાળવા માટે કરે છે.'
- અર્થતંત્રના લાંબાગાળાની સ્થિરતા માટે રાજકોષીય નીતિને અંતિમ ધ્યેય હોવા છતાં ટૂંકાગાળાના આર્થિક વધઘટને નિરીક્ષણ તેને મધ્યસ્થ કરે તે પ્રાપ્ત કરી શકાય છે. આ સંદર્ભમાં, ઓટો એકસ્ટેઈન નાણાકીય નીતિને કર અને ખર્ચમાં ફેરફાર તરીકે વ્યાખ્યાયિત કરે છે જે સંપૂર્ણ રોજગાર અને ભાવ-સ્થિરતાના ટૂંકાગાળાના લક્ષ્યોને ધ્યાનમાં રાખે છે.

### 9.1.2 રાજકોષીય નીતિના હેતુઓ

- પૂર્ણ રોજગારીના સ્તર સુધી પહોંચવા તથા તેને જાળવી રાખવા.
- ભાવ સ્તરને સ્થિર કરવા
- અર્થતંત્રના વિકાસ દરને સ્થિર કરવા
- લેણદેણની તુલામાં સમતુલા જાળવવા
- અવિકસિત દેશોના આર્થિક વિકાસે પ્રોત્સાહન આપવું.
- અસમાનતા ઘટાડવી
- રાજકોષીય નીતિનો મૂલ્ય ઉદ્દેશ ઝડપી આર્થિક વૃદ્ધિ અને વિકાસને સુનિશ્ચિત કરવાનો છે તથા તેને માટે નાણાકીય સંસાધનોના એકત્રીકરણ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. ભારતમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો નાણાકીય નીતિ અપનાવે છે.
- કરવેરા : સરકારની આવકનો મુખ્ય સ્ત્રોત કરવેરા છે. સરકાર રાજકોષીય નીતિ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ કર દ્વારા નાણાકીય સંસાધનો ઉભા કરે છે.
- જાહેર બચત : સરકારી ખર્ચ ઘટાડીને અને જાહેર ક્ષેત્રના સાહસોના સરપ્લસમાં વધારો કરીને જાહેર બચત દ્વારા સંસાધનોને એકત્ર કરી શકાય છે.
- ખાનગી બચત : કર લાભો જેવા અસરકારક રાજકોષીય બોન્ડ ઈશ્યુ કરવા વગેરે, સ્થાનિક અને વિદેશી પક્ષકારો પાસેથી લોન અને ખાદ્ય ધિરાણ દ્વારા સરકારી ઉધાર દ્વારા સંસાધનોને એકત્ર કરી શકાય છે.
- દેશમાં પ્રાદેશિક અસંતુલનને ઘટાડવા માટે વિવિધ પ્રોજેક્ટ્સ જાહેર ખર્ચની મદદથી કરવામાં આવે છે.
- નિકાસ પ્રોત્સાહનો આપી નિકાસ વધારવા તથા આયાતને રોકવા આયાતને અંકુશમાં લેવાના પગલાં પણ અપનાવાય છે જેથી લેણદેણની તુલામાં સુધારો થાય.

## 9.2 રાજકોષીય નીતિના આવકના અને ખર્ચના સાધનો

રાજકોષીય નીતિ સરકારના કરવેરા અને ખર્ચના નિર્ણયો સાથે વ્યવહાર કરે છે.

ભારતની રાજકોષીય નીતિના ઘટકો છે :

- સરકારી રસીદો (Government Receipts)
- સરકારી ખર્ચ (Government Expenditure)
- જાહેર દેવું (Public Debt)

### 9.2.1 સરકારી રસીદોને નીચેના વિભાગમાં વિભાજીત કરાય

→ **મહેસૂલી રસીદ**

સામાન્ય રીતે વ્યાપારી કામગીરી દ્વારા વ્યવસાય દ્વારા મેળવેલા નાણાને મહેસૂલ તરીકે ઓળખવામાં આવે છે. મહેસૂલી આવકો પુનરાવર્તિત હોય છે અને આવકના નિવેદન પર વ્યવસાયના નફા અને નુકસાનને અસર કરે છે તે સરકારી રસીદો છે જે ન તો સંપત્તિ બનાવે છે અને ન તો કોઈ જવાબદારી ઘટાડી શકે છે અને તમામ સ્ત્રોતોમાંથી સરકાર માટે વર્તમાન આવકની રસીદ ગણવામાં આવે છે. આ આવકની રસીદ ત્યારે ગણવામાં આવે જો તે બે માપદંડ પૂર્ણ કરે. તેનાથી સરકારની અથવા સરકાર માટે કોઈ જવાબદારી ઉભી ન થવી જોઈએ. ઉદાહરણ તરીકે સરકાર દ્વારા વસૂલવામાં આવતા કર ને મહેસૂલ આવક ગણાય છે. પરંતુ સરકાર દ્વારા ઉધાર લેવામાં આવતી કોઈપણ રકમ મહેસૂલ રસીદ નથી. તે સંપત્તિમાં કોઈ ઘટાડો ન થવો જોઈએ. તે મહેસૂલી આવકને બે ભાગમાં વિભાજીત થાય છે.

**(1) કર આવક (પ્રત્યક્ષ-પરોક્ષ કર)** કર એ ફરજિયાત ચુકવણી છે જે બદલામાં કોઈ સીધો લાભ મેળવ્યા વિના લોકો અથવા કંપનીઓ દ્વારા સરકારને કરવામાં આવે છે. સરકારના હેઠળના કર અને તમામ ફરજોમાંથી તમામ રસીદોનો સરવાળો કર આવક તરીકે ઓળખવામાં આવે છે. તે સરકારનો નિયમિત આવકનો મુખ્ય સ્ત્રોત છે.

- **પ્રત્યક્ષ કર :** વ્યક્તિ અને કંપનીની મિલકત અને આવક પર જે કર લાદવામાં આવે તેને પ્રત્યક્ષ કર તરીકે ઓળખાય છે. પ્રત્યક્ષ કર કંપનીઓ અને વ્યક્તિઓ દ્વારા સરકારને સીધા જ ચુકવવામાં આવે છે. આવકનું સ્તર, તેમજ લોકોની ખરીદ શક્તિ, પ્રત્યક્ષ કર દ્વારા પ્રભાવિત થાય છે. આવકવેરો, કોર્પોરેશન વેરો, કસ્ટમ વેરો.
- **પરોક્ષ કર :** કર કે જે વ્યક્તિ અને કંપનીની આવક અને મિલકતને તેમના વપરાશ ખર્ચ દ્વારા અસર કરે છે તેને પરોક્ષ કર કહેવામાં આવે છે. માલ અને સેવાઓ પર પરોક્ષ કર લાદવામાં આવે છે. સેલ્સ ટેક્સ, વિશિષ્ટ કર, વેલ્યૂ એડેડ ટ્રેકરર, જીએસટી એ મધ્યસ્થી કે વચોટિયા (જેમ કે રિટેલ સ્ટોર) દ્વારા વસૂલવામાં આવતો કર છે કે જે વ્યક્તિ પાસેથી વસૂલ કરે છે કરનો આર્થિક અંતિમ બોજ (જેમ કે ઉપભોક્તા) પર પડે છે.

(2) **બિન-કર આવક :** સરકાર દ્વારા કર સિવાયના અન્ય સ્ત્રોતોમાંથી પ્રાપ્ત થાય છે. તેમાં રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશો, ખાનગી સાહસો અને સામાન્ય જનતાને આપવામાં આવતી લોન દ્વારા સરકાર દ્વારા પ્રાપ્ત થતા વ્યાજ એ બિન-કર આવક છે.

- **પાવર સપ્લાય ફી :** આમાં કોઈપણ રાષ્ટ્રની કેન્દ્રીય પાવર ઓથોરિટી દ્વારા પ્રાપ્ત ફીનો સમાવેશ થાય છે.
- **ફી :** તે એવા શુલ્ક છે જે સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી અને લાદવામાં આવતી પુનરાવર્તિત સેવાઓનો ખર્ચેને આવરી લે છે તે ટેક્સની જેમ ફરજિયાત છે.
- **લાયસન્સ ફી :** તે સરકાર દ્વારા વસૂલવામાં આવતો વેરો છે અને તે કોઈ પ્રવૃત્તિ કરવા માટે સંબંધિત સંસ્થાઓ છે જે રેસ્ટોરન્ટ ખોલવા અથવા ભારે વાહન ચલાવવા જેવી કંઈ પણ હોઈ શકે.
- **દંડ :** દંડ મોટે ભાગે ફોજદારી કાયદાના સંદર્ભમાં છે. જેમાં કાયદાની અદાલત દંડ લાદીને ગુના માટે દોષિત વ્યક્તિને સજા કરશે. દંડ તે સિવિલ તેમજ ફોજદારી કાયદા બંનેમાં વપરાય છે તેમાં નાણાકીય અને શારીરિક બંને પ્રકારની સજાનો સમાવેશ થાય છે.
- **એસ્કેટ્સ (Escheats) :** જ્યારે કોઈ વ્યક્તિ કાનૂની રીતે સંપત્તિ વારસદારને ટ્રાન્સફર કર્યા વિના મૃત્યુ પામે છે તો તે સંપત્તિ સરકારને ટ્રાન્સફર થાય છે.
- **જપ્તી :** જપ્તી એ કરારની જવાબદારી અથવા ગેરવર્તણૂક માટે દંડના પરિણામે વળતર રૂપે લેવાય છે.
- **વ્યાજ :** તેમાં બિન-આયોજિત સ્કીમ અને આયોજિત સ્કીમ માટે સરકારને આપવામાં આવતી બોન્ડ અને વીમાના વ્યાજનો સમાવેશ થાય છે અને જાહેર ક્ષેત્રના સાહસો અથવા અન્ય વૈધાનિક સંસ્થાઓ અપાયેલ લોન પરના વ્યાજનો સમાવેશ થાય છે.
- **સંચાર સેવાઓ માટેની ફી :** આમાં મુખ્યત્વે ટેલિકોમ ઓપરેટરો તરફથી સ્પેક્ટ્રમ વપરાશના શુલ્કના કારણે લાયસન્સ ફીનો સમાવેશ થાય છે જે ટેલિકોમ સેવા પ્રદાતાઓને સરકારી મંત્રાલયને ચુકવવા માટે લાઈસન્સ આપે છે જે દૂરસંચારનું સંચાલન કરે છે.

- મૂડી રસીદ
- લોન રિકવરી
- ડિસઈન્વેસ્ટમેન્ટ
- ઉધાર અને અન્ય જવાબદારીઓનો પણ સમાવેશ થાય છે.

**Debt Trap** એવી પરિસ્થિતિ જ્યાં લેનારે પાછલા દેવા પર હપ્તાની ચુકવણી માટે ફરીથી ઉધાર લેવું પડે છે. ઉધાર લીધા વિના દેવું ઘટાડવાની જવાબદારીઓને પૂર્ણ કરવામાં અસમર્થ લેનાર દેવાની જાળમાં હોવાનું.

**ડિસઈન્વેસ્ટમેન્ટ :** જ્યારે સરકાર તેની સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસ, સ્ટેટ પબ્લિક એક્ટ એન્ટરપ્રાઈઝિર અથવા અન્ય અસ્ક્યામતોનું વેચાણ કરે છે અથવા ફંડચામાં લે છે. તે ડિસઈન્વેસ્ટમેન્ટનો ઉલ્લેખ કરે છે આ અભિગમ રાજકોષીય બોજ ઘટાડવાના ઉદ્દેશ્યને પૂર્ણ કરે છે.

### 9.2.2 સરકારી ખર્ચ

જાહેર ખર્ચના બે વર્ગીકરણ છે -

- મહેસૂલ ખર્ચ - તે રિકરિંગ ખર્ચ

  વ્યાજની ચુકવણી

  સંરક્ષણ ખર્ચ

  કેન્દ્ર સરકારના કર્મચારીઓને પગાર વગેરે મહેસૂલ ખર્ચના ઉદાહરણો છે.

- મૂડી ખર્ચ - તે નોન રિકરિંગ ખર્ચ છે -

  લોનની ચુકવણી

  જાહેર સાહસોને લોન વગેરે

- સરકારની તમામ રસીદો અને ખર્ચ નીચેનામાંથી ક્રેડિટ અને ડેબિટ કરવામાં આવે છે.
  - ભારતનું સંકલિત ભંડોળ
  - ભારતનું આકસ્મિક ભંડોળ
  - ભારતનું જાહેર ખાતું

- **ફિસ્કલ કોન્સોલિડેશન :** રાજકોષીય ખાદ્યને સુધારવા માટે જે પગલાં લેવામાં આવે છે તે રાજકોષીય એકત્રીકરણની પ્રક્રિયા હેઠળ આવે છે. રાજકોષીય એકત્રીકરણ દ્વારા સરકાર આ માટે પ્રયાસ કરે છે; મહેસૂલી આવકમાં સુધારો, જાહેર ખર્ચમાં સારી ગોઠવણ.

  સરકારે રાજકોષીય એકત્રીકરણના ઉદ્દેશ્યથી FRBM કાયદો રજૂ કર્યા હતો.

### 9.2.3 Fiscal Responsibility and Budget Management Act 2003

- આ એકટનો ઉદ્દેશ્ય સરકાર પર રાજકોષીય શિસ્ત લાદવાનો છે.
- તેનો અર્થ એ છે કે રાજકોષીય નીતિ શિસ્તબદ્ધ રીતે અથવા જવાબદારી રીતે હાથ ધરવામાં આવવી જોઈએ. એટલે કે સરકારી, ખાદ્ય અથવા ઉધાર વાજબી મર્યાદામાં રાખવા જોઈએ અને સરકારે તેની આવક

અનુસાર તેના ખર્ચનું આયોજન કરવું જોઈએ, જેથી ઉધાર મર્યાદામાં રહે.

- 2021-22 માં GDP ના 6.8% પર રાજકોષીય ખાદ્યનો લક્ષ્યાંક.
- 2021-22 માં સરકારનું પ્રસ્તાવિત કુલ ખર્ચ રૂપિયા 34, 83, 236 કરોડ છે.

**FRBM એકટના ઉદ્દેશ્યો**

- મહેસૂલ ખાદ્ય દૂર કરી અને રાજકોષીય ખાદ્ય નીચે લાવવાનો.
- દેશની અંદર રાજકોષીય વ્યવસ્થાપનની પારદર્શક પ્રણાલીનો પરિચય લાંબાગાળે નાણાકીય સ્થિરતા સુનિશ્ચિત કરવી. આ અધિનિયમનો હેતુ ભારતમાં ફુગાવાના સંચાલન માટે સેન્ટ્રલ બેંકને જરૂરી સુગમતા આપવાનો પણ હતો.

**ફિસ્કલ ફેડરલિઝમ**

- તે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંસાધનના વિતરણનો સંદર્ભ આપે છે.
- કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કરના વિતરણનો ઉલ્લેખ ભારતીય બંધારણની 7 મી અનુસૂચિમાં કરવામાં આવ્યો છે.
- ત્રણ યાદીઓ છે જ્યાં ટેક્સનું વિતરણ કરવામાં આવે છે.

  યુનિયન યાદી, રાજ્ય યાદી, સમવર્તી સૂચિ વગેરે.

### 9.2.4 જાહેર દેવું

- જાહેર દેવું એ કુલ જવાબદારીઓ સહિતની કુલ રકમ છે, જે સરકાર દ્વારા તેના વિકાસ બજેટને પહોંચી વળવા માટે લેવામાં આવે છે. તે ભારતના કોન્સોલિડેટેડ ફંડમાંથી ચુકવવાની રહેશે. આ શબ્દનો ઉપયોગ કેન્દ્ર અને રાજ્ય સરકારોની એકંદર જવાબદારીઓ માટે થાય છે, પરંતુ કેન્દ્ર સરકાર તેની દેવાની જવાબદારીઓને સ્પષ્ટપણે રાજ્યોથી અલગ પાડે છે.
- જાહેર દેવાના સ્ત્રોતો જેમાં સરકારની સિક્યોરિટીઝ, ટ્રેઝરી બિલ્સ, બાહ્ય સહાય અને ટૂંકાગાળાનાં ઋણ છે.

## 9.3 રાજકોષીય નીતિના પ્રકાર

નાણાકીય નીતિથી અલગ રાજકોષીય નીતિ મુખ્યત્વે કર વધારવા અથવા ઘટાડવા અને વિવિધ પ્રોજેક્ટ અથવા ક્ષેત્રો પર ખર્ચ વધારવા અથવા ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પરંતુ અર્થતંત્રની વર્તમાન સ્થિતિના સંકેતોને આધારે રાજકોષીય નીતિ આર્થિક વૃદ્ધિમાં થતી ફુગાવા નિયંત્રણને પણ ધ્યાનમાં લે છે. અથવા કર ઘટાડીને ઉધાર અને ખર્ચને પ્રોત્સાહિત કરીને અથવા પ્રોજેક્ટસ પર ખર્ચ કરીને આર્થિક વૃદ્ધિને વિસ્તૃત કરવાનો પ્રયાસ કરી શકે છે. જેમાં અર્થતંત્રમાં વૃદ્ધિ તથા રોજગાર વધારવા.

### (1) વિસ્તરણીય રાજકોષીય નીતિ

તેનો ઉપયોગ ત્યારે થાય છે જ્યારે સરકાર દ્વારા વ્યાપાર ચક્રના સંકોચન તબક્કાને

સંકલિત કરવા માટે (ખાસ કરીને મંદીની સ્થિતિ હોય). જેમાં કર ઘટાડવા અથવા જાહેર કાર્યો જેવી બાબતો પર સરકારી ખર્ચ વધારવા જેવી પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. આ નીતિથી આર્થિક વૃદ્ધિને વેગ આપવાનો પ્રયાસ છે જેમાં કર ઘટાડતા ગ્રાહકની ખરીદશક્તિ વધે છે. તેથી માંગમાં વધારો થાય છે.

**(2) સંકોચિત રાજકોષીય નીતિ**

અહીં સરકાર કર દરોમાં વધારો અને સરકારી ખર્ચમાં ઘટાડો કરે છે. ફુગાવાની સ્થિતિમાં માંગમાં વધારો થાય છે. પરંતુ પુરવઠો પર્યાપ્ત થતો નથી તેવી સ્થિતિમાં.

## 9.4 ખાનગી ક્ષેત્ર સાથે ભાગીદારી (PPP) (Public - Private Partnerships)

પ્રસ્તાવના

ખાનગી ક્ષેત્ર એટલે ખાનગી વ્યક્તિ કે પેઢીના માલિકી કે સંચાલન હેઠળ ચાલતું વ્યવસાય જ્યારે જાહેર ક્ષેત્ર તે સરકારના ઉદ્યોગો જેમાં સરકાર દ્વારા સંચાલન થાય છે.

- જાહેર ખાનગી ભાગીદારીમાં સરકારી એજન્સી અને ખાનગી ક્ષેત્રની કંપની વચ્ચેના સહયોગનો સમાવેશ થાય છે. જેનો ઉપયોગ પબ્લિક ટ્રાન્સપોર્ટસન નેટવર્ક, ઉદ્યાનો અને સંમેલન કેન્દ્રો જેવા પ્રોજેક્ટને ધિરાણ, નિર્માણ અને સંચાલન માટે કરી શકાય છે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ દ્વારા પ્રોજેક્ટને ધિરાણ આપવાથી પ્રોજેક્ટ વહેલા પૂર્ણ થઈ શકે છે અથવા તેને પ્રથમ સ્થાને પૂર્ણ કરવાની શક્યતા બનાવી શકાય છે.
- જાહેર ખાનગી ભાગીદારીમાં મોટે ભાગે કરની છૂટ અથવા અન્ય સંચાલન આવક, જવાબદારીથી રક્ષણ અથવા નામાંકિત જાહેર સેવાઓ અને મિલકત પરના આંશિક માલિકી હકનો સમાવેશ થાય છે.
- PPP મોટા પાયે સરકારી પ્રોજેક્ટસ જેમ કે રસ્તા, પૂલ અથવા હોસ્પિટલ્સને ખાનગી ભંડોળ સાથે પૂર્ણ કરવાની મંજૂરી આપે છે.
- ખાનગી ક્ષેત્ર ટેક્નોલોજી, નવીનીકરણને જોડે છે જ્યારે જાહેર ક્ષેત્ર બજેટ પ્રોત્સાહન પૂરા પાડે છે.

### 9.4.1 PPP ની કામગીરી

જેમ કે શહેરની સરકાર ભારે દેવાદાર હોઈ શકે છે અને મૂડી પ્રચુર પ્રોજેક્ટસ હાથ ધરવા અસમર્થ હોઈ શકે છે, પરંતુ એક ખાનગી એન્ટરપ્રાઈઝ પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયા પછી ઓપરેટિંગ નફો મેળવવાના બદલામાં તેના બાંધકામને ભંડોળ પૂરું પાડવામાં રસ ધરાવી શકે છે.

- PPP સામાન્ય રીતે 25 થી 30 વર્ષ કે તેથી વધુ સમયનો કરાર સમયગાળો હોય છે. ધિરાણ આંશિક રીતે ખાનગી ક્ષેત્રમાંથી આવે છે. પરંતુ પ્રોજેક્ટના જીવનકાળ દરમ્યાન જાહેર ક્ષેત્ર અને/અથવા વપરાશકર્તાઓ તરફથી ચુકવણીની જરૂર પડે છે. ખાનગી ભાગીદારી પ્રોજેક્ટની ડિઝાઈન, પૂર્ણ અમલીકરણ અને ભંડોળમાં ભાગ લે છે, જ્યારે જાહેર ભાગીદાર ઉદ્દેશ્યોના પાલનને વ્યાખ્યાયિત કરવા અને તેનું નિરીક્ષણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

### 9.4.2 PPP ના ફાયદા

અહીં ખાનગી અને સરકાર વચ્ચેની ભાગીદારી બંને પક્ષોને લાભ આપે છે. ખાનગી ક્ષેત્રની ટેક્નોલોજી અને નવીનતા, ઉદાહરણ તરીકે જાહેર સેવાઓ પૂરી પાડવાની કાર્યક્ષમતા સુધારવામાં મદદ કરી શકે છે. જાહેર ક્ષેત્ર, તેના ભાગ માટે, ખાનગી ક્ષેત્રને સમયસર અને બજેટની અંદર પ્રોજેક્ટસ પહોંચાડવા માટે પ્રોત્સાહન પૂરું પાડે છે. વધુમાં આર્થિક વૈવિધ્યના સર્જીને દેશને તેના ઈન્ફ્રાસ્ટ્રકચર આધારને સરળ બનાવવા અને સંકળાયેલ બાંધકામ, સાધનો સહાયક સેવાઓ અને અન્ય વ્યવસાયોને પ્રોત્સાહન આપવા માટે વધુ સ્પર્ધાત્મક બનાવે છે.

### 9.4.3 PPP ની મર્યાદા

ખાનગી ભાગીદારીને જાહેર ખાનગી ભાગીદારીમાં પડી શકે છે. ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમ કે રોડ અથવા રેલવે, બાંધકામનાં જોખમો ધરાવે છે. જો ઉત્પાદન સમયસર વિતરિત થતું નથી, કિંમત અંદાજ કરતા વધી જાય છે અથવા તકનીકી ખામીઓ હોય છે, તો ખાનગી ભાગીદાર સામાન્ય રીતે બોજ ઉઠાવે છે. વધુમાં ખાનગી ભાગીદારને ઉપલબ્ધતાના જોખમનો સામનો કરવો પડે છે જો તે વચન આપેલ સેવા પ્રદાન કરી શકતો નથી.

- કંપની સલામતી અથવા અન્ય સંબંધિત ગુણવત્તાના ધોરણોને પૂર્ણ કરી શકતી નથી.
- ઘણીવાર ગુણવત્તાના પ્રશ્નો અને કર વધારો કે ફીનો બોજો ગ્રાહકો પર વધારે નાખી ખાનગી ક્ષેત્ર બંધારણીય અધિકારોનું ઉલ્લઘન કરે છે.
- યૂનિયન બજેટ 2021 માં આંતરમાળખા અને એસેટ મોનેટાઈઝેશન પર રોકાણ વધારવા માટે નિર્ણાયક ધિરાણ વિકલ્પો પર ભાર મુક્યો હતો. બજેટે નવીન સાધનો દ્વારા ટોલ રોડ, રેલવે ટ્રાન્સમિશન અને પાઈપલાઈન જેવી બ્રાઉનફિલ્ડ આંતરમાળખા એસેટસની ઉત્પાદકતામાં મૂલ્ય નિર્માણ અને સુધારણા માટેના સરકારના સંકલ્પને મજબૂત બનાવ્યો છે અને મુખ્ય અસ્ક્યામતોના મૂડીકરણ માટે સ્પષ્ટ રોડમેપ તૈયાર કર્યા છે.
- વર્ષ 2020-21 (1 એપ્રિલ 2020 થી 31 માર્ચ 2021) દરમ્યાન 125 PPP પ્રોજેક્ટસ કુલ ₹ 1,72,314 કરોડના ખર્ચ સાથેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્ર સરકારની 123 અને રાજયની બે યોજનાઓનો સમાવેશ થાય છે.
- PPP દ્વારા પુનઃવિકાસ રેલવે સ્ટેશન માટે પેસેજર ટ્રેન કામગીરી, ઈકો ટુરિઝમ સુવિધા, જવાહરલાલ નહેરુ, સ્ટેડિયમનું પુનઃ વિકાસ, રોપ-વે આધારિત જાહેર ટ્રાન્સપોટેશન સિસ્ટમ, મેડિકલ શિક્ષણમાં ખાનગી મૂડીરોકાણને નિમંત્રણ સ્કીમ વગેરે જેવા પ્રોજેક્ટસ હાથ ધરાવામાં આવ્યા છે.

## 9.5 સ્વાધ્યાય

**મુદ્દાસર પ્રશ્નોના જવાબ લખો :**

(1) રાજકોષીય નીતિનો અર્થ અને હેતુઓ સમજાવો.

(2) રાજકોષીય નીતિના આવકના સાધનો વિસ્તારથી ચર્ચા

(3) રાજકોષીય નીતિમાં જાહેર ખર્ચ અને જાહેર દેવા વિશે વિસ્તૃત નોંધ લખો.

(4) FRBM વિશે વિસ્તૃત નોંધ લખો.

(5) ખાનગી જાહેર ભાગીદારી વિશે વિસ્તારની ચર્ચા કરો.

## 9.6 ટૂંકા પ્રશ્નો

(1) રાજકોષીય નીતિનો અર્થ લખો.

(2) રાજકોષીય નીતિના હેતુઓ દર્શાવો.

(3) રાજકોષીય નીતિમાં આવકના સ્ત્રોત દર્શાવો.

(4) રાજકોષીય નીતિમાં ખર્ચ વિશે સમજાવો.

(5) FRBM નું પૂરું નામ લખો.

(6) મહેસૂલી આવક શું છે ?

(7) પ્રત્યક્ષ અને પરોક્ષ કર શું છે ?

(8) PPP નું પૂરું નામ લખો.

(9) રાજકોષીય નીતિના પ્રકારો દર્શાવો.

(10) ફિસ્કલ ફેડરલિઝમ શું છે ?

## 9.7 બહુ વિકલ્પ પ્રશ્નો

1. રાજકોષીય નીતિના ઘટકો

   (a) આવક (b) ખર્ચ (c) દેવા (d) ઉપરોક્ત બધા

2. રાજકોષીય નીતિ શેને અસર કરે છે ?

   (a) રોજગાર (b) ઉત્પાદન (c) કિંમત (d) ઉપરોક્ત બધા

3. PPP નું પૂરું નામ.

   (a) Public Private Partnerships (b) Public Prosecutos Partnership
   (c) Public Process Partnerships (d) ઉપરોક્ત બધા

4. રાજકોષીય નીતિ સરકારની ક્રિયાઓ જે રસીદો અને ખર્ચને અસર કરે છે.

   (a) રોબર્ટ (b) પિગું (c) ક્લબસ્ટર્ન (d) માર્શલ

5. રાજકોષીય નીતિના હેતુઓ -

   (a) ભાવ સ્થિરતા (b) આર્થિક વિકાસ
   (c) અસમાનતા ઘટાડવી (d) ઉપરોક્ત બધા

6. સરકારની આવકનો મુખ્ય સ્ત્રોત કયો ?

(a) કિંમત (b) આવક વેરો (c) FD1 (d) ઉપરોક્ત બધા

7. કર આવકમાં શેનો સમાવેશ થાય છે ?

(a) ફંડ (b) FD1

(c) પ્રત્યક્ષ અને પરોક્ષ કર (d) કિંમતો

8. પ્રત્યક્ષ કરમાં શેનો સમાવેશ થાય છે ?

(a) આવક વેરો (b) કોર્પોરેશન વેરો (c) કસ્ટમ વેરો (d) ઉપરોક્ત બધા

9. બિન-કર આવકના ઉદાહરણો કયા છે ?

(a) દંડ (b) ફી (c) વ્યાજ (d) ઉપરોક્ત બધા

10. સરકારી ખર્ચમાં શેનો સમાવેશ થાય છે ?

(a) મહેસૂલ ખર્ચ (b) (a) અને (c) બન્ને

(c) મૂડી ખર્ચ (d) લોન

11. FRBM Act કયા વર્ષ અસ્તિત્વમાં આવ્યો ?

(a) 2005 (b) 2006 (c) 2003 (d) 2004

12. PPP ના સામાન્ય રીતે સમયનો કરાર.

(a) 25 થી 30 વર્ષ (b) 1 થી 2 વર્ષ

(c) 6 મહિનાથી 1 વર્ષ (d) ઉપરોક્ત બધા

13. PPP થી થતા ફાયદા.

(a) નવી ટૅક્નોલૉજી (b) કાર્યક્ષમતામ્ય સુધારો

(c) નફામાં વધારો (d) ઉપરોક્ત બધા

14. 2020-21 માં કુલ કેટલા પ્રોજેક્ટસ PPP માં મુકવામાં આવ્યા ?

(a) 4 (b) 30 (c) 15 (d) 125

15. 2021-22 માં સરકારનું પ્રસ્તાવિત ખર્ચ.

(a) 20, 83, 236 (b) 19, 83, 236

(c) 30, 83, 236 (d) 34, 83, 236

**જવાબ :**

| | | | | |
|---|---|---|---|---|
| (1) - D | (2) - D | (3) - A | (4) - C | (5) - D |
| (6) - B | (7) - C | (8) - D | (9) - D | (10) - B |
| (11) - C | (12) - A | (13) - D | (14) - D | (15) - D |

# એકમ 10

# ભારતીય બેંકિંગ વ્યવસ્થા- ભારતીય રિઝર્વ બેંક

: રૂપરેખા :

**10.0** ઉદ્દેશો

**10.1** પ્રાસ્તાવિક

**10.2** **RBI** ની સ્થાપના અને તેનો અર્થ

**10.3** **RBI** (રિઝર્વ બેંક ઑફ ઈંડિયા)નાં કાર્યો

**10.4** **RBI** ની નાણાકીય નીતિ

**10.5** નાણાકીય નીતિનો અર્થ

**10.6** નાણાંકિય નીતિના ઉદ્દેશો

**10.7** નાણાંકીયનીતિનાં સાધનો અથવા શાખનિયંત્રણનાં સાધનો

**10.8** નાણકીયનીતિની મર્યાદાઓ

**10.9** ચાવીરૂપ શબ્દો

**10.10** સ્વાધ્યાય

## 10.0 ઉદ્દેશો

**આ એકમનો અભ્યાસ કરવાથી તમે આટલું કરી શકશો.**

- RBI *(રિઝર્વ બેંક) નો અર્થ અને તેની સ્થાપના સમજવા.*
- RBI *નાં કાર્યો સમજવા*
- RBI *ની નાણાકીય નીતિઓનો અર્થ અને તેનાં સાધનો પરિચય મેળવવો.*

## 10.1 પ્રાસ્તાવિક :

*કોઈ પણ અર્થતંત્રના વિકાસમાં બેંકો ખૂબજ મહત્તવનો ભાગ ભજવે છે. પછી એ દેશની રિઝર્વ બેંક હોય કે, વેપારી બેંક અથવા વિકાસ બેંક હોય. રિઝર્વ બેંક દેશની સર્વોચ્ચ બેંક છે. જે અર્થતંત્રની આર્થિક સ્થિરતા જાળવી રાખવામાં સરકારને તથા અન્ય બેંકોને કેવી રીતે મદદદ રૂપ થાય છે. તેની સમજણ મળશે. આ સિવાય રિઝર્વ બેંકનાં મુખ્ય કાર્યો બેંકોની બેંક તરીકેનું તથા શાખ નિયંત્રણનું છે. શાખ નિયંત્રણનું કાર્ય રિઝર્વ બેંક દ્વારા નાણાકીય નીતિથી કરવામાં આવે છે.*

## 10.2 RBI ની સ્થાપના અને તેનો અર્થ :

*ભારતની મધ્યસ્થ બેંક* (RBI) *રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાના નામે ઓળખાય છે.* 1934 *ની રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા ના ધારા મુજબ* RBI *ની સ્થાપના* 1 *એપ્રિલ* 1935, *માં*

*થઈ હતી.* RBI 5 *કરોડના ખાનગી મૂડી રોકાણથી સ્થપાઈ હતી. જાન્યુઆરી* 1, 1949 *માં* RBI*નું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.*

RBI *દેશની સર્વોચ્ચ બેંક (*APEX BANK) *છે. જે સમગ્ર બેન્કિંગ ક્ષેત્રની કામગીરી પર ધ્યાન રાખે છે, તેનું નિયંત્રણ કરે છે અને ભારતની નાણાકીય નીતિ ઘડે છે.*

❖ **RBI (રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા) નો અર્થ :**

*વિવિધ અર્થશાસ્ત્રીઓએ રિઝર્વ બેંકના અલગ-અલગ કાર્યોને લક્ષ્યમાં લઈને તેની સર્વ સામાન્ય વ્યાખ્યા આપવાનો પ્રયાસ કર્યો છે કારણ કે રિઝર્વ બેંકનો ચોક્કસ અર્થ આપવો ખૂબ જ મુશ્કેલ છે.*

**(1) આંતરાષ્ટ્રીય ચૂકવણી બેંકના મતે**

*"કેંન્દ્રીય બેંક તેને કહેવામાં આવે છે, જેનું મુખ્ય કાર્ય દેશમાં ચલણ અને શાખી નાણાંનું નિયમન કરવાનું છે."*

**(2) હોટ્રેના મત અનુસાર**

*"કેન્દ્રીય બેંક બેંકની પણ બેંક છે તથા તેની મુખ્ય વિશિષ્ટતા છે કે તે બેંક ના અંતિમ ઋણદાતાનું કાર્ય કરે છે."*

## 10.3 RBI (રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા) નાં કાર્યો

*જુદા-જુદા અર્થશાસ્ત્રીઓએ મધ્યસ્થ બેંકનાં જુદાં-જુદાં કાર્યો પર ભાર મૂક્યો છે. પ્રો. હટ્રિના મત મુજબ મધ્યસ્થ બેંકનું મુખ્ય કાર્ય અંતિમ ઋણદાતા તરીકે નું* (Lender of the last aesout) *હોવું જોઈએ પ્રો. વીર સ્મીથ ચલણી નોટો બહાર પાડવાની સત્તાને મુખ્ય કાર્ય ગણે છે. પ્રો. શો* (W.A.Show) *ના જણાવવા પ્રમાણે શાખનુ નિયંત્રમ એ મધ્યસ્થ બેંકનું સર્વતોમુખી કાર્ય છે.* RBI *દ્વારા બજાવતાં કાર્યો નીચે મુજબ છે :*

**(A) RBI ના નાણાકીય કાર્યો (પ્રણાલિકાગત કાર્યો)**

**(1) ચલણી નાણું બહાર પાડવાનું કાર્ય :**

RBI *ની ઉત્ક્રાંતિ અને વિકાસ થયો ત્યારથી જ આ કાર્ય તેની સાથે સંકળાયેલું છે. રિઝર્વ બેંક ચલણી નોટો છાપે છે જે તેનો અધિકાર હોય છે. રૂ.* 2 *અને* 2 *થી વધુ રકમની નોટો છાપવાની અને બજાર મા મૂકવાની ફરજ* RBI *બજાવે છે. જ્યારે ચલણી સિક્કાઓ અને રૂ.* 1 *ની કાગદી નોટ ભારત સરકારના નાણાં ખાતા દ્વારા બહાર પાડવામાં આવે છે. પરંતુ સરકાર ના એજન્ટ તરીકે* RBI *તેમની વહેચણી કરવાની જવાબદારી નિભાવે છે. દેશની બેંકો દ્વારા શાખસર્જન કરવાની શક્તિને અંકુશિત કરવા માટે નોટોમાં એક રૂપતા આવે છે. તે માટે દેશમાં કુલ નાણાંના પ્રમાણનું નિયમન કરવાનો અધિકાર એક જ બેંક એટલે કે મધ્યસ્થ બેંક પાસે રહે તે જરૂરી છે.*

પરંતુ RBI નોટો છોપવાની બાબતમાં સંપૂર્ણ મુકત નથી. તેને નોટો પાછળ પીઠબળ તરીકે અનામતે રાખવી પડે છે. 1956 સુધી ભારતમાં સપ્રમાણ અનામત પધ્ધતિ અસ્તિત્વમા હતી જે મુજબ બહાર પાડવામાં આવેલી નોટો સામે 40 ટકા અનામતો. સુવર્ણ અને પદરેશી જામીન ગીરીઓ સ્વરૂપમાં રાખવામાં આવતી હતી. પરંતુ વિદેશી હુંડિયામણની તંગીના કારણે પાછળ થી લઘુત્તમ અનામત પધ્ધતિ અમલમાં મૂકવામાં આવી RBI એ પાડેલી ચલણીનોટો સામે રૂ. 200 કરોડની ન્યુનત્તમ અનામતો જેમાં થી રૂ. 115 કરોડનું સોનું અને બાકીની પરદેશી જામીનગીરીઓ રાખવામાં આવે છે. આ પ્રકારની પધ્ધતિ અલ્પવિકસિત દેશો માટે ખૂબ જ અનુકૂળ છે.

**(2) સરકારની બેંક અને એજન્ટ તરીકેનું કાર્ય :**

RBI એ સરકાર ની બેંકર એજન્ટ તથા સલાહ કાર તરીકે ની કામગીરી બજાવે છે. તે સરકારી ભંડોળની વ્યવસ્થા, સરકારના નાણાકીય સોદાઓની વ્યવસ્થા કરે છે. આ ઉપરાંત સરકારને ટૂંકી મુદત માટે ટ્રેઝરી બિલ તથા કોઈ અન્ય રૂપમાં ધિરાણ આપે છે. એજન્ટ તરીકે સરકારના બોન્ડ, સરકારનાં ખાતાઓ, ચલણી સિક્કાઓ, એક રૂપિયાની નોટ વગેરેનો વહીવટ કરે છે. RBI સરકાર તરફથી પરદેશી હુંડિયામણનું ખરીદ-વેચાણ કાર્ય તેમજ આંતરરાષ્ટ્રીય લેવણ-દેવણની યોગ્ય વ્યવસ્થા નું કાર્ય કરે છે. RBI સરકાર ના સલાહકાર તરીકે ખાદ્યપુરવણી અવમૂલ્યન અથવા આર્થિક નીતિઓ ના પ્રશ્નો પર સરકારને જરૂરી માર્ગદર્શન અને દિશા સૂચન આપે છે.

**(3) બેંકોની બેંક અને બેંકોના અંતિમ સહાયક તરીકેનું કાર્ય :-**

RBI અન્ય બેંકોની બેંક તરીકે પણ કાર્ય કરે છે. આજના સમયમાં RBI અને અન્ય બેંકો વચ્ચેના સંબંધો વધ્યા છે. દરેક દેશોમાં વેપારી બેંકો તેમની થાપળોના અમૂક ટકા રોકડ અનામત તરીકે મધ્યસ્થ બેંક પાસે જમા રાખતી હોય છે. આ પ્રકારની પ્રથા દેશના સમગ્ર બેંકીંગ ઉદ્યોગને સુદૃઢ બનાવે છે. રોકણ અનામતની વ્યવસ્થાને કારણે, RBI માટે બેંકોની શાખ સર્જન કરવાની શક્તિનું અસરકારક નિયંત્રણ શક્ય બનતું હોય છે. રોકાણમાં ફેરફાર કરી RBI શાખ પર નિયંત્રણ બેંકોની ધિરાણ નીતિને અને વ્યાજદરને અંકુશીત કરે છે. આ ઉપરાંત વેપારી બેંકો જરૂર પડયે RBI પાસેથી મિનીમમ પત્રોનાની અગવડ મેળવી નાણાકીય મદદ પ્રાપ્ત કરતી હોય છે.

આ ઉપરાંત RBI નાણાકીય કટોકટીના સંજોગોમાં તે બેંકોની નાણાકીય મદદ આપવાની જવાબદારી સ્વીકારે છે. બેંકની કટોકટીના સમયે બેંકમાં પ્રજાનો વિશ્વાસ ટકાવી રાખવા માટે તથા કટોકટી નિવારવાના હેતુતી RBI બેંકોની નાણાકીય તથા કોઈપણ અન્ય રીતે મદદ કરી બેંકોના અંતિમ સહાયક તરીકે કાર્ય કરે છે.

**(4) વિદેશી હુંડિયામણની જાળવણીનું કાર્ય :**

જ્યારે હુંડિયામણનો દર કાયદાકીય રીતે સ્થિર રાખવામાં આવે ત્યારે RBI હુંડિયામણનો દર નક્કી કરે છે. જ્યારે વિદેશી હુંડિયામણનો દર બજારમાં તેની માંગ અને પુરવઠાના આધારે નક્કી થતો હોય ત્યારે RBI બજાર માં વિદેશી હુંડિયામણની ખરીદી કે વેચાણ કરીને વિદેશી હુંડિયામણની સરખામણીમાં ભારતના રૂપિયાનું મૂલ્ય જાળવે છે. જો વિદેશી ચલણનું દેશના ચલણમાં મૂલ્ય વધે તો મધ્યસ્થ બેંક નક્કી કંરેલા છે. વિદેશી ચલણનું વેચાણ કરી તેના પુરવઠામાં વધારો કરી તેના મૂલ્ય પર અંકુશ મૂકે છે. તેનાથી વિરૂધ્ધજો દેશના ચલણનું વિદેશી ચલણમાં મિનિમમ મૂલ્ય વધી જાય તો બેંક દેશના ચલણના પુરવઠામાં વધારો કીર દેશના ચલણનું મુલ્ય સ્થિર રાખે છે. આમ, RBI ભારતના ચલણનું મૂલ્ય અન્ય દેશોના ચલણની સામે જાળવવાની કામગીરી બજાવે છે.

આમ, RBI ભારતના વિદેશી હુંડિયામણના જથ્થાની સાચવણી કરે છે. તેમજ ભારતમાં આવતી વિદેશી મૂડી કે ભારતની બહાર જતી વિદેસી મૂડી પર ધ્યાન રાખે છે. આ સિવાય પ્રતિકૂળ લેણદેણની તુલાને પહોંચી વળવાના હેતુથી પણ અનામતો રાખવામાં આવતી હોય છે.

**(5) શાખ નિયમની કામગીરી :**

RBI દેશના કુલ નાણાના પ્રમાણ કે જેમાં કાયદા માન્ય નાણું અને બેંક નાણું (શાખી નાણું)નો સમાવેશ થાય છે. તેના પ્રમાણ પર અસરકારક અંકુશ રહે છે. દેશમાં આર્થિક સ્થિરતા જળવાઈ રહે છે. એ હેતુથી RBI શાખ નિયમનની કામગીરી કરે છે. વેપારી બેંકો શાખ સર્જન કરતી હોય છે. પરંતુ આ શાખ સર્જન દેશની પરિસ્થિતિ અને પ્રગતિને ધ્યાન રાખીને અમૂક મર્યાદામાં કરવામાં આવે

છે. દેશના વિકાસમાં વધારો કરી શકે છે. પરંતુ કેટલીક વખત વેપારી બેંકો આ મર્યાદાનું ઉલ્લંઘન કરીને વધારે નફો મેળવવા માટે મોટા પ્રમાણમાં શાખનું સર્જન કરતી હોય છે, અથવા કેટલીક વાર વાજબી કારણો વિના શાખ સંકોચન કરતી હોય છે. આ પ્રકાર ની નીતિથી લીધે અર્થતંત્ર પર અતિષ્ટ પ્રત્યાઘાતો પડે છે. માટે RBI પોતાની નાણાકીય નીતિ અને તેના પરિમાણા તક અને ગુણાત્મક સાધનો દ્વારા શાખ નિયંત્રણનું કાર્ય કરે છે.

**(6) બેંક વચ્ચેની લેવડ-દેવડનું કાર્ય :**

જેમ કોઈ પણ ગ્રાહકનું ખાતું કોઈ બેંક જેમ કે વેપારી બેંકમાં હોય છે અને વેપારી બેંક તે ગ્રાહક ના કલીયરીંગ હાઉસની કામગીરી તેમજ એક સ્થળેથી નાણાં અન્ય સ્થળે મોકલી આપવાનું કાર્ય કરે છે. તેજ રીતે દરેક બેંકનું ખાતું RBI માં હોય છે અને RBI બેંકો વચ્ચેની ફેરવટાવની કામગીરી હાથ ધરી અર્થતંત્રમાં શાખના માળખાને વધુ તરલ બનાવામાં મદદરૂપ થાય છે. RBI બેંકો વચ્ચેની લેવડ-દેવડની પતાવટ કરી વિકાસની પ્રક્રિયાને વેગ આપે છે.

**(B) RBI નાં બિનનાણાકીય (બિન પ્રણાલીકાગત) કાર્યો :**

**(1) નિયમન અને દેખરેખની કામગીરી :**

RBI દ્વારા સમગ્ર ભારતમાં સંપૂર્ણ મૂડી બજાર અને નાણાં બજારની કામગીરીની દેખરેખ અને નિયમનનું કાર્ય કરવામાં આવે છે. જેમાં વેપારી બેંકોની શાખાઓના વિસ્તરણ કામ કરવાની પધ્ધતિ, બેંકો સિવાયની નાણાકીય સંસ્થાઓ તથા સહકારી બેંકોની કામગીરી વગેરે પર ધ્યાન રાખવામાં આવે છે.

**(2) વિકાસ અને પ્રોતસાહનનાં કાર્યો :**

RBI દ્વારા દેશની પરિસ્થિતિ મુજબ કેટલાક વિકાસ અને પ્રોત્સાહનાં કાર્યો પણ કરવામાં આવે છે. જે દેશના આર્થિક વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. દા.ત.

- ઔદ્યોગિક વિકાસ માટે ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક (IDBI) તથા ભારતી ઔદ્યોગિક નાણાં નિગમ (IFCI) વગેરે જેવી નાણાકીય સંસ્થાઓની રચના કરવામાં આવે છે.
- ભારતમાં કૃષિવિકાસ માટે રિઝર્વ બેંક દ્વારા પ્રાદેશિક ગ્રામ બેંકો અને નાબાર્ડ (NABARD) ની ઈ રચના કરવામાં આવી છે.
- નાની બચતો એકઠી કરવા UTI અને નાના ઉદ્યોગો માટે SIDBI નામક બેંક ની રચનામાં ફાળો આપ્યો છે.
- આ ઉપરાંત આપાત નિકાસ વેપારને પ્રોત્સાહિત કરવા માટે EXIM બેંકની રચના કરેલી છે.
- RBI આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF) અને વિશ્વબેંક (world bank) ના એજન્ટ અને તરીકેની કામગીરી પણ બજાવે છે.
- RBI માહિતીનું એકત્રીકરણ અને પ્રકાશન રૂપે RBI માં ઈકોનોમિક એનિલિસીસ ડિપાર્ટમેન્ટ અને પોલીસી રીપોર્ટ, રીવ્યુઝ જેવાં પ્રકાશનો વિભાગ છે. RBI બુલેટિન, રિપોટ અને ટ્રેન્ડ એન્ડ પ્રોગ્રેસ ઑફ બેંકિંગ ઈન ઈન્ડિયા જેવા પ્રકાશનો પણ પ્રકાશિત કરવામાં આવે છે.
- RBI દ્વારા બેંકિંગ સ્ટાફનો તાલીમ આપવા જુદા જુદા શહેરોમાં ઈન્દિરા ગાંધી ઈન્સ્ટિટયૂટ ઑફ ડેવલપમેન્ટ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન કોમ્પ્યુટર ટેક્નોલોજી, કૉલેજ ઑફ એગ્રીકલ્ચર બેંકિંગ, ઝોનલ ટ્રેનિંગ સેન્ટર્સ જેવા તાલીમ કૉલેજો અને તાલીમ કેન્દ્રો પણ સ્થાપવામાં આવ્યાં છે.
- RBI દ્વારા વધુમાં વધુ લોકો સંગઠિત નાણા બજારમાં આવે અને તેમને ત્યાંથી ધિરાણ મળી રહે તે હેતુથી વિવિધ ગામડાઓમાં બેંકોની વધુમાં વધુ શાળાઓ ખોલાય તેવા પ્રયત્નો કરે છે.
- RBI બેંકિંગ અને નાણાં વ્યવસ્થા વિશેની જાણકારી અને જાગૃતતા વધે તે માટેના પ્રચાર પણ કરે છે.
- RBI બેંન્કોના ગ્રાહકોનાં હિત અને હકની જાળવણી પણ કરે છે.
- અત્યારના સમયમાં પ્રધાનમંત્રી જનધન યોજના જેવી ઘણી યોજનાનું સંચાલન પણ RBI કરે છે.

## 10.4 RBIની નાણાકીય નીતિ

દરેક અર્થતંત્રમાં નાણું એ અગત્યનું પરિબળ છે. જો નાણાંનો યોગ્ય રીતે ઉપયોગ કે નિયમન કરવામાં ન આવે તો તેની સમગ્ર અર્થતંત્ર પર સારી માઠી અસરો પડતી હોય છે. તેથી અર્થતંત્રમાં રહેલા કુલ નાણાંનું પરિસ્થિતિ અનુસાર નિયમન કરવું જોઈએ. ભારતમાં કાયેદસરનું નાણું બહાર પાડવાની સત્તા, બેંકનું નાણું કે શાખી નાણું પણ પણ કુલ નાણાંનો અગત્યનો ભાગ હોઈ તેના પુરવઠા પર નિયમન મુકવાની શાખ નિયંત્રણની સત્તા મધ્યસ્થ બેંક (RBI) ને કાયદેસર રીતે મળેલી છે. જે કાર્ય કરવા માટે RBI પોતાની નાણાકીય નીતિનો ઉપયોગ કરે છે. નાણાંની માંગ અને પુરવઠામાં અસમતુલા હોય તો અર્થતંત્રમાં ફુગાવો કે મંદી સર્જાય છે. જેથી આંતરરાષ્ટ્રીય બજારમાં નાણાંના મૂલ્યને અસર પહોંચે છે. અને અર્થતંત્રમાં અસ્થિરતા આવે છે. આ અસ્થિરતાની પરિસ્થિમાંથી અર્થતંત્રને બહારકાઢી ફરી સ્થિરતા લાવવા માટે RBI દ્વારા નાણાકીય નીતિનો ઉપયોગ કરવામાં આવે છે માટે જ નાણાકીય નીતિમાં સ્થિરતા લાવવા માટેની નીતિ (Stabilization Policy) તરીકે પણ ઓળખવામાં આવે છે.

ભારતમાં શરૂઆતનાં વર્ષોમાં નાણાકીય નીતિનો હેતું નાણાનું પ્રમાણ, મૂલ્ય અને સ્વરૂપને નિયંત્રિત કરવાનો હતો. હાલના સમયમાં નાણાકીય નીતિનો ઉપયોગ શાખસર્જનના નિયંત્રણ માટે થાય છે.

## 10.5 નાણાકીય નીતિ (Monetary Policy) નો અર્થ

- અર્થશાસ્ત્રના સિધ્ધાંત મુજબ નાણાકીય નીતિ એટલે અર્થતંત્રમાં નાણાની માંગ અને નાણાંના પુરવઠાનું સંચાલન અને નિયંત્રણ કરવા અંગેની નીતિ
- સૈદ્ધાંતિક વ્યાખ્યા પ્રમાણે નાણાકીયનીતિ એટલે,
- સામાન્ય આર્થિક નીતિના કેટલાક હેતુઓ સિદ્ધ કરવા માટે સર્વોચ્ચ બેન્કના હસ્તક નાણાંના પુરવઠાને અંકુશિત કરવાનાં સાધનો સોંપતી નીતિ એટલે નાણાકીય નીતિ.
- નાણાકીય નીતિ એટલે નાણાકીય સત્તા દ્વારા લેવાયેલાં એવા સભાન પગલાં જે નાણાંના જથ્થા, ઉપલબ્ધી અને નાણાંના ખર્ચમાં પરિવર્તન લાવે.

## 10.6 નાણાકીય નીતનાં ઉદ્દેશો

### (1) સામાન્ય ભાવ સપાટીની સ્થિરતા

આજના સમયમાં આંતરિક ભાવ સ્થિરતા એ નાણાકીય નીતિના પ્રમુખ ઉદ્દેશ તરીકે ગણવામાં આવે છે. અર્થતંત્રમાં ચીજવસ્તુઓના ભાવોમાં જો સતત વધઘટ થતી રહે તો ફુગાવો કે મંદી જેવી પરિસ્થિતિ ઊભી થવાનો ભય રહે છે. જે અર્થતંત્ર માટે હાનિકારક થઈ શકે છે. ઉ.દા. ફુગાવો આવવાથી ભાવ સપાટી વધવાથી લોકોની બચત કરવાની શક્તિ ઘટે છે. અર્થતંત્રમાં જેતી મૂડીરોકાણનો પ્રવાહ જીવનજરૂરિયાતની વસ્તુથી મોંજશોખની વસ્તુની તરફ વળે છે, અર્થતંત્રમાં સટ્ટાકીય પ્રવૃત્તિઓનું પ્રમાણ વંધે છે. દેશની આયાતમાં વધારો તથા નિકાસમાં ઘટાડો જોવા મળે છે. જેનાથી દેશની લેણદેણની તુલા પર માઠી અસર પડે છે. દેશમાં આવકની અસમાનતા ગરીબ વધુ ગરીબ અને અમીર વધુ અમીર બનતા વધે છે. તેનાથી વિરૂધ્ધ મંદીના સમયે કિંમત, ઉત્પાદન, નફો, રોજગારી અને લોકોની આવકમાં ઘટાડો જોવા મળે છે. માટે દેશમાં ફુગાવા અને મંદી જેવી સ્થિતિ પર કાળુ રાખવામાટે શાખ નિયંત્રણ દ્વારા દેશમાં નાણાના કુલ પુરવઠામાં નિયંત્રણ કરવું ખુબજ જરૂરી છે. તે *RBI* દ્વારા તેની નાણાકીય નીતિ દ્વારા જ થઈ શકે છે. જેનાથી દેશમાં સામાન્ય ભાવ સપાટીમાં સ્થિરતા રહેશે.

### (2) આર્થિક વિકાસ વધારવો

અર્થતંત્રનો સ્થિર વિકાસ થાય, રોજગારીની સપાટી જળવી રહે અને તેનાથી દેશમાં મૂડીરોકાણ, ઉત્પાદન તથા આવકમાં વધારો થાય તેવા પગલાંનો નાણાકીય નીતિમાં સમાવેશ કરવામા આવે છે. દેશના લોકોનું જીવન ધોરણ સુધારવામાં, દેશમાં પૂર્ણ રોજગારી લાવવામાં તથા વૈશ્વિક સ્પર્ધામાં જો અલ્પવિકસિત અથવા વિકાસશીલ દેશોને ટકવું હોય તો આજના સમયમાં આર્થિક વૃધ્ધિ અને વિકાસ એ ખૂબ જ અગત્યનું ઉદ્દેશ છે. નાણાકીયનીતિ દ્વારા દેશની કુલ માંગ અને કુલ પુરવઠાની વચ્ચે

સમાનતા જાળવી રાખી, દેશમાં વ્યાજ દરમાં ફેરફાર કરી દેશમાં ખાનગી અને વિદેશી મૂડીરોકાણમાં તથા બચતોમાં વધારો કરી દેશમાં આર્થિક વિકાસને વધારવાનો પ્રયાસ કરવામાં આવે છે.

### 3. વિનિમય દરની સ્થિરતા જાળવવી

વિનિમય દરની સ્થિરતા અર્તાત્ વિદેશી નાણાનાં મૂલ્યની સરખામણીમાં દેશીનાણાનું મૂલ્ય જળવાઈ રહે તે ખૂબજ જરૂરી છે. દેશના નાણાંના મૂલ્યનો આધાર પણ તેની માંગ અને તેના પુરવઠા પર રહેલો છે. જો બેંકો અમર્યાદિત શાખસર્જન કરે તો દેશી ચલણનો પુરવઠો વિદેશી ચલણના પુરવઠા કરતા વધી જાય છે. જેના કારણે દેશી ચલણના મૂલ્યમં ઘટાડો થાય છે. આવા સમયે દેશની આયાતમાં વધારો અને નિકાસમાં ઘટાડો જોવ મળે છે, જેનાથી દેશની લેણદેણની તુલામાં ખાધ જોવા મળે છે. RBI નાણાકીયનીતિનો ઉપયોગ કરી બેંકોના શાખસર્જન પર એકુશ મૂડીને જો શાખીનાણાનું પ્રમાણ ઘટાડી શકે તો વિનિમય દર સ્થિર રહી શકે છે.

### 4. નાણાં બજારની સ્થિરતા જાળવવા

RBIનું એક મુખ્ય કાર્ય દેશમાં ચલણી નોટો છાપવાનું અને વેપારી બેંકોની શાખનું નિયંત્રણ કરાવનું છે. અર્થતંત્રમાં નાણાંની જરૂરિયાત અલગ-અલગ કારણો સર ઊભી થતી હોય છે. RBI નાણાંની જરૂરિયાત અનુસર નાણાંના પુરવઠામાં વધારો અથવા ઘટાડો કરી નાણાં બજારની સ્થિરતા અથવા ઘટાડો કરી નાણાં બજારની સ્થિરતા જાળવવાનો પ્રયત્ન કરતી હોય છે. RBI દેશમાં નાણાં બજારની સ્થિરતા દ્વારા દેશની ભાવ સપાટી અને આર્થિક સ્થિરતા પર કોઈ આડ અસર ઊભી ન થાય તેવું સુનિશ્ચિત કરવા માટે શાખ નિયંત્રણની કામગીરી હાથ ધરે છે. અને જરૂર પડે ત્યારે નાણાકીય નીતિના માધ્યમની પરિસ્થિતિ અનુસાર વેપારી બેંકોને તેમની શાખી નાણાંના પુરવઠા ઉપર નિયંત્રણ મૂકવા માટે આદેશ પણ આપે છે.

### 5. પૂર્ણ રોજગારી મેળવવાનો અથવા વેપાર ચક્રોને અટકાવાનો ઉદ્દેશ

કેઈન્સ દ્વારા તેમનું પુસ્તક "General Theory of employment Interest and money" પ્રકાશિત થયા પછી પૂર્ણ રોજગારી એ નાંણાકીય નીતિના સૌથી મહત્વના ઉદ્દેશ તરીકે ગણવામાં આવ્યો. કેઈન્સ અનુસાર નાણાકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ વેપાર ચક્રીય પરિવર્તનોને અટકાવવા અને પૂર્ણ રોજગારીનાં ધોરણો, બચત અને મૂડી રોકાણની વચ્ચે સમતુલા સાધવાનો છે. 1929 ની વિશ્વ મંદીથી એટલું સમજી શકાય કે RBI નું લક્ષ્ય વેપાર ચક્રોને હળવાં બનાવવાનું હોવું જોઈએ. વેપાર ચક્રીય પરિવર્તનોને અટકાવી સમગ્ર અર્તતંત્રમાં આવક, ઉત્પાદન અને રોજગારીનું પ્રમાણ મહત્તમ સપાટીએ જાળવી રાખવાનું નાણાકીય નીતિનું ધ્યેય હોવું જોઈએ. દેશમાં રોજગારી વધે તથા દેશમાં ખાનગી મૂડીરોકાણને પ્રોત્સાહન મળે તે હેતુથી કેઈન્સે સસ્તી (Cheap) નાણાકીય નીતિ અમલમાં મુકવાની ભલામણ કરી હતી. સસ્તી નાણાકિય નીતિ દ્વારા વ્યાજના દરમાં ઘટાડો કરી, અનામત પ્રમાણ ઘટાડી તથા શાખ નિયંત્રણના ગુણાત્મક પગલાંઓ વધારે ઉદારતા દાખવી દેશમાં રોજગારી અને મૂડીરોકાણનું પ્રમાણ વધારી શકાય છે.

## 10.7 નાણાકીય નીતિનાં સાધનો અથવા શાખ નિયંત્રણનાં સાધનો

RBI ની નાણાકીય નીતિ દેશમાં સામાન્ય ભાવ સપાટીની સ્થિરતા તથા વિનિમય દરની સ્થિરતા જળવાઈ રહે તે માટે ખૂબ જ જરૂરી છે. દેશમાં જ્યારે વેપાર ચક્રીય પરિવર્તનો આવે છે ત્યારે દેશમાં તેજી અથવા મંદી જેવી પરિસ્થિતિ સર્જાય છે. RBI ની નાણાકીયનીતિ અથવા શાખ નિયંત્રણનાં સાધનો (ફુગાવા) તેજી ઉપર નિયંત્રણ રાખવામાં તેમજ તેની સાથે સાથે જો દેશમાં મંદી આવે તો તેમાંથી અર્થતંત્રને બહાર કાઢવામાં ખૂબ જ મદદરૂપ છે. આથી આ સાધનો ફુગાવા (તેજી) અને મંદી બંને ઉપર નિયંત્રણ રાખવામાં સક્ષમ હોઈ એક જ સિક્કાની બે બાજુ હોય તેમ કાર્યકરે છે.

RBI નાં નાણાકીય નીતિનાં સાધનો બે પ્રકારના છે :

(1) પરિમાણાત્મક સાધનો (Quantitative Measures)

(2) ગુણાત્મક સાધનો (quLITtive Measures)

પરિમાણાત્મક સાધનોનો શાખની કિંમત અને તેના કુલ જથ્થા સાથે છે. એટલે કે આ સાધનો દ્વારા શાખને સસ્તી કે મોંઘી બનાવી શકાય છે. અથવા તો અર્થતંત્રની જરૂરિયાત પ્રમાણે તેના જથ્થામાં

વધારો-ઘટાડો કરી શકાય છે. ગુણાત્મક સાધનો દ્વારા અર્થતંત્રમાં ચોક્કસ વિભાગની શાખ પર અસર પહોંચાડી શકાય છે. માટે પરિણાત્મક સાધનોને સામાન્ય અંકુશો (General Controls) તરીકે અને ગુણાત્મક સાધનોને પસંદગીના શાખી અંકુશો (Selective credit controls) તરીકે ઓળખવામાં આવે છે.

**(A) પરિમાણાત્મક સાધનો (Quantitative Measures)**

**(1) બેંક દર (Bank rate)**

જ્યારે વેપારી બેંકો નાણાંની અછત અનુભવે ત્યારે RBI પાસે નાણાં ઉધાર લે છે. RBI વેપારી બેંકોને લાંબાગાળાનું ધિરાણ જે વ્યાજમાં દરે આપે તેને બેંક દર કહેવાય બીજા શબ્દોમાં કહીએતો RBI જે દરે વેપારી બેંકના પ્રથમ પંક્તિના વિનિમય યંત્રો અથવા માન્ય કેરલી જામીનગીરીઓ વટાવી આપી ધિરાણ કરે છે, તે દરને બેંક દર કહેવામાં આવે છે. બેંક રેટમાં વધારો ઘટાડો કરીને અર્થતંત્રમાં થતી નાણાંની વધઘટની અસર કરે છે.

જ્યારે દેશમાં ફુગાવો હોય અને તેને ઓછો કરવો હોય ત્યારે RBI બેંક દરને વધારે છે તેનાથી વેપારી બેંકને ધિરાણ લેવું મોંઘુ પડતા તેઓ પ્રજાને ઊંચા દરને ધિરાણ આપે છે. વ્યાજનો ઊંચો દર હોવાને કારણે પ્રજા ઓછું ધિરાણ લે છે. આમ, નાણાંનો પુરવઠો ઘટતાં ફુગાવો પણ ઘટે છે. મંદી હોય ત્યારે આનાથી ઉલટું કરવામાં આવે છે. એટલે કે બેંક દર ઘટાડવામાં આવે છે. બેંક દર ખૂબ જ નીચે રાખવાની નીતિને સસ્તા નાણાંની નીતિ અને બેંક રેટ ને ખૂબ ઊંચો રાખવાની નીતિને મોંઘા નાણાંની નીતિ અને તરીકે ઓળખવામાં આવે છે. છેલ્લાં કેટલાક વર્ષોની RBI નાણાના પુરવઠાને બેંક રેટ કે જે લાંબાગાળાનો રેટ છે. તેના દ્વારા કરવાના બદલે ટૂંકાગાળાના જેવા કે રેપો રેટ (Repo rate) કે રિવર્સ રેપો રેટ (Revers Repo rate) કે રિવર્સ રેપો રેટ દ્વારા ઘટાડવાનો કે વધારવાનો પ્રયાસ કરે છે. હાલ (૨૦૧૯)માં બેંક રેટ લગભગ 6% જેટલો છે.

- **રેપો રેટ (Repo Rate)**

જ્યારે વેપારી બેન્કોને ખૂબ ટૂંકાગાળા માટે (ઉ.દા. 1 દિવસ, 7 દિવસ, 15 દિવસ વગેરે) નાણાની જરૂર પડે છે. ત્યારે તેઓ RBI પાસે નાણું લે છે, જે દરે RBI વેપારી બેંકોને આવું ટૂંકાગાળા માટે નાણું આપે તે દરને રેપો રેટ કહેવામાં આવે છે. હાલમાં ભારતમાં Repo Rate 5.75% જેટલો છે.

- **રિવર્સ રેપો રેટ (Revers Repo Rate)**

જ્યારે RBI ને ટૂંકાગાળા માટેનું ધિરાણ જોઈએ ત્યારે તે વેપારી બેંકો પાસેથી ધિરાણ લે છે. આવા રેટને Revers Reps Rate તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં હાલ (૨૦૧૯)માં રિવર્સ રેપો રેટ 5.50% જેટલો છે.

**2. ખુલ્લા બજારની નીતિ (Open Market Operations)**

અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધારવા કે ઘટાડવા RBI ખુલ્લા બજારમાં સરકારી જામીનગીરઓનું ખરીદ વેચાણ કરે છે. જ્યારે RBI દ્વારા અથવા સરકાર દ્વારા દેશમાં ફુગાવા જેવી પરિસ્થિતિ ઊભી થાય છે, ત્યારે તેઓ ખુલ્લા બજારમાં જામીનગીરીઓનું વેચાણ કરે છે અને તેનાથી નાણાંનો પુરવઠો ઘટે છે. તેનાથી વિરૂધ્ધ જે દેશોમાં મંદી જેવી સ્થિતિ હોય તો તેઓ જામીનગીરીઓ ના ખરીદી કરે છે. જેથી અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધે છે. આ પ્રકારનું કાર્ય ફુગાવામાં કે મંદીના નિયંત્રણ માટે કરવામાં આવે છે. નાણાં બજારમાં પેદા થયેલી કામચલાઉ અસમતુલા ખુલ્લા બજારની નીતિ દ્વારા દૂર કરવાનો પ્રયત્ન થાય છે. બેંકદરની નીતિને અસરકારક બનાવવા માટે સર્વપ્રથમ ખુલ્લા બજારની નીતિ અપનાવવામાં આવે છે. અને ત્યારબાદ બેંકદર નીતિ અપનાવાય છે. ખુલ્લા બજારની નીતિને બેંકદરની નીતિના વિકલ્પ તરીકે નહી પરંતુ તેના પૂરક નીતિ તરીકે ઉપયોગી થાય છે. ખુલ્લા બજારની નીતિ વેપારી બેંકની રોકડ અનામતો પર પ્રત્યક્ષ રીતે અસર પહોંચાડતી હોવાથી તે વધારે ક્રિયાશીલ અને કારગર નીવડે છે. બેંકદરની નીતિ ટૂંકાગાળાના વ્યાજ દર પર જ્યારે ખુલ્લા બજારની નીતિ લાંબાગાળાના વ્યાજદર પર પ્રત્યક્ષ અસર પહોંચાડે છે.

**3. અનામત પ્રમાણમાં ફેરફાર**

**(Change in reverse ratio)**

ભારતમાં RBI એ બેંકોની બેંક તરીકેની કામગીરી બજાવે છે. દરેક બેંકને પોતાની કુલ થાપણોમાંથી અમૂક ટકા રકમ અનામતના રૂપમાં RBI પાસે અથવા પોતાની પાસે રાખવી પડતી હોય છે. સમય અને પરિસ્થિતિ માંથી દેશને બહાર લાવવા માટે RBI દ્વારા અનામત પ્રમાણમાં વધારો કે ઘટાડો કરતી હોય છે. આ પ્રકારના અનામત પ્રમાણ બે પ્રકારના હોય છે.

(1) રોકડ અનામત પ્રમાણ (cash Reserve Ratio) - (RR)

(2) કાયદામાન્ય પ્રવાહિતાનં પ્રમાણ (statutory Liquidity Ratio - SLR)

**1. રોકડ અનામત પ્રમાણ (CRR)**

RBI ની 1934ની ધારા મુજબ દરેક વેપારી બેન્કોએ પોતાની થાપણોની અમૂક ટકા જેટલી રકમ RBI પાસે રોકડ અનામત તરીકે રાખવાની હોય છે. શરૂઆતના વર્ષોમાં આ પ્રમાણ ચાલુ ખાતાની થાપણોના 5% અને લાંબાગાળાની થાપણોના 2% જેટલું નક્કી થતુ હતું. 1962 પછી કુલ થાપણોના 3%થી 15% ની વચ્ચે CRR રાખવાનું નક્કી થયું RBI જરૂરિયાત મુજબ CRR બદલે છે. હાલમાં CRR 4% જેટલો છે. ફુગાવાના નિયંત્રણ કરવાના હેતુથી RBI દ્વારા નાણાનો પુરવઠો ઘટાડવા માટે CRR વધારામાં આવે છે. જેથી બેંકો પાસે શાખ સર્જન કરવા માટે ઓછું નાણું રહે છે અને પ્રજા તેઓને ઓછું ધિરાણ આપે છે. આનાથી વિરૂધ્ધ મંદીના સમયે CRR નો દર ઓછો કરી દેશમાં શાખ સર્જન વધારી નાણાંનો પુરવઠો વધારવાનો પ્રયાસ RBI દ્વારા કરવામાં આવે છે.

**2. કાયદા માન્ય પ્રવાહિતાનું પ્રમાણ (SLR)**

દરેક વેપારીબેંક CRR ના ઉપરાંત પોતાની કુલ થાપણોના અમૂક ટકા જેટલો હિસ્સાનું કદ, સોનું, સરકારી જામીનગીરીઓ વગેરે સ્વરૂપે રાખવું જરૂરી છે. જેને કાયદા માન્ય પ્રવાહિતાનું પ્રમાણ કહેવામાં આવે છે. જેટલું SLRનું પ્રમાણ વધારે હશે તેટલું બેંકોને થાપણોનું વધુપ્રમાણ સરકારી જામીનગીરીઓમાં રોકવું પડશે જે સરકારને પોતાના ખર્ચા પૂરા પાડવામાં મદદરૂપ થશે. કેટલુંક પ્રમાણનું કદ અથવા સોનામાં પણ રહે છે. ફુગાવામાં SLRનું પ્રમાણ વધારવાથી પ્રજાને મળતી ધિરાણ પર કાપ મૂકી ફુગાવાને ઓછો કરવાનો પ્રયાસ RBI દ્વારા કરવામાં આવે છે. હાલમાં 2019માં જૂના SLR નું પ્રમાણ લગભગ 19% જેટલું જોવા મળે છે.

**(B) ગુણાત્મક સાધનો (Qualitaive Measures)**

સામાન્ય સાધનોથી જુદા અને તે ઉપરાંત RBI કેટલાક ચોક્કસ ક્ષેત્રોના વિકાસ માટે અથવા અલગ-અલગ ક્ષેત્રોને નિર્ધારિત અસર પહોચાડવા માટે ગુણાત્મક સાધનોનો ઉપયોગ કરે છે. આધુનિક સમયમાં ગુણાત્મક સાધનોને વિશેષ મહત્વ રાખવામાં આવે છે. આની વિશિષ્ટતા એ છે કે RBI વિવેક બુદ્ધિનો ઉપયોગ કરી શાખનું નિયમન કરે છે. ગુણાત્મક સાધનોમાં નીચેનાં સાધનોનો સમાવેશ થાય છે :

**(1) નૈતિક દબાણ (નૈતિક સમજાવટ)**

RBI દ્વારા નૈતિક દબાણ અંતર્ગત વેપારી બેંકને યોગ્ય સલાહ, સૂચન અને માર્ગદર્શન આપી અમુક પ્રકારની નાણાનીતિ અપનાવવા માટે કરેલી હોય છે. RBI નો નાણાં બજારમાં વિશિષ્ટ સ્થાન હોવાથી તે વેપારી બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓને પરિસ્થિતિના અનુકૂળ કયા ક્ષેત્રે કેટલું ધિરાણ કરવું કે ન કરવું તેની સમજૂતી આપે છે. સીધાં પગલાં લેવા જતાં કડવાશ જેવી પ્રતિકૂળ અસરો RBI અને અન્ય બેંકો વચ્ચે જોવા મળે તેવું શકય છે. માટે RBI દ્વારા સીધા પગલાં લેતાં પહેલાં RBI અન્ય બેંકોને નૈતિક દબાણ દ્વારા સમજાવવાનો પ્રયાસ કરે છે. ઈંગ્લૅન્ડ, ફ્રાંસ, ન્યુઝિલેન્ડ, કેનેડા જેવા દેશોમાં આ નીતિ સફળ રહી છે. પરંતુ ભારત જેવા દેશોમાં કે જ્યાં નાણાબજાર બહુ વિકસિત અને સુગ્રથિત ન હોવાના કારણે આ નીતિ મર્યાદિત રીતે સફળ રહી છે.

**(2) શાખની માપબંધી (શાખ નિયંત્રણ)**

RBI દ્વારા વેપારી બેંકોને તેમના ધિરાણ અને શાખસર્જન માટેના ચોક્કસ આદેશો અને સૂચનો આપી ધિરાણને નિયંત્રિત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. પરિમાણાત્મક માપબંધીમાં કઈ

બેંકને ક્યા હેતુ માટે કેટલું ધિરાણ કરવું કે તેને કેટલા પ્રમાણમાં શાખ સર્જન કરવા દેવું તે નક્કી કરવામાં આવે છે. જ્યારે ગુણાત્મક માપબંધીમાં બેંકો કઈ (secarties) ને ધ્યાનમાં લઈને ધિરાણ કરવુ અને કોની સામે ધિરાણ ન કરવું તે નક્કી કરવામાં આવે છે. જો આ નીતિઓ RBI દ્વારા યોગ્ય રીતે અમલમાં મૂકવામાં આવે અને પરિસ્થિતિ અનુસાર વેપારીઓને વેપારી બેંકો RBI ના સૂચનો અનુસાર યોગ્ય રીતે તેનું પાલન કરે તો તે દેશના વિકાસ માટે ખૂબ જ અસરકારક થઈ શકે છે.

**3. ઉપભોકતાની શાખનું નિયંત્રણ**

જ્યારે દેશમાં ફુગાવાની સ્થિતિ સર્જાય છે ત્યારે દેશમાં વપરાશી વસ્તુઓની માંગ તેમના પુરવઠા કરતાં વધુ હોય છે. માટે ફુગાવાને ઘટાડવા માટે લોકોની ધિરાણ પર મળતી વસ્તુઓનું પ્રમાણ ફુગાવા સમયે ઘટે તે આવશ્યક છે. આ નીતિનો ઉપયોગ પ્રજાને મળતા ધિરાણ પર કાપ મૂકી ભાવ વધારાને નિયંત્રિખ કરવાનો છે. આ નીતિ અંતર્ગત વેપારી બેંકો દ્વારા લોકોને ટકાઉ વપરાશી વસ્તુઓ જેવી કે કોમ્પ્યુટર, મોટરકાર, T.V. વગેરે ખરીદવા માટે શાખ સર્જન (ધિરાણ) પૂરી પાડવામાં આવે છે. તેને ફુગાવા સમયે ઘટાડવા માટે RBI દ્વારા આદેશ આપવામાં આવે છે. આ પ્રકારનો ઉપાય ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ વગેરે દેશોમાં અમલ મૂકાયો હતો. ફુગાવાના સમયે દેશમાં નાણાંનો પુરવઠો અને વસ્તુની માંગ વધુ છે તેવા સમયમાં લોકોને ધિરાણ પર મળતી વસ્તુ જેમ કે EMI પર મળતી વસ્તુઓનું પ્રમાણ ઘટાડવું એ જરૂરી છે.

**4. ઋણની સીમા (Margin) માં ફેરફાર**

સટ્ટાકીય હેતુ માટે થતાં ધિરાણના નિયંત્રણ કરવા અને કુલ થાપણોની કેટલી રકમ બેંક ધિરાણ કરી શકે તે નક્કી કરીને શાખ પર નિયંત્રણ મૂકવામાં આવે છે. વેપારી બેંકો તારણમાં શેરો અને જામીનગીરીઓ લઈને ધિરાણ કરે છે. આ માટે RBI દ્વારા યોગ્ય માર્જિન નક્કી કરવામાં આવે છે. ઉ.દા. 40% માર્જિન નક્કી કરવામાં આવેલ છે. તો રૂ. 100 ના શેર સામે વેપારી બેંકો રૂ. 60 ધીરી શકે. સટ્ટાખોરો શેરો અને જામીનગીરીઓના ભાવની વધઘટ માંથી નફો મેળવવાનો પ્રયાસ કરતા હોય છે. સટ્ટાખોરો વેપારી બેંકમાં તારણો તરીકે શેરો અને જામીનગીરી મૂડી ધિરાણ લે છે. અને તે ધિરાણ માંથી ફરી શેરો વગેરે ખરીદે છે. ત્યારે તેમના ભાવ ઊંચા જાય છે. અને તેને અટકાવવા માટે RBI આવાં તારણો (Securities) સામેના ધિરણનું માર્જિન વધારી દે છે.

**5. પ્રચાર**

વેપારી બેંકોને તેમની અસક્યામતો, જવાબદારીઓ, થાપણો, કુલ ધિરાણનું પ્રમાણ, CRR વગેરે બાબતોની માહિતી RBI પાસે મોકલાવી પડે છે. વેપારી બેંકોની બધી જ માહિતી RBI પાસે ઉપલબ્ધ હોય છે માટે RBI પ્રજાને જાગરૂત કરવા અથવા પ્રજા સુધી માહિતી પહોંચે તે હેતુથી વિવિધ પ્રકારના બુલેટિનો અને સામયિકોમાં વેપારી બેંકોની આર્થિક પરિસ્થિતિ રજૂ કરે છે. પ્રજા જાગૃત થવાથી પ્રજાના ભયે વેપારી બેંકો RBIના આદેશો અને બેંકિગ સિદ્ધાતોનું યોગ્ય પાલન કરે છે. પરંતુ આ પ્રકરાની પધ્ધતિ તેવા જ દેશોમાં કામિયાબ નિવડી શકે છે. જ્યાં દેશની પ્રજા જાગૃત અને શિક્ષિત હોય.

**6. ભેદભાવયુક્ત વ્યાજનો દર**

**(Discrminatory Interest Rate)**

ભેદભાવ યુક્ત વ્યાજના દરની નીતિ એટલે કે અલગ-અલગ પ્રકારના ધિરાણ માટે અલગ-અલગ વ્યાજના દર રાખવાની પધ્ધતિ ઉ.દા. પૈસાદાર વ્યક્તિને કાર ખરીદવા માટે ઊંચા વ્યાજના દરે ધિરાણ મળે અને ગરીબ ખેડૂતોને ખેતી માટે ખૂબ જ નીચા દરે ધિરાણ આપવામાં આવે.

**7. સીધા પગલા (Direct Action)**

જ્યારે કોઈ વેપારી બેંકો RBI ના આદેશોની અવગણના કરે છે ત્યારે RBI (મધ્યસ્થ બેંક) દ્વારા તેમની સામે કેટલીકવાર સીધાં પગલાં લેવામાં આવે છે. આ પગલાં નીચે પ્રમાણે છે :

- RBI વેપારી બેંકોની પુનઃ સગવડ બંધ કરી દે છે.
- RBI દ્વારા બેંકોને અપાતી અન્ય સગવડો પણ પાછી ખેંચી લેવામાં આવે છે.
- કેટલીકવાર આવી બેંકોને વધુ ધિરાણ કે નવી લોન આપવામાં નથી આવતી.

- વેપારી બેંકો પાસેથી ચાલુ જાહેર કરેલા દર ઉપરાંતના ઊંચા દર કે શિક્ષાત્મક દર (Penalty Rate) વસૂલ કરવામાં આવે છે.

જોકે સીધાં પગલાં બળજબરીથી લેવાતાંકાં હોવાથી RBI અને વેપારી બેંકોને બંને વચ્ચે અને કડવાશ પેદા થાય છે. વેપારી બેંકો દ્વારા લોકોને જે ધિરાણ આપવામાં આવે છે. તેનો લોકો દ્વારા દૂરઉપયોગ કરવામાં આવે છે. અને તેના માટે વેપારીબેંકને જવાબદાર ગણી તેની સામે સીધાં પગલા લેવામાં આવે તે યોગ્ય નથી. RBI બેંકની કટોકટીના સમયે તેમને મદદ કરવાને બદલે જો તેમની પર શિક્ષાત્મક પગલાં લે તો રક્ષક જ ભક્ષક બની જાય તેવી સ્થિતિ ઊભી થવાનો ભય રહે છે. ઉપરોક્ત કારણો સર સીધાં પગલાંની નીતિ બહુ સફળ પુરવાર થતી નથી.

## 10.8 નાણાકીયનીતિની મર્યાદાઓ

(1) નાણાકીયનીતિની કમજોરી મહાઆર્થિકમંદીના સમયે ઉજાગર થઈ. જયારે સસ્તી નાણાંકીયનીતિનો ઉપયોગ કરી વ્યાજના દરને ઘટાડવામાં આવ્યા પરંતુ તે પણ અર્થતંત્રમાં મૂડીરોકાણ વધારી શકયું નહી. તે સમયે કેઈન્સના વિચાર પ્રમાણે મંદીમાંથી બહાર અર્થતંત્રને લાવવામાં નાણાકીય નીતિ નહી સાધન છે, તેવું કહેવામાં આવ્યું હતું.

(2) જયારે ફુગાવાના સમયે નાણાંના પરિભ્રમણની velocity વધુ હોય છે ત્યારે પણ નાણાકીય નીતિ ફુગાવાને ઘટાડવામાં વધુ અસરકારક સિદ્ધ થતી નથી. ફુગાવાને ઘટાડવા માટે RBI દ્વારા નાણા કીય નીતિના સાધન તરીકે બેંક દર વધારવામાં આવે છે. પરંતુ જો બેંકો પાસે વધારાની રોકડ અનામત રહેલી હોય તો તેઓ એકંદર વધતા પોતાનો વ્યાજ દર વધારતા નથી. આવી પરિસ્થિતિમાં ફુગાવાનો ઘટાડવામાં નાણાકીય નીતિ બહુ અસરકાર સિદ્ધ થતી નથી.

(3) ભારતમાં શાહુકારો, જમીદારો, દેશી શરાફો, દેશી બેંકરો અને બિન - બેકિંગ સંસ્થાઓ પણ શાખ આપવાનું કાર્ય કરે છે. આ બધા જ RBI અંકુશ હેઠળ, નહિ હોવાથી નાણાકીય નીતિની સારી અસરો નિપજાવી શકાતી નથી. ઉત્પાદકો કે વેપારીઓ જો બેંક ધિરાણ પરનું તેમનું પરાવલંબન ઘટાડોને અન્ય સ્ત્રોતો પર આધાર રાખતા થાય તો પણ આ નીતિ અસરકારક પુરવાર થતી નથી.

(4) નાણાંબજાર અને મૂડી બજારનો પૂરતો વિકાસ અલ્પવિકસીત રાષ્ટ્રોમાં થયેલો જોવા મળતો નથી. તેથી બેંકદરની નીતિ વધુ અસરકાર નીવડતી નથી.

(5) ફુગાવા અને મંદી જેવી પરિસ્થિતિ સામે RBI ની નાણાકીયનીતિ અને સરકારની રાજકોષીય નીતિ બંને વચ્ચે યોગ્ય સંકલન હોય તો ખૂબ જ જરૂરી છે. પરંતુ ભારત જેવા દેશમાં નાણાકીયનીતિ અને રાજકોષીયનિતી અને રાજકોષીયનીતિ આ બંને વચ્ચે સંકલનનો અભાવ હોવાથી અસરકારક ઉપયોગ આ નીતિઓનો થઈ શકતો નથી.

(6) આ સિવાય અલ્પવિકસીત રાષ્ટ્રોમાં Bill Market Scheme નો અભાવ, Banking habits ના અભાવના કારણે આવા રાષ્ટ્રોમાં નાણાકીય નીતિ વધુ અસરકારક સિધ્ધ થતી નથી.

(7) મંદીના સમયે નાણાકીય નિતિનો ઉપયોગ કરી ખુલ્લા બજારની નીતિ અપનાવી મંદીને દૂર કરવાનો પ્રયાસ પણ અસફળ પુરવાર થાય છે. કેમકે મંદીના સમયમાં જયારે નફાની શકયતા બહુ જ ઓછી અથવા દેખાતી નથી ત્યારે વ્યાજના દરમાં ઘટાડો પણ યોજકોને ધિરાણ પર નાણાં લેવા પ્રોત્સાહિત કરતા નથી

## 10.9 ચાવીરૂપ શબ્દો (Key words)

- **રિઝર્વ બેંક**

  *જે બેંકનં મુખ્ય કાર્ય દેશમા ચલણ બહાર પાડવાનું અને શાખી નાણાનું નિયંમન કરવાનું હોય છે, તેની તે દેશની રિઝર્વ બેંક કહેવામાં આવે છે. જે ભારતમાં* RBI *છે*

- **શાખ નિયંત્રણ**

  *શાખ નિયંત્રમ એટલે પરિસ્થિતિ અનુસાર શાખી નાણાંના વેપાર ઉદ્યોગ તેમજ અર્થતંત્રના અન્ય વિભાગોની જરૂરિયાતો સાથે મેળ બેસવવો.*

- **બેંક દર**

  *જે દરે દેશની રિઝર્વ બેંક તેની વેપારી બેંકના પ્રમુખ પાંક્તિના વિનિમયપત્રો અથવા માન્ય  કરેલી જામીનગીરીઓને વટાવી આપી લાંગાળાનું ધિરાણ આપે તે દરને બેંક દર કહેવામાં આવે છે.*

- **રેપોરેટ**

  *ભારતીય* RBI *અમૂક સમયે દેશની વેપારી બેંકોને ટૂંકાગાળા માટે જે દરે લોન આપે તેને રેપોરેટ કહેવામાં આવે છે.*

- **રિવર્સ રોપેરેટ**

  *ભારતીય* RBI *જે વ્યાજ દરે વેપારી બેંક પાસેથી લોન મેળવે તે દરને રિવર્સ રેપોરેટ કહેવામાં  આવે છે.*

- **ખુલ્લા બજારની નીતિ**

  *રિઝર્વ બેંક દ્વારા પરિસ્થિતિ અનુસાર (તેજ) અથવા મંદી સમયે ખુલ્લા બજારમાં*

  *જામીનગીરીઓની ખરીદી અથવા વેચાણ કરીને નાણાં બજાર નિયમન કરવાની નીતિ એટલે ખુલ્લા બજારની નીતિ.*

- **રોકડ અનામત પ્રમાણ (CRR)**

  *દરેક બેંક પાસેથી તેમની કુલ થાપણોના અમુક ટકા હિસ્સો રિઝર્વ બેંકમાં રોકડ રૂપમાં જમા રાખવાની ટકાવારી પ્રમાણ એટલે રોકડ અનામત પ્રમાણ*

- **કાયદામાન્ય પ્રવાહીતનું પ્રમાણ (SLR)**

*દરેક વેપારી બેકે પોતાની કુલ થાપણોના અમૂક ટકા જેટલું અનામત પોતાની પાસે નકદ, સોનું અથવા સરકારી જામીનગીરીઓ વગેરે સ્વરૂપે રાખવું પડે છે, જેને* SLR *કહે છે.*

## 10.10 સ્વાધ્યાય

**બહુવિકલ્પ પ્રશ્નો**

1. RBI *ની સ્થાપના ...........માં કરવામાં આવી.*

   *(અ)* 1931 *(બ)* 1935 *(ક)* 1949

2. RBI *અન્ય બેંકોને ટૂંકાગાળા માટે જે દરે ધિરાણ આપે છે તેને ......... કહેવાય.*

   *(અ) રેપોરેટ (બ) રીવર્સ રેપોરેટ (ક) ખુલ્લાબજારનો દર*

3. *નાણાકીય નીતિ............... સાથે જોડાયેલ છે.*
   *(એ) નાણાંની માંગ (બ) નાણાંનો પૂરવઠો (ક) નાણાંનો ચલણ વેગ*
4 *. .......... એ નાણાકીય નીતિનો હેતુ નથી.*
   *(અ) કિંમતની સ્થિરતા (બ) આર્થિક વૃધ્ધિ (ક) આર્થિક અનામત*
5. *નાણાકીય નીતિમાં ............ સાધનનો સમાવેશ થતો નથી.*
   *(અ) બેંકદર (બ) ટેક્સ (ક) રોકડ અનામત પ્રમાણ*
6. *નાણાકીય નીતિનો અમલ .......... દ્વારા થાય છે.*
   *(અ)* RBI *(બ) સરકાર (ક) કો.ઓપરેટીવ બેંક*
7. *નાણાકીય નીતિનું ................ સાધન એ તેના ગુણાત્મક સાધન તરીકે ઓળખાય છે.*
   *(અ)* CRR *(બ) માર્જિનમાં ફેરફાર (ક) બેંક દર*
8. *ભારતમાં તમામ ચલણી સિક્કાઓ ........... દ્વારા બહાર પાડવામાં આવે છે.*
   *(અ) સરકાર દ્વારા (બ)* RBI *(ક) વેપારી બેંકો*
9. *.......... બેંક મુખ્યત નફો કમાવાના હેતુથી કાર્ય કરે છે.*
   *(અ)* RBI *(બ) વેપારી બેંક (ક) ગ્રામીણ બેંક*

**ટૂંકા પ્રશ્નો**

1. RBI *નો અર્થ આપી તેના કોઈ પણ ત્રણ નાણાકીય કાર્યો સમજાવો.*
2. RBI *ના નાણાકીયનીતિ નાં પરિમાણાત્મક સાધનો સમજાવો.*
3. RBI *ની નાણાકીય નીતિના ગુણાત્મક સાધનો સમજાવો.*

**ટૂંકનોધ લખો**

1. RBI *ની નાણાકીય નીતિના ઉદ્દેશો.*
2. RBI *ની નાણાંકીય નીતિની મર્યાદાઓ*
3. *બેંકદર* CRR *અને* SLR

**વિસ્તાર પૂર્વક જવાબ આપો.**

1. RBI *નો અર્થ આપી તેના નાણાકીય અને બિનનાણાકીય કાર્યો વિસ્તારપૂર્વક સમજાવો.*
2. *નાણાકીય નીતિ એટલે શું ? ભારતની* RBI *ના નાણાકીય નીતિના પરિમાણાત્મક અને ગુણાત્મક સાધનો સમજાવો.*
3.

**બહુ વિકલ્પ પ્રશ્નોના જવાબો**

1. *(બ)* 1935
2. *(અ) રેપોરેટ*
3. *(બ) નાણાંનો પૂરવઠો*

4. *(ક) આર્થિક સમાનતા*
5. *(બ) ટેક્સ*
6. *(બ)* RBI
7. *(બ) માર્જિનમાં ફેરફાર*
8. *(અ) સરકાર*
9. *(બ) વેપારી બેંક*
10. *(બ) મુદતી*

**સંદર્ભ**


- RBI *નો વાર્ષિક રિપોર્ટ -* 2017-18
- *જૈન અને મુકેશ - ભારતીય અર્થતંત્ર* V. K. Publicaton
- Indian Banking - Vasant Desai
- Banking and Indian Financial System-
  Dr. B. Charumathi
- **ભારતીય પ્રતિયોગીતા દર્પણ**
- R. s. sayevs. Modern Banking

એકમ 11

# વેપારી બેંકો

: રૂપરેખા :


11.0 ઉદ્દેશો

11.1 પ્રાસ્તાવિક

11.2 વેપારી બેંક

11.3 વેપારી બેંકનો અર્થ અને ભારતમાં તેનું અસ્તિત્વ

11.4 વેપારી બેંકનાં કાર્યો

11.5 બિનબેંકિંગ નાણાં સંસ્થાઓ

11.6 બિનબેંકિંગ નાણાં સંસ્થાઓનો અર્થ

11.7 બિનબેંકિંગ નાણાકીય સંસ્થાઓનાં કાર્યો

11.8 ભારતમાં કામગીરી કરતી બિન-બેંકીંગ નાણાકીય સંસ્થાઓ

11.9 ઉપસંહાર

11.10 વિકાસ બેંકો (વિશિષ્ટ નાણાં સંસ્થાઓ)

11.11 વિકાસ બેંકોનો ઉદ્‌ભવ અને કાર્યો

11.12 ભારતમાં કામ કરતી વિકાસ બેંકો (વિશિષ્ટ નાણાકીય સંસ્થાઓ)

11.13 ચાવીરૂપ શબ્દો

11.14 સ્વાધ્યાય


## 11.0 ઉદ્દેશો

**આ એકમનો અભ્યાસ કરવાથી તમે આટલું કરી શકશો.**

- *વેપારી બેંકોનો અર્થ અને તેનાં કાર્યો સમજવાં*
- *ભારતની વિવિધ* NBFC *(બિનબેંકિંગ) નાણાં સંસ્થાઓ) નો પરિચય મેળવવો.*
- *વિકાસ બેંકોની સમજણ મેળવવી.*

## 11.1 પ્રાસ્તાવિક :

*કોઈ પણ અર્થતંત્રના વિકાસમાં બેંકો ખૂબજ મહત્તવનો ભાગ ભજવે છે. પછી એ દેશની રિઝર્વ બેંક હોય કે, વેપારી બેંક અથવા વિકાસ બેંક હોય. આ સિવાય દેશની વેપારી બેંકો કે જે મૂલ્ય નફાના હેતુથી કામ કરતી હોય છે. તેમના મૂલ્ય કાર્યોની જાણકારીનો વિગતે અભ્યાસ કરીશું તથા દેશમાં આવેલ બેંકો સિવાયની અન્ય* NBFC *તથા વિકાસ બેંકોની પણ જાણકારી મેળવીશું.*

## 11.2 વેપારી બેંક

*જે બેંકો નફાના હેતુથી હેતુને લક્ષમાં રાખીને વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગોને ધિરાણ આપે છે, તે વેપારી બેંકો છે. આ બેંકો ધિરાણ આપતા સમયે ધિરાણની સલામતી માટે ધિરાણ સામે મકાન, યંત્રો, મિલકત વગેરે જામીનગીરીઓનો આગ્રહ રાખે છે. ધિરાણ ઉપરાંત આ બેંકો વિનિમય યંત્રો, હુંડીઓ વગેરે વટાવી આપે છે. અન્ય બેંકોની જેમ વેપારી બેંકો પણ નાણાંની હેરફેર કરે છે પરંતુ તેની વિશિષ્ટતા એ છે કે તે અન્ય બેંકો કરતાં ગ્રાહકોની કેટલીક બીજી વિશિષ્ટ સેવાઓ પણ આપે છે. ભારતમાં* Bank of Baroda, Central Bank, Bank of India, Punjab National Bank *વગેરે રાષ્ટ્રીકૃત વેપારી બેંકો છે.*

## 11.3 વેપારી બેંકનો અર્થ અને ભારતમાં તેનું અસ્તિત્વ

વેપારી બેંક એક ધંધાદારી એકમ છે, માટે તેઓ નફા માટે કાર્ય કરતી હોય છે.

**અર્થ** : 1949 ની બેકિંગ કંપની ધારા મુજબ ભારતમાં,

"વેપારી બેંક એટલે એવી સંસ્થા જે બેંકિગ અંગેના વ્યવહારો કરે એટલે કે દેશમાં રોકાણ વધારવા માટે પ્રજાની થાપણો સ્વીકારે જે ગ્રાહકને જરૂર પડે ત્યારે પાછી મળે અને જેમાંથી ચેક, ડ્રાફ્ટ, પે.ઓર્ડર વગેર દ્વારા ઉપાડ થઈ શકે."

અન્ય રીતે કહીએ તો વેપારી બેંક એટલે નફાના હેતથી જે ગ્રાહકોની થાપણો સ્વીકા અને સામે અન્ય લોકોને તેનું ધિરાણ કરે. આ મુખ્ય કાર્યો ઉપરાંત બીજા ગૌણ કાર્યો પણ કરે છે.

● **ભારતમાં વેપારી બેંકનું અસ્તિત્વ**

ભારતમાં વેપારી બેંકો જાહેર તેમજ ખાનગી માલિકીની જોવા મળે છે. 1991 ના આર્થિક પરિવર્તનો પછી ખાનગી ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય બેંકોનો પ્રવેશ પણ થયો છે. આ ઉપરાંત ભારતમાં અસંગઠિત નાણાબજારમાં બેંક જેવાં કાર્યો કરતી પેઢીઓ પણ જોવા મળે છે. અને સાથે સાથે સહકારી બેંકો પણ અસ્તિત્વમાં છે.

વેપારી બેંકની કાયદેસરની વ્યાખ્યા મુજબ બેંકિગનાં કાર્યો કરતી જે સંસ્થાઓ RBI 1934 ના ધારાની બીજી અનુસુચિમાં (બીજા, શિડ્યુલમાં) પ્રવેશ પામી હોય (સ્થપાઈ) તેને શિડ્યુલ બેંક કહેવાય છે. અને તે જ ખરી બેંક છે. આવી બેંકોને RBI ના બધા જ નિયમો અને ધારા ધોરણો લાગું પડે છે.

**ભારતીય બેંકિગ વ્યવસ્થાનું માળખું**



## 11.4 વેપારી બેંકનાં કાર્યો

વેપારી બેંકો અનેક પ્રકારનાં જે કાર્યો કરે છે. તે નીચે મુજબ છે :

(A) પ્રાથમિક (મુખ્ય) કાર્યો

(B) ગૌણ કાર્યો (અન્ય કાર્યો)

◆ (A) **પ્રાથમિક કાર્યો**

**(1) થાપણો સ્વીકારવાનું કાર્ય**

વેપારી બેંક પ્રજા પાસે રહેલી બચતોને સ્વીકારે છે. અને તેને થાપણના રૂપે સાચવે છે. વેપારી બેંકો લોકોની જરૂરિયાતોનો ધ્યાનમાં રાખીને જુદા-જુદા સ્વરૂપે લોકોની નાની-મોટી થાપણો ટૂંકા-લાંબાગાળા માટે એકઠી કરે છે.

**થાપણો મુખ્યત્વે ત્રણ પ્રકારની હોય છે :**

**(1) ચાલુ થાપણો**

સામાન્યરીતે વેપારીઓ, ઉત્પાદકો અને ધંધા અથવા પેઢી ધારક જેઓને નાણાંનો રોજબરોજ જરૂર પડે છે. માટે તેઓ બેંકમાં ચાલુ ખાતું ખોલાવીને તેમાં રકમ જમા કરાવે છે. તેને ચાલુ થાપણો કહેવાય છે. આમાં રખાતી થાપણો (નાણું) વધા પ્રકારની થાપણો કરતાં વધુ તરલ હોય છે. ધંધા માટે દિવસમાં જેટલી વાર ઉપાડ કરવો હોય તેટલી વાર ઉપાડ કરી શકાય છે. આમાં ખાતેદારને ચેકબુકની સુવિધા મળે છે. પરંતુ વ્યાજ મળતું નથી. ઉપરથી બેંક તેમની પાસેથી અમૂક સર્વિસ ચાર્જ વસૂલે છે. અમૂક વાર જો થાપણદાર નિયત થાપણની ઓછી થાપણ જમા રાખે તો બેંક તેમની પાસેથી મહેનતાણા પટે થોડો ચાર્જ વસૂલ કરી શકે છે. જરૂર પડે તો આ ખાતામાં જમા રકમ કરતાં અતિરિક્ત ઉપાડ પણ ધંધા માટે કાયદા મુજબ બેંક કરી આપતી હોય છે.

**(2) બચત થાપણો**

મધ્યમવર્ગની નાની અને વેરવિખેર પડેલી પચતોને એકઠી કરવા માટે બેંકમાં થાપણ મૂકવા ઈચ્છાતી વ્યક્તિને બેંકમાં બચતખાતુ ખોલવું પડે છે. જેને બચત થાપણો કહેવાય છે. આ ખાતામાં લોકો પોતાની ટૂંકાગાળા માટેની બચતો રાખે છે. જ્યારે પૈસા ઉપાડવા માટે ચેકબુકની સુવિધા આપવામાં આવે છે. પરંતુ બચત થાપણોમાંથી થાપણ ઉપાડવાના અમૂક નિશ્ચિત નિયમો છે. ચાલુ ખાતાની જેમ બચતખાતામાં ગમે તેટલી વાર પૈસા ઉપાડી શકતા નથી. તેની મર્યાદા હોય છે. બચત થાપણો પર ચાલુ થાપણોથી વધુ પરંતુ મુદતી થાપણોતી ઓછુ વ્યાજ મળે છે. આજના સમયમાં ચેકબુક સિવાય ડેબિટ અને ક્રેડિટ કાર્ડ વગેરેથી પણ બચત ખાતામાંથી ઉપાડ કરી શકાય છે.

● **રીકરીંગ ખાતાની સગવડ**

જે વ્યકિત એક સાથે બચત ન કરી શકતી હોય તેવી વ્યક્તિઓ દર મહિને કોઈ ચોક્કસ રકમ અમૂક સમયગાળા દરમિયાન આ ખાતામાં જમા કરાવતી રહે છે. જેને રીકરીંગ થાપણો કહેવામાં આવે છે. આ પ્રકારની થાપણો પણ બચત થાપણોનો જ એક પ્રકાર છે. આ ખાતા ઉપર જમા થયેલી થાપણ પર વ્યાજ મળતું રહે છે. અને ધીમે ધીમે વ્યક્તિની થાપણમાં વધારો પણ થતો રહે છે.

**(3) મદ્દતી થાપણો (Fixed Deposits)**

જે વ્યક્તિ, બચતો વધારે છે અને નિષ્ક્રિય પડી રહેલી હોય અને તે ઓછા કે વિના જોખમે વ્યાજરૂપી આવક મેળવવા ઈચ્છે તેના માટે મુદતી થાપણો આકર્ષણ રૂપ છે. થાપણ દાર જે થાપણો અમૂક નિશ્ચિત સમય માટે બેંકમાં જમા મકે છે તે મુદતી થાપણ છે માટે મુદ્દતી થાપણોને દીર્ઘકાલીન થાપણો પણ કહેવામાં આવે છે. આ થાપણો નિશ્ચિત અથવા લાંબાગાળા સુધીના સમય માટે મૂકવામાં આવતી હોવાથી બેંક આ થાપણોમાંથી અન્ય વ્યક્તિઓને લોન આપે છે. અને નફો કમાય છે. તેથી આ મુદ્દતી થાપણો પર બેંક સૌથી વધુ વ્યાજ ચૂકવે છે. જરૂર પડે ત્યારે બેંક અતિરિક્ત ઉપાડની સવલત (Cover draft) મેળવી શકે છે.

### (2) ધિરાણ આપવાનું કાર્ય

વેપારી બેંકોનો મુખ્ય કાર્ય નફાનો હેતુથી કાર્ય કરવાનો રહેલો છે. બેંકો જે પણ કાર્ય કરવાનો થાપણો સ્વીકારે છે તેની ઉપર વ્યાજ ચૂકવે છે. તે સિવાય તેમના અન્ય ખર્ચાઓ જેમકે બેંકિગ કાર્ય કરવા સ્ટાફ રાખવો, મકાન ભાડે લેવું, ફર્નિચર અને કોમ્પ્યુટર પાછળનો ખર્ચ તેવા વિવિધ ખર્ચા પણ થાય છે. માટે આવક ઊભી કરવાના હેતુથી અને ખર્ચને પહોચી વળીને નફો કમાવાના હેતુથી બેંક પોતાની પાસે એકઠી થયેલી થાપણોનું વ્યાજે ધિરાણ કરીને આવક મેળવે છે. બેંકોને પોતાની બધી જ થાપણોનું ધિરાણ કરવું જોઈએ નહી. નહી તો તે ગ્રાહકની રોજબરોજની થાપણોના ઉપાડની માંગને પહોંચી વળશે નહી. તેથી બેંકોને તેમની વધારાની થાપણોનું જ ધિરાણ કરવું જોઈએ. અર્થતંત્રમાં ધંધા માટે રોકાણકર્તાઓને, વ્યક્તિઓને, ખેડૂતોને વગેરેને નાણાની જરૂર પડે ત્યારે બેંક તેઓને ધિરાણ આપે છે. આ ધિરાણ ટૂંકા, મધ્યમ અને લાંબાગાળાનું હોઈ શકે.

### (1) હાજર અને અલ્પ મુદતનું ધિરાણ :

દેશમાં દલાલો અને આડતિયાઓને અમૂકવાર ખુબ જ ટૂંકા સમય માટે ધિરાણની જરૂર પડતી હોય છે. તેવા સમયે વેપારી બેંક તેમની 14 દિવસ માટે (અલ્પ મુદત) અને અમૂક સમયે 24 કલાક માટે (હાજર મુદત) ધિરાણ આપે છે. આ ધિરાણની મુદત નાની હોવાના કારણે વેપારી બેંકો દ્વારા વ્યાજનો દર નીચો રાખવામાં આવે છે.

### (2) અતિરિકત ઉપાડની સુવિધા દ્વારા : (Overdraft Facility)

વેપારી બેંકો તેમના ગ્રાહકો (ખાતેદાર) ને તેના ખાતામાં જેટલી રકમ જમા હોય છે તેથી વધુ પ્રમાણમાં રકમ ઉપાડવાની જે સગવડ આપે છે તેને અતિરિકત ઉપાડની સુવિધા કહેવામાં આવે છે. વેપારી બેંક આવી સગવડ નિશ્ચિત રકમ અને મુદત માટે આપની હોય છે અને તેના પર વ્યાજ વસૂલ કરે છે. ખાતેદારને રકમ અમૂક સમયમાં બેંકને પરત કરવાની બાંયધરી આપવી પડે છે. આમ અતિરિકત ઉપાડની સગવડ દ્વારા બેંક વેપારી વર્ગની તાત્કાલીક અને ટુંકાગાળાની મુદતની નાણાંની ભીડ દૂર કરવાનું કાર્ય કરતી હોય છે. વેપારી બેંક દ્વારા પોતાના દરેક ખાતેદારને આ પ્રકારની સુવિધા આપવામાં આવતી નથી પરંતુ જે લોકો સક્ષમ છે અને જેમના પર વિશ્વાસ મૂકી શકાય તેવા ગ્રાહકોને આ પ્રકારની સુવિધા આપવામાં આવતી હોય છે.

### (3) વેપારી હુંડીઓ અને તિજોરી બિલોમાં રોકાણ :

માલના ઉધારે થતા ખરીદ-વેચાણમાંથી જે હુંડીઓ મિનિમમપત્રો ઉદભવે છે તે અને સરકારના તિજોરીપત્રોને હટાવી આપીને વેપારી બેંક નાણાનું રોકાણ કરે છે. બેંક આવાં બિલો ત્યારે જ ખરીદે અને રોકાણ કરે છે. જ્યારે આવાં બિલો 90 દિવસની મૂદતે પાકી જતા હોય જેથી બેંકને તેમના રોકેલા પૈસા 90 દિવસે પરત મળી જાય. ઉદા. જો બેંકે આજથી 90 દિવસે પાકતું રૂ. 100 નું મિનિમમ પત્ર વટાવવું હોય અને વેપારી બેંક રૂ. 10 વટાવ (વ્યાજ) લે તો તેમને રૂ. 90 મળશે. પરંતુ 90 દિવસ એટલે કે ત્રણ મહિના બાદ મિનિમમ પત્ર પાકતાં બેંક ને રૂ. 100 ની રકમ મળશે આમ, બેંક ને રૂ. 10 નો નફો મેળવશે.

### (4) શાખસર્જન દ્વારા :

નાણાંનો પુરવઠો નાણાંની માંગને અનુરૂપ રહે તે માટે બેંકો શાખસર્જનનું કાર્ય કરે છે. શાખસર્જન દ્વારા પ્રવર્તમાન નાણાંના જથ્થા માંથી. નવાંનાણાંનું સર્જન થાય છે. વેપારી બેંક થાપણદારને કે લોન લેનારને રકમ રોકડી આપવાને બદલે તેનું ખાતુ ખોલીને તેમાં રકમ જમા મૂકે છે. ત્યારબાદ આ રકમ રોકડે તી ઉપાડવાના દેવાને બદલે ચેકથી ઉપાડવા દેવામાં આવે છે. તેથી સર્જિત થાપણો પેદા થાય છે. બેંક જ્યારે પોતાની પ્રાથમિક થાપણમાંથી ધિરાણ આપે ત્યારે ધિરાણનો ચેક વટાવવા માટે ધિરાણ લેનાર વ્યક્તિના જામનું ખાતુ તે જ બેંક કે એની બીજી શાખામાં ખૂલે છે. આ ચેક જમા થતા આ નવા ખાતામાં તેટલા રૂપિયા જમા થાય છે. આ થાપણ માંથી તે જ પ્રમાણે ત્રીજી વ્યક્તિને ધિરાણ મળે છે. નવું ખાતું ખુલે છે અને નવી જમા રકમ નોધાય છે. આમ એક થાપણમાંથી અનેક થાપણો સર્જાય છે.

થાપણનાની પૂરેપૂરી રકમ જેટલુ ધિરાણ કોઈ પણ બેંક કાયદા અનુસાર આવી શકતી નથી. દરેક થાપણના અમૂક ટકા અનામત રાખીને બાકીની રકમમાંથી જ ધિરાણ આપવામાં આવે છે. જેને રોકળ અનામતનું પ્રમાણ (CRR) કહે છે.

ઉદા. (A) નામની વ્યક્તિ, વેપારી બેંક માં રૂ. 10,000 જમા કરાવે છે તો તે પ્રાથમિક થાપણ કહેવાય હવે જો CRR નું પ્રમાણ 10% જેટલું હોય તો વેપારી બેંક રૂ. 10,000 ના 10% એટલે રૂ. 1000 જમા રાખીને રૂ. 9000 નું ધિરાણ કોઈ બીજી (B) વ્યક્તિને કરી શકે છે. પરંતુ (B) વ્યક્તિને રૂ. 9000 રોકડા આપવામાં બદલે વેપારી બેંક (B) ના ખાતામાં રૂ. 9000 પ્રાથમિક થાપણો જમા થશે. હવે વેપારી બેંકને કોઈ અન્ય (C) વ્યક્તિને ધિરાણ આપવુ હોય તો તે રૂ. 9000 માંથી ફરી 10%(CRR) એટલે કે રૂ. 900 જમા રાખી રૂ. 8100 જેટલા રૂપિયા (C) વ્યક્તિને ધીરશે. તે પણ (C) વ્યક્તિ ને રોકડા રૂપિયા નહિં પરંતુ તેનું પણ (B) વ્યક્તિની જેમ ખાતુ ખોલીને આપશે. આમ રૂ. 10000 ની પ્રાથમિક થાપણોમાંથી વેપારી બેંક રૂ. 9000+8100+....... એમ અનેક ગણી રકમ ધિરશે આ શાખસર્જન ની પ્રક્રિયા તરીક ઓળખાય છે.

**શાખસર્જનનું સૂત્ર :**

$$\text{કુલ શાખ સર્જન} = \frac{\text{વધારાની થાપણો (પ્રાથમિક - અનામત થાપણ)}}{\text{અનામતો રાખવાના ટકા}}$$

**(5) કેશ ક્રેડિટ દ્વારા (રોકડ શાખ):**

જ્યારે વેપારી બેંકો વેપારીને તેના ગોદામમાં પડેલા માલ સામે ધિરાણ આપે તો તેને કેશ ક્રેડિટ ની સગવડ કહેવામાં આવે છે. આ ઉપરાંત વેપારી બેંક શેર અથવા જામીનગીરી ઓ સામે પણ આ રીતે ધિરાણ કરતી હોય છે.

**(6) લાંબી મુદતનું રોકાણ :**

જ્યારે વેપારી બેંકો સરકારી જામીનગીરીઓ, કંપનીઓના શેર અને ડિબેન્ચરો અથવા સરકારીના તિજોરી પત્રો વગેરેની ખરીદી લાંબા સમય માટે કરે છે ત્યારે તેને લાંબી મુદતનું રોકાણ કહે છે.

**(B) ગૌણકાર્યો (અન્ય કાર્યો)**

**(1) વિદેશી ચલણના વિનિમયનું કાર્ય :**

આંતરાષ્ટ્રિય વેપારમાંથી જે મિનિમમ પત્રો ઉદ્ભવે છે તેમની વેપારી બેંક વટાવી આપવાનું કાર્ય કરે છે. આ ઉપરાંત વેપારી બેંક આંતરરાષ્ટ્રીય વેપાર અને વિનિમયને સરળ બનાવવા માટે વિદેશી હુંડિયામણની ફેર બદલીનું કાર્ય કરે છે.

**(2) વિનિમયના માધ્યમ પૂરા પાડવાનું કાર્ય :**

વિનિમયના માધ્યમની ઓછા જોખમે અને ઓછા ખર્ચે હેરફેર થઈ શકે તેમજ વેપાર અને વિનિમય સરળના થી થઈ શકે તે માટે વેપારી બેંકો વિનિમળ ના સાધનો પૂરા પાડવાનું કાર્ય કરે છે. જેમા એક, ઉપાડ ચિઠ્ઠી, ડ્રાફ્ટ, પે-ઓર્ડર, ડેબીટ અને ક્રેટિડ કાર્ડ, ATM ઈન્ટરનેટ બેકિંગ, ટ્રાવેલર્સ ચેક, જેવા વિનિમયના માધ્યમોની સગવળ આપે છે.

**(3) સેફ ડિપોઝિટ વોલ્ટની સુવિધા આપવાનું કાર્ય :**

વેપારી બેંકો તેમના ગ્રાહકોને તેમની કામની વસ્તુઓ જેવી કે દાગીના, મહત્વના ડોક્યુમેન્ટ વગેરે સાચવવા માટે સેફ ડિપોઝીટ વોલ્ટની (લોકર) સુવિધા ભાડું વસૂલ કરીને પૂરી પાડે છે. આ સગવડ મેળવવા માટે બેંકના ખાતેદાર હોવું જરૂરી નથી. ઘણી વ્યક્તિઓ, લોકર્સમા કાળુંનાણું છુપાવીને તેનો દુરુઉપયોગ પણ કરતા હોય છે.

**(4) ગ્રાહકના એજન્ટ તરીકેનાં કાર્યો :**

વેપારી બેંકો દ્વારા તેના ગ્રાહક વતી તેનું વીમા પ્રીમિયમ ભરવું, લવાજમ ભરવું, ફી અને બિલો ભરવા ગ્રાહકનું પેન્શન, ડિવિડન્ડ અને વ્યાજ વસૂલ કરવું. ગ્રાહક વતીથી શેર અને ડિબેન્ચર્સ ખરીદવા, મૂડી રોકાણ અંગે સલાહ સૂચનો આપવા ગ્રાહકોની મિલકતના ટ્રસ્ટી અને વહીવટદાર તરીકેની ફરજ બજાવવા વગેરે કાર્યો કરવામાં આવે છે એટલે કે વેપારી બેંકો તેમના ગ્રાહકના એજન્ટ તરીકે કાર્ય કરે છે. આ ઉપરાંત બેંક પોતાના ગ્રાહકોના સંદેશાવાહક, દલાલ અથવા પ્રતિનિધિ તરીકે સેવાઓ આપે છે. તે પાસપોર્ટ, મુસાફરી ટિકિટ વગેરે મેળવી આપે છે.

- **સામાન્ય ઉપયોગી સેવાઓ :-**

આ ઉપરાંત વેપારી બેંકો તેમના ગ્રાહકોને અમૂક સામાન્ય ઉપયોગી સેવાઓ પણ પ્રદાન કરે છે. જે નીચે મુજબ છે :

(1) ગાહકોને વેપારી બેંક દ્વારા શાખપત્રોની સગવડ આપવામાં આવે છે. શાખપત્ર કોઈ એક સ્થળ કે કોઈ એક દેશમાં આવેલ બેંક બીજા સ્થળ કે બીજા દેશમાં આવેલી તેની પ્રતિનિધિ બેંક ઉપર લખી આપેલો વિનંતીપત્ર છે.

(2) આ ઉપરાંત વેપારી બેંકો ગ્રાહકોના હાલના વ્યવસાય અથવા નવા શરૂ કરવામાં આવતા ધંધાનું મુલ્યાંકન કરવાનું કાર્ય કરી તેને માટે શેર મૂડી બહાર પાડવાની વ્યવસ્તા તથા અન્ડર રાઈટિંગનું કાર્ય કરી રહી છે. વેપારી બેંકો મર્ચેન્ટ બેંકિગ, જરૂરી દસ્તાવેજો તૈયાર કરવાનુ ટેકનિકલ, વહીવટી માં માર્ગદર્શન અને સલાહસૂચનો આપવાનુ કાર્ય કરે છે.

(3) વેપારી બેંકો દેશોમાં પ્રવર્તમાન વેપાર ઉપયોગની માહિતી એકત્રિત કરી તેનું વિશ્લેષણ કરી ગ્રાહકોનો બજાર વિશેની માહિતી પ્રાપ્ત કરાવે છે.

(4) આ ઉપરાત વેપારી બેંકો બેંકિંગ કાર્યોમાં સતત નવી નીકરણ થતું હોવાથી બદલાના સમય સાથે આધુનિક સેવાઓ પૂરી પાડવાનુ કાર્ય કરે છે. ઉ.દા. ગ્રાહકના ખાતામાં મિનિટોમાં નાણાંની ઈલેક્ટ્રોનિક ટ્રાન્સફર માટે NEFT (National electronic fund transfer) અને RTGS (Real time gross settlement) જેવી સુવિધાઓ વેપારી બેંક દ્વારા આપવામાં આવે છે. આ સાથે વેપારી બેંકો ઈન્ટરનેટ બેંકીંગ તથા મોબાઈલ ફોનના બેંકિગ 'એપ' દ્વારા ગ્રાહકના ખાતાની બધી વિગતો સરળતાથી પહોચી છે. વેપારી બેંકો DEMAT ખાતાની પણ સગવડ પૂરી પાડે છે. (DEMAT ખાતુ એટલે શેર, ડિબેન્ચર, બોન્ડ, જામીનગીરીઓ વગેરેને ભૌતિક સ્વરૂપેના સાચવવા પડે તે માટેનું ઈલેક્ટ્રોનિક ખાતુ.)

## 11.5 બિન બેંકિંગ નાણાં સંસ્થાઓ (NBFS- Non banking finaci'al companies)

ભારતના આર્થિક વિકાસમાં બિનબેંકિંગ નાણાં સંસ્થાઓને મહત્વનો ફાળો રહ્યો છે. આ NBFC ની કામગીરી વેપારી બેંક કરતાં જુદી જોવા મળે છે. પરંતુ દેશમાં બચતો એકત્રીત કરવામાં આવે છે અને મૂડીરોકાણ પૂરું પાડવામાં મહત્ત્વની કામગીર બજાવે છે. ભારતમાં જીવન વિમા નિગમ (LIC) યુનિટ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા (UTI) વગેરે જેવી બિનબેંકિંગ નાણાકીય સંસ્થાઓ છે.

## 11.6 બિનબેકિંગ નાણાકીય સંસ્થાઓનો અર્થ :

બિન બેકિંગ નાણાકીય સંસ્થાઓ પોતાની જામીનગીરીઓના વેચાણ દ્વારા તેમજ મુદત થાપણો, મેળવીને નાણાં એકત્રિત કરે છે અને વિવિધ સ્વરૂપે વ્યાપારી સંસ્થાઓમાં તેનુ રોકાણ કરે છે. માટે બિન બેંકિગ નાણાંકીય સંસ્થાઓ બચતકારો અને રોકાણ કાર્ય વચ્ચે મધ્યસ્થનું કામ કરતી સંસ્થાઓ છે. કેટલીક બાબતોમાં બિનબેંકિંગ નાણાકીય સંસ્થાઓ વેપારી બેંકથી અલગ પડે છે.

## 11.7 બિનબેંકિગ નાણાકીય સંસ્થાઓનાં કાર્યો (NBFC)

બિનબેંકિંગ નાણાકીય સંસ્થાઓની મધ્યસ્થ પ્રક્રિયા વ્યક્તિઓને તેમનું ભંડોળ સલામત રીતે રોકાણ કરવું અને વેપારી પેકીઓને મુશ્કેલીવિના ભંડોળ ઉછીનું લેવામાં મદદ કરે છે. આ રીતે બિનબેંકિગ નાણાકીય સંસ્થાઓ મધ્યસ્થી તરીકે કામ કરીને બચત કરનારાઓ અને કરજ લેનારાઓને નજીક લાવવાનુ મહત્ત્વપૂર્ણ કામ કરે છે.

- NBFC સંસ્થા નાના રોકાણ કરનારાઓને પાસેથી વચનો ગતિશિલ બનાવવાનું જોખમ ઉઠાવે છે. તે પેઢીઓને સમયસર વ્યાજબી ખર્ચે ભંડોળ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

- NBFC વ્યક્તિગત રોકાણ કરનારાઓને ઓછા જોખમે સ્થિર વળતર અને મૂડી વર્ધન જેવા ગુણ ધરાવે છે.

- NBFC દ્વારા અર્થતંત્રના વિવિધ અગ્રિમ ક્ષેત્રોને પણ મદદ કરવામાં આવે છે.

- NBFC જ્યારે પાયાના ઉદ્યોગો અપૂરતાં નાણાંને કારણે અટકી પડે ત્યારે ઉદ્યોગોને નુકશાન ભરપાઈ કરવાની જવાબદારી સેવાઓ અથવા શેર અથવા ડિબેંચર સીધા ચોક્કસના સ્વરૂપમાં ધિરાણ કરીને મહત્વની કામગીરી બજાવે છે.

- દેશમા પ્રાદેશિક અસમાનતા દૂર કરવા માટે NBFC આર્થિક રીતે પછાત વિસ્તારોને નાણાકીય સહાય સરળ શસ્રોએ પૂરી પાડવાનું કાર્ય પણ કરે છે.

## 11.8 ભારતમાં કામગીરી કરતી બિન - બેંકીંગ નાણાકિય સંસ્થાઓ :

ભારતમાં જાહેરક્ષેત્રોની બિનબેંકિંગ નાણાકીય સંસ્થાઓ નીચે મુજબ છે :

### (1) ભારતીય જીવન વીમા નિગમ : (LIC)

ભારતીય જીવન વીમા નિગમની સ્થાપના 1 સ્પટે. 1956 માં રૂ. 5 કરોડની ભારત સરકારની મૂડીથી કરવામાં આવી છે. 1956 ના LIC કામદાના અન્વયે ભારતમાં 97 કેન્દ્રોમાં કામ કરતી વિવિધ 245, ખાનગી કંપનીઓનું રાષ્ટ્રીયકરણ કરીને સરકાર સંપૂર્ણ માલિકીના નિગમ તરીકે રચના કરવામાં આવી હતી. LIC નું મુખ્યાલય મુંબઈ છે. LIC નો મુખ્ય ઉદેશ જનસમુદાયના ફાયદા માટે જીવન વીમાનું કામકાજ હાથ ધરવાનો અને યોજનાની સગ્રિમતા મુજબ ભંડોળને મૂડી રોકાણ તરફ વાળવાનો છે. LIC 113 કેન્દ્રીય કાર્યોલયો, 7 પ્રાદેશિક કાર્યોલયો તથા લગભગ દેશમાં 2048 જેટલી શાખા કાર્યાલયોના માધ્યમથી કામ કરે છે.

**ઉદેશો :**

- LIC નો ઉદેશ વધુમં વધુ બચતોને ગતીશીલ બનાવવી અને બચતવૃત્તિને પ્રોત્સાહન આપવાનું છે.

- LIC ના મહત્વથી લોકોને માહિતગાર કરવા અને મૃત્યુ તેમજ મુશ્કેલી વિરૂધ્ધ નાણાકીય સંરક્ષણ આપવું.

- પોલિસી ધારકના ટ્રસ્ટી તરીકે જવાબદારીપૂર્વક નિર્ણયો લેવા અને નાણાં ભંડોળનો કરકસર ભર્યો ઉપયોગ કરવો.

- પોલિસી ધારક તથા સમાજને વધુમાં વધુ વળતર અને લાભ મળે તેવાં કાર્યો કરવાં.

- LIC ના ગ્રાહકોને સંતોષપદ સેવાઓ પૂરી પાડવી અને પોતાના કર્મચારીઓનો કાર્ય તમારા પૂર્વક ઉપયોગ કરવો. અને તેમનામાં સમર્થ કામ ભાવના વિકસાવવી.

**LIC ના ભંડોળનાં સાધનો :**

LIC ના પોલિસી ધારકો દ્વારા મૂકવામાં આવતાં લવાજમ LIC ના ભંડોળના મુખ્ય સ્રોત છે. LIC નું રાષ્ટ્રીયકરણ થયું હતું ત્યારે રૂ. 5 કરોડની શરૂઆતની મૂડી રોકાણમાંથી વ્યાજ, ડિવિડન્ડ ના રૂપે પણ LIC નાણાકીય સાધનો પ્રાપ્ત કરે છે.

**LIC ની મૂડી રોકાણ નીતિ :**

Insurance ragalary and development Authority (IRDA) મુજબ LIC ના રાકોણના મામલામાં પરિવર્તન કરવામાં આવ્યું છે. પહેલાં તેનું સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરેલું જોવા મળતું હતું પરંતુ હવે તે આંતર માળખાના પ્રોજેકટોમાં વધુ રોકાણ કરવામાં આવે છે. LIC ને આવક ના 50% જેટલું રોકાણ સરકારી જામીનગીરી ઓ અને અન્ય અધિત્તમ જામીનગીરીઓમાં કરવું પડે છે. ઉપરાંત સરકારી જામીન વિકાસ બેંક તેમજ રહેઠાણ, પાણી પુરવઠા અને વીજળી જેવી યોજનાઓમાં પણ રોકાણ કરવું પડે છે. આ બધુ મળીને લગભગ 87.5% પ્રિમિયમની આવક આ રીતે રોકાણ કરવામાં આવે છે. જ્યારે બાકીની માત્ર 12.5% આવકનુ ખાનગીક્ષેત્રમાં રોકાણ કરવામાં આવે છે. LIC દ્વારા જે સરકારને નાણાં મળે છે, તેનો અમૂક ભાગ સરકાર ખાનગીક્ષેત્રોને પ્રત્યક્ષ સ્વરૂપે લોન આપે છે. કેટલુંક ભંડોળ LIC શેર, ડિબેન્ચર્સ અને ધિરાણ દ્વારા ખાનગી ક્ષેત્રને આપે છે. LIC દ્વારા વિદેશોમાં પણ પોતાની ઓળખ ઊભી કરવામાં આવે અને ધંધો વિકાસવાળા પ્રયાસો કરવામાં આવે છે.

### (2) યુનિટ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા (UIT)

ભારતમાં UIT ની સ્થાપના 1 ફેબ્રુઆરી, 1964માં કરવામાં આવી હતી. UIT ની સ્થાપના પણ રૂ. 5 કરોડના પ્રારંભિક મૂડીથી કરવામાં આવી હતી. જેમાં RBI નો રૂ. 2.5 કરોડ, LIC ના રૂ. 0.75 કરોડ SBI ના રૂ. 0.75 કરોડ અને બેંક સહિત અન્ય નાણાકીય સંસ્થાઓનો રૂ. 1 કરોડનો હિસ્સો હતો.

UIT લોકોમાં અને સંસ્થાઓને યુનિટનું વેચાણ કરે છે. જેની કિંમત રૂ. 10 થી 100ની વચ્ચે હોય છે.

- **UIT નાં કાર્ય :**

UIT દરેકને તેમની પસંદગીની કંપનીઓના શેર અને ડિબેંચરો ખરીદવાની પરોક્ષ તક આપે છે. અને મૂડી રોકાણ કરીને ઔદ્યોગિક વૃધ્ધિ પર આધારિત આવક વધારવામાં મદદ કરે છે.

UIT બચત કર્તાઓને રોકાણની સલામતી, રોકાણ અને નફાકારકતાનું વચન આપી બચત કરવા પ્રોત્સાહિત કરે છે. UIT બચતોને એકગ્રીત કરી તેમને ગતીશીલ બનાવી ઉત્પાદક મૂડી રોકાણ તરફ વાળે છે. 2005માં LIC, SBI, Bank of Baroda અને Punjab National Bank દ્વારા UIT-AMC (Asset Mangement company) ને સરકાર પાસેથી ખરીદી લીધી છે અને ચારેય સંસ્થાઓનો તેમા 25% 25% ફાળો છે.

- **UIT ના ભંડોળનું રોકાણ :-**

UIT યુનિટોનું વેચાણ કરીને જે આવક મેળવવે છે. તેનો આધાર યુનિટ ધારકોને કેટલું વળતર મળે છે. તેના ઉપર છે. UIT ના ભંડોળનું મુખ્ય સ્ત્રોત યુનિટ મૂડી છે. UIT કોઈ કંપનીમાં કુલ મૂડી રોકાણ ભંડોળના 5% થી વધુ આપવા જામીનગીરીના મૂલ્યના 10% થી વધુ તથા કોઈપણ નવા ઔદ્યોગિક એકમમાં પોતાના ભંડોળના 5% થી વધુ રોકાણ ન કરી શેક UIT સૌથી વધુ વળતર મળે અને મૂડીની સલામતી પણ રહે તે માટે નાણાકીય સાધનો વિવિધ ક્ષેત્રોમાં મૂડી રોકાણ કરે છે. UIT માં મળે તે ડિવિડન્ડ અને વ્યાજ કરમાત્ર બનતી નથી.

### (3) સામાન્ય વીમા કંપનીઓ (GIC)

ભારતમાં સામાન્ય વીમાં ક્ષેત્રમાં જાહેરાત ક્ષેત્રની કંપની ઓની સાથે સાથે આજે ઘણી ખાનગી ક્ષેત્રની કંપનીઓ પણ કામ કરે છે. નવેમ્બર 1972 માં ભારત સરકારે GIC ની સ્થાપના કરી અને 1 જાન્યુઆરી 1973 થી GIC એ કાર્ય કરવાની શરૂઆત કરી. 1971 પહેલા દેશમાં અલગ-અલગ GIC ખાનગીક્ષેત્રે કામ કરતી હતી, પરંતુ 1 જાન્યુઆરી 1973માં સરકારે સામાન્ય વિમા અધિનિયમ 1972 મુજબ વીમા વ્યવસાયનું રાષ્ટ્રીયકરણ કર્યુ. રાષ્ટ્રીયકરણ પહેલા દેશમાં ઉપલબ્ધ 107 GIC નું રાષ્ટ્રીય કરણ કરી તેને ચાર પ્રમુખ કંપનીઓમાં વિભાજિત કરવામાં આવી હતી જેમ કે,

(1) નેશનલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ-કોલકતા

(2) યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ -ચેન્નઈ

(3) ઓરિએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ-નવી દિલ્હી

(4) ન્યુ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ-મુંબઈ

ઉપરોકત ચાર કંપનીઓ સામાન્ય વીમા ક્ષેત્રે કાર્ય કરે છે.

**કાર્યો :**

- સામાન્ય વીમા કંપનીઓને ખર્ચ ઘટાડવા માટેનું માર્ગદર્શન અને સલાહ સૂચનો આપવાં.
- જનરલ ઈન્શ્યોરન્સ બિઝનેસના કોઈપણ ધાહકની ધંધાકીય પ્રવૃત્તિઓ કરવી.
- રાષ્ટ્રીય માર્કેટિંગ નેટર્વક વિકાસવી દેશમાં જનરલ ઈન્શ્યોરન્સની સેવાઓ જનતા સુધી સરળતાતી પહોંચે તે માટેના પ્રયાસો કરવા. આ ઉપરાંત ગ્રાહોકોને કાર્યપ્રત સેવા પહોચાળવા માટે GIC દ્વારા સલાહ અને મદદ આપવી.

ભારતીય સાધારણ વીમા નિગમને 3 નવેમ્બર 2000 માં ઉપરોક્ત ચાર સહાયક વિમાં કંપનીઓ અલગ કરી 1 ઈન્ડિયન રિઈન્સ્યોરન્સ, તરીકેની માન્યતા આપવામાં આવી. રિઈન્શ્યોરેન્સ વૈશ્વિક ધંધામાં GIC દુબઈ, લંડન, મોસ્કોમાં સ્થાપિત ઑફિસો દ્વારા વિશ્વમાં પોતાનું વર્ચસ્વ વધારી રહ્યું છે. આ ઉપરાંત ભારતનું GIC આફ્રીકા, સાર્ક, દેશો, સાઉથ ઈસ્ટ અને આફ્રિકા જેવા અગ્રણી ભાગ ભજવે છે.'

**(4) ભારતમાં અન્ય બિન બેંકિંગ નાણાકીય સંસ્થાઓ :**

**(1) લિઝિંગ અને ભાડા ખરીદ કંપનીઓ :**

ભાડા પટ્ટા દ્વારા નાણાં વ્યવસ્થા એટલે લિઝિંગ ભાડા પટ્ટા એ લેનારને મિલકતને પૂરી કિંમત મુકયા વગર અમૂક વર્ષો સુધી ઉપયોગ કરવાનો અધિકાર મળે છે. જેના બદલામાં તે નક્કી કરેલ મુદતે નક્કી થયેલ રકમ ભાડા પેટે ચૂકવે છે. તેવા પ્રકારના કરાર છે.

**(2) પારસ્પરિક ફંડુ (Mutual Fund)**

પહેલા ભારતમાં UTI એક માત્ર Mutual Fund ભંડોળ હતું ત્યારબાદ અમૂક વેપારી બેંકો, વીમા કંપનીઓએ પોતાની પેટા કંપની તરીકે mutaul fund ની સ્થાપના કરી. mutual fund જાહેર જનતા પાસે થાપણો મેળવીને તેને કોર્પોરેટ ક્ષેત્રમાં (જેમકે શેરમાં) રોકવાની કામગીરી કરે છે.

**(3) મૂડી રોકાણ કંપનીઓ :**

ભારતમાં ઘણીવાર મોટા ઔદ્યોગિક ગૃહો નાણકીય જરૂરિયાતો પૂરી કરવા માટે પોતાની પેટા કંપની તરીકે મૂડીરોકાણ કંપનીઓની સ્થાપના કરતું હોય છે. આવી કંપનીઓમાં જનતા પાસેથી ભંડોળ મેળવીને તેનું વિભિન્ન નાણાંકિય અથવા કોર્પોરેટ જામીનગીરીઓમાં મૂડી રોકાણ કરીને તેમના રોકાણ કારોને ઉચ્ચું વળતર મળે છે, તેવા પ્રયાસો કરતી હોય છે.

**(4) સાહસ મૂડી ભંડોળ :**

સાહસ ભર્યા કે જોખમી ધંધાની સ્થાપના માટેનું મૂડી ભંડોળ એટલે સાહસ મૂડી ભંડોળ કે જેને વેન્ચર કેપિટલ ફંડ તરીકે પણ ઓળખવામાં આવે છે. સામાન્ય સાહસ મૂડી ભંડોળ ઈકિવટી શેરના સ્વરૂપમાં હોય છે. જે વ્યવસાયમાં જોખમ હોય પરંતુ સાથે વિકાસની તકો હોય તેવા વ્યવસાય માટે પ્રાથમિક માળખાકિય સુવિધાઓ ઊભી કરવા માટે તે કંપની કે વ્યવસાયના શેર ખરીદીને તેને મૂડી પૂરી પાડવાની જવાબદારી સાહસ મૂડી ભંડોળ દ્વારા કરવામાં આવે છે.

**(5) નાણાકીય નિગમો :**

આ પ્રકારની સંસ્થાઓ કે કંપીઓ ઝડપી, ઓછી કાર્યવાહીઓ, ઓછા દસ્તાવેજો એ પોતાના ભંડોળમાંથી અથવા ઉછીનાં નાણાંમાંથી જરૂરિયાત મંદીને ઊંચા વ્યાજ દરે ધિરાણ આપવાનું કાર્ય કરતી હોય છે.

**(6) ગૃહ ધિરાણ કંપનીઓ :**

આ કંપનીઓ સમાજના સંગઠિત વર્ગને ઘર બનાવવા માટે ધિરાણની સુવિધા આપે છે. આવી કંપનીઓ ઉપર RBI કે અન્ય સરકારી સંસ્થાઓનું નિયંત્રણ ઓછું હોય છે. આ કંપનીઓના વ્યાજદર બેંકના વ્યાજ દર કરતાં વધારે હોઈ શકે છે. અમૂકવાર આ કંપનીઓ ઊંચા વ્યાજનો દર લઈ ગ્રાહોકોનું શોષણ પણ કરતી હોય છે.

## 11.9 ઉપસંહાર :

- બિનબેંકિંગ નાણાં કંપનીઓ ભારતીય અથતંત્રનું એક મહત્વનું અંગ છે. પરંતુ હાલના વર્ષોમાં અમૂક નિષ્ણાંતો એ સૂચન કર્યું છે કે RBI દ્વારા NBFC ના કામકાજ પર નિયમન અને નિયંત્રણ માટે RBI જેવી ટોચની સંસ્થાની રચના કરવી આવશ્યક છે.

- માટે RBI એ NBFC ને નિયંત્રણમાં લેવા માટે RBI Act 1997 પસાર કર્યો. 1997 પહેલા NBFC's ને RBI ના આદેશો. કંપની ધારો, SEBI ના નિયમો લાગુ પડતા હતા. પરંતુ 1992 માં RBI એ ડૉ. એ.સી. શાહ ના અહેવાલ અનુસાર તેમની ભલામણ સ્વીકારી તેનો તબક્કાવાર અમલ કર્યો. જે અનુસર જો 1993 માં રૂ. 50 લાખ કે તેથી વધુ રકમનો ચોખ્ખા માલિકી ભંડોળ ધરાવતી

નાણાંકીય કંપનીઓને RBI માં નોંધણી કરવા માટે જણાવવું RBI Act 1997 મુજબ નવી NBFC નાણાકીય સંસ્થા તરીકેનું કાર્ય RBI પાસેથી સર્ટીફિકેટ ઓફ રજિસ્ટ્રેશન મેળવ્યા વગર કરી શકતી નથી.

## 11.10 વિકાસ બેંકો (વિશિષ્ટ નાણાં સંસ્થાઓ)

વિકાસ બેંકો અથવા વિશિષ્ટ નાણાં સંસ્થાઓનો ઉદ્દેશ વિકસિત, વિકસતા અને અલ્પવિકસિત દેશોમાં ઝડપી ઔદ્યોગિક વિકાસ કરવાનો હતો. ખાસ કરીને અલ્પવિકસિત દેશો જ્યાં મૂડી અને ઉદ્યોગ સાહસિકતાની અછત જોવા મળે છે તેવા દેશોમાં આ સંસ્થાઓ નિયોજકતી લાંબી મુદતની મૂડી પૂરી પાડવા, વિકાસ યોજનાઓ ઓળખી આપવી, સંચાલકીય વ્યવસ્થાપન અને નિયોજકને યોજના ઘડવાથી માંડીને યોજના શરૂ અને કામ કરતી થાય ત્યાં સુધી પ્રોત્સાહક તરીકેની ભૂમિકા નિભાવે છે. વિકાસ બેંકો અથવા સંસ્થાઓ ઔદ્યોગિક એકમોને ધિરાણ પાડવા ઉપરાંત નુકસાનની સામે બાહેંધરી આપીને શેર, ડિબેન્ચરમાં સીધુ રોકાણ કરે છે. સાથે સાથે તે ટેકોનોલોજી અને તાલીમ પણ નિયોજકોને આપે છે.

## 11.11 વિકાસ બેંકોનો ઉદ્દભવ અને કાર્યો

**ઉદ્દ્ભવ**

સૌ પ્રથમ વિશ્વમાં 19મી સદીમાં બેલ્જિયમમાં પ્રથમ વિકાસ બેંકની સ્થાપના થઈ હતી. 1852માં ફ્રેંચ ક્રેડર મોબિલાઈઝરની સ્થાપના કરવામાં આવી હતી. ત્યાર બાદ ઉદ્યોગોને મૂડી પૂરી પાડવા માટે યુરોપના અન્ય દેશોમાં પણ આ પ્રકારની સંસ્થાઓનો વિકાસ થયો. અત્યારના સમયમાં માત્ર મોટા-ઔદ્યોગિક એકમોની સાથે-સાથે હવે લઘુ નાના ઉદ્યોગોના વિકાસ માટે પણ આ પ્રકારની સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે.

ભારતમાં વિશિષ્ટ નાણાકીય સંસ્થાઓ તરીકે સત્ર પ્રથમ 1948માં ભારતીય ઔદ્યોગિક નાણાકીય નિગમ (I.F.C.I) ની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ રાજ્ય નાણાકીય નિગમ, ભારતીય ઔદ્યોગિક શાખ અને મૂડીરોકાણ બેંક, ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક (IDBI), ભારતીય નાના ઉદ્યોગ માટેની વિકાસ બેંક (SIDBI) વગેરે જેવી નાણાકીય સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી.

**કાર્યો**

- વિશિષ્ટ નાણાકીય સંસ્થાઓ વિકાસ બેંક વિદેશોમાંથી મૂડી વસ્તુઓની ખરીદી માટેની વિલંબિત ચૂકવણી માટે બાહેંધરી પૂરી પાડે છે.
- વિકાસ બેંક શેર, ડિબેન્ચર બહાર પાડવાની બાહેંધરી આપે છે તથા તેમાં રોકાણ પણ કરે છે.
- આ ઉપરાંત વિકાસ બેંકો ઔદ્યોગિક સાહસિકોને ટેક્નિકલ જ્ઞાન, સંચાલન વગેરેની તાલીમ આપે છે.
- વિકાસ બેંકો ઔદ્યોગિક પેઢીઓને લાંબા મધ્યમગાળાનું ધીરાણ પૂરું પાડવાનું તથા અમૂક સંસ્થાઓને વિદેશી ચલણમાં પણ ધીરાણ પૂરું પાડે છે.

## 11.12 ભારતમાં કામ કરતી વિકાસ બેંકો (વિશિષ્ટ નાણાકીય સંસ્થાઓ)

### (1) ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમ

(Industrial finance Corporation of India-IfcI)

1 જુલાઈ 1948 માં સંસદમાં ખાસ કાયદા દ્વારા મધ્ય અને મોટા કદના એકમોને લાંબાગાળાની કે મુદતી નાણાંકીય સહાય પૂરી પાડવા માટે ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમ (I.F.C.I) ની સ્થાપના કરવામાં આવી. ભારતીય કંપની અધિનિયમ 1956 પ્રમાણે I.F.C.I નું સ્વરૂપ બદલીને તેને કંપનીનું સ્થાન આપવામાં આવ્યું. તેના પછી 1999 માં કંપની નામ બદલીને I.F.C.I Ltd કરવામાં આવ્યું.

**ઉદ્દેશો**

- I.F.C.I નું મુખ્ય ઉદ્દેશ ઔદ્યોગિક પેઢીઓને મધ્યમ તથા લાંબાગાળા માટે ધિરાણ પૂરું પાડવાનો છે.

- I.F.C.I ભારતની જાહેર, ખાનગી કંપનીઓ તેમજ સહકારી મંડળીને નાણાકીય સહાય કરે છે.
- ઔદ્યોગિક એકમો કે જે અમૂક પછાત વિસ્તારોમાં આવેલા હોય તેઓને I.F.C.I રાહત દરે ધિરાણ પણ આપે છે.
- આ ઉપરાંત ચીજવસ્તુઓનું ઉત્પાદન તેમની જાળવણી, ખાણ, ખોદકામ, હોટેલો તથા વીજળીનું વિતરણ કરવા સહાય આપે છે. તથા હયાત એકમો અને નવા ઔદ્યોગિક એકમો ઊભા કરવા, તેમનું આધુનિકરણ કરવું તે માટે પણ નાણાકીય સહાય કરે છે.

**નાણાકીય સ્રોતો**

IfcI બોન્ડ, ડિબેન્ચરો કે શેર મૂડી અને અન્ય સંસ્થાઓ પાસેથી નાણાં ઉપર લઈ પોતાનું નાણાં ભંડોળ ઊભુ કરે છે. બજારમાંથી બોન્ડ, ડિબેન્ચર વેચીને કે પછી ઈક્વિટી શેરો બહાર પાડીને નાણાં મેળતુ હોય છે. આ ઉપરાંત IfcI ની શેર મૂડી લગભગ IDBI, LIC, સહકારી અને વેપારી બેંક દ્વારા ખરીદવામાં આવે છે. તે વિદેશી સંસ્થાઓ પાસેથી, RBI ની જામીનગીરીઓ અથવા સરકારી જામીનગીરી સામે ધિરાણ અથવા ભંડોળ મેળવે છે.

**IfcI ની કામગીરી**

IfcI ની અધિકૃત મૂડી રૂ. 10 કરોડથી વધારી ને રૂ. 20 કરોડ કરવામાં આવી હતી. જેમાં મોટો ભાગ IDBI, RBI વેપારી બેંકોનો હતો. 2012 માં IfcI માં ભારત સરકારે પોતાનું હોલ્ડીંગ 55 53% કર્યુ. 2015 માં ભારત સરકારે IfcI ના 6 કરોડ પ્રેફરન્સ શેર રૂ. 10 પ્રતિ શેર 6 જાહેર ક્ષેત્રની બેંકની અંદર હસ્તાતર કર્યા. આ સાથે આ IfcI સંસ્થા કંપની એકટ 2013ની કલમ 2(45) હેઠળ સરકારી કંપની બની ગઈ.

IfcI Ltd મધ્યમ-મોટા ઉદ્યોગોને નાણાકીય સહાય આપવી તથા દેશના પછાત રાજ્યોની યોજનાઓમાં નાણાકીય સહાય પૂરી પાડે છે.

આ ઉપરાંત ઓછા વિકસિત રાજયોને જરૂરી ટેકનીકલ સેવાઓ માટે ટેકનીકલ કન્સલ્ટન્સી ઓર્ગેનાઈજેશનને પ્રોત્સાહન, સ્વરોજગારી માટે યુવા અને મહિલા સાહસિકોને સહાય પૂરી પાડવા માટે IfcI તેના Benevolent Reserve Fund અને Interest diffecent Fund હેઠળ સહાય, IfcI દ્વારા આશેર 371 જેટલી સહકારી મંડળીઓને સહાય, તથા નોર્ડલ એજન્સી તરીકે કાપડ અને ખાંડ ઉદ્યોગમાં સહકારી મંડળીઓના વિકાસમાં યોગદાન આપવા જેવા મહત્વપૂર્ણ કાર્યો IfcI દ્વારા કરવામાં આવે છે. IfcI એ લગભગ અત્યાર સુધી રૂ. 106714 કરોડ આશરે 5239 જેટલી યોજનાઓ માટે ફાળવ્યા છે. જેમાંથી લગભગ રૂ. 91558 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

IfcI દ્વારા Managment Devlopent Institute, ICRA, Tourisum finance corporation of India જેવી સંસ્થાઓની સ્થાપનામાં મહત્વનો ફાળો આપવામાં આવ્યો છે.

**(2) ભારતીય ઔદ્યોગીક વિકાસ બેંક (IDBI) (Industrial Devlopment Bank of India)**

ભારતમાં સરકાર દ્વારા સંસદમાં ફેબ્રુઆરી 1964માં IDBI અધિનિયમ 1964 અંતર્ગત જુલાઈ 1969 માં દેશમાં ઔદ્યોગિક વિકાસ માટે નાણાકીય જરૂરિયાતો પૂર્ણ કરવા માટે IDBI ની સ્થાપના કરવામાં આવી 1976 થી સરકારે IDBI RBI થી અલગ કરીને તેની માલિકી ખાતાની હસ્તક લઈ લીધી છે. વર્તમાનમાં IDBI માં ભારત સરકારની શેર ભાગીદારી લગભગ 58% જેટલી છે. આ ઉપરાંત IDBI નાણાકીય સંસ્થાની પહેલાની ભૂમિકા ઉપરાંત વેપારી બેંક તરીકેની પણ ભૂમિકા નિભાવે છે.

**ઉદ્દેશો**

- ઔદ્યોગિક વિકાસ માટે કામ કરતી સંસ્થાઓની કામગીરીનું સંકલન કરવું, ઔદ્યોગિક વિકાસ માટે નાણાં પૂરા પાડતી, પ્રોત્સાહન આપતી સંસ્થાઓના વિકાસમાં મદદ કરવી.
- દેશના મોટા ઉદ્યોગોને સીધું મૂડીરોકાણ આપવું, ઔદ્યોગિક સીધુ મૂડીરોકાણ આપવું, ઔદ્યોગિક એકમોને મુદતી નાણાં પૂરા પાડવા માટેનું કામ કરવું.

● રાષ્ટ્રીય અગ્રિમતા ધરાવતી યોજનાઓને નણાકીય સહાય પૂરી પાડવી ઉદ્યોગોની સ્થાપના અને વિસ્તરણ માટે ટેકનોલોજી અને વહીવટી મદદ પૂરી પાડવી.

**નાણાં ભંડોળ**

IDBI ની શરૂઆતની અધિકૃત મૂડી રૂ. 100 કરોડ હતી જે વધારીને રૂ. 500 કરોડ કરાઈ તથા 1994માં રૂ. 2000 કરોડ કરવામાં આવી 2017 માં IDBI ની અધિકૃત મૂડી રૂ. 3000 કરોડ હતી.

**સહાય**

IDBI દ્વારા માર્કેટિંગ, મૂડી રોકાણ સંશોધન ઈકનોમીક સ્ટડીઝ અને સંશોધનની કામગીરી પણ કરે છે. IDBI ઔદ્યોગિક એકમોને સંચાલન અથવા વિસ્તૃતિકરણ માટે ટેકનિકલ અને વહીવટી સેવાઓ પણ આપે છે. IDBI અન્ય સંસ્થાઓને તેમના શેર અને ડિબેન્ચર, બોન્ડ ખરીદી લે છે અને તેનું અન્ડર રાઈટિંગ પણ કરે છે. ઔદ્યોગિક લોન, નિકાસ ધિરાણ વગેરેનું પુનઃધીરાણ માટે 1964 થી બેંક દ્વારા Refinance Corpration ની સ્થાપના કરવામાં આવી.

**(3) ભારતીય ઔદ્યોગિક શાખ અને મૂડી રોકામ નિગમ**

**(Industrial credit and Investment Corporation of India-ICICI)**

ICICI ની સ્થાપના જાન્યુઆરી 1955માં થઈ હતી. ભારતમાં આ ખાનગી માલિકીનું સંચાલિત નિગમ છે. આ નિગમની સ્થાપનામાં વિશ્વ બેંકે મહત્વનો ભાગ ભજવ્યો છે. 1994માં ICICI Limited નું ICICI Bank માં વિલીનીકરણ કરવામાં આવ્યુ છે. 1998 માં જાહેર ભરણા દ્વારા બેંકમાં ICICI Ltd નું શેરહોલ્ડીંગમાં 46% નો ઘટાડો કરવામાં આવ્યો હતો. તથા 2000 વર્ષમાં ન્યૂયોર્ક સ્ટોક એકસચેન્જમાં લિસ્ટેડ થનાર ભારતની પ્રથમ બેંક બની હતી. 2001માં બેંક ઑફ મદુરા લિમિટેડનું ICICI બેકમાં વિલીનિકરણ થયું.

**ઉદેશો**

● ICICI દ્રારા ખાનગી સંસ્થાના ઉદ્યોગોને ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગોને નાણાકીય સહાય આપવાનું ઉદેશ છે.

● ICICI સંચાલકીય ટેકનિકલ અને વહીવટી સેવાઓ આપવાનું કંપનીઓના શેરો અને ડિબેન્ચરો બહાર પાડવા તથા બેંક દ્વારા અન્ય ખાનગી મૂડી રોકાણ સ્ત્રોતમાંથી મળતી લોનની સામે બાહેંધરી આપવાનું કાર્ય કરે છે.

● ICICI ખાનગી એકમના વિસ્તરણ આધુનિકરણ માટે ભારતીય અથવા વિદેશી ચલણમાં સહાય, ઔદ્યોગિક એકમોના આંતરિક અને બાહ્ય વિકાસ માટે મૂડીમાં ભાગીદારી કરવી, મૂડી બજારનો વિસ્તાર કરવો જેવા કાર્યો કરવામાં આવે છે.

ICICI નું સંચાલન 12 નિર્દેશકોની બનેલા નિર્દેશક મંડળ દ્વારા થાય છે.

◆ **નાણાં ભંડોળ**

ICICI બેંક ભારત સરકાર, જાહેર ભરણું, વિશ્વબેક, વિકાસ ધિરાણ ભંડોળ વગેરે પાસેથી નાણાકીય ભંડોળ મેળવે છે. ICICI ની શરૂઆત રૂ. 200 કરોડની અધિકૃત મૂડી થી થઈ હતી. 2017 સુધીમાં બેંકની કુલ ભંડોળ 156.8 અરબ U.S.# હતું ઉપરાંત 4856 શાખાઓ અને વિશ્વના લગભગ 17 દેશોમાં પોતાની શાખાઓ ધરાવે છે.

◆ **કામગીરી**

ICICI Bank હાલમાં મૂડીરોકાણની સાથે ગ્રાહક બેંકની સેવાઓ પૂરી પાડે છે. તે માળખાકીય અને પર્યાવરણ માટે એશિયન વિકાસ બેંક માંથી સીધી લોન માટેની ક્રેટિડની સગવડ આપે છે. આ ઉપરાંત ICICI બેંકે વર્ચુઅલ યુનિવર્સલ બેંકિંગ ગ્રુપની રચના કરના કરી છે, જે મૂડીરોકાણ બેંકિંગ, વેપારી, લેન્ડિંગ, એસેટ મેનેજમેન્ટ, સ્ટેટ લેવલ ઈન્ફ્રાસ્ટ્રકટચર ફાઈનાન્સિંગ, સાહસમૂડી, હાઉસીંગ ફાઈનાન્સ, પર્સનલ ફાઈનાન્સ, બ્રોકેરિંગ ક્ષેત્રોમાં નાણાકીય સેવાઓ આપે છે.

## (5) ભારતીય આપાત - નિકાસ બેંક (EXIM Bank)

ભારતીય સરકારે સંસદમાં અધિનિયમ - 1981માં આંતરરાષ્ટ્રીય વેપારના વિકાસ માટે નાણાકીય જરૂરિયાતો, વેપારની સરળતા અને સુગમતાના ઉદેશ માટે 1 જાન્યુઆરી 1982ના રોજ ભારતીય નિકાસ-આયાત બેંક (EXIM Bank) ની સ્થાપના કરવામાં આવી બેંકની શરૂઆતની પ્રારંભિક અધિકૃત મૂડી રૂ. 200 કરોડ હતી જ્યારે ભરપાઈ થયેલી મૂડી રૂ. 100 કરોડ હતી. જેની સંપૂર્ણ માલિકી ભારત સરકારની છે.

**ઉદ્દેશો**

- નિકાસ કર્તા અને આયાત કર્તાઓને નાણાકીય સહાય આપવી.
- વ્યાપારી પ્રવૃતિઓ પર કાર્ય કરવું.
- દેશના આંતરરાષ્ટ્રીય વેપારીની વૃદ્ધિની દૃષ્ટિએ માલ અને સેવાઓની નિકાસ-આયાત માટે નાણાંકીય સહાય કરનાર સંસ્થાઓના કામનું સંકલન કરનાર મુખ્ય સંસ્થા તરીકે કાર્ય કરે છે.

**કાર્યો**

- EXIM બેંક ભારતીય વસ્તુઓ અને તેમની સંબંધિત સેવાઓની ખરીદી પર વિદેશી આયાતકારોને ધિરાણની સુવિધા આપે છે.
- EXIM બેંક નિકાસ કરતી કંપનીઓના શેર, બોન્ડ ડિબેન્ચર બહાર પાડવા માટેની બાહેંધરી આપે છે.
- આ ઉપરાંત EXIM બેંક મધ્યમ ગાળામાટે નિકાસ કર્તાને પ્લાન્ટ, મશીનરી અને તેની સંબંધિત સેવાઓ માટે મદદ આપે છે.

**કામગીરી**

EXIM બેંક તેના નિકાસ વિકાસ ભંડોળમાંથી 7 ઈરાની બેંકને ભારતથી સ્ટીલ રોલની આયાત, ચાબહાર બંદરગાહ યોજનાના વિકાસ માટે રૂ. 3000 કરોડની સહાય આપવામાં આવી. આ ઉપરાંત ભારત સરકારની સહાયથી બાંગ્લાહેશમાં મૈત્રી પાવર પરિયોજના માટે 1.8 બિલીયન યુ.એસ ડોલરની સહાયતા પણ આપી છે. આ સિવાય EXIM બેંક દ્વારા એક સૂચના આધારિત પોર્ટલ લોન્ચ કરીને નિકાસ અને આયાતકર્તાઓ માટે સંભવિત વૈશ્વિક બજાર અને ઉત્પાદનની જાણકારી તેઓને મળે, અંદાજિત પરિવહન ખર્ચ ઋણ વિમા સહિત અન્ય સેવાઓ, વૈશ્વિક સ્તરે ઉત્પાદનની ગુણવત્તા સમજવા માટેની માહિતી મળે તેવો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

## (5) ભારતીય લઘુ ઔદ્યોગિક વિકાસ બેંક (SIDBI)

(Small Industrial development Bank of India)

IDBI બેંકની માલિકીની સહાયક બેંકના રૂપમાં SIDBI ની સ્થાપના એપ્રિલ 1990 માં કરવામાં આવી હતી. તેનું મુખ્યાલય લખનઉમાં છે. તેનાં 5 ક્ષેત્રિય કાર્યલયો અને 21 શાખા કાર્યલયો પણ છે. આ SIDBI. લઘુ, નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોની સ્થાપના, વિકાસ માટે નાણાકીય સહાય આપનાર અન્ય સંસ્થાઓના સંકલનનું કાર્ય કરનાર મુખ્ય સંસ્થા છે. SIDBI એ 2011-12 માં ઈન્ડિયા માઈક્રો ઈકિવટી ફંડની સ્થાપના કરી હતી. ભારતીય ચલણ અને વિદેશી ચલણમાં પણ નાના ઉદ્યોગોને ધિરાણ અપાવે છે. આ બેંક લઘુનાના અને મધ્યમ ઔદ્યોગોને વ્યાપારી બેંક, સહકારી બેંક, પ્રાદેશિક ગ્રામીણ બેંક તથા રાજ્ય ઔદ્યોગિક નાણા નિગમનો માધ્યમથી નાણાકીય સહાય પૂરી પાડે છે.

SIDBI ની શરૂઆતની અધિકૃત મૂડી રૂ. 500 કરોડ જેટલી હતી. જેમાં ભરપાઈ થયેલ મૂડી રૂ. 450 કરોડ હતી. વર્ષ 2017 માં આ બેંકની અધિકૃત હતી. રૂ. 1000 કરોડ જેટલી કરવામાં આપી હતી.

◆ **કામગીરી**

- SIDBI બેંક અન્ય બેંક અને નાણાકીય સંસ્થાઓ દ્વારા નાના ઔદ્યોગિક સાહસિકોને મદદ તથા લગભગ 360 લાખ જેટલા ઉદ્યોગ સાહસિકોને સીધી સહાય કરે છે.

- 1.20 લાખથી વધુ પ્રર્વતમાન અને ઊભરતા ઔદ્યોગિક સાહસિકોને કુશળતા વિકસાવવા માટે સહાય કરે છે.

- સીડીબીપ્લસ અભિગમ અમનાવીને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોને ઈકો સિસ્ટમાના વિકાસને પણ પ્રોત્સાહન આપી તેમના વિકાસમાં સહાય કરે છે

- આ ઉપરાંત કેટલાક પ્રોત્સાહક પ્રવૃત્તિઓ હેઠળ ભારત સરકાર સાથે SIDBI એ મળી ક્રેટીડ ગેરેન્ટી ફંડની સ્થાપના કરી જેના દ્વારા સૂક્ષમ નાના ઉદ્યોગોને 1 કરોડ સુધીની લોન કોઈપણ તૃતીય પક્ષની ગેરંટી વિના ધિરાણ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

- આ ઉપરાંત પારદર્શક અને વિશ્વસનીય રીતે રેટિંગ અને જોખમની સ્થિતિ વિશે માહિતી પૂરી પાડે છે, જેના માટે તેણે વિદેશી અને ખાનગી બેંક અને ડન એન્ડ બ્રેડસ્ટ્રીટ ઈન્ફોરમેશન સર્વિસ ઈન્ડિયા પ્રાઈવેટ લિ. (D&B) સાથે મળીને S.M.E રેટિંગ એજેન્સી ઓફ ઈન્ડિયા લિ. ની સ્થાપના કરી.

### (6) રાજ્ય નાણાકીય નિગમો (SFC)

ભારતમાં 1951 માં રાજ્ય નાણાકીય નિગમ અધિનિયમ-1951 પ્રસાર કરવામાં આવ્યો જેમાં રાજ્ય કક્ષાએ નાના, મધ્યમ ઉદ્યોગોની નાણાકીય જરૂરિયાતો પૂર્ણ કરવા માટે આ અધિનિયમ અંતર્ગત દેશમાં કુલ 18 રાજ્ય નાણાકીય નિગમોની સ્થાપના કરવામાં આવી છે. જેમા અધિનિયમ-1951 અંતર્ગત 17 રાજ્ય નાણાંકીય નિગમોની સ્થાપના કરવામાં આવી છે. જ્યારે 1949માં કંપની ધારા હેઠળ તમિલનાડુ ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમની સ્થાપના થઈ.

**કાર્યો**

- નાની, મધ્યમ ઉદ્યોગોના શેર, સ્ટોક, બોન્ડમાં વગેરે અંડરરાઈટ કરવા.
- ઔદ્યોગિક એકમોને ધિરાણ આપવું અથવા ડિબેન્ચર ખરદીવા.
- 20 વર્ષ માટે લીધેલ મુદતી લોનની ગેરેન્ટી આપવી.
- આ નિગમો માત્ર જાહેર ક્ષેત્રની કંપનીનેજ નહી પરંતુ ખાનગી ક્ષેત્રની કંપનીઓને પણ લોન આપે છે તથા અમૂક વાર 10 થી 12 વર્ષ માટે પણ ધિરાણ આપે છે પરંતુ તેની માટે કોઈ સ્થાયી મિલકત કે મશીનરી વગેરે અસ્ક્યામનો ગીરવી રાખવી પડતી હોય છે.

**નાણાંકીય સાધનો**

સંશાધીત રાજ્ય નાણાંકીય નિગમ અધિનિયમ 2000 પ્રમાણે આ નિગમોની અધિકૃત મૂડી વધારીને લગભગ રૂ. 500 કરોડ કરવામાં આવી જેતે રૂ. 1000 કરોડ સુધી વધારી શકાશે. નિગમે તેમને શેર હોલ્ડરોને નિશ્ચિત ગેરેન્ટી વળતર આપવાની જગ્યાએ નિગમ હવે તેમના નફા પ્રમાણે લાભ આપે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

સંશોધીત બિલ પ્રમાણે IDBI ના શેર હવે SIDBI માં હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તથા આ નિગમો પર દેખરેખ રાખવાની જવાબદારી રાજ્ય સરકારો અને SIDBI ની રહે છે. આ નિગમોની કુલ મૂડીમાં કોઈપણ સમયે SIDBI, રાજય સરકાર અથવા અન્ય સરકારી સંસ્થાઓની ભાગીદારી 51% થી ઓછી ના હોવી જોઈએ. અર્થાત ખાનગી શેર માલિકી 49% સુધીની જ હોવી જોઈએ.

### (7) ભારતીય ઔદ્યોગિક મૂડી રોકાણ બેંક લિ.

**(Industrial Investment Bank of India Ltd.) IIBI**

ભારતમાં ભારતીય ઔદ્યોગિક પુનઃ નિર્માણ બેંક અધિનિયમ 1984ના અંતર્ગત ભારતીય ઔદ્યોગિક પુનઃરચના નિગમનું કામકાજ સંભાળી લેવા માટે ભારતીય ઔદ્યોગિક પુનઃનિર્માણ બેંકની સ્થાપના 20 માર્ચ 1985 માં કરવામાં આવી. જે મંદ ઔદ્યોગિક એકમો તેમજ બંદ થયેલા એકમોને મુખ્ય શાખ અને પુનઃનિર્માણ કરવા માટેની સંસ્થા છે જો કે આ બેંકની જગ્યાએ 6 માર્ચ 1997 માં સરકારે લોસભામાં એક વિધેયક પ્રસાર કરી તેનું નામ ''ભારતીય ઔદ્યોગિક મૂડી રોકાણ બેંક લિમિટેડ'' (IIBI) કંપની દ્વારા 1956 અનુસાર રાખવામાં આવ્યું IIBI નું મુખ્યાલય કલકતામાં છે અને તેની અધિકૃત મૂડી રૂ. 1000 કરોડ છે. IIBI એક સ્વતંત્ર નાણાં વિકાસ સંસ્થા તરીકે કામ કરે છે.

## 11.13 ચાવીરૂપ શબ્દો (Key words)

- **વેપારી બેંક**

  *જે બેંક નફાના હેતુથી કાર્ય કરે છે અને લોકો પાસેની થાપણો સ્વીકારી, આર્થિક પ્રવૃતિઓ માટે ધિરાણ આપે તથા બીજી લોકો કરતા ગ્રાહકોને બીજી ઘણી અન્ય પ્રકારાની સુવિધાઓ આપે છે, તેને વેપારી બેંક કહેવામાં આવે છે.*

- **મુદતી ધિરાણ**

  *બેંક જ્યારે અમૂક ચોક્કસ સમયગાળા માટે ધિરાણની રકમ આપે છે જેની ચૂકવણી વ્યાજ સહિત નિયમિત અંતર કરવાની હોય છે. તેવા ધિરાણને મુદતી ધિરાણ કહે છે.*

- **અતિરિકત ઉપાડ**

  *બેંક તેના ખાતેદારોને તેમના ખાતામાં જમા રકમ કરતા વધારે વધુ રકમ ઉપાડવાની છૂટ આપે છે. અને વધારાની રકમ પર વ્યાજ પણ વસૂલે છે તેને અતિરિકત ઉપાડની સુવિધા કહે છે.*

- *અધિકૃત મૂડી*

  *મંડળની નોંધ પ્રમાણે અને કંપની કાયદાની જરૂરિયાત મૂજબ કંપની મંડળની કલમ મુજબની શેરમૂડી રકમ એટલે અધિકૃત મૂડી.*

- **ભરપાઈ થયેલી મૂડી**

  *ભરપાઈ થયેલી મૂડી એટલે કે કંપનીએ બહાર પાડેલી મૂડીનો જે હિસ્સો શેર ધારકો દ્વારા ભરપાઈ થયેલો હોય તે.*

- **વિકાસ બેંક**

  *જે વિશિષ્ટ નાણાકીય સંસ્થાઓ મધ્યમ તેમજ લાંબાગાળાનું ધિરાણ પુરુ પાડે છે. તેવી સંસ્થાઓને વિકાસ બેંકના નામે ઓળખવામાં આવે છે.*

- **પરસ્પરનું ભંડોળ (Mutal Fund)**

  *પરસ્પરનું ભંડોળ એટલે શેરમૂડી બહાર પાડયા વગરની કંપની કે જેમાં લોકો પોતાના રૂપિયાનું રોકામ કરે છે અને* Mutal Fund *આ રૂપિયાનું વિવિધ શેર-બોન્ડમાં રોકાણ કરે છે અને તેમાંથી પ્રાપ્ત થયેલ નફો સભ્યો વચ્ચે વહેંચવામાં આવે છે.*

## 11.14 સ્વાધ્યાય

### ❖ બહુવિકલ્પ પ્રશ્નો

1. *વેપારી બેંકની શાખ અર્જનનો મુખ્ય આધાર ............ થાપણો પર છે.*

   *(અ) પ્રાથમિક (બ) મુદતી (ક) ટૂંકાગાળાની*

2. *ફુગાવાના સમય દરમિયાન* RBI *દ્વારા ............... નાણાંકીય નીતિ નો અમલ કરવામાં આવે છે.*

   *(અ) સસ્તી (બ) મોંઘી (ક) અ અને બ બંને*

3. *.......... બેંક ગ્રાહકોના એજન્ટ તરીકે તેમને ઉપયોગી સેવાઓ જેમકે લોકરની સુવિધા આપે છે.*

   *(અ)* RBI *(બ) વેપારી (ક) ગ્રામીણ*

4. બેંકોમાં ઉદ્યોગપતિ તથા વેપારીઓ દ્વારા મૂકવામાં આવતી થાપણને ............ થાપણ કહે છે.
(અ) ચાલુ (બ) બચત (ક) રીકરીંગ

5. વેપારી બેંક દ્વારા તેમના ગ્રાહકોને તેમના ખાતામાં જે રકમ હોય તેથી વધુ રકમ ઉપાડવાની અમૂક વાર છૂટ આપવામાં આવે છે. અને તેની ઉપર બેંક વ્યાજ વસૂલે છે તેને .......... કહેવાય.
(અ) અંડરરાઈટિંગ (બ) અતિરિક્ત ઉપાડ (ક) લોન

6. LIC સ્થાપના .......... વર્ષનાં કરવામાં આવી હતી.
(અ) 1954 (બ) 1956 (ક) 1959

7. ઔદ્યોગિક નાણાકિય જરૂરિયાતો પૂરી કરવા માટે ખાનગી ક્ષેત્રે સ્થાપવામાં આવેલી પ્રથમ સંસ્થા ........... છે.
(અ) ICICI (બ) AXIS BANK (ક) HDFC

8. ભારતમાં ઔદ્યોગિક વિકાસ માટે ............ પ્રથમ વિશિષ્ટ નાણાકીય સંસ્થાની સ્થાપના કરવામાં આવી.
(અ) IfcI (બ) IDBI (ક) ICICI

9. ભારતમાં આંતરરાષ્ટ્રીય વેપારની નાણાકીય જરૂરિયાતો માટે ......... બેંકની સ્થાપના કરવામાં આવી.
(અ) ICICI (બ) EXIM (ક) HDFC

10. ભારતમં સૂક્ષ્મ નાના અને મધ્યમ ઉદ્યોગોના વિકાસની નાણાકીય જરૂરિયાતો માટે .......... બેંકની સ્થાપના થઈ હતી.
(અ) SIDBI(બ) ICICI (ક) EXIM

11. ભારતમાં UTI ની સ્થાપના ........ માં કરવામા આવી હતી.
(અ) 1964 (બ) 1966 (ક) 1968

12. ભારતમાં ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમની (IfcI) સ્થાપના ........ માં કરવામાં આવી હતી.
(અ) 1948 (બ) 1950 (ક) 1952

13. ભારતીય EXIM બેંકની સ્થાપના ......... માં કરવામાં આવી હતી.
(અ) 1980 (બ) 1982 (ક) 1984

### ❖ ટૂંકા પ્રશ્નો

1. વેપારી બેકનાં પ્રાથમિક કાર્યો સમજાવો.
2. વેપારી બેંકનાં ગૌણ (અન્ય) કાર્યો સમજાવો.
3. I.F.C.I અને IDBI નું મહત્વ સમજાવો.
4. ICICI અને EXIM બેંક વિશે ચર્ચા કરો.
5.

**ટૂંકનોધ લખો**

1. બિનબેંકિગ નાણાં સંસ્થાઓ (NBTC) નાં કાર્યો
2. ભારતીય જીવન વીમા નિગમ (LIC)

3. *યુનિટ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા* (UTI)
4. *ભાડા ખરીદ કંપનીઓ અને પારસ્પરિક ફંડ* (Mutal fund)
5. *રાજ્ય નાણાકીય નિગમો* (SFC)

## ❖ વિસ્તાર પૂર્વક જવાબ આપો.

2. *વેપારી બેંકનો અર્થ આપી તેનાં પ્રાથમિક અને ગૌણકાર્યો વિસ્તૃત રીતે સમજાવો.*
3. *બિનબેંકિંગ નાણાકીય સંસ્થાઓ એટલે શું ?*
4. *ભારતમાં કામગીરી કરતી બિન-બેકિંગ નાણાકીય સંસ્થાઓ (*NBFC*) વિશે નોધ લખો.*
5. *વિકાસ બેંકો (વિશિષ્ટ નાણાં સંસ્થાઓ)નો અર્થ આપી ભારતમાં કામગીરી કરતી વિકાસ બેંકો નો પરિચય આપો.*

## ❖ બહુ વિકલ્પ પ્રશ્નોના જવાબો

1. *(બ) મુદતી*
2. *(બ) મોંઘી*
3. *(બ) વેપારી*
4. *(અ) ચાલુ*
5. *(બ) અતિરિક્ત ઉપાડ*
6. *(બ)* 1956
7. *(અ)* ICICI
8. *(બ)* IDBI
9. *(બ)* EXIM
10. *(અ)* SIDBI
11. *(અ)* 1964
12. *(અ)* 1948
13. *(બ)* 1982

## ❖ સંદર્ભ


- RBI *નો વાર્ષિક રિપોર્ટ* – 2017-18
- *જૈન અને મુકેશ - ભારતીય અર્થતંત્ર* V. K. Publicaton
- Indian Banking - Vasant Desai
- Banking and Indian Financial System-
- Dr. B. Charumathi
- *ભારતીય પ્રતિયોગીતા દર્પણ*
- R. s. sayevs. Modern Banking

# એકમ 12 ભારતનો વિદેશ વેપાર અને લેણદેણની તુલા

## : રૂપરેખા :

12.1 પ્રાસ્તાવિક

12.2 ભારતીય આંતરરાષ્ટ્રીય વેપારનું બંધારણ, દિશા અને વલણ

12.2.1 1991 પૂર્વેની ભારતના વિદેશ વેપારની સ્થિતિ

12.2.2 1991 થી 2014 સુધીના આધુનિક ગાળાના વિદેશી વેપારનાં વલણો

12.2.3 2009-14ની વિદેશ વેપાર નીતિ ની છુટછાટો

12.2.4 1991 પછી ભારતના વિદેશ વેપારના કદ અને બંધારણ માં આવેલાં પરિવર્તનો

12.2.4.1 1991 પછી આયાતોની દિશામાં આવેલાં પરિવર્તનો

12.2.4.2 1991 પછી નિકાસોની દિશામાં આવેલાં પરિવર્તનો

12.3 ભારતની વેપારતુલા અને લેણદેણની તુલા (Deficit in BOP) ખાધનાં કારણો

12.3.1 વેપાર તુલાનો અર્થ

12.3.1.1 વેપાર તુલાના પ્રકારો

12.3.2 લેણદેણની તુલાનો અર્થ

12.3.3 ભારતની લેણદેણની તુલાની ખાદ્ય (અસમતુલા)

12.3.3.1 લેણદેણની તુલાના પ્રકાર

12.3.4 લેણદેણની અસમતુલાનાં કારણો

12.3.5 પ્રતિકૂળ લેણદેણની તુલાને સુધારવા માટે સરકારે લીધેલાં પગલાંઓ અને ઉપાયો.

12.4 સ્વાધ્યાય

## 12.1 પ્રાસ્તાવિક :-

*અર્થતંત્રનું સ્વરૂપ અને માળખું એ દેશના આર્થિક પર્યાવરણનું એક મહત્ત્વપૂર્ણ ઘટક છે. અર્થતંત્રમાં ચીજ-વસ્તુ કે સેવાનું ઉત્પાદન થાય છે. તેના વિતરણના કાર્યને વેપાર તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે વેપારની પ્રવૃત્તિ દેશની સરહદો સુધી મર્યાદિત હોય ત્યારે આંતરિક વેપાર કહેવાય છે. પરંતુ જ્યારે વેપારની આ પ્રવૃત્તિ દેશના સીમાડા ઓળંગે એટલે કે આંતરાષ્ટ્રીય કક્ષાએ પહોંચે ત્યારે આંતરરાષ્ટ્રીય વેપાર કહેવાય છે.*

આંતરરાષ્ટ્રીય વેપાર એ આંતરરાષ્ટ્રીય શ્રમ વિભાજનનું પરિણામ છે. દરેક દેશ અમૂક ચોક્કસ આર્થિક પધ્ધતિ અન્વયે કાર્ય કરે છે. વિદેશ વ્યાપાર કોઈ એક દેશની આયાત અને નિકાસ સાથે સંબંધ ધરાવે છે. વિદેશી વ્યાપાર દ્વારા શ્રમવિભાજન અને વિશિષ્ટ કરણ કે જે ઉત્પાદન વૃધ્ધિ માટેની ગુરુચાવી છે. તે હસ્તગસ્ત થાય છે અને તેના દ્વારા વિદેશ વ્યાપાર સાથે સંકળાયેલા બંને દેશોને ચોક્કસ પ્રકારના લાભો પ્રાપ્ત થયા છે. ભારતમાં વેપાર-ઉદ્યોગનાં વિવિધ મંડળો અને સંગઠનો, જેવા કે ફેડરેશન ઑફ ઈન્ડિયન ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, કોન્ફડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ, એસોસિએટેડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વગેરે સંસ્થાઓ સરકારની આર્થિક નીતિને અસર કરતી જણાઈ છે અને સરકાર પાસેથી કરવેરામાં રાહતો અને સબસીડીઓ મેળવવા ઉપરાંત સરકારની ધિરાણનીતિ તથા વેપારનીતિએ પણ અમૂક અંશે પ્રભાવિત કરતી જણાઈ છે. દેશના તમામ પ્રદેશોમાં કોઈ એક સમયે એક સરખી આર્થિક નીતિ (રાજકોષીય નીતિ, નાણાકીય નીતિ, ઔદ્યોગિક નીતિ વગેરે) અમલમાં હોય છે. જ્યારે કોઈ એકજ સમયે જુદાજુદા દેશોમાં આર્થિક નીતિ જુદી-જુદી જોવા મળે છે. એના પરિણામે લેણદેણના સરવૈયાના પ્રશ્નો ઊભા થાય છે. એકજ સમયે ભારતમાં ફુગાવાજનક નીતિ અને ં.જી.છ માં નાણાં સંકોચનની નિતિ અમલમાં હોય એ શક્ય છે. જો એમ બને તો ભારતના લોકો અમેરિકાની વસ્તુઓ વધુ પ્રમાણમાં ખરીદશે, ભારતની આયાતો વધશે અને ભારતમાં લેણદેણની તુલામાં ખાદ્યનો પ્રશ્નો ઊભો થશે અને એના નિવારણ માટે અવમૂલ્યન, નાણાં સંકોચન, વિનિમય-અંકુશો વગેરે જેવાં પગલાં લેવાની ફરજ પડશે.

## 12.2 ભારતીય આંતરરાષ્ટ્રીય વેપારનું બંધારણ, દિશા અને વલણ :

### 12.2.1 1991 પૂર્વેની ભારતના વિદેશ વ્યાપારની સ્થિતિ :

પ્રાચીનકાળમાં ભારત ખૂબજ સમૃધ્ધ દેશ હતો. બેનમૂન કલાકારોને હિસાબે ગૃહ ઉદ્યોગો અને નાના ઉદ્યોગોનો ખૂબ સારો વિકાસ થયો હતો. ખેતી પણ એટલી જ સમૃધ્ધ હતી. તેથી આ બધી વસ્તુઓની આયાત કરવાની જરૂર ન હતી. ભારતના માલની વિદેશોમાં નિકાસ થતી હતી તેથી તેના (નિકાસના) બદલામાં ભારતમાં સાન્ુ, ચાંદી, ઝવેરાત ઠલવાતુ હતું. આપણી સમૃધ્ધિ અને કલાકારીગરી થી આકર્ષાઈને બ્રિટીશરો ભારતમાં વ્યાપાર અર્થે આવ્યા અને ધીરે-ધીરે રાજકીય સત્તા સૂત્રો હાથમાં લઈ એક વખતના વિશ્વના કારખાનારૂપ ભારતને ઈંગલેન્ડનું ખેતર બનાવી દેવામાં આવ્યું.

બ્રિટીશ સામ્રાજ્યને પરિણામે એક વખતના સમૃધ્ધ અને ઔદ્યોગિક ભારતનું ગરીબ અને ખેતીપ્રધાન દેશમાં રૂપાંતર કરી નાખ્યું. ભારત દેશની આયાતો ઓછી અને નિકાસો વધુ હતી અને દેશની તૈયાર વસ્તુઓની આયાતો વધી ગઈ અને નિકાસો ઘટી ગઈ. પરિણામે વિદેશી વ્યાપારની લેણ-દેણની પ્રતિકૂળ બની ગઈ.

### 12.2.2 1991 થી 2014 સુધીના આધુનિક ગાળાનાં વિદેશી વેપારનાં વલણો :

*બ્રિટીશ સરકારની નકારાત્મક નીતિને કારણે ભારતના વિદેશ વેપારમાં નિકાસો કરતાં આયાતોનું પ્રમાણ ખૂબ વધારે હતું તેથી તેમાં સુધારો કરવાની ખૂબ જરૂર હતી. એક બાજુએ વસ્તુમાં વધારો થઈ રહ્યો હતો. બીજી બાજુએ કૃષિ ક્ષેત્રોના કાચા માલનાં ક્ષેત્રો પાકિસ્તાનમાં જતાં રહ્યાં હતાં અને ત્રીજી બાજુએ ચાલુ ઉદ્યોગોના યંત્રો ઘસાઈને ખલાસ થઈ ગયાં હતાં.* 1956 *થી* 1990 *સુધીના ગાળામાં આપણા ધીમા વિકાસને કારણે નિકાસો કરતાં આયાતોનું પ્રમાણ વધારે જ હતું. ભારતમાં* 1948*માં પ્રથમ ઔદ્યોગિક નીતિ અને* 1956*માં બીજી ઔદ્યોગિક નીતિ જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ તેમાં અગત્યના સુધારા* 1973,1977, 1980, 1985 *અને* 1986 *માં થયા છે.* 1956 *ની ઔદ્યોગિક નીતિ અગાઉની તમામ ઔદ્યોગિક નીતિઓની તદ્દન જુદી છે. ક્રાંતિકારી છે.* 1991 *ની ઔદ્યોગિક નીતિ આર્થિક ઉદારીકરણની વિચાર સરણી પર રચાયેલી છે.*

*ઔદ્યોગિક નીતિમાં મૂળભૂત તત્વો ત્રણ છે : ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણ. ઉદારીકરણ એટલે ખાનગી ક્ષેત્રના પર અંકુશો અને નિયંત્રણો ઘટાડીને તેને વધુ સ્વતંત્રતા આપવી. ખાનગીકરણ એટલે વિમૂડીકરણ (ડીસઈન્વેસ્ટમેન્ટ) દ્વારા જાહેર સાહસોની માલિકી અને સંચાલન ખાનગી વ્યક્તિઓ અને સંસ્થાઓને સોંપવી. વૈશ્વિકરણ એટલે વસ્તુઓ, સેવાઓ, મૂડી અને ટેક્નોલોજીની આયાતનિકાસ પરનાં નિયંત્રણો હટાવીને ભારતના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે જોડવું.*

*સરકારે* 1991*ની ઔદ્યોગિક નીતિમાં વૈશ્વિકરણ અને ઉદારીકરણ દ્વારા વિદેશ વ્યાપારમાં વૃધ્ધિ કરવા માટે જે નિર્ધાર કરેલ અને નિર્ધારને વળગી રહેવા માટે ત્યારબાદ* 1992-97, 1997- 2002, 2002-2007, 2004-2009 *અને છેલ્લે* 2009-14*ની વિદેશ વ્યાપાર નીતિઓનો અમલ કરીને વિદેશ વ્યાપાર નીતિમાં ક્રમશઃ ક્રાંતિકારી પરિવર્તનો સજ્યાં છે.*

*શ્રી પી.વી. નરસિંહરાવની સરકારે જૂન* 1991*માં રજુ કરેલી ઔદ્યોગિક નીતિના મૂળભૂત ઉદ્દેશો આમ જનતાને આર્થિક અને સામાજિક ન્યાય આપવાનો છે. ઔદ્યોગિક વિકાસના નિર્ધારના સંદર્ભમાં જે હેતુઓ આ ઔદ્યોગિક નીતિમાં રજૂ કરવામાં આવ્યા છે, તે નીચે મુજબ છે*

(1) *ભારતીય નિયોજકોના કૌશલ્યનો પૂર્ણત્તમ ઉપયોગ કરવો.*
(2) *ભારતીય ટેકનોલોજીના વિકાસને પ્રોત્સાહન મળે એ માટે સંશોધન અને વિકાસના પ્રયત્નોને ઉત્તેજન આપવું.*
(3) *કાર્યક્ષમતા સુધારવી અને ઉત્પાદકતા વધારવી.*
(4) *મૂડીરોકાણનો દર વધારવો*
(5) *જાહેર સાહસોને તેમની યોગ્યતા પ્રમાણેના ક્ષેત્રો સોંપવા*
(6) *ઈજારાયુક્ત પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવી.*
(7) *કામદારોને રોજગારીની, તાલીમની અને સુરક્ષાની સગવડો આપવી કે જેથી ટેક્નોલોજીકલ પરિવર્તનો તેમને નુકશાન ન કરે.*

(8) *બિનજરૂરી નિયંત્રણો અને અંકુશો દૂર કરવાં અને ખાનગી નિયોજકોને ઉત્પાદન તથા રોકાણની વધુ સ્વતંત્રતા આપવી.*

(9) *હરીફાઈના પરિબળોને પ્રોત્સાહન આપવું અને ભાવતંત્ર દ્વારા સાધનોની ફાળવણી થાય તેવી પ્રથા અપનાવવી.*

(10) *વિદેશી મૂડી અને વિદેશી ટેકનોલોજીને આવકાર આપવો.*

(11) *જાહેરક્ષેત્રના કાર્યવિસ્તાર પર મર્યાદા મૂકવી અને ખાનગી ક્ષેત્રના વિકાસને મોકળું મેદાન આપવું.*

### 12.2.3 2009-2014ની વિદેશી વ્યાપાર નીતિની છૂટછાટો

(1) *કેપિટલ ગુડઝ ક્ષેત્રને આયાત જકાતમાંથી મુક્તિ આપવામાં આવી છે.*

(2) *અર્થતંત્રમાં આવેલ મંદીને રોકવા ઉદ્યોગ ક્ષેત્ર માટે જરૂરી વસ્તુઓની આયાતોમાં છૂટછાટ આપવામાં આવી છે.*

(3) *સ્પેરપાર્ટસ મોડલ્સ વગેરેની આયાતો ઉપરની નિકાસ જવાબદારી ઘટાડીને ૫૦ ટકા કરવામાં આવી છે.*

(4) *સેવાક્ષેત્રની આયાતોમાં છૂટછાટો આપવામાં આવી છે.*

(5) *નિકાસોને પ્રોત્સાહન આપીને પાંચ વર્ષને અંતે બમણી કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.*

(6) *આફ્રિકી દેશોમાં ભારત માટે નિકાસોની અપાર તકો પડેલી હોવાથી ત્યાં નિકાસ કરવા તૈયાર થતા નિકાસકારોને ખાસ વળતર અને કર રાહતો આપવાની જાહેરાત કરી છે.*

(7) *અગાઉની વિદેશ વ્યાપારની નીતિ મુજબ નિકાસકારો માટે ટેક્ષ હોલીડે અને ડ્યુટી રિફંડ સહિતની રાહતો ચાલુ રાખવાની જાહેરાત કરી છે.*

(8) *નિકાસકારોને ડોલરક્રેડિટના લાભો આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.*

(9) *સંપૂર્ણપણે નિકાસ આધારિત એકમોને આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે.*

(10) *કૃષિક્ષેત્રની નિકાસોને પ્રોત્સાહન આપવા માટે 'સિંગલ વિન્ડો સિસ્ટમ' આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.*

### 12.2.4 1991 પછી ભારતના વિદેશ વેપારના કદ અને બંધારણમાં આવેલ પરિવર્તનો :

*આંતરરાષ્ટ્રીય વેપાર બે સમાન વિકાસની કક્ષા ધરાવતા અને સમાન કદના દેશો માટે જ ફાયદાકારક નીવડે છે. પરંતુ મોટા કદના અને વિકસિત દેશની સાથે નાના કદના અને અલ્પવિકસિત દેશ વેપારથી જોડાય તો, વેપારનો મોટાભાગનો લાભ મોટા કદના વિકસિત દેશને મળે છે અને મોટાભાગની વસ્તુમાં પરાવલંબન ધરાવતા નાના દેશે સહન કરવાનું જ આવે છે. આંતરાષ્ટ્રીય વેપાર કોઈ દેશમાં જેનું કુદરતી પુનઃસર્જન થવું શક્ય નથી તેવી સંપત્તિનો પુરવઠો ખલાસ કરે છે, જ્યારે ભવિષ્યમાં આ દેશનો વિકાસ આ જ કુદરતી સંપત્તિના અભાવે અવરોધાય તેવી શક્યતા રહે છે. વર્તમાનમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ (કોર્પોરેશનો) પોતાના મહત્તમ લાભ માટે વિકસતા દેશોમાં એવી આર્થિકનીતિ*

*અપનાવે છે કે તે દેશોમાં આર્થિક ગુલામી જ આવે. રાજકારણીઓને લાંચરુશ્વત આપી, પોતાને અનુકૂળ આર્થિક નિર્ણયો લેવડાવી, પ્રજાના શોષણ દ્વારા અઢળક નફો કમાય છે. આંતરરાષ્ટ્રીય વેપારને લીધે એક દેશમાં ઉદ્ભવેલ ફુગાવા કે મંદીની સમસ્યા સમગ્ર વિશ્વમાં વ્યાપાક બને છે. એટલે કે એક દેશમાં શરૂ થયેલી આર્થિક અસ્થિરતાનો ભોગ તેની સાથે વેપારથી જોડાયેલા તમામ દેશોને બનાવે છે. દા.ત.* 1992*ની વિશ્વવ્યાપી મંદીની શરૂઆત અમેરિકાથી થઈ હતી, પરંતુ આંતરરાષ્ટ્રીય વસ્તુ, સેવાઓ અને મૂડીની હેર-ફેર દ્વારા સમગ્ર વિશ્વમાં વ્યાપક બની*

*વિશ્વમંદીમાં પરિણમી હતી. વર્તમાનમાં પણ* 2007 *થી અમેરિકા અને યુરોપના દેશોથી શરૂ થયેલી મંદીની આર્થિક કટોકટીની અસર વિશ્વના તેમની સાથે વેપારથી જોડાયેલા તમામ દેશોએ ભોગવવી પડે છે. આંતરરાષ્ટ્રીય વેપાર એક દેશમાં ઉદ્ભવેલ ફુગાવા કે મંદીની અસ્થિરતા, વિશ્વના બીજા દેશોમાં વહન કરવાનું કામ કરે છે. ભારતમાં પણ* 1991*ની નવી આર્થિક નીતિ બાદ વિશ્વ વેપાર વધ્યો છે. પરંતુ વિદેશની હરીફાઈ સામે દેશના નાના અને મધ્યમ કદના એકમો ટકી નહીં શકતા બેકારીનો પ્રશ્ન ઉકેલી શક્યો નથી. ચાઈના, કોરિયા વગેરે દેશોમાંથી થતી આયાતોએ દેશના ઘણા ઉદ્યોગોનું પતન નોતર્યું છે. વિદેશી વેપારના કદનો સીધો સાદો અર્થ વિદેશી વેપારનું કુલ પ્રમાણ એવો કરી શકાય. વિદેશી વ્યાપારના કદના પરિવર્તનો સમયના બે બિંદુઓ વચ્ચે આયાત અને નિકાસના પ્રમાણમાં થયેલા ફેરફારોનો નિર્દેશ કરવાનું કાર્ય કરે છે.* 1991 *પછી ભારતની આયાત-નિકાસ અને ખાધના પ્રમાણમાં આવેલ પરિવર્તનો.*

| **વર્ષ** | **આયાત કરોડ રૂા.માં** | **નિકાસ કરોડ રૂા.માં** | **ખાધનું પ્રમાણ કરોડ રૂા.માં** |
|---|---|---|---|
| 1991-91 | 43,193 | 32,558 | -10,835 |
| 1993-94 | 73,101 | 69,751 | -3,350 |
| 1996-97 | 1,38,920 | 1,18,887 | -20,103 |
| 1996-99 | 1,78,332 | 1,39,753 | -38,579 |
| 2000-01 | 2,30,873 | 2,03,571 | -27,302 |
| 2003-04 | 3,59,108 | 2,93,637 | -65,741 |
| 2006-07 | 8,40,506 | 5,71,779 | -8,40,506 |
| 2007-08 | 10,12,312 | 6,55,864 | -3,58,448 |
| 2008-09 | 13,74,436 | 8,40,755 | -5,33,680 |
| 2009-10 | 13,63,796 | 8,45,534 | -5,18,202 |
| 2010-11 | 16,05,314 | 11,57,475 | -4,47,840 |

*સરકારના 1991 થી 2009-14ની વિદેશ વેપારનીતિ માં ખૂબ-ખૂબ નિકાસ પ્રોત્સાહનો પૂરા પાડયા પછી પણ 1991 થી 2010-11 સુધીના ગાળામાં દેશને સ્વાવલંબન તરફ લઈ જવામાં આયાતનિકાસ નીતિ સફળ થઈ નથી તેની નોંધ લેવી જરૂરી છે.*

*વિદેશી વેપારના બંધારણનો સીધો સાદો અર્થ વિદેશી વેપારનું સ્વરૂપ અથવા સંરચના એવો કરી શકાય. વિદેશી વ્યાપારના બંધારણનાં પરિવર્તનો સમયના બે બિંદુઓ વચ્ચે આયાત અને નિકાસના સ્વરૂપ અથવા સંરચનામાં થયેલા ફેરફારોનો નિર્દેશ કરવાનું કાર્ય કરે છે. જો કોઈ એક દેશ ઘણા રાષ્ટ્રો સાથે વિદેશી વેપારથી સંકળાયેલો હોય તો તેનું વિદેશી વેપારનું ફલક ઘણું મોટું બની રહેશે અને તેમાં અસ્થિરતાનો ભય ઓછો રહેશે.*

*આઝાદી સમયે આપણા વિદેશી વેપારની દિશા મર્યાદિત દેશો સાથે જ સંબંધ ધરાવતી હતી. ગુલામીના સમયમાં આપણા દેશ પર ઈંગ્લેન્ડનું પ્રભુત્વ હતું. આપણો વિદેશી વેપાર ઈંગ્લેન્ડ તથા તેના પ્રભાવ હેઠળના અમેરિકા અને કેનેડા સાથે જ મહ્દઅંશે સંકળાયેલ હતો અને ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન જેવા અન્ય મૂડીવાદી દેશો અને રશિયા, રૂમાનિયા, પોલાન્ડ, યુગોસ્લાવિયા, ઝેકોસ્લોવેકિયા જેવા સમાજવાદી દેશો સાથેના વેપારી સંબંધો નહિવત્ હતા.*

*વિદેશી વેપારની દિશાનો આધાર આપણી આયાતો અને નિકાસોની બાબતમાં કોની-કોની સાથે નવા સંબંધો સ્થાપિત કર્યા છે, તેના પર રહેલો છે. વિદેશી વેપારની દિશામાં પરિવર્તનોનો તપાસવા માટે બે બાબતોનો ખાસ અભ્યાસ કરવો જરૂરી બને છે.*

(1) 1991 *પછી આયાતોની દિશામાં આવેલાં પરિવર્તનો*

(2) 1991 *પછી નિકાસોની દિશામાં આવેલાં પરિવર્તનો*

### 12.2.4.1 1991 પછી આયોતાની દિશામાં આવેલાં પરિવર્તનો :

*નિકાસોની સરખામણીમાં આયાતો વધુ ઝડપથી વધી છે.* 1991-92*માં ભારતની નિકાસો રાષ્ટ્રીય આવકની* 7.3 *ટકા હતી તે વધીને* 2000-01 *માં* 9.8 *ટકા થઈ છે, જ્યારે આ જ સમયગાળામાં ભારતની આયાતો રાષ્ટ્રીય આવકના* 8.3 *ટકાથી વધીને* 13.0 *ટકા થઈ છે. પરિણામે વેપારખાદ્ય વધી છે.* 1996-97 *થી* 2000-01 *દરમિયાન વેપારખાદ્ય રાષ્ટ્રીય આવકના* 3.1 *ટકાથી* 4.0 *ટકા વચ્ચે રહી છે.*

*પેટ્રોલિયમ પેદોશોની નિકાસ કરતા દેશોએ પોતાનો ઈજારો સ્થાપિત કરવા માટે પોતાનું સંગઠન સ્થાપિત કર્યું છે. જેને* OPEC *(ઓપેક) નામે ઓળખવામાં આવે છે. આ દેશોમાં ઈરાન, ઈરાક, કુવૈત અને સાઉદી અરેબિયાનો સમાવેશ થાય છે. પેટ્રોલિયમ આયાતનું પ્રમાણ* 1987-88 *માં* 13.3% *હતું. જે વધીને* 2010-11 *માં* 33.8% *નું થઈ ગયું છે આ માટે બે કારણ જવાબદાર છે.*

(1) *તેલની આંતરાષ્ટ્રીય કિંમતમાં વધારો થયો.*

(2) આપણી તેલની માંગમાં ખૂબ વધારો થયો.

વિકાસશીલ દેશો જેવા કે એશિયા, લેટિન, અમેરિકા અને આફ્રિકાના દેશોમાંથી થતી આયાતોનું પ્રમાણ 1987-88માં 17.3 ટકાનું હતું. તે વધીને 2010-11 માં 32.7 ટકા થયું છે.

આર્થિક સહયોગ વિકાસ સંગઠન (OECD) ના દેશોમાંથી થતી આયોતામાં ઘટાડો થયો છે. 1987-88 માં 60% હતી તે ઘટીને 2010-11 માં 33.3 % થઈ ગઈ છે.

U.S.A અને U.K. માંથી આયાતોનું પ્રમાણ 2010-11 માં 5.3% (U.S.A) અને 010-11 માં 1.5% (U.K) જેટલું જ થઈ ગયું છે.

પૂર્વીય યુરોપના દેશોમાંથી થતી આયાતોમાં ઘટાડો થયો છે. 1987-88 માં 7.2 ટકા હતું તે ઘટીને 2010-11 માં 1% નું થઈ ગયું છે.

ઓસ્ટ્રેલિયા, જાપાન અને સ્વીટ્ઝર્લેન્ડમાંથી કરવામાં આવતી આયાતોમાં વધારો થયો છે.1987-88 માં આ દેશોમાંથી થતી આયાતો ખૂબ જ ઓછી હતી જે 2010-11 માં 11.4% જેટલી થઈ છે.

આઝાદી પછી માત્ર ઈંગ્લેન્ડ અને અમેરિકા એ બે દેશોમાંથી મોટાભાગની આયાતો થતી હતી, પરંતુ 1991 પછી વિશ્વના અન્ય દેશો સાથેના નવા સંબંધો સ્થાપિત કરીને આયાતની નવી દિશાના દ્વારા ખોલી નાખ્યા છે.જાપાન, પશ્ચિમ જર્મની, ઓસ્ટ્રેલિયા, સ્વિટ્ઝર્લેન્ડ અને OPEC દેશોમાંથી થતી આયાતોમાં સારો એવો વધારો થયો છે.

**12.2.4.2 1991 પછી નિકાસોની દિશામાં આવેલાં પરિવર્તનો :**

1991 પછી નિકાસોની દિશામાં અસાધારણ પરિવર્તનો આવ્યાં છે. પેટ્રોલિયમ પેદાશોના સંગઠનવાળા દેશો (OPEC) માં આપણી નિકાસોમાં વર્ષ 1987-88 માં પ્રમાણ 6.1% જેટલું હતું તે વધીને 2010-11 માં 21.5% થયું છે.

વિકાસશીલ દેશો જેવા કે રશિયા, બ્રિટેન, અમેરિકા અને આફ્રિકામાં આપણી નિકાસોનું પ્રમાણ 1987-88 માં 14.2% હતું તે વધીને 41.5% થયું છે. આર્થિક સહયોગ તેમજ સંગઠન (OECD) દેશોમાં આપણી નિકાસોનું પ્રમાણ 59% હતું તે ઘટીને 2008-09માં 36.9% થઈ ગયુ છે આ નિકાસોનો ઘટાડો ખાસ કરીને યુરોપિય સંઘ, ઉત્તર અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જાપાન અને સ્વીટ્ઝર્લેન્ડમાં થયો છે.

U.S.A માં થતી નિકાસ વર્ષ 2010-11 માં 10.1% હતી જ્યારે U.K. માં થતી નિકાસ વર્ષ 2010-11 માં 2.8% જેટલી થઈ ગઈ છે.

*આઝાદીબાદ* 1970 *ના દાયકામાં પૂર્વીય યુરોપના દેશોમાં થતી નિકાસનું પ્રમાણ ઘણું સારું હતું. પરંતુ તેમાં ક્રમશ : ઘટાડો થતા વર્ષ* 2010-11 *માં નિકાસોની ટકાવારી ઘટીને માત્ર* 1% *જેટલી થઈ ગઈ છે.*

*ઓસ્ટ્રેલિયા, જાપાન અને સ્વીટ્ઝર્લેન્ડમાં થતી નિકાસોમાં વર્ષ* 2010-11 *માં માત્ર* 4.3% *જેટલી થઈ ગઈ છે. આઝાદી પછીના પ્રારંભકાળે ભારતમાંથી માત્ર ઈંગ્લેન્ડ અને અમેરિકા એ બે દેશોમાં જ મોટા ભાગની નિકાસો કરવામાં આવતી હતી, પરંતુ ત્યારબાદ* 1951 *થી* 2010-11 *સુધીના સમયગાળામાં પ્રણાલિકાગત દેશોની નિકાસોમાં ઘટાડો કરવામાં આવ્યો છે અને વિશ્વના અન્ય દેશો સાથે જેમકે ફ્રાન્સ, બેલ્જિયમ, જર્મની, ઈટાલી, ઓસ્ટ્રેલિયા, જાપાન, સ્વિટ્ઝર્લેન્ડ, ચીન, હોંગકોંગ, મલેશિયા, સિંગાપોર જેવા અનેક દેશોમાં આપણી નિકાસોમાં વધારો કરવામાં આવ્યો છે.*

1991 *પછી આયાત અને નિકાસોની દિશામાં આવેલાં પરિવર્તનોને આધારે ભારતના વિદેશ વેપારની દિશામાં પરિવર્તનો આવ્યાં છે.* 1991 *પછી આવેલાં પરિવર્તનો આર્થિક વિકાસમાં પોષક રહ્યા છે.*

## 12.3. ભારતની વેપારતુલા અને લેણદેણની તુલા (Deficit in BOP) ખાધનાં કારણો :

*જ્યારે એક દેશ બીજા દેશ સાથે વસ્તુઓ અને સેવાઓનું આયાત-નિકાસ દ્વારાઆદાનપ્રદાન કરે છે. ત્યારે તેને વિદેશી વેપાર તરીકે ઓળખવામાં આવે છે. આ વિદેશી વેપારમાં પરસ્પર વસ્તુઓ અને સેવાઓની લેતીદેતી કરવામાં આવે છે. પરંતુ આ વસ્તુઓની લેતી-દેતીમાં ક્યારેક કોઈ એક દેશની આયાતો તેની નિકાસો કરતાં વધી જાય છે તો ક્યારેક નિકાસો તેની આયાતો કરતા વધી જાય છે. આમ, આયાત-નિકાસની વધઘટ અનુસાર એક દેશે બીજા દેશ પાસેથી કેટલીક રકમ લેવાની નીકળે છે. તો કેટલીકવાર એક દેશે બીજા દેશને કેટલીક રકમ દેવાની નીકળે છે.*

*વિદેશી વેપારમાં આયાત-નિકાસના તફાવતને કારણે એકબીજા દેશોએ અરસપરસ નાણાકીય મૂલ્યના સંદર્ભમાં જે કંઈ દેવા-લેવાનું નીકળે છે, તેના હિસાબોને માટે બે પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.*

(1) *વ્યાપારતુલા અને*

(2) *લેણ-દેણની તુલા*

*"જો ભારત આર્થિક વિકાસના દરને ઝડપી બનાવવા માંગતું હોય તો તેણે ઉદાર આર્થિક નીતિ અપનાવવી જોઈએ. લેણ-દેણની તુલામાં સમતુલન લાવવા માટે માત્રાત્મક પ્રતિબંધો અથવા જકાતોનો સહારો ન લેતાં - વિનિમય દરનો સહારો લેવો જોઈએ." - બિમલ જલાન*

(India's Economic Crisis The Way Ahead).

*"કોઈ એક દેશની લેણદેણની તુલાએ તેના રહેવાસીઓ અને દુનિયાના બાકીના દેશોના રહેવાસીઓ વચ્ચે એક ચોક્કસ સમય દરમિયાન સાધારણ રીતે એક વર્ષમાં થયેલ તમામ આર્થિક લેવડ દેવડનો વ્યવસ્થિત હિસાબ છે."* - **વોલ્ટર ક્રોઝ**

*આપણે ભારતની તુલાનો અભ્યાસ કરવાનો છે. લેણ-દેણની તુલાને બરાબર સમજવા માટે વેપારતુલાનો અર્થ અને લેણદેણની તુલાનો ભેદ સ્પષ્ટ કરવો જરૂરી છે.*

### 12.3.1 વેપારતુલાનો અર્થ :

*આંતરાષ્ટ્રીય વેપારની સાથે વિશ્વના દેશો સમક્ષ વેપારતુલા અને લેણ દેણની તુલાના પ્રશ્નો ઉદ્ભવે છે. વેપારતુલામાં માત્ર ભૌતિક (દૃશ્ય) વસ્તુના આયાત અને નિકાસ મૂલ્યને ધ્યાનમાં લેવાય છે. તેથી કોઈપણ દેશની વેપારતુલાની અનુકૂળતા કે પ્રતિકુળ દેશની આર્થિક સ્થિતિનું સંપૂર્ણ ચિત્ર રજૂ કરતી નથી. વેપારતુલાનો અર્થ સંકુચિત છે. આંતરરાષ્ટ્રીય વેપારના તુલનાત્મક ખર્ચના સિધ્ધાંત* (Comparative Cost theory of international trade) *તરીકે ઓળખવામાં આવે છે. બે દેશો વચ્ચે માત્ર મૂર્ત એટલે કે દૃશ્ય સ્થૂળ વસ્તુઓનો જ વેપાર કરવામાં આવે છે. દૃશ્ય વસ્તુઓ જેવી કે અનાજ, કાપડ, યંત્રો, દવાઓ, રસાયણો વિ.ની આયાત - નિકાસને પરિણામે જે ચૂકવણીનો પ્રશ્ન ઊભો થાય છે તેને માટે વ્યવસ્થિત હિસાબ તૈયાર કરવો પડે છે. આ પ્રકારની વ્યવસ્થામાંથી વ્યાપારતુલા* (Balance of Trade) *ના ખ્યાલનો જન્મ થયો છે.*

*"કોઈ એક વર્ષના ગાળા દરમિયાન કોઈ એક દેશની દૃશ્ય વસ્તુઓની કુલ આયાત-નિકાસને કારણે કરવામાં આવતી નાણાકીય લેવડ-દેવડના હિસાબને દેશની વેપારતુલા કહેવાય છે."*

*વેપારતુલામાં અદૃશ્ય કે અભૌતિક સેવાઓની દેશ દ્વારા કરવામાં આવતી આયાત-નિકાસ ગણતરીમાં લેવાતી નથી. વેપારતુલામાં સમાવિષ્ટ ભૌતિક કે દૃશ્ય વસ્તુની આયાત-નિકાસની નોંધ કસ્ટમ પત્રકમાં કરવામાં આવે છે.*

*સામાન્ય રીતે દૃશ્ય આયાત-નિકાસનું નાણાકીય મૂલ્ય હંમેશા એક સરખુ હોતુ નથી. પરંતુ તેમાં વધઘટ જોવા મળે છે. તેથી વ્યાપારતુલાના સ્વરૂપને આધારે તેના ત્રણ પ્રકારો પાડવામાં આવે છે.*

(1) *સમતોલ વ્યાપાર તુલા*
(2) *પ્રતિકૂળ વ્યાપાર તુલા*
(3) *સાનુકૂળ વ્યાપાર તુલા*

#### 12.3.1.1 વેપારતુલાના પ્રકારો :

(1) *સમલોત વ્યાપાર તુલા : જ્યારે કોઈ એક દેશની દૃશ્ય વસ્તુઓની નિકાસનું નાણાકીય મૂલ્ય અને દૃશ્ય વસ્તુઓની આયાતનું નાણાકીય મૂલ્ય એકસરખું થતું હોય ત્યારે તેને સમતોલ વ્યાપારતુલા કહેવામાં આવે છે.*

(2) *પ્રતિકૂળ વ્યાપાર તુલા : જ્યારે કોઈ એક દેશની દૃશ્ય વસ્તુઓની નિકાસોના નાણાકીય મૂલ્ય કરતા દૃશ્ય વસ્તુઓની આયાતોનું નાણાકીય મૂલ્ય વધી જતુ હોય ત્યારે તેને પ્રતિકૂળ વ્યાપાર તુલા કહેવામાં આવે છે.*

(3) *સાનુકૂળ વ્યાપારતુલા : જ્યારે કોઈ એક દેશની દૃશ્ય વસ્તુઓની નિકાસોનું નાણાકીય મૂલ્ય દૃશ્ય વસ્તુઓની આયાતોના મૂલ્ય કરતાં વધી જતું હોય ત્યારે તેને સાનુકૂળ વ્યાપારતુલા કહેવામાં આવે છે.*

*વેપારતુલામાં કોઈ પેટા ખાતાં હોતાં નથી કારણ કે તેમાં માત્ર દૃશ્ય વસ્તુની આયાત અને નિકાસનો જ સમાવેશ થાય છે. કોઈપણ દેશની વેપારતુલાની અનુકૂળતા કે પ્રતિકૂળતા દેશની આર્થિક સ્થિતિનું સંપૂર્ણ ચિત્ર રજુ કરી શકતું નથી. આયાતો અને નિકાસો પ્રવાહ* (Flow) *છે તે સતત ચાલુ રહે છે. તેથી તેનો ચોક્કસ હિસાબ મેળવી શકાય તે માટે સામાન્ય રીતે એક વર્ષને અનુલક્ષીને લેણદેણતુલા તૈયાર કરવામાં આવે છે. જો કે લેણદેણ તુલાની પરિસ્થિતિનો સામયિક* (Periodic) *ચિતાર મેળવવા માટે ત્રિમાસિક, છ માસિક, નવ માસિક વગેરે રીતે હિસાબો તૈયાર કરવામાં આવે છે. વેપારતુલામાં આયાતી ખર્ચ અને નિકાસ કમાણીનો હિસાબ દ્વિનોંધી હિસાબી પધ્ધતિ અનુસાર રાખવામાં આવે છે. તેથી લેણદેણતુલાને જમા અને ઉધાર બે બાજુઓ હોય છે. હિસાબી દૃષ્ટિએ આ બંને બાજુઓ હંમેશાં એકસરખી થાય છે. તેથી હિસાબી દૃષ્ટિએ લેણદેણતુલા હંમેશાં સમતુલામાં હોય છે.*

### 12.3.2 લેણદેણની તુલાનો અર્થ :

*વ્યક્તિ કે પેઢીને જેમ લેવડ-દેવડનું સરવૈયું હોય છે તેમ સમગ્ર દેશને પણ લેવડ-દેવડનું સરવૈયું હોય છે. આ પ્રકારના આંતરરાષ્ટ્રીય લેવડ-દેવડના સરવૈયાને આંતરરાષ્ટ્રીય લેણદેણની તુલા તરીકે ઓળખવામાં આવે છે. આર્થિક લેવડ-દેવડ માં વિનિમય મૂલ્ય ધરાવતી વસ્તુઓ, સેવાઓ કે અકસ્માતોનો સમાવેશ થાય છે. દેશ-વિદેશ વચ્ચે સ્વીકારાતી ભેટોનો પણ આર્થિક લેવડ-દેવડમાં સમાવેશ થાય છે. લેણદેણની વ્યાખ્યા નીચે મુજબ છે :*

*"કોઈપણ દેશના નાગરિકોને અન્ય દેશોના નાગરિક દ્વારા નિશ્ચિત સમય દરમિયાન પ્રાપ્ત થતી આવક અને કરવી પડતી ચૂકવણીઓની વિગતવાર નોંધ એટલે 'લેણ દેણ તુલા' "એક આર્થિક એકમ (દેશ) નો દુનિયાના અન્ય ભાગો સાથે થતા બધા જ વ્યવહારો* (transactions) *નો સંપૂર્ણ હિસાબ એટલે લેણદેણ તુલા "*

*આ વ્યાખ્યાઓ પરથી એ હકીકત સ્પષ્ટ બને છે કે વ્યાપારતુલામાં માત્ર દૃશ્ય વસ્તુઓની આયાત-નિકાસને જ ગણતરીમાં લેવામાં આવે છે. તેનો ખ્યાલ અતિસંકુચિત અને વિદેશી વેપારના અધૂરા ચિત્રને રજુ કરે છે. લેણદેણની તુલાના કેટલાંક લક્ષણો નીચે પ્રમાણે છે :*

(1) *લેણદેણની તુલાએ દશ્ય અને અદશ્ય વસ્તુઓની આયાત નિકાસનો હિસાબ રજૂ કરે છે.*

(2) *લેણદેણની તુલામાં રજૂ કરવામાં આવતો હિસાબ એક વર્ષની મુદતનો હોય છે.*

(3) *લેણદેણની તુલામાં લખવામાં આવતો હિસાબ સ્થાનિક ચલણમાં ગણવામાં આવે છે. પરંતુ નિકાસને પરિણામે થતી આવક અને આયાતને પરિણામે કરવી પડતી ચૂકવણી હંમેશા વિદેશી ચલણમાં થતી હોય છે.*

(4) *લેણદેણની તુલા એ કોઈ એક દેશ અને દુનિયાના બાકીના દેશો વચ્ચે થતી તમામ પ્રકારની લેવડ દેવડનો હિસાબ છે. તેથી તે વ્યાપક અને પૂર્ણ ખ્યાલ છે.*

(5) *લેણદેણની તુલા ચાલુખાંતુ અને મૂડીખાતું એમ બે વિભાગમાં તૈયાર કરવામાં આવે છે.*

(6) *લેણદેણની તુલા દેશના આર્થિક જીવનના વિભિન્ન પાસાંઓ પર પ્રકાશ ફેંકે છે. આથી તેના દ્વારા આપણને દેશની આર્થિક સ્થિતિનો સાચો ખ્યાલ આવી શકે છે.*

(7) *લેણદેણની તુલા હંમેશા સમતુલામાં હોય છે. જો કે આ સમતુલા માત્ર હિસાબી સમતુલા હોય છે. વાસ્તવિક સમતુલા હોતી નથી.*

(8) *આંતરરાષ્ટ્રીય લેવડદેવડમાં વસ્તુ કે સેવાની આંતરાષ્ટ્રીય હેરફેર અનિવાર્ય નથી.*

(9) *નાગરિકોમાં વ્યક્તિઓ ઉપરાંત સંસ્થાઓ, પેઢીઓ અને સરકારનો સમાવેશ થાય છે. પરંતુ વિશ્વબેંક,* I.M.F *(ઈન્ટરનેશનલ મોનીટરી ફંડ) જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થામાં કામ કરતી વ્યક્તિઓ તમામ દેશો માટે વિદેશી નાગરિકો ગણાય છે.*

(10) *દેશની લેણદેણની તુલાના ચાલુ ખાતામાં ખાદ્ય કે પુરાંત હોય તો મૂડીખાતા અને છેવટે અનામત ખાતાના વ્યવહારો દ્વારા તે પૂરવામાં આવે છે.*

*કોઈપણ દેશની લેણદેણની તુલાની અનુકૂળતા કે પ્રતિકૂળતા દેશની આર્થિક સ્થિતિનું સંપૂર્ણ, સ્પષ્ટ અને વાસ્તવિક ચિત્ર રજૂ કરે છે. કારણ કે તેમાં તમામ પ્રકારની આંતરરાષ્ટ્રીય ચૂકવણીઓનો સમાવેશ થઈ જાય છે. લેણદેણની તુલા પરથી દેશની આર્થિક સમૃધ્ધિનો ખ્યાલ આવી શકે છે. કોઈપણ દેશની લેણદેણની તુલામાં મૂળભૂત અસમતુલા હોય તો તેના સમાયોજન માટે યોગ્ય નીતિવિષયક પગલાં લેવા જરૂરી છે.*

### 12.3.3 ભારતની લેણદેણની તુલાની ખાધ : (Deficit in Balance of Payment) અથવા અસમતુલા :

*હિસાબી દષ્ટિએ લેણદેણની તુલા હંમેશા સમતોલ હોય છે. ચાલુખાતુ, મૂડીખાતુ અને અનામત ખાતુ આ ત્રણે ખાતાની આવકોનો સરવાળો હંમેશા જાવકોના સરવાળા બરાબર હોય છે.*

હિસાબી દૃષ્ટિએ લેણદેણની તુલા હંમેશા સમતોલ હોય છે. ચાલુખાતુ, મૂડીખાતુ અને અનામત ખાતુ આ ત્રણે ખાતાની આવકોનો સરવાળો હંમેશા જાવકોના સરવાળા બરાબર હોય છે.

B = લેણદેણની તુલા

Ri = વિદેશીઓ તરફથી મળતી આવક

Pi = વિદેશીઓને થતી ચૂકવણીઓ

B = Ri - Pi

જો B = Ri - Pi = O હોય તો લેણદેણની તુલા સમતોલ હોય છે.

જો B = Ri - Pi = O થી વધુ કે ધન હોય તો ચૂકવણીઓની સરખામણીમાં આવક વધુ હોય છે. તેથી લેણદેણની તુલા 'પુરાંત' દર્શાવે છે. અને તે અનુકૂળ (Favourable) કહેવાય છે.

જો B = Ri - Pi = શૂન્ય થી ઓછી કે ઋણ હોય તો આવકની સરખામણીમાં ચૂકવણીઓ વધુ હોય છે અને તેથી લેણદેણની તુલા 'ખાધ' દર્શાવે છે અને તે પ્રતિકૂળ (Unfavourable) કહેવાય છે.

**12.3.1.1 લેણદેણની તુલાના પ્રકાર :**

*વાસ્તવમાં ચાલુ ખાતાની લેણદેણની તુલા ત્રણ પ્રકારની જોવા મળે છે :*

**(1) પુરાંતવાળી લેણદેણની તુલા**
**(2) સમતુલિત લેણદેણની તુલા અને**
**(3) ખાધવાળી લેણદેણની તુલા**

**(1) પુરાંતવાળી લેણદેણની તુલા :** *જો દેશની સ્વાયત્ત વિગતોની આવક, તેની જાવક કરતાં વધુ હોય તો પુરાંતવાળી લેણદેણની તુલા કહેવાય. જ્યારે ચાલુખાતાની અને મૂડીખાતાની સંયુક્ત કુલ આવકો ચાલુખાતાની અને મૂડી ખાતાની સંયુક્ત કુલ ચૂકવણીઓ કરતાં વધારે હોય ત્યારે તેને પુરાંતવાળી લેણદેણની તુલા તરીકે ઓળખવામાં આવે છે. લેણદેણની તુલાની આ સ્થિતિને વિદેશી વેપારની આદર્શ સ્થિતિ ગણવામાં આવે છે.*

**(2) સમતુલિત લેણદેણની તુલા :** *જો દેશની સ્વાયત વિગતોની આવક જાવક સરખી હોય તો સમતોલ લેણદેણની તુલા ગણાય. ચાલુ ખાતાની અને મૂડીખાતાની સંયુક્ત કુલ આવકો તેમજ ચાલુ ખાતાની અને મૂડીખાતાની સંયુક્ત કુલ ચૂકવણીઓ બંન્ને સરખા હોય ત્યારે તેને સમતુલિત લેણદેણની તુલા તરીકે ઓળખવામાં આવે છે. લેણદેણની તુલાની આ સ્થિતિ દેશના વિદેશી વેપારની મધ્યમકક્ષાની સ્થિતિનો નિર્દેશ કરે છે.*

**(3) ખાધવાળી લેણદેણની તુલા :** *જો દેશની સ્વાયત્ત વિગતોની આવક, તેની જાવક કરતાં ઓછી હોય તો ખાધવાળી અથવા પ્રતિકૂળ લેણદેણની તુલા કહેવાય. જ્યારે ચાલુખાતાની અને મૂડીખાતાની સંયુક્ત કુલ આવકો કરતા ચાલુ ખાતાની અને મૂડીખાતાની સંયુક્ત કુલ ચૂકવણીઓનું પ્રમાણ વધારે હોય ત્યારે તેને ખાધવાળી લેણદેણની તુલા તરીકે ઓળખવામાં આવે છે. લેણદેણની તુલાની આ ખાધવાળી સ્થિતિ વિદેશી વેપારની નબળી*

*સ્થિતિનો નિર્દેશ કરે છે. 1951 થી માંડીને 2009-10 સુધીમાં અપવાદરૂપ વર્ષોને બાદ કરતાં ચાલુખાતાની લેણદેણની તુલાની ખાધમાં સતત વધારો થયો છે. તેથી પ્રથમ યોજનાની ખાધ રૂા. 42 કરોડ હતી જે આજે અગિયારમી યોજનામાં 2009-10 માં 1,80,626 કરોડની થઈ છે. આમ, આપણા વિદેશી વેપારમાં જરૂર એવો વધારો થયો છે. પરંતુ તે સાથે અદૃશ્ય પુરાંતોની મદદ પછી પણ આયાત અને નિકાસ વચ્ચેનું સમતુલન સ્થાપિત થવું જોઈએ તે સ્થાપિત કરવામાં આજસુધી સફળતા મળી નથી. અર્થાત આપણી આયાતો હંમેશાં નિકાસો કરતાં વધુ રહેવા પામી છે અને આ ખાધને પૂરવામાં આપણી અદૃશ્ય પુરાંતો પણ ટૂંકી પૂરવાર થઈ છે. આ પ્રતિકૂળ લેણની તુલા એ આપણા આર્થિક વિકાસની નબળાઈનું પ્રતીક છે. આપણે નક્કર આર્થિક વિકાસ દ્વારા રાષ્ટ્રને ઝડપથી સમૃધ્ધ કરીને 21મી સદીના બે દસકાને અંતે વિકસિત રાષ્ટ્રોની હરોળમાં મૂકવા માંગતા હોઈએ તો એક બાજુએ આપણા આયાત નિકાસના ફાંસલાને કાપવો પડશે અને તે માટે આયાતોને વિવેકપૂર્ણ સંયમ મુક્ત બનાવવી પડશે અને નિકાસોને નક્કર પ્રોત્સાહનો પૂરા પાડીને ઉત્પાદકોમાં "નિકાસ વધારો અગર નાશ પામો"ની ભાવનાનું ઉદ્દીપન કરવું પડશે તો બીજી બાજુએ વિદેશી પર્યટન, પરિવહન વીમો અને સોફ્ટવેર સ્કીલ જેવી અદૃશ્ય નિકાસોના વધારા દ્વારા વધુમાં વધુ વિદેશી હુંડિયામણની કમાણી કરીને આપણી અદૃશ્ય પુરાંતોમાં ખૂબ ઝડપથી સાતત્યયુક્ત વધારો પેદા કરવો પડશે. આમ થશે ત્યારે જ આપણી વિદેશી વેપારની ચાલુ ખાતાની લેણદેણની તુલા કે જે અત્યાર સુધી પ્રતિકુળ (ખાધવાળી) રહી છે તેને સાનુકુળ (પુરાંતવાળી) બનાવી શકીશું અને એ ત્યારે શક્ય બનશે કે જ્યારે આ રાષ્ટ્રને વિકાસ સાધતા દેશમાંથી વિકસિત દેશમાં પરિવર્તિત કરવાનું આપણું વર્ષો જૂનું સ્વપ્ન સાકાર કરી શકીશું.*

| | આવક (જમા) | જાવક (ઉધાર) |
|---|---|---|
| (1) | વસ્તુ અને સેવાની નિકાસ : | વસ્તુ અને સેવાની આયાત : |
| (2) | દેશમાં વિદેશોએ કરેલું લાંબાગાળાનું રોકાણ | વિદેશોમાં આ દેશોએ કરેલું લાંબાગાળાનુ રોકાણ |
| (3) | વિદેશમાંથી આવતું ટૂંકાગાળાનું નાણાકીય ભંડોળ | વિદેશોમાં જતું ટૂંકાગાળાનું નાણાંકીય ભંડોળ |
| (4) | સોનાનું વેંચાણ | સોનાની ખરીદી |
| (5) | વિદેશમાંથી આ દેશને મળતી ભેંટ, વળતર, યુધ્ધ દંડ કે ગ્રાંટ જેવી એકપક્ષીય આવક | આ દેશે બીજા દેશને ભેટ, વળતર, ગ્રાંટ કે યુધ્ધ દંડ પેટે એકપક્ષીય ચૂકવેલી રકમ |
| (6) | આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળમાંથી કરેલ ઉપાડ | આંતરાષ્ટ્રીય નાણાંભંડોળમાં ચૂકવેલ રકમ |
| (7) | ભૂલચૂક | ભૂલચૂક |

આ ઉપરાંત વધઘટ અને અનામતમાં ફેરફારની વિગત પણ અંતમાં દર્શાવાય છે. લેણદેણની તુલાની બંન્ને બાજુનો સરવાળો હંમેશા એક સરખો આવે છે.

**12.3.4 લેણદેણની અસમતુલાનાં કારણો :**

લેણદેણની તુલામાં સ્વાયત વિદેશી આવકોની સરખામણીમાં સ્વાયત્ત વિદેશી ચૂકવણીઓં વધુ હોય તો બંનેના તફાવતને ‘લેણદેણની તુલાની ખાધ’ કહેવામાં આવે છે. લાંબા સમય સુધી કોઈ એક દેશની લેણદેણની તુલાની અસમતુલા પુરાંત સ્વરૂપે હોય તો પણ ઈચ્છનીય નથી. કારણ કે કોઈ એક દેશની લેણદેણની તુલાની પુરાંત અન્ય કોઈ દેશની લેણદેણની તુલાની ખાધનો નિર્દેશ કરે છે.

લેણદેણતુલા ખાધયુક્ત (deficit) અમસતોલ (Unbalanced) કે પ્રતિકૂળ (Unfavourable) છે તેમ કહેવામાં આવે છે આવી ખાધ શા માટે ઉદ્ભવે છે તે માટે એક કે એકથી વધુ કારણો જવાબદાર હોઈ શકે છે. આ સમતુલા માટે જવાબદાર કારણો નીચે મુજબ ગણાવી શકાય :

**(1) ભાવસપાટી અને આવક :** સપાટીના સાપેક્ષ ફેરફારો લેણદેણ તુલામાં ખાદ્ય સર્જી શકે છે. જો અન્ય દેશોમાં મંદી હોય તો ત્યાં ભાવસપાટી સાપેક્ષ રીતે ઓછી રહેશે, મંદીને લીધે તે દેશના લોકોની આવક પણ ઘટી ગઈ હશે, તેથી આવા દેશમાં થતી દેશની નિકાસો ઘટી જશે, જે લેણદેણ તુલાને પ્રતિકૂળ બનાવશે. ત્યાંના નાગરિકોને પોતાની વસ્તુઓ કરતાં આયાતી વસ્તુઓ સસ્તી જણાશે, એટલે આયાતી વસ્તુઓની માંગ વધશે. વળી, ફુગાવામાં લોકોની આવક વધતી હોવાને લીધે પણ આયાત વસ્તુઓની માંગ વધશે. આમ, આયાતો વધવાથી લેણદેણતુલામાં ખાધ પેદા થશે.

**(2) ઉત્પાદન ખર્ચ :** ઉત્પાદન ખર્ચ ભાવસપાટીનું નિર્ણાયક પરિબળ છે. ઉત્પાદન ખર્ચ વધવાથી નિકાસક વસ્તુઓના ભાવ વધે છે. તેને લીધે નિકાસો ઘટે છે અને લેણદેણની તુલામાં ખાધ પેદા થાય છે.

**(3) કુદરતી પરિબળો :** જ્યારે દેશમાં દુષ્કાળ, અતિવૃષ્ટિ, ધરતીકંપ, યુધ્ધ, પૂર કે વાવાઝોડાં જેવી કુદરતી આપત્તિ આવે છે ત્યારે દેશમાં એક બાજુ ઉત્પાદન ઘટે છે પરિણામે નિકાસો ઘટે છે., બીજી બાજુ આ આપત્તિને પહોંચી વળવા માટે મોટા પાયા પર આયાતો કરવી પડે છે. આથી લેણદેણની તુલા ખાધવાળી બને છે.

**(4) ફુગાવો :** જ્યારે દેશમાં ફુગાવો પ્રવર્તે છે, ત્યારે ભાવસપાટી વધતી હોવાથી, દેશની નિકાસો મોંઘી અને આયાતો સસ્તી બને છે. આથી નિકાસો ઘટવાનું અને આયાતો વધવાનું વલણ સર્જાય છે. જે લેણદેણની તુલા ખાધવાળી બનાવે છે.

**(5) વસ્તી વધારો :** દેશના આર્થિક વિકાસના પ્રમાણમાં વસ્તી ઝડપથી વધતી હોય ત્યારે લોકોની આંતરિક માંગને પહોંચી વળવા વધુ પ્રમાણમાં અનાજ તથા જીવનજરૂરી ચીજો આયાત કરવી પડે છે તથા નિકાસો કરવાની શક્તિ ઘટે છે. આથી લેણદેણની તુલામાં ખાધ ઉદ્ભવે છે.

**(6) મૂડીની નાસભાગ :** જ્યારે કોઈ દેશમાં રાજકીય કે આર્થિક અરાજકતા વ્યાપક બને છે ત્યારે મૂડીરોકાણ ઉપર વિપરીત અસર પડે છે, વિદેશી મૂડીની નાસભાગ શરૂ થાય છે, નવી મૂડી આવતા અચકાય છે, આથી લેણદેણની તુલા ખાધવાળી બને છે.

**(7) દેખાદેખીની અસર :** *વિકસતા જતા દેશોમાં વિકસિત દેશોના લોકોના સંપર્કને લીધે દેખાદેખીની અસર થી વપરાશની ટેવ બદલાય છે. આથી વિકસિત દેશોની વસ્તુનો આગ્રહ વિકસિત દેશોના ધનવાનો માં વધતાં આયાતો વધે છે. આવી મોજશોખની વસ્તુની આયાતો ઉપર જો અંકુશ મૂકવામાં આવે તો દાણચોરી દ્વારા આયાતો થાય છે. પરિણામે લેણદેણની તુલા ખાધવાળી જોવા મળે છે.*

**(8) હરીફાઈ અને ઉત્પાદકતા :** *આજે ઘણા વિકાસશીલ દેશોની નિકાસની પ્રાથમિક વસ્તુની અવેજીમાં વિકસિત દેશો દ્વારા નવી વસ્તુ શોધવામાં આવતી હોવાથી, તથા વિકસિત દેશો અદ્યતન ટેકનોલોજીથી સસ્તી વસ્તુ બનાવતા હોવાથી વિકસતા દેશોની આયાત ઉપર વિપરીત અસર થઈ લેણદેણની તુલા ખાધવાળી બને છે. દા.ત. ભારતની વર્તમાન લેણદેણની તુલાની ખાદ્યમાં ખનીજતેલ અન ેસોનાની આયાતનો નોંધપાત્ર હિસ્સો છે. દેશના ચલણનું અધિમૂલ્યાંકન પણ લેણદેણ તુલાની ખાધનું કારણ બની શકે છે. કેમ કે ચલણના અધિમૂલ્યાંકનને લીધે આયાતો સસ્તી અને નિકાસો મોંઘી પુરવાર થાય છે. તેથી આયાતો વધે છે જ્યારે નિકાસો ઘટે છે.*

*જો દેશમાંથી મૂડીનું બહિર્ગમન થાય તો પણ લેણદેણતુલામાં ખાધ પેદા થશે. વિદેશી મૂડીને દેશમાં ઓછું વળતર મળતું હોય, કાયદો અને વ્યવસ્થાનું વાતાવરણ બરાબર ન હોય, વિદેશી મૂડી પર અનેક નિયંત્રણો હોય કે વિદેશો સાથેના સંબંધમાં ઓટ આવી હોય વગેરે કારણોને લીધે વિદેશી મૂડી દેશમાંથી ઓછી થતી જશે, જે લેણદેણતુલાની ખાધનું કારણ બનશે.*

### 12.3.5 પ્રતિકૂળ લેણદેણની તુલાને સુધારવા માટે સરકારે લીધેલાં પગલાં - ઉપાયો : (Measures to correst Unfavourable balance of payment)

*આપણા દેશમાં આયોજનના પ્રારંભકાળથી જ લેણદેણની તુલા અપવાદરૂપ પરિસ્થિતને બાદ કરતા સતત પ્રતિકૂળ (ખાધયુક્ત) જ રહી છે. આપણી સરકારે લેણદેણની તુલાને અનુકૂળ બનાવવા માટે અનેકવિધ પગલાંઓ ઉપાયો ભર્યા છે.*

**(1) ભાવ-પરિવર્તન દ્વારા :** *ભાવ પરિવર્તન દ્વારા સુવર્ણ ધોરણમાં લેણદેણની ખાધ આપોઆપ સમતોલ બને છે. જે દેશની લેણદેણની તુલા ખાધવાળી હશે તે દેશમાંથી સોનાની નિકાસ થશે, આથી એટલા પ્રમાણમાં નાણાંનું સંકોચન થશે. આથી ભાવ ઘટે છે. અન્ય દેશોને આ દેશની વસ્તુ સસ્તી પડતાં નિકાસો વધવાનું અને આયાતો ઘટવાનું વલણ સર્જાયછે. અને લાંબાગાળે લેણદેણની તુલા સમતોલ બને છે.*

*આજે વિશ્વમાં ક્યાંય સુવર્ણધોરણની વ્યવસ્થા પ્રવર્તતી નહીં હોવાથી આ ખ્યાલ અવાસ્તવિક છે. આ માર્ગ ભાવ, ખર્ચ, ઉત્પાદન માળખાની સંપૂર્ણ પરિવર્તનશીલતા ઉપર આધારિત હોવાથી અવ્યવહારુ છે.*

**(2) વિદેશી સહાય :** *આપણે તાત્કાલિક સમાધાન કરવા માટે પ્રત્યેક યોજનામાં વિશ્વના*

*અન્ય દેશોની સરકારો પાસેથી ઋણ લઈને લેણદેણની તુલાની ખાધને પુરવા માટે પ્રયત્ન કર્યા છે. આમ, લેણદેણની તુલાને તાત્કાલિક નિવારવા આપણે સતત વિદેશી ઋણ નો ઉપયોગ કરીએ છીએ. તાત્કાલિક રાહત થાય તે હેતુથી આપણે વિદેશમાંથી ઋણ લઈએ છીએ પરંતુ લેણદેણની તુલાની ખાધને પૂરવાનો આ સાચો અને અંતિમ ઉપાય નથી કારણ કે,*

I. *આ માર્ગે મળે વેલા નાણાં લેણદેણની તુલાની ખાધની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં મદદરૂપ બનતાં નથી. પરંતુ જે તે સમયે ક્ષણિક રાહત આપે છે.*
II. *આ રીતે વિદેશમાંથી મેળવેલ સહાયની ઉધારી લાંબે ગાળે આપણી જવાબદારીઓ ખૂબ જ વધારો કરી દે છે.*
III. *વિદેશી સહાયદ્વારા લેણદેણની તુલાની ખાધમાં તાત્કાલિક રાહત જરૂર થાય છે. પરંતુ તેની સાથે સાથે આપણું અન્ય દેશો પરનું પરાવલંબન સતત વધતું રહે છે, જે રાષ્ટ્રગૌરવ યુક્ત વિકાસમાં આડખીલીરૂપ બને છે.*

*લેણદેણની તુલાની ખાધ પરવાની વ્યવસ્થા પ્રશ્નના મૂળમાં ઘા કરવાને બદલે માત્ર ડાળીઓ કાપવાનું કાર્ય જ કરે છે. પ્રશ્નના મૂળમાં જ ઘા કરીને અંતિમ અને સાચી અસર ઉપજાવનારા ઉપાયોનો સહારો લેવો એ જ સાચો માર્ગ છે. હવે આપણે આ દિશામાં સરકારી પ્રયાસોને તપાસીએ.*

**(3) અંતિમ અને સાચી અસર પેદા કરનારા ઉપાયો :** *રિઝર્વ બેંકના ગર્વનર કહે છે કે "વિદેશી સહાય કે નાણાંકીય સંસ્થાઓ પાસેથી ઋણ મેળવીને લેણદેણની ખાધ પૂરવી એ સાચો માર્ગ નથી. આપણે વિદેશી વેપારની નીતિમાં એવું પરિવર્તન લાવવાની જરૂર છે કે જેથી ચાલુખાતાની ખાધ સમાપ્ત થઈ જાય. લેણદેણની તુલાની ખાધની સમસ્યાને હલ કરવા માટે ટૂંકા ગાળાના ઉપાયોને બદલે લાંબાની હકારાત્મક નીતિ અપનાવવી જોઈએ."*

**(4) આયાત અવેજીકરણ :** *વિકસિત દેશોએ ખાધનો પ્રશ્ન કાયમી ધોરણે ઉકેલવા આયાત અવેજીકરણનો માર્ગ અપનાવ્યો છે. વિકાસનો ભોગ આપ્યા વગર લાંબાગાળે આયાતો ઉપરનું અવલંબન ઘટાડવા આયાત અવેજીકરણના એકમો સ્થાપવા પ્રોત્સાહનો આપ્યાં છે. ભારતે પણ વૈશ્વિક હરીફાઈમાં ટકી રહેવા તેમજ લેણદેણની તુલાની ખાધ નિવારવા આયાત ઉદારીકરણ દ્વારા નિકાસ ક્ષમતા વધારી, નિકાસ વધારવાનો માર્ગ અપનાવ્યો છે.*

**(5) વિકાસ ઉત્તેજન (પ્રોત્સાહન) :** *નિકાસોને સબસીડી આપવાનું પગલું ગુણાત્મક અને પસંદકીયુક્ત પગલું છે. જે વસ્તુનો સ્થાનિક પુરવઠો અથવા જે વસ્તુ માટેની વિદેશી માંગ વધારે મૂલ્ય સાપેક્ષ હોય તો જ નિકાસ સબસીડી દ્વારા નિકાસ વધારી શકાય છે. ઉદ્યોગોનું ઉત્પાદન 100% નિકાસ માટે કરવા, આયાતોમાં મુક્તિ અપાય છે. વૈશ્વિક સ્પર્ધામાં નિકાસ વસ્તુની ગુણવત્તા અને કિંમતનું પરિબળ મહત્વનું હોવાથી માત્ર સહાય આપવાથી સફળતા મળવી મુશ્કેલ છે. ભારતે 1991 ની નવી આર્થિક નીતિબાદ નિકાસ વૃધ્ધિ દ્વારા લેણદેણની તુલાની ખાધ ઘટાડવા પ્રયત્ન કર્યો છે.*

**(6) વેતન અને ભાવમાળખું :** *ઘણીવાર સહકાર લેણદેણની તુલામાં સમતુલા લાવવા વેતન અને ભાવ સ્થિરતાની નીતિ અપનાવે છે.*

**(7) ઉત્પાદન વૃધ્ધિ :** *ખાધવાળા દેશ આંતરિક બચતો એકત્રિત કરીને અથવા વિદેશી મૂડી પ્રાપ્ત કરીને ઉત્પાદન વૃધ્ધિ દ્વારા નિકાસો વધારવા અને આયાતો ઘટાડવા પ્રયત્ન કરે છે. ભારતમાં વિદેશી મૂડીરોકાણ કારોને વિવિધ પ્રોત્સાહન આપી, તથા વેપાર પરના બિનજરૂરી નિયંત્રણો ઘટાડી ખાધ દૂર કરવા પ્રયાસ થઈ રહ્યો છે.*

**(8) અવમૂલ્યન :** *જ્યારે કોઈ દેશની લેણદેણની તુલામાં મૂળભૂત ખાધ હોય ત્યારે પોતાના ચલણનું અવમૂલ્યન કરવાનો માર્ગ અપનાવે છે. અવમૂલ્યન નો માર્ગ અપનાવવા નીચેની શરતોનું પાલન થવું જોઈએ.*

- *આયાત અને નિકાસ વસ્તુની માંગ મૂલ્યસાપેક્ષ હોવા જોઈએ.*
- *અવમૂલ્યન કર્યાબાદ ભાવસ્થિરિતા જળવાવી જોઈએ.*
- *અવમૂલ્યન હરીફાઈયુક્ત ન હોવું જોઈએ.*
- *અવમૂલ્યનથી ઘટેલી આયાતો પચાવવાની અર્થતંત્રની તાકાત હોવી જોઈએ.*
- *વિદેશના આયાત કરતા દેશોની આવકની સપાટીમાં સુધારો હોવો જોઈએ.*

*અવમૂલ્યનું શસ્ત્ર અંતિમ ઉપાય તરીકે વાપરવું જોઈએ.*

**(9) અન્ય :** *વર્તમાનમાં વ્યાપક વૈશ્વિકરણ થયેલુ ં હોવાથી લેણદેણની તુલાની ખાધ નિવારવા વિકસતા દેશોએ લાંબાગાળામાં વિદેશી રોકાણને આકર્ષવા ઈન્ફ્રાસ્ટકચર તૈયાર કરવા ઉપર ભાર મૂકવાની જરૂર છે. વિશ્વની બદલાતી જરૂરિયાતો પ્રમાણે દેશમાં તેનું ઉત્પાદન વધારી શકાય તો જ નિકાસ દ્વારા લેણદેણની અસમતુલા ઘટાડી શકાય.*

## 12.4 સ્વાધ્યાય

**બહુવૈકલ્પિક પ્રશ્નો (M.C.Q.) :**

*નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ક્રમાંક નંબર સહિત જવાબ લખો.*

**(1) પ્રાચીનયુગમાં ભારતમાં નિકાસોના બદલામાં કઈ વસ્તુઓ આવતી હતી.**

(1) *સોનું - ચાંદી* (2) *કાપડ*

(3) *અનાજ* (4) *તેજાના*

**(2) નીચેના માંથી કોને ઉત્પાદન વૃધ્ધિ માટેની ગુરૂચાવી ગણવામાં આવે છે.**

(1) *શ્રમ પુરવઠો* (2) *શ્રમ વિભાજન*

(3) *મૂડીગત વસ્તુઓ* (4) *પરંપરાગત યંત્ર સામગ્રી*

**(3) 1990 ના દાયકાથી વિશ્વમાં આવેલા જબરદસ્ત આર્થિક પરિવર્તનો કયા નામે ઓળખાય છે ?**

(1) *ઉદારીકરણના નામે* (2) *વૈશ્વવિકરણના નામે*

(3) *ખાનગીકરણના નામે* (4) *ઔદ્યોગિકરણના નામે*

**(4) ભારતની વિદેશી વેપારનીતિ હાલ :**

(1) *આંતરમુખી છે* (2) *બહિર્મુખી છે*

(3) *બંને છે*

**(5) પેટ્રોલિયમ પેદાશોની નિકાસ કરતાં દેશોમાં નીચેના માંથી કયા દેશનો સમાવેશ થાય છે ?**

(1) *ઈરાકનો* (2) *કુવૈતનો*

(3) *સાઉદી અરેબિયાનો* (4) *ઉપરોક્ત ત્રણેયનો*

**(6) આપણા દેશની લેણદેણની તુલા હંમેશા કેવી રહેવા પામી છે ?**

(1) *સાનુકૂળ* (2) *સમતોલ*

(3) *પ્રતિકૂળ* (4) *અનુકૂળ*

**(7) વિદેશી ચલણના સંદર્ભમાં રૂપિયાના મૂલ્યમાં ઘટાડાને નીચેનામાંથી શું કહેવામાં આવે ?**

(1) *રૂપિયાની ઘસાવાની પ્રક્રિયા* (2) *રૂપિયાનું અવમુલ્યન*

(3) *રૂપિયાની ધોવાણની પ્રક્રિયા* (4) *ઉપરોક્ત ત્રણેય*

**(8) દશ્ય વસ્તુઓની આયાત કિંમત કરતા નિકાસ કિંમત વધારે થતી હોય તો તેને કેવી વ્યાપાર તુલા કહેવાય ?**

(1) *બિનઅનુકૂળ વ્યાપાર તુલા* (2) *અનુકૂળ વ્યાપાર તુલા*

(3) *સમતોલ વ્યાપાર તુલા* (4) *પ્રતિકૂળ વ્યાપાર તુલા*

**(9) દેશની હદ ઓળંગતા નંખાતો કર કયો છે ?**

(1) *આવકવેરો* (2) *આયાત જકાત*

(3) *કોર્પોરેશન વેરો* (4) *આબકારી જકાત*

**(10) ભારતમાં નીચેની કઈ વસ્તુની આયાત પાછળ સૌથી વધુ સબસીડીનું ખર્ચ સરકાર ભોગવે છે ?**

(1) *પેટ્રોલિયમ* (2) *ખાતર*

(3) *સિમેન્ટ* (4) *મોટરકાર*

**❖ ઉપરોક્ત બહુ વૈકલ્પિક પ્રશ્નોના જવાબો :**

(1) (1) *સોનું ચાંદી*

(2) (2) *શ્રમવિભાજન*

(3) (2) *વૈશ્વિકરણના નામે*

(4) (2) *બહિર્મુખી*

(5) (4) *ઉપરોક્ત ત્રણેયનો*

(6) (3) *પ્રતિકુળ*

(7) (4) *ઉપરોક્ત ત્રણેય*

(8) (2) *અનુકૂળ વ્યાપાર તુલા*

(9) (2) *આયાત જકાત*

(10) (1) *પેટ્રોલિયમ*

## ❖ ટૂંકોત્તરી પ્રશ્નો :

(1) *આયાત વેપારની દિશામાં આવેલાં પરિવર્તનો સમજાવો.*
(2) *નિકાસ વેપારની દિશામાં આવેલાં પરિવર્તનો સમજાવો.*
(3) *વેપારતુલાનો અર્થ સ્પષ્ટ કરો.*
(4) *લેણદેણની તુલા એટલે શું ?*
(5) *વિદેશ વ્યાપાર નીતિની નબળી બાજુઓ સમજાવો.*
(6) WTO *(વિશ્વ વેપાર સંગઠન)ના ઉદ્‌ભવ અને વિકાસ સમજાવો.*
(7) *વિશ્વ વ્યાપાર સંગઠન સાથે જોડાવાથી થયેલા ફાયદા અને ગેરફાયદા ટૂંકમાં સમજાવો.*

## ❖ ટૂંકનોંધ લખો :

(1) *નિકાસ નીતિના ઉદ્દેશો*
(2) 2009-14*ની આયાત - નિકાસ નીતિ*
(3) *વેપાર તુલા*
(4) *લેણદેણની તુલા*
(5) *ભારતના વિદેશ વેપારના કદમાં આવેલાં પરિવર્તનો*

## ❖ સામાન્ય પ્રશ્નો - નિબંધાત્મક પ્રશ્નો

(1) *"ભારતની લેણદેણની તુલા મહ્‌દ અંશે પ્રતિકૂળ રહી છે" - આ વિધાનની ચર્ચા કરી.*
(2) *ભારતની પ્રતિકૂળ લેણદેણની તુલાની ભારતીય અર્થતંત્ર પરની અસરો વર્ણવો.*

એકમ 13

# ભારતની વેપાર નીતિ

: રૂપરેખા :

13.1 પ્રાસ્તાવિક

13.2 વેપારનીતિ (EXIM)

13.2.1 ભારતની વિદેશ વેપારનીતિ (EXIM)

13.2.1.1 ભારતની આયાત નીતિના હેતુઓ

13.2.2 ભારત સરકારની નિકાસ નીતિ

13.2.2.1 ભારત સરકારની નિકાસ નીતિના હેતુઓ

13.2.2.2 ભારત સરકારે નિકાસ નીતિ અંગે લીધેલાં પગલાં

13.2.3 વિદેશી વેપારનીતિના તાજેતરના પ્રવાહો

13.2.4 2009-14 ની વિદેશ વેપાર નીતિ

13.3 વિદેશ વેપારનીતિનું ટીકાત્મક મૂલ્યાંકન

13.4 W.T.O. (World Trade Organisation)

13.4.1 W.T.O નો ઉદ્ભવ અને વિકાસ

13.4.2 વિશ્વવેપાર સંગઠનના ઉદ્દેશો કે કાર્યો.

13.4.3 વિશ્વવેપાર સંગઠનના પ્રશ્નો

13.4.4 ભારતીય અર્થતંત્રના વિવિધ પાસાં પર વિશ્વ વેપાર સંગઠનની અસરો.

13.4.5 જિનિવા પરિષદમાં ભારતની સિધ્ધિઓ

13.4.6 વિશ્વ વેપાર સંગઠનનું મૂલ્યાંકન

13.4.6 સ્વાધ્યાય

## 13.1 પ્રાસ્તાવિક :-

*વિદેશી વ્યાપારથી બધાને સમાન લાભ થાય તેવું નથી કારણ કે કોને વિશેષ અથવા ઓછો લાભ પ્રાપ્ત થશે તેનો આધાર કોઈ એક દેશની વિકસિત અવસ્થાની કક્ષા વધારે છે કે ઓછી છે તેના પર રહેલો હોય છે. ભૂતકાલીન ઈતિહાસ પર દૃષ્ટિ કરતાં જાણવા મળે છે કે અલ્પવિકસિત રાષ્ટ્રોનું વિદેશી વ્યાપાર દ્વારા મન ફાવે તેમ શોષણ કરીને અલ્પવિકસિત દેશોને પારાવાર નુકશાન પહોંચાડયું છે. જેમાં શોષણનો ભોગ બનનાર એક ભારત દેશ પણ છે.*

*આંતર પ્રાદેશિક વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપારનો સૈધ્ધાંતિક પાયો સમાન છે છતાં દેશોના સાર્વભૌમત્વને કારણે આંતરરાષ્ટ્રીય વેપારમાં કેટલાક વિશિષ્ટ પ્રશ્નો ઊભા થાય છે. જેના વિશ્લેષણમાંથી અભ્યાસનું એક આગવું ક્ષેત્ર 'આંતરરાષ્ટ્રીય વેપારનું અર્થશાસ્ત્ર'* (International Economics) *વિકાસ પામ્યું છે. ભારતમાં વેપારનું આંતરરાષ્ટ્રીય બંધારણ સમજવા માટે તેની પૂર્વભૂમિકામાં આઝાદી પૂર્વે અને આઝાદી બાદ* 1951 *થી* 1990 *સુધીમાં વિદેશ વ્યાપાર પર થોડી નજર નાખવાનું તે જરૂરી બની રહે છે. વિદેશી વેપાર આર્થિક વિકાસ માટેનું અગત્યનું ઉદ્દીપક પરિબળ છે. તે દેશની ઉપભોગ ક્ષમતામાં વધારો કરે છે. વિશ્વ વ્યાપારમાં વૃધ્ધિ કરે છે અને ગરીબ રાષ્ટ્રો જેના વિના વિકાસ સાધી શકે તેમ ન હોય, તેવા દુર્લભ સાધનો અને વિશ્વ વ્યાપારી બજારો પૂરા પાડે છે.*

## 13.2 વેપાર નીતિ

### 13.2.1 ભારતની આયાત નિકાસ નીતિ (EXIM)

*દેશની આયાતો અને નિકાસો અંગેની નીતિને વ્યાપારનીતિ કહેવામાં આવે છે. દેશના બાહ્ય આર્થિક સંબંધોનું નિયમન કરતાં બધાં પગલાંનો સમાવેશ વ્યાપારનીતિમાં થાય છે. કોઈપણ દેશની વિદેશ વેપારનીતિ તેના આર્થિક વિકાસમાં મહત્વનું સ્થાન ધરાવે છે. વિદેશ વેપારનું કદ, તેનું બંધારણ અને તેની દિશા અને તે સાથે તેને માટેની વેપારની શરતોએ રાષ્ટ્રના આર્થિક વિકાસના સ્વરૂપ અને તેના દર ને નક્કી કરવામાં મહત્વની અસર નિપજાવે છે. વિદેશ વેપારને સાચે જ 'આર્થિક વિકાસના એન્જિન'* (engine of economic growth) *તરીકે વર્ણવવામાં આવે છે. અત્રે એ નોંધવું રસપ્રદ થઈ પડશે કે તાજેતરમાં "વિશ્વ વ્યાપાર સંગઠન" વિશ્વના* 50 *ટોચના નિકાસકારોમાં ભારતને ૩ર મો*
*ક્રમ અને વિશ્વના ટોચના* 40 *આયાતકારોમાં ભારતને* 29 *મો ક્રમ આપ્યો છે.*

*આપણો મૂળભૂત ઉદ્દેશ ઝડપી આર્થિક વિકાસ સાધીને રાષ્ટ્રને સ્વાવલંબી બનાવવાનો છે તેથી આ પાયાના ઉદ્દેશોને દૃષ્ટિ સમક્ષ રાખીને સૌપ્રથમ આયાતનીતિના ઉદ્દેશોને નક્કી કરવામાં આવ્યા છે. ભારતના વિદેશ વેપારમાં આયાતનીતિનું મહત્વ ઉદ્યોગીકરણ, ખેતીનું આધુનિકરણ, જાળવણી લક્ષી જરૂરિયાતો, સામાજિક સેવા અને વપરાશી વસ્તુઓની જરૂરિયાતો સંતોષવાના સંદર્ભમાં રહેલી છે.*

*ભારતની આયાત નીતિ હંમેશાં ઔદ્યોગિક વિકાસના સાધન તરીકે, વિદેશી હૂંડીયામણના સંરક્ષક તરીકે અન નિકાસ પ્રોત્સાહન સહાયક સ્વરૂપની હોવી જોઈએ.*

#### 13.2.1.1 ભારતની આયાત નીતિના હેતુઓ :

(1) *વિકાસલક્ષી અને નિભાવ માટેની આયાતો* (Developmental and maintenance imports)*ની વ્યવસ્થા કરવી જેમ કે મૂડીનાં સાધનો, અદ્યતન યંત્રસામગ્રી, યંત્રોના છૂટા ભાગ, ઉત્પાદક મલૂ ક વસ્તુઓ, ઔદ્યોગિક કાચોમાલ, ખનિજતેલ અને પેટ્રોલિયમ પેદાશો, ખાતર, ટેક્નિકલ કૌશલ્ય અને સેવાઓ વગેરે...*

(2) *દેશની પ્રાદેશિક અખંડિતતા અને રાષ્ટ્રીય અસ્મિતા જાળવવા માટે સંરક્ષણલક્ષી આયાતોને પણ અગ્રિમતા આપવી.*

(3) *નિકાસલક્ષી આયાતો માટેનો પ્રબંધ કરવો. આયાતી તત્વ* (Import Content) *ધરાવતી નિકાસી વસ્તુઓનું ઉત્પાદન અને નિકાસ વધારવા માટે તે માટેની આયાતોને પ્રાધાન્ય આપવું.*

(4) *આંતરિક બજારમાં કે ચીજ-વસ્તુઓની ખરેખર અછત હોય તેવી આયાત માટેની વ્યવસ્થા કરવી જેથી ભાવસપાટી નિયંત્રિત રાખી શકાય. દા.ત. કઠોળ, ખાદ્યતેલ, દાળો વગેરેની તાજેતરમાં વર્ષોમાં થયેલી આયાત આ ઉદ્દેશથી કરવામાં આવી છે.*

(5) *શક્ય હોય તેટલી વધુ પેદાશોની બાબતમાં સ્વાવલંબન હાંસલ કરવું.*

**13.2.2 ભારત સરકારની નિકાસ નીતિ :**

*"નિકાસ દ્વારા વિકાસની કોઈ શક્યતા નથી. વાસ્તવમાં જોઈએ તો ભારતમાં વિકાસ દ્વારા નિકાસની" વધુ સંભાવના રહેલી છે. વિદેશ વેપારનીતિએ નિકાસ પ્રોત્સાહન અમે આયાત અવેજીકરણ વચ્ચે સંતુલન જાળવવાનું છે.... અલબત્ત સીમાન્ત સ્તરે જોઈએ તો નિકાસ ક્ષેત્રની તરફેણમાં પસંદગી માટેનો કેસ છે..."*

**13.2.2.1 ભારત સરકારની નિકાસ નીતિના હેતુઓ :**

- *નિકાસ માળખાને વૈવિધ્યપૂર્ણ બનાવવું.*
- *નિકાસી ચીજ-વ્સતુઓનું ઉત્પાદન વધારવા માટે જરૂરી આયાતી માલની સવલતો પૂરી પાડવી.*
- *પ્રણાલિકાગત નિકાસી ચીજવસ્તુઓનું ઉત્પાદન વધારી તેમની નિકાસમાં વધારો કરવો.*
- *નિકાસ-વેપારની દિશાનો વ્યાપ વધારવો - જૂનાં બજારો જાળવી રાખવાં તથા નવાં બજારો મેળવવા માટેના પ્રયાસો કરવા.*
- *નિકાસ માટેની ચીજ-વસ્તુઓની ગુણવત્તા અને ખર્ચ-માળખામાં સુધારો કરવો.*

**13.2.2.2 ભારત સરકારે નિકાસ નીતિ અંગે લીધેલાં પગલાં**

*સરકાર તરફથી વખતો વખત અનેક સમિતિઓ અને અભ્યાસ જૂથો નીમવામાં આવ્યાં અને તેમની ભલામણોને આધારે નિકાસ પ્રોત્સાહન માટે સરકારે વિવિધ પગલાં લીધાં છે.*

- *સંસ્થાકીય પગલાં*
- *નાણાકીય અને રાજકોષીય પગલાં*
- *અન્ય પગલાં*

**(1) સંસ્થાકીય પગલાં :** *નિકાસ - પ્રોત્સાહન માટે સરકારે વિવિધ સંસ્થાઓની સ્થાપના કરી છે. મુખ્ય સંસ્થાઓ નીચે પ્રમાણે છે :*

a) *નિકાસ - પ્રોત્સાહન સમિતિઓ*

b) *વિવિધ બોર્ડની સ્થાપના જેમ કે ભારતીય હાથસાળ બોર્ડ, ટીબોર્ડ, કોફી બોર્ડ, રબર,*
c) *કાથી, રેશમ વગેરેનાં બોર્ડ*
d) *વિદેશ વેપારખાતું અને બોર્ડ ઑફ ટ્રેડ*
e) *ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ફોરેન ટ્રેડ*
f) *સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશન*
   a. *મિનરલ્સ એન્ડ મેટલ્સ ટ્રેડિંગ કોર્પોરેશન*
   b. *એક્સપોર્ટ ક્રેડિટ એન્ડ ગેરંટી કોર્પોરેશન*
   c. *હસ્તકળા એન્ડ હેન્ડલૂમ એક્સપોર્ટ કોર્પોરેશન*
   d. *ઈન્ડિયન મોશન પિક્સર્સ એક્સપોર્ટ કોર્પોરેશન*
g) *ટ્રેડ ડેવલપમેન્ટ ઓથોરિટી*
h) *નિકાસ તપાસ સમિતિ*
i) *ઈન્ડિયન કાઉન્સિલ ફોર ટ્રેડ એન્ડ એક્ઝિબિશન*
j) *ઈન્ડિયન કાઉન્સિલ ફોર આર્બિટ્રેશન*
k) *પ્રાદેશિક નિકાસ સલાહકાર સમિતિઓ*
l) *નિકાસગૃહો*

## (2) નાણાકીય અને રાજકોષીય પગલાં

a) **ધિરાણની જોગવાઈ :** *નિકાસ ક્ષેત્રને પૂરતું અને સમયસર ધિરાણ મળી રહે તે માટે સરકારે* 1982*થી નિકાસ - આયાત બેંકની સ્થાપના કરી છે.*

*આ બેન્કે વર્ષ* 2011-12*માં રૂ.* 48,168 *કરોડની સહાય મંજૂર કરી હતી જે પૈકીની રૂા.* 38,406 *કરોડની વહેંચણી કરવામાં આવી હતી.*

b) **રોકડ વળતર તરીકેની સહાય :** *નિકાસકારોએ તેમના આયાતી ઉપકરણો પર ભરેલા રિબેટને પાત્ર ન હોય તેવા પરોક્ષ કરવેરા, નૂરના ઊંચા દર તથા અન્ય ખર્ચ પેટે રોકડ વળતર આપવાની આ યોજના* 1966*માં શરૂ કરવામાં આવી હતી, જે* 1991*માં રૂપિયાના અવમૂલ્યન તથા વિદેશ વેપારના ઉદારીકરણ બાદ આ યોજના રદ કરવામાં આવી છે.*

c) **ડ્યુટી - ડ્રોબેક યોજના :** *આ યોજનામાં નિકાસકારોએ કરેલ આયાતી માલ સામાન કે જેનો ઉપયોગ નિકાસી-ઉત્પાદન માટે થતો હોય તેના પર ચૂકવેલ આયાત જકાત, આબકારી જકાત વગેરે મજરે આપવાનો છે.*
d) *સ્થાનિક કાચા માલ પર અપાતી સબસિડી*
e) *નિકાસકારોને તેમની વિદેશી હૂંડિયામણની કમાણીના અમૂક નિશ્ચિત ટકા પોતાની પાસે રાખવાની છુટ*
f) *નિકાસકારો માટે પ્રાથમિકતાના ધોરણે જરૂરી આયાતી માલની સગવડ*

g) *નિકાસ ચીજ-વસ્તુઓ પર અપાતી પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરામાં રાહત*
h) *નિકાસ ચીજ-વસ્તુઓ માટે રેલ્વે-નુરમાં રાહત તથા અગ્રમિતાના ધોરણે રેલવે વેગનોની ફાળવણી.*

**(3) અન્ય પગલાં :** *નિકાસ - પ્રોત્સાહન માટે તાજેતરનાં વર્ષોમાં લેવાયેલાં અન્ય પગલાં નીચે પ્રમાણે છે :*

a. *મુક્ત વેપારઝોનની સ્થાપના*
b. *વેચાણ કૌશલ્ય અને નિકાસ વસ્તુઓના પેકિંગ પ્રત્યે ખાસ ધ્યાન*
c. *આંતરરાષ્ટ્રીય મેળાઓ અને પ્રદર્શનોમાં ભાગ લઈને નવા બજારો મેળવવાના પ્રયાસ કરવા.*
d. *નિકાસી વસ્તુઓનું ધોરણ અને ગુણવત્તાની જાળવણી માટે ફરજિયાત ગુણવત્તા નિયંત્રણ અને નિકાસ પૂર્વની તપાસ.*
e. *નિકાસ વેપારને લગતી કાર્યવાહી વધુ સરળ અને ઝડપી બનાવવામાં આવે છે.*
f. *નિકાસક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી ઍવોર્ડ અને મેરિટ સર્ટિફિકેટ આપવાની વ્યવસ્થા.*

### 13.2.3 વિદેશી વેપારનીતિના તાજેતરના પ્રવાહો :

*જુલાઈ* 1991*થી હાથ ધરાયેલા આર્થિક સુધારણાના કાર્યક્રમ બાદ, તાજેતરના ફેરફારો નીચે પ્રમાણે રહ્યા છે :*

**(1) આયાત નિકાસનું વધતું જતું ઉદારીકરણ :** 1991 *પહેલાંની ભારતની વિદેશ વેપારનીતિ સહેજ જટીલ અને અટપટી હતી. જુલાઈ* 1991 *થી શરૂ થયેલ વિદેશ વેપાર સુધારણાના કાર્યક્રમ અન્વયે ઓપન જનરલ લાયસન્સનો વ્યાપ ઉત્તરોત્તર વધારવામાં આવી રહ્યો છે. આયાતોની નકારાત્મક અને નિયંત્રિત યાદીને ટૂંકાવી દેવામાં આવી છે. વિશ્વ વેપાર સંગઠન સાથે થયેલ કરાર મુજબ એપ્રિલ* 1997 *થી છ વર્ષના ગાળામાં* 2,714 *જેટલી વસ્તુઓ પરની આયાતો પરનાં તમામ નિયંત્રણો અને અંકુશો ઉઠાવી લેવા ભારત સહમત થયું હતું*

**(2) આયાતો અને નિકાસનું ડિકેનેલાઈઝેશન :** *જાહેરક્ષેત્રની સંસ્થાઓ જેવી કે સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશન, મિનરલ્સ એન્ડ મેટલ્સ ટ્રેડીંગ કોર્પોરેશન વગેરે દ્વારા ઘણી મોટી સંખ્યામાં ચીજ-વસ્તુઓની આયાત - નિકાસ થતી હતી. તાજેતરમાં અર્થતંત્રને વધુને વધુ વિભાગો ખાનગી ક્ષેત્ર માટે ખુલ્લા કરવામાં આવ્યા છે.*

**(3) જકાત માળખાનું તાર્કિકીરણ :** *ચેલૈયા સમિતિની ભલામણો (જાન્યુઆરી* 1993*) ને અનુલક્ષીને સરકારે આયાત - જકાત દરમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. આયાત - જકાતને મહત્તમ દર જે* 1993- 94 *સુધી* 110 *ટકા હતો તે હાલમાં ઘટાડીને* 40 *ટકાથી પણ નીચે લઈ જવામાં આવ્યો છે.*

**(4) તાજેતરના સમયમાં આયાતો પરની જકાતમાં** 15 *ટકા અને* 25 *ટકા એમ બે સ્તરે અમૂક રાહતો ને આધીન રહીને રાહત આપવામાં આવે છે.*

**(5) નિકાસલક્ષી એકમો તથા નિકાસ પ્રોસેસિંગ** *ઝોનોને તેમની વધુ સગવડો આપવામાં આવે છે.*

**(6) સેવાક્ષેત્રની નિકાસો માટે પણ પ્રોત્હાસનની** *જાહેરાત કરવામાં આવી છે.*

**(7) મૂડી-મુલક વસ્તુઓ માટેની નિકાસ પ્રોત્સાહન યોજનાનું પુનર્ગઠન** *કરી તેને વધુ ઉદાર અને સફળ બનાવાઈ છે.*

**(8) આયાતો પરનાં તમામ સંખ્યાત્મક નિયંત્રણો (quantitative restrictions)** *દૂર કરવામાં આવ્યાં છે. આયાતી ચીજ-વસ્તુઓનું ઘોડાપૂર રોકવા માટે તથા દેશના ઉદ્યોગોના હિતનું રક્ષણ કરવા માટે*

(i) *વહેલી ચેતવણીની પધ્ધતિ* (early warning systems) *અપનાવવામાં આવશે.*

(ii) 300 *જેટલી સંવેદનશીલ વસ્તુઓની આયાત પર નજર રાખવા માટે એક સ્ટેન્ડિંગ ગૃપની રચના કરવામાં આવી છે.*

*સંવેદનશીલ વસ્તુઓ જેવી કે મોટરકાર, જીપગાડીઓ, ફળો, શાકભાજી, ચા, કોફી, ડેરીપેદાશો, રમકડાં, પેન્સિલો, ફાઉન્ટનપેન વગેરેનો સમાવેશ થાય છે. આવી વસ્તુઓની આયાતોમાં ઉછાળો આવતાં તેમના પર આયાત-જકાત વધારવામાં આવશે અથવા સુરક્ષાનાં પગલાં લેવાશે.*

iii. *ગ્રામ્ય અર્થતંત્રની નિકાસો વધારવા માટે કૃષિવિષયક આર્થિક ઝોન* (Agricultural Expeort Zone) *ની રચના કરવામાં આવી છે.*

iv. *મેન્યુફેક્ચરીંગ વસ્તુઓની નિકાસોને પ્રોત્સાહન આપવા માટે સ્પેશિયલ આર્થિક ઝોન* (Special Economic Zone) *ની રચના કરાઈ છે.*

v. *આયાત - નિકાસની કાર્યવિધિને ઉત્તરોત્તર સરળ બનાવવામાં આવી છે.*

### 13.2.4 2009-14 ની વિદેશ વેપારનીતિ :

*આપણે* 2009-14 *ની વિદેશ વેપારનીતિની ચર્ચા કરીશું.*

- *વિદેશ વેપારનીતિમાં સાતત્ય અને સ્થિરતા જાળવવી.*
- *નિકાસલક્ષી એકમોને આવક વેરામાં* 100 *ટકાની મુક્તિ*
- *વિદેશ વેપાર નીતિમાં સ્થિરતા જાળવવા માટે ડ્યુટી એન્ટાઈટલમેન્ટ પાસ બુક સ્કીમ* (Duty Entitlement Pass Book Scheme) *ચાલુ રહેશે.*
- *નિકાસકારોને બેન્ક તરફથી ડોલરમાં ધિરાણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે.*
- *નિકાસકારોના પ્રશ્નો માટે ઈન્ટરમિનિસ્ટરિયલ ગ્રુપ* (Inter Ministerial Group) *ની રચના કરવામાં આવી છે.*
- *કેપિટલ ગુડસ ક્ષેત્રને આયાત - જકાતમાંથી મુક્તિ આપવામાં આવી છે.*

- *કૃષિક્ષેત્રની નિકાસોને પ્રોત્સાહન આપવા માટે 'સિંગલ વિન્ડો સિસ્ટમ' અપનાવવામાં આવી છે.*
- *ભારતને હીરાના વ્યાપારનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બનાવવા માટે ડાયમંડ બુર્સસ,* (Diamond Bourses) *ની સ્થાપના કરવામાં આવશે. હાલમાં મુંબઈ ખાતે* 2,500 *ઓફિસો ધરાવતું એકમાત્ર ડાયમંડ બુર્સ આવેલું છે.*
- *વણ વેંચાયેલા* (Unsold) *ચામડા પરની* 50 *ટકાની નિકાસ-જકાત સાથે તેને ફરી નિકાસ કરવાની મંજૂરી અપાશે.*
- *ચાની નિકાસ માટે લઘુત્તમ મૂલ્ય વધારો* (Minimum Value addition) 100 *ટકાથી ઘટાડીને* 50 *ટકા જેટલો કરવામાં આવ્યો છે.*
- *ચાની નિકાસો 'વિશેષ કૃષિ અને ગ્રામોદ્યોગ યોજના' હેઠળ મળતા લાભને પાત્ર ઠરશે.*
- *હસ્તકળા ક્ષેત્ર માટે શ્રેષ્ઠ શહેરો/નગરો* (Towns of Excellence) *તરીકે જયપુર, શ્રીનગર અને અનંતનાગને માન્યતા અપાઈ છે. ચામડાંની પેદાશો માટે કાનપુર, દેવાસ અને ચેમ્બુર તેમજ હોર્ટિકલ્ચર માટે મલિહાબાદને માન્યતા આપવામાં આવી છે.*
- *ફાર્માસેક્ટર માટે નિકાસ જવાબદારી માટેની સમયમર્યાદા* 6 *માસથી વધારીને* 36 *માસની કરવામાં આવી છે.*
- *ટેક્નોલોજી ઊર્ધ્વીકરણ યોજના હેઠળ એન્જિનિયરિંગ અને ઈલેક્ટ્રોનિક્સ પેદાશો, બેઝિક કેમિકલ્સ, પ્લાસ્ટિક, ફાર્માસ્યુટીકલ્સ, હસ્તકલા અને ચામડાંની પેદાશો વગેરેની નિકાસ શૂન્ય જકાતે કરી શકાશે.*
- *દેશનાં આઠ જેટલાં બંદરોએ* 24 *કલાક કસ્ટમ કિલયરન્સ.*
- *વિદેશ ચલણ પર બેન્ક ચાર્જમાં ઘટાડો*
- *રાહત દરે લોનની સવલત*
- *દિલ્હી આંતરરાષ્ટ્રીય વિમાન મથક પર એક્સપ્રેસ કાર્ગો અને કુરીયર શિપમેટના સ્ક્રીનીંગ ચાર્જમાં ઘટાડો.*

*વિદેશવેપારના ક્ષેત્રે તાજેતરના વર્ષામાં હાથ ધરાયેલા નીતિવિષયક સુધારા ભારતીય અર્થતંત્રને વૈશ્વિક અર્થતંત્ર સાથે સાંકળી લેવાની દિશામાં એક મહત્ત્વનું ડગ છે.*

## 13.3 વિદેશ વેપારનીતિનું ટીકાત્મક મૂલ્યાંકન :

*જુલાઈ* 1991 *થી અને ત્યારપછીનાં વર્ષોમાં વિદેશ વેપારના ક્ષેત્રે જે નીતિ વિષયક પગલાં લેવામાં આવ્યાં છે, તેના પરિણામે ભારતીય અને વિદેશી હૂંડિયામણની પરિસ્થિતિમાં તાજેતરનાં વર્ષોમાં નોંધપાત્ર સુધારો થયેલ જણાય છે.* 1990-91*માં વિદેશી હૂંડિયામણની અનામત જે કેવળ રૂા.* 4,388 *કરોડ જેટલી હતી, તે* 1991-92 *માં વધીને રૂા.* 14,578 *કરોડ,* 1992-93 *માં વધીને રૂા.* 20,140 *કરોડ અને માર્ચ* 2013*ના અંતે તે વધીને રૂા.* 15,90,100 *કરોડ જેટલી થઈ હતી.*

આપણા પાયાનો પ્રશ્ન લેણદેણની તુલાને સમતુલિત કરવાનો છે. પરંતુ આપણે નિકાસ વધારવા માટે અનેક પ્રયત્નો કર્યા પછી પણ આપણી નિકાસો આયાતો સાથે તાલ મિલાવવામાં આજ સુધી સફળ થઈ નથી.

વિશ્વ બજારમાં નિકાસોમાં ટકી રહેવા માટે આપણી કિંમતો નીચી હોવી જોઈએ અને માલની ગુણવત્તા ઊંચી હોવી જોઈએ. પરંતુ મહદ્અંશે આપણી નિકાસોનું ઉત્પાદન ખર્ચ ઊંચું આવે છે અને ગુણવત્તાની દષ્ટિએ આપણો માલ નબળો પડે છે. તેથી વિશ્વબજારમાં પ્રતિસ્પર્ધાત્મક ક્ષમતામાં આપણે ઊણા ઊતર્યા છીએ તે આપણી નબળાઈ છે.

આપણી વસ્તુઓને વિશ્વબજારમાં પૂરતું માર્કેટ મળી રહે તે માટે તેનું વિજ્ઞાપન અને પ્રચાર ખૂબ જ કરવો જોઈએ, પરંતુ વિશ્વના વિકસિત દેશો અન્ય દેશોમાં પોતાની વસ્તુઓની નિકાસોને ઘુસાડવા માટે જેટલા પ્રમાણમાં પ્રચાર-પ્રસારનો સહારો લે છે. તેની તુલનાએ આપણે આજ બાબતમાં ખૂબ પાછળ છીએ.

તાજેતરના વર્ષોમાં ભારતની લેણ-દેણની તુલા અને વિદેશી હુંડિયામણની સ્થિતિ એકંદરે સંતોષકારક છે. પરંતુ તેમ છતાં એ હકીકત પણ ખાસ ધ્યાનમાં રાખવી પડે કે વિદેશી હૂંડિયામણની અનામતોમાં તાજેતરનાં વર્ષોમાં થયેલાં વધારો નિકાસ વૃધ્ધિના પરિણામ કરતાં વિદેશોમાંથી મેળવેલ ઋણ (ધિરાણ) અને મૂડીરોકાણને તથા વિદેશોમાં રહેતા બિન-નિવાસી ભારતીયોએ મોકલેલ આંતરિક રવાનગીઓ (inward remittance) ને વધુ આભારી છે. વિદેશીઋણ પરની વ્યાજ અને હયતાની પરત ચૂકવણી તથા વિદેશી રોકાણ પર રોયલ્ટી અને ડિવિડન્ડ ની ચૂકવણીને લીધે આપણી હૂંડિયામણની અનામતો પર દબાણ આવવાનો સંભવ છે. જેની અસર લેણદેણની તુલા પર પડયા વિના રહેશે નહિ. આંતરિક રવાનગીઓ પર પણ વધુ પડતો મદાર રાખવો ઈચ્છનીય અને સલાહભર્યુ નથી કારણ કે તે 'સુખમાં સાથી મિત્રો' (Fair Weather friends) જેવા છે.

આ નાણાં પણ એક પ્રકારનું દેવું જ છે. લેણદેણની તુલાની ચાલુ ખાતાની ખાધ ન્યુતત્તમ સ્તરે રહેવા પામે તે માટે નિકાસો દ્રશ્ય અને અદશ્ય એમ બંન્ને ને પ્રોત્સાહન આપવા માટેની એક સુનિશ્ચિત અને આક્રમક વ્યૂહરચના સવિશેષ મહત્વ ધરાવે છે.

## 13.4. W.T.O (World Trade Organisation) વિશ્વવેપાર સંગઠન અને ભારત

બીજા વિશ્વયુધ્ધ બાદ જુદા-જુદા દેશો વચ્ચેના આંતરરાષ્ટ્રીય આર્થિક સંબંધો ખૂબ જ બગડયા હતા. આથી આંતરરાષ્ટ્રીય વેપાર પર તેની ખૂબજ પ્રતિકૂળ અસરો પેદા થઈ હતી. તેથી જુદા-જુદા દેશો વચ્ચે સહકારનું વાતાવરણ પેદા થાય અને આંતરરાષ્ટ્રીય વેપારમાં નડતરરૂપ બનતા અવરોધો દૂર કરી વિશ્વકક્ષાએ આંતરરાષ્ટ્રી વેપાર માટે જુદી-જુદી ખાસ સંસ્થાઓની આવશ્યકતા ઊભી થઈ આ આવશ્યકતાના અનુસંધાને સમગ્ર માનવજાતના કલ્યાણ માટે રાષ્ટ્રસંઘ (United Nations Organisation), વિશ્વ નાણાં ભંડોળ (International Monetary Fund), વિશ્વ બેંક (World Bank) અને વિશ્વ વ્યાપાર સંગઠન (World Trade Organisation) જેવી સંસ્થાઓનો જન્મ થયો છે.

*"વિશ્વ વ્યાપાર સંગઠન* (WTO) *નો મુખ્ય હેતુ વસ્તુઓ, સેવાઓ અને મૂડીરોકાણની હેરફેર વિશ્વમાં વિસ્તરે અને વિકસે તે માટે કાર્ય કરવાનો છે."* - **ડંકલ કરાર** 1 *જાન્યુઆરી,* 1955 *ના રોજ ગેટ* (GATT) (General Agreement On Tariffs and Trade) *ના સ્થાને વિશ્વવેપાર સંગઠનની* (WTO) *રચના કરવામાં આવી.*

### 13.4.1 WTO નો ઉદ્ભવ અને વિકાસ :

*બીજા વિશ્વયુધ્ધ બાદ આંતરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રે મુક્ત વાતાવરણનું નિર્માણ થાય તે હેતુથી વિશ્વ વ્યાપાર સંગઠનની સ્થાપના માટે ખૂબ પ્રયત્નો કરવામાં આવ્યા. પરંતુ તે અંગે સર્વસંમત્તિ સાધવાનું શક્ય ન બનતા, તેના વિકલ્પે* 30 *ઓક્ટોબર,* 1947*ના રોજ સભ્ય દેશો વચ્ચે એક સામાન્ય કરાર કરવામાં આવ્યો. જેને "જકાત અન વ્યાપારનો સામાન્ય કરાર* (General Agreement on Tariffs and Trade) *તરીકે ઓળખવામાં આવે છે. તેને ટૂંકમાં ગેટ* (GATT) *નામે ઓળખવામાં આવે છે. ભારત તેનું વ્યાપાક સભ્ય રાષ્ટ્ર છે. સ્થાપના સમયે તેમાં* 23 *રાષ્ટ્રો સંકળાયલાં હતાં. ત્યારબાદ રાષ્ટ્રની સંખ્યા વધીને* 125 *રાષ્ટ્રોની થઈ છે.*

1 *જાન્યુઆરી,* 1995*ના રોજ ગેટના સ્થાને વિશ્વવેપાર સંગઠન* (WTO) *ની રચના કરવામાં આવી. ગેટનાં બે પાસાં હતા* (1) *ગેટ નો કરાર જેમાં વેપાર સંબંધી નિયમો રજૂ કરવામાં આવ્યા હતા.* (2) *ગેટની વિચારધારા, ચર્ચા વિચારણા અને મંત્રાણાઓ માટે ઊભી કરવામાં આવી હતી. ઝો વિચારધારાને નાબૂદ કરી વિશ્વ વેપાર સંગઠનની રચના કરવામાં આવી હતી. ગેટનો કરાર વિશ્વ વેપાર સંગઠનના એક સુધારેલા ભાગ તરીકે અસ્તિત્વમાં રહ્યો છે. આમાં ચીજવસ્તુઓના વેપારના કરાર સાથે સેવાઓના વેપારનો કરાર તેમજ બૌધ્ધિક સંપત્તિનો અધિકાર આ બે કરારો ઉમેરવામાં આવ્યા છે.*

*વિશ્વ વેપાર સંગઠન મજબૂત અને પ્રભાવશાળી સંસ્થા છે. એના નિર્ણયોની ઉપેક્ષા થઈ શકતી નથી. વિશ્વ વેપાર સંગઠનમાં વિવાદના નિરાકરણની વ્યવસ્થા ઝડપી અને કાર્યક્ષમ છે. વિશ્વ વેપાર સંગઠનનાં કાર્યો કલમ-૩ માં દર્શાવ્યા મુજબ નીચે પ્રમાણે છે :*

- *વેપાર વિષયક નીતિઓની સમીક્ષાના તંત્રનો વહીવટ કરશે.*
- *બહુલક્ષી વેપાર કરારના અમલ અને વહીવટને સરળ બનાવવા બહુલક્ષી વેપાર અંગેના*
- *કરારોને પ્રોત્સાહિત કરવા.*
- *વિવાદોના નિરાકરણ માટેના નિયમો અને વિધિઓનો વહીવટ કરવો.*
- *વૈશ્વિક આર્થિક નીતિઓને પરસ્પર સુસંગત બનાવવાના હેતુથી વિશ્વવેપાર સંગઠન*
- *આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ તેમજ વિશ્વબેંક ને સહકાર આપશે.*

### 13.4.2 વિશ્વ વેપાર સંગઠનના ઉદ્દેશો કે કાર્યો :

*વિશ્વ વેપાર સંસ્થાના બંધારણમાં કલમ-*III *હેઠળ આ સંસ્થાના ઉદ્દેશો દર્શાવવામાં આવ્યા છે જે નીચે મુજબ છે. :*

(1) *વિશ્વવેપારના માર્ગમાં આવતા અવરોધો દૂર કરીને વિશ્વવેપારને પ્રોત્સાહન આપવું.*

(2) વિશ્વવેપારમાં રહેલી તમામ સંરક્ષણ નીતિ નાબુદ કરવી.

(3) વિશ્વના રાષ્ટ્રો વચ્ચેના વેપાર નિયંત્રણો દૂર કરવા.

(4) લોકોની આવક અને જીવનધોરણમાં સુધારો કરવો, પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવી, ઉત્પાદન અને વેપારને વિસ્તારવા, દુનિયાની સાધનસંપત્તિનો ઈષ્ટત્તમ ઉપયોગ કરવો.

(5) જુદા-જુદા દેશો વચ્ચેના વેપાર સંબંધોમાં રહેલી ભેદભાવયુક્ત નીતિઓ નાબૂદ કરવી.

(6) ચીજવસ્તુઓ, સેવાઓ, અને મૂડીની હેર-ફેર વૈશ્વિકસ્તરે વિસ્તરે તેવા પ્રયાસો કરવા.

(7) નિયમ અનુસાર પારદર્શક વેપારી પધ્ધતિ વિકસે તે માટે પ્રગતિશીલ ઉદારીકરણની પ્રક્રિયા અમલમાં મૂકવી.

(8) વિકાસશીલ દેશો, ખાસ કરીને ઓછામાં ઓછો વિકાસ પામેલા દેશોને વિશ્વ વેપારની અભિવૃધ્ધિમાં વ્યાજબી હિસ્સો મળે એ માટે રચનાત્મક પગલાં લેવાં.

(9) ઈન્ફોર્મેશન ટકે નોલોજીના વિકાસ દ્વારા વૈશ્વિક સ્તરે નાણાબજારનો વિકાસ થાય તેમજ મૂડીની હેરફેર મુક્ત બને તેવા પ્રયાસ યોજવા.

(10) પેટન્ટ, ટ્રેડમાર્ક, ડિઝાઈન, કોપીરાઈટ, વ્યાપારિક રહસ્યો, છોડ, બિયારણ વગેરે જેવી બૌધ્ધિક સંપત્તિ પર નો હક સુરક્ષિત રાખવો.

**13.4.3 વિશ્વ વેપાર સંગઠનના પ્રશ્નો :**

*વિશ્વ અર્થવ્યવસ્થાના અભ્યાસીઓના અભિપ્રાય પ્રમાણે વિકસિત દેશો જેમાં* U.S.A *નું વર્ચસ્વ વધારે હોવાથી કરારો સ્વભાવિક રીતે જ વિકસિત દેશોની તરફેણમાં થયા છે.*

**(1) જકાતોનો પ્રશ્ન :** *વિકસતા દેશોની તુલનામાં વિકસિત દેશોની જકાત ઘટાડાનો લાભ મળે છે. ટેક્ષટાઈલ, ખેતપેદાશો ગામડું વગેરે ગરીબ દેશોની વિશિષ્ટ પેદાશો છે. અને તેના પર જકાત ઊંચી છે. એકંદરે કાચા માલ કે અર્ધ તૈયર માલની તુલનામાં તૈયાર માલ પર ઓછી જકાતો હોય એવા પ્રયાસ થયા છે.*

**(2) ટેક્ષટાઈલનો પ્રશ્ન :** *વિકાસશીલ દેશોએ કાપડ ઉદ્યોગ વિકસાવીને ઉદ્યોગીકરણનો ઉદ્દેશ સિધ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે. આફ્રિકાના દેશોની નિકાસોમાં કાપડની નિકાસનું પ્રમાણ* 24 *ટકા, એશિયાના દેશોની નિકાસોમાં* 14 *ટકા અને દક્ષિણ અમેરિકાની નિકાસોમાં* 8 *ટકા છે. શ્રીલંકા અને બાંગ્લાદેશમાં તેનું પ્રમાણ* 50 *ટકા છે. વિશ્વવેપારસંઘની વ્યવસ્થા હેઠળ ધીમે-ધીમે ક્વોટા*

*ઘટાડવાની અને આગામી* 10 *વર્ષમાં જકાત ઘટાડવાની જોગવાઈ કરવામાં આવી છે.*

**(3) બૌધ્ધિક સંપત્તિનો અધિકાર :** *પેટન્ટ, ટ્રેડમાર્ક અને કોપીરાઈટ દ્વારા બૌધ્ધિક સંપત્તિને રક્ષણ આપવામાં આવશે. આ જોગવાઈ વિશ્વની ખુલ્લી અર્થવ્યવસ્થાની હિમાયત કરતી ફિલસૂફી સાથે સુસંગત નથી. પરિણામે ટેકનોલોજીના હસ્તાંક્ષરની પ્રક્રિયા અવરોધાશે અને વિકાસશીલ દેશોમાં ઉદ્યોગીકરણની પ્રક્રિયા પર એની વિપરિત અસર પડશે.*

**(4) સેવાઓનો વેપાર :** *વાહનવ્યવહાર, વહાણવટું, વીમો, બેન્કિંગ વગેરે જેવી સેવાઓનો વેપાર પણ અંકુશ મુક્ત હોય તો જ વસ્તુઓનો વિશ્વવેપાર ઝડપભેર વધી શકે. એક અંદાજ મુજબ વિશ્વભરમાં સેવાઓનું જે બજાર છે તેમાં વિકસિત દેશોનો ફાળો* 95 *ટકા છે. જ્યારે વિકાસશીલ દેશોનો ફાળો માત્ર* 5 *ટકા છે. સેવાઓના મુખ્ય નિકાસકારો* U.S.A, *જાપાન, ફ્રાંસ અને નેધરલેન્ડ છે જેમનો હિસ્સો* 60 *ટકા છે.*

### 13.4.4 ભારતીય અર્થતંત્રના વિવિધ પાસાં પર વિશ્વ વેપાર સંગઠન (WTO) ની અસરો

*ભારત* WTO *નું સ્થાપક સભ્ય હોવાથી તે* WTO *ના નિયમોને અનુસરે છે, જેના પરિણામે ભારતીય અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો પર તેનો ચોક્કસ પ્રભાવ સ્પષ્ટ જણાય છે.*

**(1) ભારતીય ઉદ્યોગો પર અસર :**

WTO *ભારતને જકાત ઓછી કરવાનું, વપરાશી માલની આયાતો ઉપર અંકશ દૂર કરવાનું, પરિણાત્મક નિયંત્રણો હળવા કરવાં વગેરે વિશે આગ્રહ કરી રહેલ છે.* WTO *ની જોગવાઈનું પાલન કરવા પ્રતિવર્ષ જકાત દરો ઘટાડવામાં આવેલ છે. તેથી આયાતો સસ્તી બને છે. રાષ્ટ્રીય ઉદ્યોગોને આબકારી જકાત, વેચાણ વેરો વગેરે ભરવા પડે છે. પરિણામે મશીનટુલ્સ, બોઈલર વગેરે ઉદ્યોગો ભારે પ્રતિકૂળતાનો સામનો કરી રહ્યા છે. અને ભારતીય ઉદ્યોગો માટે સસ્તી આયાતો મંદીનું એક મહત્વનું કારણ બની રહી છે.*

**(2) ભારતીય અર્થકારણ પર TRIPS ની અસર :**

TRIPS (Trade-Related intellectual Property Rights) *માં વિવિધ વસ્તુ માટે પેટેન્ટ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ મુજબ કોઈપણ જાતના ભેદભાવ વગર આયાતી ઉત્પાદન અથવા સ્થાનિક ઉત્પાદનને પેટન્ટ રક્ષણ હેઠળ આવરી લેવામાં આવે છે. તે પેટન્ટ શાસન પધ્ધતિ માત્ર ઉત્પાદનનો જ ઈજારો સ્થાપિત કરવા માંગતી નથી પરંતુ નિકાસનો ઈજારો પણ સ્થાપિત કરવા માંગે છે.*

TRIPS *ની અસર આપણા અર્થકારણ ઉપર ખાસ કરીને બે મહત્વનાં ક્ષેત્ર ઔષધ અને ખેતી ઉપર આપત્તિજનક અસર કરશે. આ બંને ક્ષેત્રો પ્રજાની સુખાકારી સાથે સંલગ્ન છે.*

**(3) WTO અને પેટન્ટ પર થયેલી અસર :**

**(1) હળદર અને લીમડાના પેટન્ટ રાઈટની અસર :**

*હળદર એ ભારતીય ખેતીનું મૂળભૂત ઉત્પાદન છે. અમેરિકન કાયદા હેઠળ* 1995*માં ભારતની પ્રાચીન વપરાશ હળદરની પેટન્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવેલો પરંતુ ભારતના સદ્નસીબે વિજ્ઞાન અને ઔદ્યોગિક સંશોધન સમિતિના ડાયરેક્ટર જનરલ ડો.* R.A. *મશીલ કરે તેને પડકારેલ. તેથી* U.S.A. *ની પેટન્ટ ઑફિસે તેની ભૂલ સ્વીકારેલ અને 'હળદર' ઉપરની પેટન્ટ રદ કરવાની તેની ફરજ પડી હતી.*

*એક અમેરિકન કંપનીને જંતુનાશક તરીકે લીમડાના પેટન્ટના હક્કો આપવામાં આવ્યા છે.બાસમતી ચોખા કે જે ભારતની સાર્વત્રિક બહુવિધ પેદાશ છે, તેની કાસ્મતી* (Kasmati) *અને ટેક્ષમતી* (Taxmati) *તરીકે પેટન્ટ આપવામાં આવી છે. તુલસી ઉપર પણ ખતરો તોળાઈ*

*રહ્યો છે. આ મોટું નુકશાન નિવારવા માટે આપણી પેદાશોના અન્ય દેશના લોકો પેટન્ટ રાઈટ મેળવી લે તે પહેલાં આપણી વનસ્પતિ સંપત્તિની નોંધણી કરાવીને તેના પેટન્ટ રાઈટ મેળવવા ઝડપથી પગલાં લવાં જરૂરી છે.*

**(2) ખેતીમાં પેટન્ટ અથવા પેટન્ટ જેવું કવચ :**

*ખેતીમાં પેટન્ટ અથવા પેટન્ટ જેવું કવચ આપવા બાબતે થયેલા ફેરફારોને સ્વીકારીને વિકસિત દેશોની સરખામણીએ ઘણી ઉતાવળ કરી છે. તેથી ખેતીને ફાયદો થવાને બદલે નુકશાન થયું છે.*

*ભારતમાં દવાઓ અને રસાયણો વગેરે પેદાશોની ઉત્પાદન પધ્ધતિના પેટન્ટ અધિકાર આપવામાં આવે છે, જ્યારે વિશ્વવેપાર સંગઠન પેદાશોના પેટન્ટ અધિકાર આપવાનો અનુરોધ કરે છે. ભારતમાં* 14 *વર્ષ માટે પેટન્ટ અધિકાર આપવામાં આવે છે જ્યારે વિશ્વ વેપાર સંગઠન તેની સમય મર્યાદા* 20 *વર્ષ કરવા સૂચવે છે. ભારતમાં પેટન્ટનો ઉપયોગ કરનાર કંપનીએ સંશોધન કરનારને આપવી પડતી રોયલ્ટીની મહત્તમ મર્યાદા નક્કી થયેલી છે. જ્યારે વિશ્વ વેપાર સંગઠન માં એવી કોઈ મર્યાદા દર્શાવવામાં આવી નથી. ભારતીય પેટન્ટ ધારો -* 1970*ના આપણે આભારી છીએ કે જેથી ભારતમાં*
*આ ભાવો ઘણા નીચા છે. આ કાયદાનો અમલ થતાં ભારતીય ઔષધ અને દવા ઉદ્યોગો ઝડપી પ્રગતિ કરી છે. એટલું જ નહિ પરંતુ* 1996-97 *માં રૂા.* 2,386 *કરોડનું વિદેશી હુંડિયામણ આ ઉદ્યોગે કમાવી આપેલ છે.*

*એક ઓર મુદ્દો ભારત માટે ચિંતાજનક છે. મૂડીરોકાણ અંગે બહુમુખી કરાર (મલ્ટીલેટરલ એગ્રીમેન્ટ ઓન ઈન્વેસ્ટમેન્ટ) નો મુદ્દો છે.* U.S.A *અને યુરોપિયન યુનિયન ના દેશો તેમજ મૂડીની નિકાસ કરતા અન્ય કેટલાક દેશો ઈચ્છે છે કે સમગ્રવિશ્વમાં વિદેશી રોકાણ અંગેના નિયમો એકસરખા હોવા જોઈએ. વિશ્વવેપાર સંગઠન પણ આ જોગવાઈ થાય તે માટે તેઓ પ્રયત્નશીલ છે. પરંતુ આ જોગવાઈ ભારતને પસંદ નથી કારણ કે પોતાના અર્થતંત્રમાં કયા ક્ષેત્રોમાં કેટલું વિદેશી રોકાણ સ્વીકારવું અને કયા ક્ષેત્રોમાં વિદેશી રોકાણ પર પ્રતિબંધ મૂકવો એ નક્કી કરવાની સ્વતંત્રતા તેઓ ગુમાવશે.*

**નુકસાનથી બચવાના માર્ગો :**

*વિશ્વ વેપાર સંગઠન અને એના પરિણામે અસ્તિત્વમાં આવેલી નવી વિશ્વ વેપાર વ્યવસ્થા નુકશાન કારક હોય તો પણ ભારત એની સાથે જોડાવવાનો ઈન્કાર કરી શકે નહીં. કારણ કે એ પગલું વધુ નુકશાન/કારક બલ્કે આત્મઘાતક સાબિત થઈ શકે છે. નવી વ્યવસ્થામાં રહીન જ ભારતે એવું સમયોજન કરવું પડશે કે જેથી એને નુકશાન ઓછામાં ઓછું થાય અને લાભ વધુમાં વધુ મળે. કેટલાંક સૂચનો નીચે મુજબ છે :*

- *કેટલીક સેવાઓમાં ભારતને તુલનાત્મક ખર્ચલાભ ઊપલબ્ધ છે. પણ વિશ્વ વેપાર સંગઠનના દસ્તાવેજમાં એનો સમાવેશ થયો નથી. ભારતે આ સેવાઓને પણ વિશ્વ વેપાર સંગઠનના કરારમાં આવરી લેવામાં આવે તેવા પ્રયાસો કરવા જરૂરી છે.*

- *પેટન્ટ અધિકારની જોગવાઈ સજીવ ચીજ-વસ્તુને લાગુ ન પડે, માત્ર મેન્યુફેક્ચર્સ પેદાશો ને જ લાગુ પડે એવું પરિવર્તન લાવવાની કોશિષ કરવી જોઈએ.*
- *માનવ અધિકારો અને પર્યાવરણની જાળવણી જેવા મુદ્દા વેપાર સાથે જોડવાના વિકસિત દેશોના પ્રયાસોનો વિકાસશીલ દેશોનો સાથ-સહકાર લઈને સંગઠિત વિરોધ કરવો જોઈએ.*
- *વિકસિત દેશોની હરીફાઈનો સામનો કરવા માટે સૌથી વધુ અગત્યની વાત એ છે કે આર્થિક સુધારાનો અસરકારક અમલ કરીને ભારતીય અર્થતંત્રના વિકાસને વેગ આપવો જોઈએ.*
- *સીમાંત ખેડૂતો, નાના ખેડૂતો તથા સમાજના ગરીબવર્ગના લોકોને સરકારી મદદ અનિવાર્ય છે. ભારતે એવો પ્રયત્ન કરવો જોઈએ કે વિશ્વવ્યાપાર સંગઠને સૂચવેલી સબસિડીઓની મહત્તમ મર્યાદામાં ફેરફાર કરવામાં આવે અને સબસિડિઓની સમય મર્યાદા અંગે પણ ફેર વિચારણા કરવામાં આવે.*

*ટૂંકમાં વિકસિત દેશો વિરુધ્ધ સંગઠિત અને મક્કમ વિરોધ થાય એ જરૂરી છે. વિકાસશીલ દેશો સંગઠિત થઈને પ્રયાસ કરે તો જ તેમને સફળતા મળી શકે છે.*

### 13.4.5 જિનિવા પરિષદમાં ભારતની સિધ્ધિઓ :

*જુલાઈ,* 2008 *માં જિનિવા મુકામે થઈ ગયેલી પરિષદમાં ભારતે કેટલીક બાબતમાં પોતાના મુદ્દા અસરકારક રીતે રજૂ કરેલા જે વિકસિત દેશોની સંમતિ મેળવવામાં સફળ થયું છે.*

(1) *વિકસિત દેશોએ ખેડૂતો ને અપાતી સબસિડીઓમાં ઘટાડો કરવાનું વચન આપ્યું હતું.*

(2) *જકાતોમાં ઘટાડો, જકાત દારોની મર્યાદા, સંવેદનશીલ પેદાશોની સંખ્યા અને નિયમો અલમાં મૂકવાનો સમયગાળો, આ બાબતો અંગે વિકાસશીલ દેશોની સ્થિતિને ધ્યાનમાં લઈને બાંધછોડ થવી જોઈએ, એ વાતનો પણ વિકસિત દેશોએ સ્વીકાર કર્યો.*

(3) *વિકસિત દેશો નિકાસકારોને આપવામાં આવતી પ્રત્યક્ષ અને પરોક્ષ સબસિડીઓ નિર્મૂળ કરવા સંજાત થયા હતા.*

(4) *વિકસિત દેશો જેવા અને જેટલાં પગલાં લે એના બદલામાં તેવાં અને તેટલાં જ પગલાં વિકાસશીલ દેશો માટે પણ ફરજિયાત હોવાં જોઈએ એવો સિધ્ધાંત વિકસિત દેશો ત્યજી દેવા તૈયાર થાય છે.*

(5) *કઈ ઔદ્યોગિક પેદાશોની આયાત જકાત મુક્ત કરવી અને કઈ પેદાશોને જકાત મુક્ત ન કરવી એ નક્કી કરવાની ભારતને છૂટ મળી છે.*

(6) *વિકાસશીલ દેશોના અર્થતંત્રને ભારે અસર પહોંચાડતી આયાતો સાથે વિશિષ્ટ પ્રકારના સંરક્ષણ તંત્રની જોગવાઈ પણ કરવામાં આવી છે જો કે એની વિગતો હજી તૈયાર કરવામાં આવી નથી.*

(7) *કેટલીક વિશિષ્ટ કે સંવેદનશીલ ખેતપેદાશોની યાદી ભારતે તૈયાર કરી છે, જો ખેતપેદાશોની આયાતો અમૂક મર્યાદાથી ઊંચે જાય તો ભારત આ આયાતો રોકી શકે છે.*

### 13.4.6 વિશ્વ વેપાર સંગઠનનું મૂલ્યાંકન :

*વિશ્વ વેપાર સંસ્થા આંતરાષ્ટ્રીય વેપારના ક્ષેત્રમાં નિર્ણાયક ભાગ ભજવતી સંસ્થા બની ચૂકી છે. વિશ્વના* 148 *દેશો એના સભાસદ બની ચૂક્યા છે. આ સભ્યદેશોમાં* U.S.A *યુરોપિયન યુનિયન ના દેશો અને જાપાન વગેરે સમૃધ્ધ અને સુવિકસિત રાષ્ટ્રો છે તો એશિયા, આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના દરિદ્ર અને અલ્પવિકસિત રાષ્ટ્રો પણ છે.*

*પ્રથમ વિશ્વના દેશો અને ત્રીજા વિશ્વના દેશો, અમીર અને ગરીબ એક જ મંચ પર એક સાથે બેસીને, વિશ્વના વેપાર વિશે મંત્રનાઓ કરે છે. વેપારની કોઈપણ બાબત અંગે સભ્યદેશો વચ્ચે સંઘર્ષ કે વિવાદ સર્જાય તો એના નિરાકરણ માટે એમાં એક સુવ્યવસ્થિત તંત્ર છે. મુક્ત બહુમુખી વેપાર પ્રથા વિશ્વના બધાજ રાષ્ટ્રોના હિતમાં છે એવી અડગ માન્યતા છે. દર બે વર્ષે વિશ્વ વેપાર સંગઠનના સભ્યદેશોની મંત્રીકક્ષાની બેઠક યોજાય છે.*

*વિશ્વવેપાર સંગઠનનો સિધ્ધાંત અને તેના વ્યવહાર બંનેમાં ઘણો ફરક છે. વિશ્વ વેપાર સંગઠન આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ* (IMF) *કરતાં વધુ સમાનતામાં અને લોકતાંત્રિક છે. કારણ કે વિશ્વ વેપાર સંગઠનમાં દરેક સભ્યદેશને મતાધિકાર આપવામાં આવ્યો છે, જ્યારે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળમાં માત્ર એક સભ્યદેશ અમેરિકા પાસે વીટો પાવર છે. વ્યવહારમાં વિશ્વ વેપાર સંગઠન પર વિકસિત દેશોનું વર્ચસ્વ છે. તેઓ વિભિન્ન પ્રકારનું રાજકારણ રમીને એવા ઠરાવોને પસાર થતા અટકાવી શકે છે જે તેના પોતાના હિતમાં ન હોય. ખાનગી બેઠકો યોજી શકે છે. વિકાસશીલ દેશો વિરુધ્ધ ખાનગી રીતે આપસમાં કરાર કરી શકે છે.*

*આ રીતે* WTO *સાથેના ભારતના સંબંધોને કારણે વિશ્વબજારમાં આપણે ટકી રહેવા માટે કેટલુંક ગુમાવવું પડે છે, તે ખરું પરંતુ સામી બાજુએ તેનાથી આપણને કેટલાક ફાયદો પણ થયા છે. તેથી હવે આપણે એ દિશામાં વિચારવાનું રહે છે કે કંઈ રીતે ઓછામાં ઓછા ગેરફાયદા સાથે તેના વધુમાં વધુ ફાયદાઓનો લાભ ઉઠાવી શકાય.*

### 13.4.7 સ્વાધ્યાય

❖ **બહુવૈકલ્પિક પ્રશ્નો (M.C.Q.) :**

*નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ક્રમાંક નંબર સહિત જવાબ લખો.*

**(1) આંતરરાષ્ટ્રીય વેપારથી ઉદ્ભવતા કયા લાભનો આધાર વેપારની શરતો ઉપર છે?**

(1) *કુલ* (2) *નિરપેક્ષ*

(3) *સાપેક્ષ* (4) *સીમાંત*

**(2) લેણદેણની તુલા કઈ દૃષ્ટિએ હંમેશા સમતોલ હોય છે ?**

(1) *વાસ્તવિક* (2) *હિસાબી*

(3) *આર્થિક* (4) *નાણાંકીય*

**(3) આર્થિક વિકાસના કયા તબક્કામાં વેપારની શરતો પ્રતિકૂળ બનવાની શક્યતા વધુ છે ?**

(1) *પછાત* (2) *પ્રાથમિક*

(3) *વિકસિત* (4) *સમૃધ્ધ*

**(4) લેણદેણની તુલામાં કેટલાં ખાતાં હોય છે ?**

(1) *એક* (2) *બે*

(3) *ત્રણ* (4) *પાંચ*

**(5) અવમૂલ્યનથી નીચેનામાંથી કઈ અસર ઉદ્ભવે છે ?**

(1) *આયાતો સસ્તી બને* (2) *આયાતો મોંઘી બને*

(3) *નિકાસો મોંઘી બને* (4) *આયાત અને નિકાસ બંને મોંઘી બને*

**(6) આંતરાષ્ટ્રીય વેપારને અસર કરતું સૌથી મહત્વનું પરિબળ કયું છે ?**

(1) *સાધન માંગ* (2) *સાધન પુરવઠો*

(3) *ઉત્પાદન ખર્ચ* (4) *વસ્તુની ગુણવત્તા*

**(7) નીચેનામાંથી કઈ દષ્ટિએ આયાત અવેજીકરણનું મહત્વ રહેલું છે ?**

(1) *વિદેશી હૂંડિયામણની દષ્ટિએ*

(2) *ઝડપી ઉદ્યોગીકરણની દષ્ટિએ*

(3) *રોજગારી અને માથાદીઠ આવકની દષ્ટિએ*

(4) *ઉપરોક્ત ત્રણેય દષ્ટિએ*

**(8) ગેટ (GATT) ની સ્થાપના સમયે તેમાં કેટલાં રાષ્ટ્રો સંકળાયલાં હતાં ?**

(1) 32 *રાષ્ટ્રો* (2) 28 *રાષ્ટ્રો*

(4) 23 *રાષ્ટ્રો* (4) 38 *રાષ્ટ્રો*

**(9) વિશ્વ વ્યાપાર સંગઠન (WTO) નો જન્મ કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થામાંથી થયો છે ?**

(1) *ગેટ* (GATT)

(2) *આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ* (IMF)

(3) *વિશ્વબેંક* (IBRD)

(4) *એશિયન વિકાસ બેંક* (ADB)

**(10) ભારતમાં કયા પેટન્ટ ધારાનો અમલ થતાં ભારતીય ઔષધ અને દવા ઉદ્યોગે ઝડપી પ્રગતિ સાધી છે ?**

(1) *ભારતીય પેટન્ટ ધારો* - 1979

(2) *ભારતીય પેટન્ટ ધારો* - 1970

(3) *ભારતીય પેટન્ટ ધારો* - 1980

(4) *ભારતીય પેટન્ટ ધારો* - 1989

**(11) ભારતે કયા એકટના ફેરફારોનો સ્વીકાર કરવામાં વિકસિત દેશોની** *સરખામણીએ ઉતાવળ કરી છે ?*

(1) *ડંકેલ ફાયનલ એક્ટ* (2) *ભારતીય પેટન્ટ એક્ટ*

(3) MRPP *એક્ટ* (4) FERA *એક્ટ*

❖ **ઉપરોક્ત બહુ વૈકલ્પિક પ્રશ્નોના જવાબો :**

(1) (3) *સાપેક્ષ*

(2) (2) *હિસાબી*

(3) (2) *પ્રાથમિક*

(4) (3) *ત્રણ*

(5) (2) *આયાતો મોંઘી બને*

(6) (3) *ઉત્પાદન ખર્ચ*

(7) (4) *ઉપરોક્ત ત્રણેય દષ્ટિએ*

(8) (3) 23 *રાષ્ટ્રો*

(9) (1) *ગેટ* (GATT)

(10) (2) *ભારતીય પેટન્ટ ધારો* 1970

(11) (1) *ડંકેલ ફાયનલ એક્ટ*

## ❖ ટૂંકોત્તરી પ્રશ્નો :

(1) *વિદેશ નીતિમાં આવેલા તાજેતરના પ્રવાહો વિશે સમજાવો.*

(2) *વિદેશ વ્યાપાર નીતિની નબળી બાજુઓ સમજાવો.*

(3) WTO *(વિશ્વ વેપાર સંગઠન)ના ઉદ્‌ભવ અને વિકાસ સમજાવો.*

(4) WTO *ના ઉદ્દેશો સમજાવો.*

(5) *વિશ્વ વ્યાપાર સંગઠન સાથે જોડાવાથી થયેલા ફાયદા અને ગેરફાયદા ટૂંકમાં સમજાવો.*

## ❖ ટૂંકનોંધ લખો :

(1) *વિશ્વ વેપાર સંગઠન અને ભારત*

(2) *ભારતના વિદેશ વેપારના કદમાં આવેલાં પરિવર્તનો*

(3) *વિદેશ વેપારના બંધારણનો અર્થ*

(4) 1991 *પછી નિકાસ વેપારની દિશામાં આવેલાં પરિવર્તનો*

(5) *વિશ્વવેપાર સંગઠનનું મૂલ્યાંકન*

(6) *પેટન્ટ શાસનની વિવિધ ક્ષેત્રો પરની અસર જણાવો.*

(7) *જિનિવા પરિષદમાં ભારતની સિધ્ધિઓ*

## ❖ સામાન્ય પ્રશ્નો - નિબંધાત્મક પ્રશ્નો

(1) *વિશ્વ વેપાર સંગઠન* (WTO) *ના ઉદ્‌ભવની ભૂમિકા સમજાવી તેનો વિકાસ વર્ણવો.*

(2) *ભારતીય આંતરરાષ્ટ્રીય વેપારનું બંધારણ, દિશા અને વલણો સમજાવો.*

(3) 2009-14 *ની નવી વિદેશ વ્યાપાર નીતિના ઉદ્દેશો જણાવો.*

(4) *વિશ્વ વેપાર સંગઠન અને ભારત વચ્ચેના સંબંધોનું મૂલ્યાંકન કરો.*

એકમ 14

# ભારતનું જાહેરક્ષેત્ર

-: રૂપરેખા :-

14.1 પ્રસ્તાવના અને અર્થ

14.2 ભારતમાં જાહેર ક્ષેત્ર - હેતુઓ

14.3 જાહેર ક્ષેત્ર - મહત્ત્વ

14.4 આઝાદી પછી સરકારની જાહેરક્ષેત્ર અંગેની નીતિ

14.4.1 પ્રસ્તાવના

14.4.2 ભારતમાં જાહેર ક્ષેત્રનાં ઉપક્રમો (PSUs - Public Sector undertaking) : PSUs નો વિકાસ

14.4.3 ભારતમાં જાહેર ક્ષેત્રના સુધારા, 1991

14.4.4 જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSUs) - સમસ્યાઓ

14.4.5 નવી 'જાહેર ક્ષેત્ર પોલિસી'

14.5 ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્ર વચ્ચે તફાવત

14.5.1 ખાનગી-ક્ષેત્ર સાહસો

14.5.2 જાહેર ક્ષેત્ર સાહસો

14.5.3 તફાવત

14.5.4 જાહેર સાહસો અને ખાનગી સાહસો વચ્ચેના મુખ્ય તફાવતો

14.6 જાહેર ક્ષેત્રની આર્થિક વિકાસમાં ભૂમિકા

14.7 જાહેર ક્ષેત્રની કામગીરી અને મૂલ્યાંકન

14.7.1 પ્રસ્તાવના

14.7.2 જાહેર ક્ષેત્રની કામગીરીનું મૂલ્યાંકન

14.8 જાહેર ક્ષેત્રનાં ફાયદા અને ગેરફાયદા

14.8.1 જાહેર ક્ષેત્રના ફાયદા

14.8.2 જાહેર ક્ષેત્રના ગેરફાયદા

14.9 સ્વાધ્યાય - સૈદ્ધાંતિક પ્રશ્નો, ટૂંકા પ્રશ્નો, બહુવૈકલ્પિક પ્રશ્નો

## 14.1 પ્રસ્તાવના અને અર્થ

જાહેર ક્ષેત્ર એટલે કે સરકારનાં તમામ સ્તરો અને સરકાર-નિયંત્રિત સાહસોનો બનેલો અર્થતંત્રનો ભાગ. તેમાં ખાનગી કંપનીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ઘરોનો સમાવેશ થતો

નથી. જાહેર ક્ષેત્ર (જેને રાજ્ય ક્ષેત્ર પણ કહેવાય છે) એ અર્થતંત્રનો એક ભાગ છે જે જાહેર સેવાઓ અને જાહેર સાહસો બંનેનું બનેલું છે.

જાહેર ક્ષેત્રોમાં જાહેર વસ્તુઓ અને સરકારી સેવાઓનો સમાવેશ થાય છે જેમ કે સૈન્ય, કાયદાનો અમલ, આંતર-માળખાકીય સુવિધાઓ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર), જાહેર પરિવહન, જાહેર શિક્ષણ, આરોગ્ય સંભાળની સાથે અને સરકાર માટે જ કામ કરતા લોકો, જેમ કે ચૂંટાયેલા અધિકારીઓ. જાહેર ક્ષેત્ર એવી સેવાઓ પ્રદાન કરી શકે છે કે જે (જેમ કે સ્ટ્રીટ લાઈટિંગ), સેવાનો ઉપયોગ કરનાર વ્યક્તિના બદલે સમગ્ર સમાજને લાભ આપે છે. જાહેર સાહસો, અથવા રાજ્ય-માલિકીના સાહસો, સ્વ-ધિરાણ આપતા વ્યાપારી સાહસો છે જે જાહેર માલિકી હેઠળ છે જે વેચાણ માટે વિવિધ ખાનગી માલ અને સેવાઓ પ્રદાન કરે છે અને સામાન્ય રીતે વ્યાપારી ધોરણે કાર્ય કરે છે.

જે સંસ્થાઓ જાહેર ક્ષેત્રનો ભાગ નથી તે કાં તો ખાનગી ક્ષેત્ર અથવા સ્વૈચ્છિક ક્ષેત્રનો ભાગ છે. ખાનગી ક્ષેત્ર એ આર્થિક ક્ષેત્રોથી બનેલું છે જેનો હેતુ ઉદ્યોગ-સાહસના માલિકો માટે નફો મેળવવાનો છે.

## 14.2 ભારતમાં જાહેર ક્ષેત્ર - હેતુઓ

- ભારતમાં,જાહેર ક્ષેત્રની કંપની એવી કંપની છે જેમાં કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કોઈપણ પ્રાદેશિક સરકાર 51% કે તેથી વધુ હિસ્સાની માલિકી ધરાવે છે. હાલમાં માત્ર સરકાર માટે માત્ર ત્રણ ક્ષેત્રો અનામત છે એટલે કે રેલવે, અણુ ઊર્જા અને વિસ્ફોટક સામગ્રી, ખાનગી ક્ષેત્રોને આ ક્ષેત્રોમાં કામ કરવાની મંજૂરી નથી.
- ભારતની આઝાદી પહેલાં, દેશમાં જાહેર ક્ષેત્રની કેટલીક કંપનીઓ હતી જેમાં ભારતીય રેલવે, પોર્ટ ટ્રસ્ટ, પોસ્ટ અને ટેલિગ્રાફ, ઓલ ઈન્ડિયા રેડિયો અને ઓર્ડિનન્સ ફેક્ટરી દેશના જાહેર ક્ષેત્રના કેટલાંક મુખ્ય ઉદાહરણો છે. ભારતની આઝાદી પછી, દેશની સામાજિક-આર્થિક સ્થિતિના વિકાસ માટે કેટલીક નીતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં જાહેર ક્ષેત્રનો ઉપયોગ રાષ્ટ્રની અર્થવ્યવસ્થાના આત્મનિર્ભર વિકાસ માટેના સાધન તરીકે કરવામાં આવતો હતો.
- આ જ કારણ હતું કે ભારતની બીજી પંચવર્ષીય યોજના ફક્ત વિવિધ ઉદ્યોગોના વિકાસ પર આધારિત હતી. 1990ના દાયકા સુધી અર્થવ્યવસ્થાના મુખ્ય ક્ષેત્રો માત્ર સરકાર માટે જ આરક્ષિત હતા, જેના કારણે આપણાં અમૂલ્ય કુદરતી સંસાધનો હોવા છતાં દેશને મોટું નુકસાન થયું અને આખો દેશ મોટી આર્થિક સમસ્યામાં ફસાઈ ગયો હતો. પ્રથમ પંચવર્ષીય યોજનાથી 1980 સુધી આપણો દેશ દર વર્ષે સરેરાશ 3.5% (જેને પ્રો. રાજકૃષ્ણ દ્વારા હિંદુ વૃદ્ધિ દર કહેવાય છે) સાથે વૃદ્ધિ પામ્યો હતો.
- 1991માં, જુલાઈમાં શ્રી મનમોહન સિંહ અને પી.વી. નરસિમ્હા રાવનાં નેતૃત્વમાં નવી આર્થિક નીતિ શરૂ કરવામાં આવી. આ નવી આર્થિક નીતિના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ હતા :

    1. ઉત્પાદકતામાં સતત વૃદ્ધિ જાળવી રાખવી.
    2. લાભદાયક રોજગાર વધારવો.
    3. માનવ સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરવો.
    4. વૈશ્વિક ક્ષેત્રે ભારતને મુખ્ય ભાગીદાર અને ખેલાડીમાં પરિવર્તિત કરવું.

5. ભારતીય અર્થતંત્રને ગરીબીના દુષ્ટ વર્તુળમાંથી બહાર કાઢવું.
6. બાકીના વિશ્વ સાથે મુક્ત વેપાર કરવા માટે ભારતીય અર્થતંત્રને ખોલવું.

- આ નવી નીતિનું મુખ્ય પરિણામ એ હતું કે ખાનગી ક્ષેત્રો માટે અનામત ક્ષેત્રો ખોલવામાં આવ્યાં હતાં. કારણ કે જાહેર ક્ષેત્રો તેની શ્રેષ્ઠ ગતિએ કામ કરી શક્યાં ન હતાં.

**જાહેર ક્ષેત્ર નીચેના મુખ્ય ઉદ્દેશ્યો હાંસલ કરવાનો ધ્યેય રાખે છે :**

1. આંતર - માળખાકીય સુવિધા (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) ના નિર્માણ અને વિસ્તરણ દ્વારા ઝડપી આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવું.
2. વિકાસ માટે નાણાકીય સંસાધનો ઉત્પન્ન કરવાં.
3. આવક અને સંપત્તિના પુનઃવિતરણને પ્રોત્સાહન આપવું.
4. રોજગારીની તકો ઊભી કરવી.
5. સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપવું.
6. નાના પાયાના અને આનુષંગિક ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહિત કરવા અને
7. નિકાસ પ્રોત્સાહન અને આયાત અવેજીને વેગ આપવો

## 14.3 જાહેર ક્ષેત્ર - મહત્ત્વ

કોઈપણ અર્થતંત્રના વિકાસમાં જાહેર ક્ષેત્ર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સરકારના હાથમાં એકાધિકાર હોવાથી જાહેર ક્ષેત્રને ખૂબ જ મહત્ત્વપૂર્ણ સંસ્થા માનવામાં આવે છે. તેનું મહત્ત્વ નીચે મુજબ છે :

**(1)** **આર્થિક વિકાસ :** આર્થિક વિકાસ મુખ્યત્વે ઔદ્યોગિક વિકાસ પર આધાર રાખે છે. આર્થિક વિકાસ માટે ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડવા માટે લોખંડ અને સ્ટીલ, વહાણ પરિવહન (શિપિંગ), ખાણકામ વગેરે જેવા ભારે અને મૂળભૂત ઉદ્યોગોની આવશ્યકતા છે. આવા ભારે અને મૂળભૂત ઉદ્યોગોની સ્થાપના માટે જંગી મૂડીની જરૂર છે. આ ઉદ્યોગો માટે જરૂરી મૂડી જાહેર ક્ષેત્ર દ્વારા સરળતાથી અને સહેલાઈથી ઉપલબ્ધ કરાવવામાં આવે છે પરંતુ ખાનગી ક્ષેત્ર માટે આ ઉદ્યોગોનું સંચાલન કરવું વ્યાવહારિક રીતે શક્ય નથી.

**(2)** **પ્રાદેશિક વિકાસ :** ખાનગી ક્ષેત્ર સામાન્ય રીતે પછાત વિસ્તારની અવગણના કરે છે. પરંતુ જાહેર ક્ષેત્રની સંસ્થાઓ આર્થિક રીતે પછાત વિસ્તારોમાં તેમના એકમો સ્થાપે છે. આ દ્વારા જાહેર ક્ષેત્ર પ્રાદેશિક અસંતુલન દૂર કરે છે અને પ્રાદેશિક વિકાસ લાવે છે.

**(3)** **રોજગાર :** ભારતમાં કાર્યરત વિવિધ જાહેર ક્ષેત્રોને ઘણા માનવબળની જરૂર છે અને આ અમર્યાદિત વ્યક્તિઓને તેમના શિક્ષણ, અનુભવ અને ક્ષમતાઓ અનુસાર રોજગાર પ્રદાન કરે છે.

**(4)** **સેવાનો હેતુ :** જાહેર ક્ષેત્રની સંસ્થાઓ નફાને ધ્યાનમાં લીધા વિના સમાજને ઉપયોગી સેવાઓ પૂરી પાડવાના એકમાત્ર હેતુ સાથે કામ કરે છે.

**(5)** **ઈજારો :** જાહેર ક્ષેત્ર પર સંપૂર્ણ રીતે સરકારી ઈજારો છે. તેને કોઈપણ ખાનગી ક્ષેત્ર તરફથી કોઈપણ પ્રકારની સ્પર્ધાનો સામનો કરવો પડતો નથી. જાહેર ક્ષેત્ર ઈજારો, અર્ધ-ઈજારો અથવા અલપહસ્તક ઈજારાના ધોરણે કામ કરે છે.

**(6) મજબૂત માળખાકીય સુવિધાઓ (Sound Infrastructural Facilities) :** દેશમાં ઝડપી ઔદ્યોગિક વિકાસ માટે મજબૂત આંતર-માળખાકીય સુવિધાની જરૂર છે. માળખાકીય ઉદ્યોગો જેવાં કે રોડ, રેલ્વે, વિજળી અને આવા ઘણા ઉદ્યોગોના નિર્માણ માટે મોટી મૂડીની જરૂર પડે છે. ખાનગી ક્ષેત્ર આટલી મોટી મૂડી ધરાવવામાં અસમર્થ છે અને તે પણ કોઈ ઊંચા વળતર વિના, પરંતુ જાહેર ક્ષેત્ર સરળતાથી તમામ માળખાકીય સુવિધાઓ પૂરી પાડી શકે તેમ છે.

**(7) આદર્શ નિયોજક (મોડલ એમ્પ્લોયર) :** એક સારા માતાપિતાની જેમ, જાહેર ક્ષેત્ર તેના કર્મચારીઓ માટે ખૂબ જ ચિંતિત છે. તે તેના કર્મચારીઓની યોગ્ય કાળજી લે છે અને નોકરીની સુરક્ષા, યોગ્ય વેતન, યોગ્ય કામ કરવાની પરિસ્થિતિઓ, તાલીમ અને કલ્યાણ સુવિધાઓ પૂરી પાડે છે.

**(8) બીમાર ઉદ્યોગોને રક્ષણ :** જાહેર ક્ષેત્ર, માંદા એકમોને બંધ થતા અટકાવવા માટે, તેમની જવાબદારી લે છે અને ઘણા લોકોને બેરોજગાર થતા અટકાવે છે.

**(9) સરકારી નિયંત્રણ :** જાહેર ક્ષેત્ર સંપૂર્ણ રીતે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અથવા સરકાર દ્વારા નિયુક્ત અન્ય અધિકારીઓ દ્વારા નિયંત્રિત અને સંચાલિત થાય છે.

**(10) મોટા પાયાની કામગીરીની અર્થવ્યવસ્થા :** જાહેર ક્ષેત્ર તેના મોટા પાયાની કામગીરીને કારણે મોટા પાયે કામગીરીની અર્થવ્યવસ્થાનો આનંદ માણે છે.

## 14.4 આઝાદી પછી સરકારની જાહેરક્ષેત્ર અંગેની નીતિ

### 14.4.1 પ્રસ્તાવના :

1947 માં સ્વતંત્રતા સમયે, ભારતમાં માત્ર રૂ. 29 કરોડના રોકાણ સાથે માત્ર પાંચ કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો હતાં. આ ઉપરાંત, ભારત પાસે રેલવેનું વાજબી માળખું હતું અને સમગ્ર દેશને આવરી લેતી વ્યાપક પોસ્ટ અને ટેલિગ્રાફ હતા. આજે ભારતમાં આશરે રૂ. 12 લાખ કરોડના રોકાણ સાથે 320 કેન્દ્રીય જાહેર સાહસો છે. લગભગ 165 CPSEs એ લગભગ રૂ. 1.5 લાખ કરોડનો ચોખ્ખો નફો મેળવ્યો અને 78 CPSE એ રૂ. 29,000 કરોડની ચોખ્ખી ખોટ કરી. ત્યાં કદાચ, રાજ્યના જાહેર સાહસોની સંખ્યા બમણી છે. રાજ્યના જાહેર સાહસોની કુલ સંખ્યા અને તેમના રોકાણોના સંદર્ભમાં આંકડા પણ અગત્યના છે. પરંતુ સંકેત એ છે કે 4-5 લાખ કરોડ રૂપિયાના રોકાણ સાથે ઓછામાં ઓછા 1000 જાહેર સાહસો છે. તે સિવાય કેન્દ્ર અને રાજ્ય કોર્પોરેશનો છે ખાસ કરીને, રેલ્વે, રાજ્ય માર્ગ નિગમો અને પોસ્ટ્સ.

જાહેર ક્ષેત્ર મુખ્યત્વે નીચેના ત્રણ ભાગોમાં જેમ કે

- વિભાગીય ઉપક્રમ - સંબંધિત મંત્રાલય અથવા વિભાગ દ્વારા સીધા સંચાલિત. (દા.ત. રેલવે, પોસ્ટ, વગેરે)
- બિન-વિભાગીય ઉપક્રમ - (PSUs) (જાહેરક્ષેત્રનો ઉપક્રમો) (દા.ત. HPCL, IOCL વગેરે)
- નાણાકીય સંસ્થા (દા.ત. SBI, UTI, LIC વગેરે) થી સંબંધિત છે.

### 14.4.2 ભારતમાં જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSUs - Public Sector Undertakings) નો વિકાસ :

- 1947 માં આઝાદી પછી, ભારતીય ઉદ્યોગો જર્જરિત સ્થિતિમાં હતા.
- ભારતમાં ઉદ્યોગોનો કાયાકલ્પ કરવા અને નવા અભિગમ માટે જાહેર સાહસો પર નીતિગત ભારની જરૂર હતી.
- આ દિશામાં, બીજી પંચવર્ષીય યોજના (1956-61) ના 1956 ના ઔદ્યોગિક નીતિ ઠરાવમાં જાહેર ક્ષેત્રના ઉપક્રમો/ઉદ્યોગો માટે જરૂરી માળખું પૂરું પાડવામાં આવ્યું હતું.
- આ સાથે, PSUs દેશના આર્થિક વિકાસમાં અગ્રણી ભૂમિકા ભજવશે, આર્થિક શક્તિના કેન્દ્રીકરણને અટકાવશે અને પ્રાદેશિક અસમાનતાઓ ઘટાડશે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી.
- શરૂઆતમાં, 1956ના ઠરાવની અનુસૂચિ A દ્વારા, કુલ 17 ઔદ્યોગિક ક્ષેત્રો જાહેર ક્ષેત્ર માટે અનામત રાખવામાં આવ્યા હતા જેમાં એવી કલમ હતી કે આ શ્રેણીઓમાં ખાનગી ક્ષેત્રમાં કોઈ નવા એકમોને મંજૂરી આપવામાં આવશે નહીં.
- અનુસૂચિ B માં, ઉદ્યોગોની બીજી યાદીનો સમાવેશ કરવામાં આવ્યો હતો જયાં સરકારે સક્રિયપણે જાહેર માલિકીને પ્રોત્સાહન આપ્યું હતું. આમાં, વિવિધ પેટા-રાષ્ટ્રીય સરકારે, કેન્દ્ર સરકાર સાથે જાહેર ક્ષેત્રના સાહસો/ઉદ્યોગોની સ્થાપના અને કામગીરી માટે નોંધપાત્ર રોકાણ કર્યું હતું.
- પ્રારંભિક તબક્કામાં, જાહેર ક્ષેત્રના ઉપક્રમો મુખ્ય અને વ્યૂહાત્મક ઉદ્યોગો જેવી કે સિંચાઈ યોજનાઓ (દામોદર વેલી કોર્પોરેશન), કોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર (દા.ત. ભારતીય ટેલિફોન ઈન્ડસ્ટ્રીઝ), ખાતર અને રસાયણો (દા.ત. ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ, ત્રાવણકોર લિમિટેડ) ભારે ઉદ્યોગો (દા.ત. ભિલાઈ સ્ટીલ પ્લાન્ટ, ભારત હેવી ઈલેક્ટ્રીકલ્સ, હિન્દુસ્તાન મશીન ટૂલ્સ, ઓઈલ અને નેચરલ ગેસ કમિશન વગેરે) સુધી મર્યાદિત હતા.
- ત્યારબાદ, સરકારે ઘણી બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવાનું શરૂ કર્યું (1955માં ઈમ્પીરીયલ બેંક ઓફ ઈન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને તેનું નામ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રાખવામાં આવ્યું).
- બાદમાં જાહેર ક્ષેત્રની કંપનીઓએ વિવિધ ઉપભોક્તા ચીજવસ્તુઓ (દા.ત. નેશનલ ટેક્સટાઈલ કોર્પોરેશન, મોર્ડન ફૂડ્સ વગેરે)નું ઉત્પાદન કરવાનું શરૂ કર્યું અને કોન્ટ્રાક્ટ, કન્સલ્ટન્સી અને પરિવહન સેવાઓ પૂરી પાડી.
- સમયની સાથે, ઘણાં જાહેર સાહસોને નુકસાન થવાનું શરૂ થયું. જંગી દેવાને લીધે, સરકાર દ્વારા સમયાંતરે અમુક જાહેર સાહસોને માંડી વાળવામાં આવ્યા હતાં.
- 1991 માં, ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણને કારણે જાહેર ક્ષેત્રની ભૂમિકાની સમીક્ષા કરવામાં આવી હતી અને જાહેર ક્ષેત્રને અણુ ઊર્જા, કોલસો, સંરક્ષણ, રેલવે, ખનિજ તેલ અને પરિવહન જેવાં માત્ર છ ક્ષેત્રો સુધી સીમિત કરવામાં આવ્યું હતું.

- આ પછી, ખાનગી ક્ષેત્રને નફાકારક બનાવવા અને તેમને વિશ્વભરની ખાનગી ક્ષેત્રની કંપનીઓ સાથે સ્પર્ધા કરવા સક્ષમ બનાવવા માટે જાહેર ક્ષેત્રમાં તેની ભાગીદારી વધારવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા.

### 14.4.3 ભારતમાં જાહેર ક્ષેત્રના સુધારા, 1991

- 1991 ની ઔદ્યોગિક નીતિ પરના નિવેદનમાં ભારતમાં જાહેર ક્ષેત્રની સમીક્ષા કરવામાં આવી હતી અને જાહેર સાહસો સાથે સંકળાયેલી ઘણી સમસ્યાઓને ઓળખવામાં આવી હતી અને આ સમસ્યાઓને સુધારવાના માર્ગો સૂચવ્યા હતા.
- સરકારને જાહેર સાહસો માટે નવો અભિગમ અપનાવવાની દરખાસ્ત કરવામાં આવી હતી.
- તદનુસાર, ઘણા જાહેર ક્ષેત્રોને 17 થી ઘટાડીને 6 કરવામાં આવ્યા હતા. ઉત્પાદનમાં, જે ક્ષેત્રો જાહેર ક્ષેત્ર માટે અનામત રાખવામાં આવ્યા હતા તે વ્યૂહાત્મક ઉદ્યોગો જેવા કે સંરક્ષણ અને પેટ્રોલિયમ સાથે સંબંધિત હતા.
- તે સિવાય સરકારે ખાનગી ક્ષેત્રની ભાગીદારી માટે કોઈ પ્રતિબંધ મૂક્યો ન હતો.
- જાહેર ક્ષેત્રને પુનઃજીવિત કરવા અને તેને સ્પર્ધાત્મક બનાવવા માટે સંચાલનમાં ફેરફાર અને નાણાકીય મદદ દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા.
- જાહેર ક્ષેત્રના સાહસોની ઇક્વિટીના વિનિવેશ (ડિસઇન્વેસ્ટમેન્ટ) ના નિર્ણયની પણ દરખાસ્ત કરવામાં આવી હતી.

**મુખ્ય જાહેરક્ષેત્રના સુધારા નીચે આપેલ છે :**

- નવી ઔદ્યોગિક નીતિ, 1991
- સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના, 1988 (ગોલ્ડન હેન્ડશેક)
- સંચાલિત કિંમત પદ્ધતિ
- નવરત્નોની નીતિ (શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર PSUs ને નવરત્ન કહેવાતા)
- સરકારે તેમને નોંધપાત્ર પ્રમાણમાં સ્વાયત્તતા આપી હતી જેથી તેઓ વધુ સારું પ્રદર્શન કરી શકે.
- મિનીરત્ન નીતિ (હાલમાં 60 PSUs ને આ દરજ્જો આપવામાં આવ્યો છે)
- મહારત્નોની નીતિ (2010 માં બનાવવામાં આવેલ શ્રેણી)
- ચોખ્ખો નફો 2,500 કરોડ હોવો જોઈએ
- ચોખ્ખું મૂલ્ય (નેટવર્થ) 10,000 કરોડ હોવું જોઈએ
- વેચાણ (ટર્નઓવર) 20,000 કરોડ હોવું જોઈએ
- PSUs નવરત્ન હોવા જોઈએ અને શેર બજાર માં સૂચિબદ્ધ હોવા જોઈએ
- PSUs ની વૈશ્વિક હાજરી પણ નોંધપાત્ર હોવી જોઈએ.

- 2010માં સરકારે ONGC, IOCL, SAIL અને NTPC, 4 નવરત્નને મહારત્નનો દરજ્જો આપ્યો.
- થોડા સમય પછી સરકારે CIL ને આ દરજ્જો આપ્યો.

### 14.4.4 જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSUs) ની - સમસ્યાઓ

PSUs ની મુખ્ય સમસ્યાઓ નીચે વર્ણવી શકાય છે :

- અયોગ્ય રોકાણ નિર્ણયો
- અયોગ્ય કિંમત નિર્ધારણ નીતિ
- અતિશય શિરોપરી ખર્ચ
- સ્વાયત્તતા અને જવાબદારીનો અભાવ
- વધુ પડતો કર્મચારી-ગણ (ઓવરસ્ટાફિંગ)
- વેપારી સંગઠનોનો સંઘવાદ (ટ્રેડ યુનિયનિઝમ)

### 14.4.5 નવી 'જાહેર ક્ષેત્રના સાહસો માટેની નીતિ'

સરકારે તાજેતરમાં નવી 'જાહેર ક્ષેત્રના સાહસો માટેની નીતિ' બહાર પાડી છે. નવી નીતિ હેઠળ :

- વ્યૂહાત્મક ક્ષેત્રોમાં અણુ ઉર્જા, અવકાશ, સંરક્ષણ, ટ્રાન્સ અને ટેલિકોમ, પાવર, પેટ્રોલ, કોલસો, અન્ય ખનિજો, બેંકિંગ, વીમા અને નાણાકીય સેવાઓને વ્યૂહાત્મક ક્ષેત્રો તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
- ખાનગીકરણમાં વ્યૂહાત્મક ક્ષેત્રોમાં બાકી રહેલી કંપનીઓને ખાનગીકરણ/ વિલીનીકરણ(મર્જર)/બંધ કરવા માટે અને બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોને ખાનગીકરણ કે વિલીનીકરણ માટે ધ્યાનમાં લેવામાં આવશે.
- વ્યૂહાત્મક ક્ષેત્રોમાં શાસકીય સ્તરે વર્તમાન કંપનીઓમાં લઘુતમ શાસન સરકારના નિયંત્રણ હેઠળ જાળવી રાખવામાં આવશે.
- વ્યૂહાત્મક ક્ષેત્રોમાં મર્યાદિત સંખ્યામાં ખેલાડીઓ હોય છે જે તેને શાસન પ્રકૃતિના મહત્તમ ચાર જાહેર ક્ષેત્રના સાહસો સુધી મર્યાદિત કરે છે.

## 14.5 ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્ર વચ્ચે તફાવત

સાહસ (એન્ટરપ્રાઈઝ) કાં તો જાહેર અથવા ખાનગી હોઈ શકે છે. બંને વચ્ચેના તફાવતને સમજવો મહત્ત્વપૂર્ણ છે. કારણ કે ગ્રાહકના ગોપનીયતા અધિકારો બંને ક્ષેત્રોમાં અલગ છે.

### 14.5.1 ખાનગી-ક્ષેત્રના સાહસો :

ખાનગી ક્ષેત્રના સાહસો રાષ્ટ્રીય અર્થતંત્રના વિભાગનો સંદર્ભ આપે છે. આ વ્યક્તિઓના ખાનગી જૂથ અથવા તો એક જ કંપની દ્વારા માલિકી અને નિયંત્રિત છે. આ ક્ષેત્રમાં અસંખ્ય કંપનીઓનો સમાવેશ થાય છે જે તેમના કદ અને કાર્યાત્મક ક્ષમતાઓના આધારે વિભાજિત કરવામાં આવે છે. તેમાં નાના અને મધ્યમ ઉદ્યોગો તેમ જ મોટી કંપનીઓનો સમાવેશ થાય છે. તેઓ ખાનગી અથવા જાહેર રીતે

વેપાર કરતી સંસ્થાઓ બંને હોઈ શકે છે. સામાન્ય રીતે, નવી કંપનીની સ્થાપના કરીને ખાનગી સાહસની રચના કરવામાં આવે છે. જો કે, હાલની જાહેર ક્ષેત્રની કંપનીઓનું ખાનગીકરણ પણ થઈ શકે છે. સામાન્ય રીતે, આ કંપનીઓ મહત્તમ નફો ઉત્પન્ન કરવાના એકલ હેતુથી ચલાવવામાં આવે છે. આ યોજનાને સામાન્ય રીતે વેચાણ ચિહ્ન (બ્રાન્ડ)ની પ્રતિષ્ઠા બનાવીને પ્રવર્તન કે પ્રોત્સાહન કરવામાં આવે છે. આ સાહસોએ સરકારી ધોરણો અને નિયમોનું પાલન કરવું જોઈએ. જો કે, આ સરકારી સંસ્થાઓ દ્વારા નિયંત્રિત નથી અને સામાન્ય રીતે જથ્થા કરતાં ગુણવત્તા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. સામાન્ય રીતે, ખાનગી સાહસો અર્થતંત્રમાં મહત્તમ રોજગાર પ્રદાન કરે છે. તેઓ મુખ્યત્વે તેની/તેણીની નોકરીની સ્થિરતા માટે કર્મચારીના પ્રદર્શન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. નીચે દર્શાવેલ સૂચિમાં અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રનાં સૌથી અગ્રણી ઉદાહરણોનો સમાવેશ થાય છે.

- ખાનગી શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીઓ જેવી શૈક્ષણિક સેવાઓ અને દેશમાં ઉપલબ્ધ અસંખ્ય વ્યાવસાયિક અભ્યાસક્રમો સાથે ટેલિકોમ્યુનિકેશન સેવાઓ, જે સામાન્ય રીતે પ્રકૃતિમાં વૈશ્વિક હોય છે.
- કુરિયર સેવાઓ કે જે રાષ્ટ્રીય સીમાઓની અંદર અને બહાર કાર્ય કરે છે.
- અર્થતંત્રમાં વિવિધ ક્ષેત્રોનો માળખાકીય વિકાસ

### 14.5.2 જાહેર ક્ષેત્ર સાહસો :

જાહેર ક્ષેત્રનો અર્થ શીખતી વખતે વિદ્યાર્થીઓએ સમજવું જોઈએ તે એકલ વ્યાખ્યાયિત લાક્ષણિકતા એ છે કે તેઓ સરકારી સંસ્થાઓ દ્વારા માલિકી, નિયંત્રિત અને સંચાલિત છે. સરકારી સંસ્થા દ્વારા આ માલિકી, નિયંત્રણ અને સંચાલન સંપૂર્ણ અથવા આંશિક હોઈ શકે છે. ખાસ કરીને, આ કંપનીઓ સામાન્ય રીતે ચોક્કસ મંત્રાલયો હેઠળ આવે છે અને તેમના દ્વારા કાર્યકારી રીતે સંચાલિત થાય છે. નોંધનીય છે કે, સંસદીય અધિનિયમો દ્વારા જાહેર ક્ષેત્રના કેટલાક સાહસોની સ્થાપના કરવામાં આવી છે. આ કૃત્યો તેમની કામગીરી અને નિયંત્રણ બંનેને વ્યાખ્યાયિત કરે છે. જાહેર સાહસ મુખ્યત્વે સામાન્ય લોકોને સસ્તી વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમાં કેન્દ્ર સરકારની સંસ્થાઓ, રાજ્ય સરકારની સંસ્થાઓ અને સ્થાનિક સરકારી અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. આ ક્ષેત્રને તેના સરકારી નિયંત્રણના આધારે વ્યાપક રીતે બે વિભાગોમાં વહેંચી શકાય છે.

1. કર, આબકારી અને અન્ય વેરા વગેરે જેવી આવકની મદદથી સંપૂર્ણ રીતે સરકારી સંસ્થા દ્વારા નાણાં પૂરાં પાડવામાં આવે છે.
2. કંપનીની 51% થી વધુ શેર મૂડી સરકારી સંસ્થાની માલિકીની હોય છે.

જાહેર ક્ષેત્રની સંસ્થાઓના પ્રકારોમાં વિભાગીય ઉપક્રમ, વૈધાનિક નિગમો અને સરકારી કંપનીઓનો સમાવેશ થાય છે. આવી સંસ્થાઓ મુખ્યત્વે નીચેની સેવાઓ પૂરી પાડવા માટે ચલાવવામાં આવે છે :

- દેશના લોકો માટે રોજગારનું સર્જન.
- દેશની ટપાલ સેવાઓ અને

- આર્થિક રીતે સક્ષમ શૈક્ષણિક અને આરોગ્ય સેવાઓ તેના નાગરિકો અને ભૌગોલિક પ્રદેશોની સુરક્ષા, રેલવે સેવાઓ.

**14.5.3 તફાવત :**

જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર વચ્ચેનો તફાવત કોષ્ટક રૂપે નીચે આપેલ છે.

| તફાવતના મુદ્દા | જાહેર ક્ષેત્ર | ખાનગી ક્ષેત્ર |
|---|---|---|
| 1. વ્યાખ્યા | એક પ્રકારનું ધંધાકીય એકમ છે જેની માલિકી, સંચાલન અને નિયંત્રણ સરકાર દ્વારા કરવામાં આવે છે. | એક પ્રકારનું ધંધાકીય એકમ છે જે વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથ દ્વારા માલિકીપણું, સંચાલિત અને નિયંત્રિત છે. |
| 2. ઉદ્દેશ્ય | મુખ્યત્વે ઉપલબ્ધ સંસાધનો સાથે દેશની સામાન્ય વસ્તીને સેવા આપવાનો ઉદ્દેશ હોય છે. | મુખ્યત્વે નફો વધારવા તરફ અને વેપાર ચિહ્ન પ્રતિષ્ઠા (બ્રાંડ ઈમેજ) બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. |
| 3. મૂડીનાં સ્રોતો | જાહેર આવકની કમાણી જેમ કે કર, આબકારી અને અન્ય કરો, ટ્રેઝરી બિલ્સ, બોન્ડ્સ વગેરે. | લોન, શેર અને ડિબેન્ચર બહાર પાડીને મેળવી શકાય છે. |
| 4. સામાન્ય રીતે આવરી લેવામાં આવેલ વિસ્તારો | પોલીસ, આર્મી, એરફોર્સ, નેવી, મૂળભૂત આરોગ્ય, શૈક્ષણિક અને પરિવહન સુવિધાઓ, વીજળી, કૃષિ ક્ષેત્ર, વીમો વગેરે | નાણાકીય ક્ષેત્રો, માહિતી ટેકનોલોજી, ખાણકામ નિગમો, પરિવહન, શિક્ષણ, દૂરસંચાર ક્ષેત્રો, ઉત્પાદન એકમો, બાંધકામ સાહસો, ફાર્માસ્યુટિકલ્સ, વગેરે |
| 5. લાભો | અત્યંત સુરક્ષિત નોકરીઓ, બહુવિધ નિવૃત્તિ લાભો, ભથ્થાં અને સવલતો વગેરે | કર્મચારીઓને પ્રગતિ અને યોગ્યતા, કામકાજનું સ્પર્ધાત્મક વાતાવરણ, પ્રોત્સાહનો અને બોનસ વગેરે પર આધારિત ઉચ્ચ પગાર પેકેજ. |
| 6. બઢતીનો આધાર | તે મુખ્યત્વે વરિષ્ઠતા અને રોજગારનાં વર્ષો પર આધાર રાખે છે. | પ્રતિબદ્ધતા અને ઉત્પાદન મૂલ્યો સાથે ગુણવત્તા અને પ્રગતિ પર આધારિત છે. |
| 7. સ્થિરતા | યોગ્યતા, પ્રગતિ, ઉત્પાદન, આવક નિર્માણ વગેરેના માપદંડો પર આધારિત હોય છે. | સામાન્ય રીતે અસ્થિર કારણ કે તે ગુણવત્તા અને ઉત્પાદન (આઉટપુટ) પર આધારિત છે |

### 14.5.4 જાહેર સાહસો અને ખાનગી સાહસો વચ્ચેના મુખ્ય તફાવતો :

1. **ન્યૂનતમ ભરપાઈ મૂડી :** ખાનગી કંપની તરીકે સમાવિષ્ટ કંપની પાસે રૂ. 1,00,000 ની ચૂકવણી મૂડી હોવી આવશ્યક છે. જ્યારે સાર્વજનિક કંપની તરીકે સમાવિષ્ટ કંપની પાસે રૂ, 5,00,000 ની ભરપાઈ મૂડી હોવી આવશ્યક છે.

2. **સભ્યોની ન્યૂનતમ સંખ્યા :** ખાનગી કંપની બનાવવા માટે જરૂરી સભ્યોની ન્યૂનતમ સંખ્યા 2 છે જ્યારે જાહેર કે સાર્વજનિક કંપની બનાવવા માટે જરૂરી સભ્યોની ન્યૂનતમ સંખ્યા 5 છે.

3. **સભ્યોની મહત્તમ સંખ્યા :** કંપની અધિનિયમ 2013 મુજબ ખાનગી કંપનીઓમાં સભ્યોની મહત્તમ સંખ્યા 200 સુધી મર્યાદિત છે, જ્યારે જાહેર કંપનીમાં સભ્યોની મહત્તમ સંખ્યા પર કોઈ પ્રતિબંધ નથી.

4. **શેરની તબદીલીક્ષમતા :** ખાનગી કંપનીના કિસ્સામાં આર્ટિકલ ઓફ એસોસિએશન દ્વારા શેરની ટ્રાન્સફર ક્ષમતા સંપૂર્ણપણે પ્રતિબંધિત છે જ્યારે સાર્વજનિક કંપનીના કિસ્સામાં શેરની તબદીલી પર કોઈ પ્રતિબંધ નથી.

5. **ડિરેક્ટર્સની સંખ્યા :** એક ખાનગી કંપનીમાં કંપનીની બાબતોનું સંચાલન કરવા માટે ઓછામાં ઓછા 2 ડિરેક્ટર હોઈ શકે છે જ્યારે જાહેર કંપનીમાં ઓછામાં ઓછા 3 ડિરેક્ટર હોઈ શકે છે.

6. **વ્યાપાર પ્રારંભ :** ખાનગી કંપની સ્થાપના પછી તરત જ તેનો વ્યવસાય શરૂ કરી શકે છે જ્યારે જાહેર કંપની જ્યાં સુધી તેને વ્યવસાય શરૂ કરવા માટેનું પ્રમાણપત્ર આપવામાં ન આવે ત્યાં સુધી તેનો વ્યવસાય શરૂ કરી શકતી નથી.

7. **શેર વોરંટ :** ખાનગી કંપની તેના સંપૂર્ણ ચૂકવેલ શેર સામે શેર વોરંટ જારી કરવા માટે અધિકૃત નથી જ્યારે જાહેર કંપની તેના સંપૂર્ણ ચૂકવેલ શેર સામે શેર વોરંટ જારી કરવા માટે અધિકૃત છે.

8. **વૈધાનિક સભા (મીટિંગ્સ) :** ખાનગી કંપનીને મેનેજરની વૈધાનિક મીટિંગ બોલાવવાની કોઈ જવાબદારી હોતી નથી જ્યારે સાર્વજનિક કંપની વૈધાનિક મીટિંગ બોલાવી શકે છે અને કંપનીઓના રજિસ્ટ્રાર પાસે વૈધાનિક અહેવાલ જમા કરાવી શકે છે.

9. **વિશેષાધિકાર :** ખાનગી કંપની કેટલાક વિશેષાધિકારોનો આનંદ લઈ શકે છે જે જાહેર કંપનીઓ માટે ઉપલબ્ધ નથી.

## 14.6 જાહેર ક્ષેત્રની આર્થિક વિકાસમાં ભૂમિકા

દેશના વિકાસમાં જાહેર ક્ષેત્રોની ભૂમિકા નીચે વર્ણવેલ છે :

- **જાહેર ક્ષેત્ર અને મૂડીની રચના :** આયોજનકાળ દરમિયાન બચત એકત્ર કરવામાં અને તેનું રોકાણ કરવામાં જાહેર ક્ષેત્રની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહી છે.

- **રોજગાર સર્જન :** દેશમાં બેરોજગારીની સમસ્યાનો સામનો કરવા માટે જાહેર ક્ષેત્રે લાખો નોકરીઓનું સર્જન કર્યું છે. માર્ચ 2011ના રોજ રોજગારી મેળવનારા લોકોની

સંખ્યા 150 લાખ હતી. જાહેર ક્ષેત્રે પણ મોડેલ એમ્પ્લોયર (આદર્શ નિયોજક) તરીકે સેવા આપીને કામદારોની કામકાજ અને જીવનશૈલીમાં સુધારો કરવા માટે ઘણું યોગદાન આપ્યું છે.

- **સંતુલિત પ્રાદેશિક વિકાસ :** જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ તેમના પ્લાન્ટ પરગણાંના પછાત ભાગોમાં સ્થિત કર્યા છે. આ વિસ્તારોમાં વીજળી, પાણી પુરવઠો, ટાઉનશિપ અને માનવબળ જેવી મૂળભૂત ઔદ્યોગિક અને નાગરિક સુવિધાઓનો અભાવ હતો. સાર્વજનિક સાહસોએ આ સુવિધાઓ વિકસાવી છે જેનાથી આ પ્રદેશોમાં લોકોના સામાજિક-આર્થિક જીવનમાં સંપૂર્ણ પરિવર્તન આવ્યું છે. ભિલાઈ, રાઉરકેલા અને દુર્ગાપુરના સ્ટીલ પ્લાન્ટ્સ; સિંદરી ખાતે ખાતરની ફેક્ટરી, જાહેર ક્ષેત્ર દ્વારા પછાત વિસ્તારોના વિકાસના થોડા ઉદાહરણો છે.
- **જાહેર તિજોરીમાં યોગદાન :** આંતરિક સંસાધનોના નિર્માણ અને ડિવિડન્ડની ચૂકવણી ઉપરાંત, જાહેર સાહસો કોર્પોરેટ ટેક્સ, આબકારી જકાત, કસ્ટમ ડ્યુટી વગેરેની ચૂકવણી દ્વારા સરકારી તિજોરીમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. 1990-2000 માં કુલ આંતરિક સંસાધનનું ઉત્પાદન 36000 કરોડ હતું. જે 2008-09માં વધીને 1,11,000 કરોડ થયું હતું, જ્યારે ચોખ્ખો નફો 2010-11માં 92,077 કરોડ હતો.
- **નિકાસ પ્રોત્સાહન અને વિદેશી વિનિમય કમાણી :** કેટલાંક જાહેર સાહસોએ ભારતની નિકાસને પ્રોત્સાહન આપવા માટે ઘણું કર્યું છે. સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન (STC), મિનરલ્સ એન્ડ મેટલ્સ ટ્રેડિંગ કોર્પોરેશન (MMTC), હિન્દુસ્તાન સ્ટીલ લિ., ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ., હિન્દુસ્તાન મશીન ટૂલ્સ વગેરેએ નિકાસ પ્રોત્સાહનમાં ખૂબ જ સારું કામ કર્યું છે.
- **આયાત અવેજીકરણ :** કેટલાક જાહેર ક્ષેત્રના સાહસો ખાસ કરીને વસ્તુઓ ઉત્પાદન માટે શરૂ કરવામાં આવ્યા હતા જે અગાઉ આયાત કરવામાં આવતા હતા અને આમ વિદેશી હૂંડિયામણ બચાવવા માટે હિન્દુસ્તાન એન્ટિબાયોટિક્સ લિ., ઇન્ડિયન ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિ. (આઇડીપીએલ), ઓઇલ એન્ડ નેચરલ ગેસ કમિશન (ઓએનજીસી), ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિ., ભારત ઇલેક્ટ્રોનિક્સ લિ., વગેરેએ આયાત અવેજીથી વિદેશી હૂંડિયામણની બચત કરી છે.
- **સંશોધન અને વિકાસને પ્રોત્સાહન :** મોટાભાગના જાહેર સાહસો ઉચ્ચ ટેકનોલોજી અને ભારે ઉદ્યોગો સાથે સંકળાયેલા હોવાથી, તેઓએ મોટા પાયે સંશોધન અને વિકાસ કાર્યક્રમો હાથ ધર્યા છે. જાહેર ક્ષેત્રે દેશમાં અત્યાધુનિક ઔદ્યોગિક પ્લાન્ટ, મશીનરી અને સાધનોની ટેકનિકલ જાણકારી, જાળવણી અને સંચાલનના ક્ષેત્રમાં આત્મનિર્ભરતા માટે મજબૂત અને વ્યાપક પાયો નાખ્યો છે. સંશોધન અને વિકાસ પર ખર્ચ કરવાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય છે.

## 14.7 જાહેર ક્ષેત્રની કામગીરી અને મૂલ્યાંકન

### 14.7.1 પ્રસ્તાવના :

- સ્વતંત્રતા પછી, રાષ્ટ્રીય સર્વસંમતિ અર્થતંત્રના ઝડપી ઔદ્યોગિકીકરણની તરફેણમાં ફેરવાઈ આ પ્રક્રિયાને આર્થિક વિકાસ, સુધારેલા જીવનધોરણ અને આર્થિક સાર્વભૌમત્વની ચાવી તરીકે જોવામાં આવે છે. 1948માં જાહેર કરાયેલ પ્રથમ ઔદ્યોગિક નીતિ ઠરાવમાં ઔદ્યોગિક વિકાસની વ્યૂહરચના વ્યાપક પણે નિર્ધારિત કરવામાં આવી હતી.

- માર્ચ 1950માં કેબિનેટના ઠરાવ દ્વારા આયોજન પંચની રચના કરવામાં આવી હતી અને સરકાર ઉદ્યોગને નિયંત્રિત કરવા માટે જરૂરી પગલાં ભરવા માટે સશક્તિકરણ કરવાના ઉદ્દેશ્ય સાથે 1951માં ઔદ્યોગિક (વિકાસ અને નિયમન) કાયદો ઘડવામાં આવ્યો હતો.
- ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ આયાત અવેજી ઔદ્યોગિકીકરણ પર આધારિત આર્થિક નીતિને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું અને મિશ્ર અર્થતંત્રની હિમાયત કરવામાં આવી હતી. કારણ કે ભારતીય અર્થતંત્રના વિકાસ અને આધુનિકીકરણ માટે ભારે ઉદ્યોગોની સ્થાપના મૂળભૂત હતી.
- ભારતની બીજી પંચવર્ષીય યોજના (1956-60) અને 1956ના ઔદ્યોગિક નીતિ ઠરાવમાં રાષ્ટ્રીય ઔદ્યોગિકીકરણ નીતિને પહોંચી વળવા જાહેર ક્ષેત્રના સાહસોના વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો હતો.
- 1969માં ભારતની સૌથી મોટી ખાનગી બેંકોમાંથી 14 અને 1980માં વધારાની છ બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું. ઔદ્યોગિક નીતિ, ખાનગી સાહસો પર અનુરૂપ પ્રતિબંધો ભારતીય આર્થિક વિકાસનો પ્રબળ ઢાંચો હતો.

### 14.7.2 જાહેર ક્ષેત્રની કામગીરીનું મૂલ્યાંકન :

જાહેર ક્ષેત્રની કામગીરીનું મૂલ્યાંકન નીચેના મુદ્દાઓનાં આધારે કરવામાં આવે છે.

**1. પરિચય :**

- ભારતમાં સરકારી માલિકીના સાહસો, સરકારની માલિકીના નિગમો, વૈધાનિક નિગમો અથવા રાષ્ટ્રીયકૃત કંપનીને જાહેર ક્ષેત્રનાં ઉપક્રમો કે સાહસો પબ્લિક સેક્ટર અંડરટેકિંગ (PSUs) કહેવામાં આવે છે.
- આ સંસ્થાઓ સંપૂર્ણ અથવા આંશિક રીતે ભારત સરકાર અને/અથવા ઘણી રાજ્ય અથવા પ્રાદેશિક સરકારોમાંથી એકની માલિકીની છે.
- કેન્દ્રિય જાહેર ઉપક્રમો સેન્ટ્રલ પબ્લિક સેક્ટર અંડરટેકિંગ્સ (CPSU, CPSE) સંપૂર્ણ અથવા આંશિક રીતે ભારત સરકારની માલિકીની છે, જ્યારે રાજ્ય સ્તરના જાહેર ક્ષેત્રના ઉપક્રમો (SLPSU, SLPSE) રાજ્ય અથવા પ્રાદેશિક સરકારોની સંપૂર્ણ અથવા આંશિક માલિકી ધરાવે છે.

**2. જાહેર ક્ષેત્રનું વર્ગીકરણ :**

- જાહેર ક્ષેત્રના એકમો (પીએસયુ) ને કેન્દ્રીય જાહેર ક્ષેત્રનાં સાહસો (CPSE), જાહેર ક્ષેત્રની બેંકો (PSBs), અથવા રાજ્ય સ્તરના જાહેર સાહસો (SLPEs) તરીકે વર્ગીકૃત કરી શકાય છે.
- CPSEs નું સંચાલન ભારે ઉદ્યોગ અને જાહેર સાહસ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

- ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝેસ (DPE), નાણાં મંત્રાલય તમામ સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝેસ (CPSEs) માટે નોડલ વિભાગ છે.
- ઓક્ટોબર 2021 સુધીમાં, જાહેર સાહસ એકમોને 11 મહારત્ન, 13 નવરત્ન અને 73 મિનીરત્ન (કેટેગરી 1 અને કેટેગરી 2માં વિભાજિત કરવામાં આવે છે.) છે.
- ભારતમાં PSU ને તેમના ખાસ બિન-નાણાકીય ઉદ્દેશ્યોના આધારે પણ વર્ગીકૃત કરવામાં આવે છે અને કંપની અધિનિયમ, 2013 (કંપની અધિનિયમ, 1956 ની અગાઉની કલમ 25) ની કલમ 8 હેઠળ નોંધાયેલા છે.

**3. રોકાણ :**

1951 માં, ભારતમાં જાહેર ક્ષેત્રમાં માત્ર 5 PSES હતા. માર્ચ 2021 સુધીમાં, આવા સાહસોની સંખ્યા વધીને 365 થઈ ગઈ હતી, જેમાં 7 નવા સંરક્ષણ PSU નો સમાવેશ થાય છે. આ સાહસોએ 31 માર્ચ 2019 સુધીમાં લગભગ રૂ. 16.41 લાખ કરોડના કુલ રોકાણનું પ્રતિનિધિત્વ કર્યું હતું. 31 માર્ચ 2019 સુધીમાં તેમની કુલ ચૂકવણી કરેલી મૂડી લગભગ રૂ. 2.76 લાખ કરોડ હતી. CPSE એ નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન લગભગ રૂ. 25.43 લાખ કરોડની આવક મેળવી છે.

**4. શાસન :**

- જાહેર ક્ષેત્રના તમામ ઉપક્રમોને વધારાની નાણાકીય સ્વાયત્તતા આપવામાં આવી છે. આ કંપનીઓ એવી સરકારી કંપનીઓ છે કે જેઓ તુલનાત્મક ફાયદા ધરાવે છે, તેઓને વૈશ્વિક બજારમાં સ્પર્ધા કરવા માટે વધુ સ્વાયત્તતા આપે છે જેથી કરીને તેઓ 'વૈશ્વિક જાયન્ટ્સ (વિશાળ કંપની) બનવાના તેમના અભિયાનમાં ટેકો આપી શકે'.
- નાણાકીય સ્વાયત્તતા શરૂઆતમાં નવ PSUs ને 1997માં નવરત્નનો દરજ્જો આપવામાં આવ્યો હતો. મૂળરૂપે, નવરત્ન શબ્દનો અર્થ નવ કિંમતી રત્નોથી બનેલો તાવીજ હતો. બાદમાં, આ શબ્દ ગુપ્ત સમ્રાટ વિક્રમાદિત્ય અને મુઘલ સમ્રાટ અકબરના દરબારમાં તેમના નવ અસાધારણ દરબારીઓ માટે સામૂહિક નામ તરીકે અપનાવવામાં આવ્યો હતો.
- 2010માં, કેન્દ્ર સરકારે ઉચ્ચ મહારત્ન શ્રેણીની સ્થાપના કરી, જે અંતર્ગત કંપનીની રોકાણ મર્યાદા રૂ. 1,000 કરોડથી વધારીને રૂ. 5,000 કરોડ કરવામાં આવી.
- મહારત્ન કંપનીઓ હવે પ્રોજેક્ટમાં તેમની નેટવર્થના 15 ટકા સુધીનું રોકાણ નક્કી કરી શકે છે જ્યારે નવરત્ન કંપનીઓ સ્પષ્ટ સરકારી મંજૂરી વિના રૂ. 1,000 કરોડ સુધીનું રોકાણ કરી શકે છે.
- મિનીરત્નની બે શ્રેણીઓ ઓછી વ્યાપક નાણાકીય સ્વાયત્તતા આપે છે. રત્નનો દરજ્જો આપવા માટેની માર્ગદર્શિકા નીચે મુજબ છે.

**મહારત્ન :**

- પાત્રતા :

  રૂ. 2,500 કરોડથી વધુના સરેરાશ વાર્ષિક ચોખ્ખા નફા સાથે ત્રણ વર્ષ અથવા 3 વર્ષ માટે રૂ. 10,000 કરોડની સરેરાશ વાર્ષિક નેટવર્થ, અથવા 3 વર્ષ માટે રૂ. 20,000 કરોડનું સરેરાશ વાર્ષિક ટર્નઓવર (અગાઉ નિર્ધારિત રૂ. 25,000 કરોડની સામે)

- રોકાણ માટે લાભ :

  રૂ. 1,000 કરોડ - રૂ. 5,000 કરોડ અથવા પ્રોજેક્ટમાં તેમની નેટવર્થના 15% સુધીના રોકાણ અંગે નિર્ણય લેવા માટે મુક્ત

**નવરત્ન :**

- પાત્રતા :

  60 નો સ્કોર (100 માંથી), છ પરિમાણો પર આધારિત જેમાં ચોખ્ખો નફો, નેટવર્થ, કુલ માનવશક્તિ ખર્ચ, ઉત્પાદનની કુલ કિંમત, સેવાઓની કિંમત, PBDIT – Profit before depreciation, interest and taxes (ઘસારો, વ્યાજ અને કર પહેલાંનો નફો), રોકાયેલ મૂડી વગેરેનો સમાવેશ થાય છે અને કંપનીને નવરત્ન બનાવવામાં આવે તે પહેલાં પ્રથમ મિનીરત્ન હોવી જોઈએ અને તેના બોર્ડમાં 4 સ્વતંત્ર ડિરેક્ટર્સ હોવા જોઈએ.

- રોકાણ માટે લાભ :

  રૂ. 1,000 કરોડ સુધી અથવા એક પ્રોજેક્ટ પર તેમની નેટવર્થના 15% અથવા આખા વર્ષમાં તેમની નેટવર્થના 30% (રૂ. 1,000 કરોડથી વધુ નહીં).

**મીનીરત્ન કેટેગરી-I :**

- પાત્રતા :

  છેલ્લા ત્રણ વર્ષથી સતત નફો કર્યો હોય અથવા ત્રણ વર્ષમાં એકમાં રૂ. 30 કરોડ કે તેથી વધુનો ચોખ્ખો નફો મેળવ્યો હોય.

- રોકાણ માટે લાભ :

  રૂ. 500 કરોડ સુધી અથવા તેમની નેટવર્થના બરાબર, જે ઓછું હોય.

**મીનીરત્ન કેટેગરી-II :**

- પાત્રતા :

  છેલ્લા ત્રણ વર્ષથી સતત નફો કર્યો છે અને તેની નેટવર્થ હકારાત્મક હોવી જોઈએ.

- રોકાણ માટે લાભ :

  રૂ. 300 કરોડ સુધી અથવા તેમની નેટવર્થના 50% સુધી, જે પણ ઓછું હોય.

**5. સૌથી વધુ નફો કરતી કેન્દ્રીય PSU :**

નાણાકીય વર્ષ 2019-20માં ટોચના 10 નફો કરતી CPSE નીચે મુજબ છે.

| Sr. No. | CPSE નામ | ચોખ્ખો નફો (રૂ. કરોડ) | હિસ્સો (%) |
|---|---|---|---|
| 1. | ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિમિટેડ (ONGC) | 13,445 | 9.7 |
| 2. | કોલ ઈન્ડિયા લિમિટેડ (Coal India Limited-CIL) | 11,281 | 8.2 |
| 3. | પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (PGCIL- Power Grid Corporation of India) | 10,811 | 7.8 |
| 4. | નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC - National Thermal Power Corporation) | 10,113 | 7.3 |
| 5. | ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL- Gas Authority of India Limited) | 6,621 | 4.8 |
| 6. | મહાનદી કોલફિલ્ડ્સ (MCL-Mahanadi Coalfields) | 6,427 | 4.7 |
| 7. | પાવર ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ (PFCL-Power Finance Corporation Limited) | 5,655 | 4.1 |
| 8. | નોર્ધન કોલફિલ્ડ્સ (NCL-Northern Coalfields) | 4,971 | 3.6 |
| 9. | ગ્રામીણ વિદ્યુતીકરણ નિગમ (REC - Rural Electrification Corporation) | 4,886 | 3.5 |
| 10. | ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NPCIL - Nuclear Power Corporation of India Ltd) | 4,459 | 3.2 |
| | અન્ય CPSE | 59,443 | 43 |
| | નફો કરતી CPSE નો એકંદર નફો | 1,38,112 | 100 |

**6. સૌથી વધુ ખોટ કરતી કેન્દ્રીય PSU**

નાણાકીય વર્ષ 2019-20માં ટોચની 10 ખોટ કરતી CPSE નીચે મુજબ છે.

| Sr. No. | CPSE નામ | ચોખ્ખી ખોટ (રૂ. કરોડ) | હિસ્સો (%) |
|---|---|---|---|
| 1. | ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL-Bharat Sanchar Nigam Limited) | 15,500 | 34.6 |
| 2. | એર ઈન્ડિયા લિમિટેડ (Air India Limited) | 8,475 | 18.9 |

| | | | |
|---|---|---|---|
| 3. | રાષ્ટ્રીય ઇસ્પાત નિગમ લિમિટેડ<br>(RINL- Rashtriya Ispat Nigam Limited) | 3,910 | 8.7 |
| 4. | મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ<br>(MTNL-Mahanagar Telephone Nigam Ltd.) | 3,696 | 8.2 |
| 5. | મેંગલોર રિફાઇનરી એન્ડ પેટ્રોકેમિકલ્સ લિમિટેડ<br>(MRPL-Mangalore Refinery and Petrochemicals Limited) | 2,708 | 6 |
| 6. | ચેન્નાઈ પેટ્રોલિયમ કોર્પોરેશન લિ.<br>(CPCL-Chennai Petroleum Corporation Ltd.) | 2,078 | 4.6 |
| 7. | ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડ<br>(BHEL-Bharat Heavy Electricals Limited ) | 1,473 | 3.3 |
| 8. | ONGC મેંગલોર પેટ્રોકેમિકલ્સ લિમિટેડ<br>(OMPL-ONGC Mangalore Petrochemicals Limited) | 1,400 | 3.1 |
| 9. | ભારત પેટ્રો રિસોર્સિસ લિમિટેડ<br>(BPRL - Bharat Petro Resources Ltd) | 915 | 2 |
| 10. | હિન્દુસ્તાન કોપર લિમિટેડ<br>(HCL - Hindustan Copper Ltd) | 569 | 1.3 |
| | અન્ય CPSEs | 4,094 | 9.1 |
| | ખોટ કરતી CPSEs નું કુલ નુકસાન | 44,817 | 100 |

## 14.8 જાહેર ક્ષેત્રના ફાયદા અને ગેરફાયદા

### 14.8.1 જાહેર ક્ષેત્રના ફાયદા નીચે મુજબ છે :

1. **ભારે રકમ ખર્ચવાની શક્યતા :** કેટલાક ઉદ્યોગો એવા છે જેમાં ભારે રોકાણની જરૂર છે. ખાનગી ક્ષેત્ર પાસે મૂડી એકત્ર કરવા માટે પૂરતાં સંસાધનો ન હોઈ શકે જેના પરિણામે ઉદ્યોગ કરતાં તો સંપૂર્ણપણે અવગણવામાં આવશે અથવા તો વિકાસ પામશે નહીં. બીજી તરફ, રાજ્ય પાસે પૂરતાં સંસાધનો છે. એકવાર એવું અનુભવાશે કે ઉદ્યોગ સ્થાપવાની જરૂર છે, રાજ્ય નાણાં શોધશે અને જોશે કે ઉદ્યોગ સ્થાપિત થાય છે. આ કેટેગરીમાં સ્ટીલ અથવા શિપિંગ ઉદ્યોગ વગેરેની સ્થાપના માટે જરૂરી ભારે રકમના દાખલાઓ રાખી શકાય છે.
2. **લોન એકત્ર કરવા માટે સરળ :** જો રાજ્ય દ્વારા સમર્થિત જાહેર ક્ષેત્રના ઉદ્યોગની સ્થાપના માટે નાણાંની જરૂર હોય, તો ખાનગી ક્ષેત્ર કરતાં ઘણી વધુ ક્રેડિટ હશે. પરિણામ એ આવશે કે જાહેર ક્ષેત્ર માટે ખાનગી ક્ષેત્રની તુલનામાં લોન એકત્ર કરવાનું સરળ બનશે જે દેખીતી રીતે ઉદ્યોગ સ્થાપવા માટે લોન એકત્ર કરવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરશે.
3. **ઝડપી વળતરની કોઈ ઈચ્છા નથી :** જો ખાનગી ક્ષેત્ર પાસે પૂરતી મૂડી હોય તો પણ તે ઝડપી વળતર મેળવવાનું પસંદ કરશે. તેથી દરેક મૂડીવાદી આવી

યોજનાઓ (પ્રોજેક્ટ્સ)માં ખર્ચ કરવા માટે લલચાય છે જે ટૂંકા ગાળાના હોય અને પૈસા ચૂકવવાની શક્યતા હોય. બીજી બાજુ જ્યાં સુધી જાહેર ક્ષેત્રની વાત છે ત્યાં આવી કોઈ વિચારણા નથી. ઝડપી વળતરની અપેક્ષા કરતાં, મુખ્યત્વે સામાજિક જરૂરિયાતો પૂરી કરવા માટે ખર્ચવામાં આવે છે.

4. **વધુ સારા કૌશલ્યની ઉપલબ્ધતા :** દરેક સારા ઉદ્યોગને ચલાવવા માટે, સારી રીતે યોગ્ય અને પ્રશિક્ષિત કર્મચારીઓની જરૂર હોય છે. આ વસ્તુઓ ખર્ચ માટે ખાનગી ઉદ્યોગો શક્ય નથી. પરંતુ જ્યાં સુધી જાહેર ક્ષેત્રનો સંબંધ છે ત્યાં સુધી આ પ્રકારનો ખર્ચ શક્ય બને છે અને વધુ સારા કૌશલ્યની ઉપલબ્ધતા શક્ય બને છે.

5. **મોટા પાયે ઉત્પાદન શક્ય :** જ્યાં સુધી ઉત્પાદનનો સંબંધ છે ત્યાં સુધી ખાનગી ક્ષેત્રનાં ઘણાં પરિબળો ધ્યાનમાં લેવાનાં હોય છે. સૌથી મોટો સંયમ એ મૂડી છે. જો કે કેટલાક કિસ્સાઓમાં, આ ક્ષેત્ર મોટા જથ્થામાં વસ્તુઓનું ઉત્પાદન કરવાનું પસંદ કરી શકે છે, પરંતુ મોટાભાગે તે નાણાકીય અથવા મશીનરી અથવા પ્રશિક્ષિત સ્ટાફ વગેરેની ઇચ્છા માટે આમ કરી શકે તેવી સ્થિતિમાં ન પણ હોઈ શકે. પરંતુ જાહેર ક્ષેત્ર માટે તેના વિશાળ સંસાધનો સાથે, મોટા પાયે ઉત્પાદન કરવું શક્ય છે, ફક્ત એકવાર તે ખાતરી થઈ જાય કે આવા ઉત્પાદનની ખૂબ જ જરૂર છે.

6. **માર્કેટિંગ પર વધુ સારું નિયંત્રણ :** મર્યાદિત સંસાધનો ધરાવતાં ખાનગી ક્ષેત્રનું બજાર પર તેટલું અસરકારક નિયંત્રણ હોઈ શકતું નથી, કારણ કે જાહેર ક્ષેત્ર દ્વારા તેનો આનંદ માણવામાં આવે છે. કારણ કે વધુ વિતરણ સુવિધાઓ ધરાવે છે, જેથી ખાનગી ક્ષેત્રની તુલનામાં ગ્રાહકોનો સરળતાથી સંપર્ક કરી શકે છે અને વધુ સારી ઉપયોગિતા સેવાઓ પ્રદાન કરી શકે છે, જે તેમને ઓછી નિર્ભરતા સાથે તુલનાત્મક લાભ પ્રદાન કરશે. વધુમાં, ખાનગી ક્ષેત્ર મર્યાદિત બજારને આવરી શકે છે. જ્યારે જાહેર ક્ષેત્ર મોટા પ્રમાણમાં બજારને આવરી શકે છે.

7. **નફાની સામાજિક ઉપયોગિતા :** ઉદ્યોગ નફો કમાવવાના હેતુથી ચલાવવામાં આવે છે. પરંતુ જ્યારે નફો ખાનગી ક્ષેત્રને ઉપલબ્ધ હોય છે ત્યારે તેનો ઉપયોગ તેમની વ્યક્તિગત ઉન્નતિ માટે થાય છે. બીજી બાજુ, જ્યારે આ જાહેર ક્ષેત્ર માટે ઉપલબ્ધ હોય છે, ત્યારે તેનો ઉપયોગ સમગ્ર સમાજના કલ્યાણ માટે થાય છે. આમ જ્યાં ખાનગી ક્ષેત્રમાં નફો શોષણનું સાધન બને છે, જાહેરમાં એ જ નફો જાહેર સેવાનો સ્રોત બને છે.

8. **સંસાધનોની સરળ ઉપલબ્ધતા :** દરેક સમાજમાં હંમેશા સંસાધનોની અછત હોય છે. સંસાધનોનું નિયમન કરવામાં આવે છે. જે પરવાનો (લાયસન્સ) વગેરે દ્વારા કરવામાં આવે છે. પરંતુ જ્યારે ઉદ્યોગ જાહેર ક્ષેત્રમાં હોય છે, ત્યારે ઘણી બધી સમસ્યાઓ જે સામાન્ય રીતે ઊભી થાય છે અને ખાનગી ક્ષેત્ર દ્વારા તેને અડચણ તરીકે ગણવામાં આવે છે, તે બિલકુલ આવતી નથી. રાજ્ય જવાબદારીની બાબત તરીકે કાચા માલની વ્યવસ્થા કરે છે અને ખાતરી કરે છે કે ઉત્પાદન માત્ર એક યા બીજા સ્વરૂપે પુરવઠો ઉપલબ્ધ ન હોવાને કારણે ઘટી ન જાય.

9. **વિદેશી લોન મેળવી શકાય છે :** ઘણા ઉદ્યોગોની સ્થાપના માટે ઘણા કિસ્સાઓમાં વિદેશી હૂંડિયામણની ખૂબ જ જરૂર હોય છે. વાસ્તવમાં એવા ઉદ્યોગો હોઈ શકે છે જેમાં વિદેશી વિનિમય ખૂબ વધારે હોઈ શકે છે. કાર્યને આગળ વધારવા માટે વિદેશી લોનની વ્યવસ્થા કરવી જરૂરી છે. પરંતુ તે જ સમયે એવી અપેક્ષા રાખી શકાય નહીં કે ઉદ્યોગ તરત જ લોનની ચૂકવણી કરવાનું શરૂ કરશે. તેથી, લાંબા ગાળાના ધોરણે લોનની વ્યવસ્થા કરવી પડે છે.

10. **વિદેશી રોકાણ માટે આકર્ષણ :** મોટાભાગના વિકાસશીલ દેશો, જાહેર અને ખાનગી બંને ક્ષેત્રો, પાસે પૂરતા આર્થિક સંસાધનો નથી. તેમના શ્રેષ્ઠ પ્રયાસો છતાં નાણાંના અભાવે રાષ્ટ્ર ઝડપી આર્થિક વિકાસ કરી શકતું નથી. પરિણામ એ આવે છે કે ક્યાં તો ઔદ્યોગિક પ્રગતિ ધીમી થઈ જાય છે અથવા વિદેશી મૂડી આકર્ષિત કરવાની જરૂર ઊભી થાય છે. જો વિદેશી મૂડીને ખાનગી ક્ષેત્રમાં ઉદ્યોગ સ્થાપવાની મંજૂરી આપવામાં આવે, તો એક યા બીજા દિવસે આ ક્ષેત્ર દેશની ઔદ્યોગિક પ્રગતિને નિયંત્રિત કરી શકે છે અને પરિસ્થિતિનું શોષણ કરી શકે છે. ઘણા વિકાસશીલ દેશોમાં, સરકારોએ વિદેશી રોકાણકારો સાથેના કરારોને સમાપ્ત કરવા પડ્યા હતા, જેમ કે તેમના કરારની મુદત પૂરી થઈ હતી. જાહેર ક્ષેત્રમાં નાણાં ખર્ચવા માટે તેમને આકર્ષવાનો એકમાત્ર બીજો વિકલ્પ છે.

11. **સંરક્ષણ અને અન્ય જરૂરિયાતો પર્યાપ્ત રીતે પૂરી થાય છે :** દરેક દેશ માટે રાષ્ટ્રીય સંરક્ષણ હંમેશા સર્વોપરી હોય છે. સંરક્ષણ માટે ઘણાં બધાં ઉપકરણોની જરૂર પડે છે જે ખૂબ ખર્ચાળ હોય છે અને તેમના ઉત્પાદનમાં ઉચ્ચ તકનીકી જ્ઞાન અને કુશળતાનો સમાવેશ થાય છે. તે પણ આવશ્યક છે કે પુરવઠો ખૂબ જ નિયમિત હોવો જોઈએ અને માલની ગુણવત્તા ઉચ્ચ હોવી જોઈએ. આ બધું ખાનગી ક્ષેત્ર દ્વારા ન થઈ શકે. હકીકતમાં તે સામાન્ય રીતે સંરક્ષણ સામગ્રીનું ઉત્પાદન કરવાનું પસંદ કરશે નહીં કારણ કે નફો તેમની આકાંક્ષાઓને અનુરૂપ નથી.

### 14.8.2 જાહેર ક્ષેત્રના ગેરફાયદા :

વિકાસશીલ દેશોમાં જાહેર ક્ષેત્રના ઉપક્રમો ખૂબ જ લોકપ્રિય બની રહ્યા છે કારણ કે સમાજને મળતા ફાયદાઓ છે. પરંતુ ફાયદાની સાથેસાથે ઘણા ગેરફાયદા પણ છે. આવા કેટલાક ગેરફાયદા નીચે મુજબ છે :

1. **પોતીકાપણાનો અભાવ :** જ્યારે ઉદ્યોગપતિ કામની દરેક વિગતો પર યોગ્ય કાળજી અને ધ્યાન આપે છે ત્યારે ઉદ્યોગ સફળ થઈ શકે છે. ખાનગી ક્ષેત્રમાં જેઓ ઉદ્યોગ ધરાવે છે તેઓ તેમનો મહત્તમ સમય અને ધ્યાન આપે છે. જ્યાં સુધી સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમનો સંબંધ છે તેમાં દરેક સ્તરે પોતીકાપણાના અભાવ જોવા મળે છે.

2. **બિનઆર્થિક ખરીદી :** બિનઆર્થિક ખરીદીની કારણે મોંઘો કાચો માલ ખરીદાય છે ત્યારે તૈયાર માલ મોંઘો થઈ જાય છે. ખાનગી ક્ષેત્રના ઉપક્રમના કિસ્સામાં આવું થશે નહીં. ઉદ્યોગપતિ એ સુનિશ્ચિત કરશે કે તે તેની પ્રતિષ્ઠા તેમ જ નફો બંને જાળવવા માટે સસ્તો અને સારી ગુણવત્તાનો માલ ખરીદે છે.

3. **ભારે વહીવટી ખર્ચ :** સામાન્ય રીતે જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં ખર્ચ સૌથી વધુ હોય છે. આ કંપનીમાં મેનેજર, ડેપ્યુટી મેનેજર, ચીફ એન્જીનિયર, શિફ્ટ એન્જીનીયર્સ સેવા આપે છે. તેમાં ઘણી ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે સ્ટાફ પણ છે. આ બધાનું પરિણામ એ છે કે કર્મચારીઓના પગારમાં જે રકમ ચૂકવવી પડે છે તે ઉપક્રમ પર બોજ બની જાય છે. બિનઆર્થિક ખરીદી સાથે ઉત્પાદનની કિંમત ઘણી વધી જતી હોય છે.

4. **જવાબદારીથી દૂર રહેવું :** આ ક્ષેત્રમાં દરેક વ્યક્તિ જવાબદારીથી દૂર રહે છે. વાસ્તવમાં નીચા દરજ્જા પરનો માણસ તેના ઉપરી અધિકારીને અને તે તેના પછીના વરિષ્ઠ અધિકારીને જવાબદારી પસાર કરશે. જ્યારે કોઈ જવાબદારી લેવા તૈયાર ન હોય, ત્યારે સ્વાભાવિક રીતે જ નિર્ણય લેવાની સત્તા અને સ્પષ્ટ નીતિના અભાવે ઉદ્યોગને નુકસાન થશે.

5. **ઉદ્દેશ્યની બિન-સ્પષ્ટતા :** ખાનગી ક્ષેત્રનો ઉપક્રમ નફો કમાવવાના ઉદ્દેશ્ય સાથે કામ કરે છે અને તેની તમામ પ્રવૃત્તિઓ નફો કમાવવા તરફ નિર્દેશિત કરવામાં આવે છે. પરંતુ જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં કોઈ સ્પષ્ટ ઉદ્દેશ્ય નથી. જો કંપની સામાજિક કલ્યાણને ધ્યાનમાં લે છે, તો તેને નુકસાન થશે અને તે તિજોરી પર બોજ પડશે. એટલું જ નહીં, પરંતુ જાહેર ટીકા પણ થવાની છે. જો તે નફાના હેતુ સાથે કામ કરે છે, તો એક ટીકા ત્યાં બંધાયેલી છે કે ખાનગી ઉદ્યોગપતિની જેમ, જાહેર સાહસ પણ ગ્રાહકનું શોષણ કરી રહી છે.

6. **અતિશય રાજકીય હસ્તક્ષેપ :** રાજકીય સત્તામાં પરિવર્તન જાહેર ઉપક્રમમાં પણ પરિવર્તન લાવે છે. તદનુસાર, અતિશય રાજકીય હસ્તક્ષેપ જાહેર ક્ષેત્રના ઉપક્રમોની છબી અને આર્થિક સ્થિતિને વિપરીત અસર પણ કરી શકે છે.

7. **વિરોધાભાસી હિતોને સમાયોજિત કરવું મુશ્કેલ :** જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં ઘણા વિરોધાભાસી હિતો છે. એક તરફ કામદારો અને મજૂરો છે જેઓ પોતાના વેપાર સંગઠનો (ટ્રેડ યુનિયનો) છે પછી ટેકનિકલ સ્ટાફ, કર્મચારીઓના હિત છે, જેઓ બધા પોતાને ટ્રેડ યુનિયનમાં ગોઠવે છે. સામાન્ય રીતે હિતો ખૂબ જ વિરોધાભાસી હોય છે અને તેને સમાયોજિત કરવું મુશ્કેલ બને છે. આટલું જ નહીં પરંતુ વિરોધાભાસી હિતોના કારણે શિસ્તની ગંભીર સમસ્યા છે. એક તરફ શિસ્ત જાળવવાની સમસ્યા છે, જેમાં સરકાર અને મેનેજમેન્ટને રસ છે, જ્યારે બીજી તરફ મજબૂત ટ્રેડ યુનિયન સિસ્ટમ છે, જે માને છે કે અનુશાસનહીનતા અને હડતાલ દ્વારા માંગને અસરકારક રીતે સંતોષી શકાય છે.

8. **સ્થાનાંતરણને કારણે અસંગતતા :** ખાનગી ક્ષેત્રના સાહસમાં, નીતિ નક્કી કર્યા પછી તે અનુસરે છે. તેમની એક જગ્યાએથી બીજી જગ્યાએ બદલીનો પ્રશ્ન જ નથી. તદનુસાર, નીતિમાં હંમેશા સુસંગતતા હોય છે. બીજી બાજુ જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં નીતિમાં સુસંગતતા હોઈ શકતી નથી. ઉચ્ચ કક્ષાના અધિકારીઓ, જેમને નીતિ વિષયક નિર્ણયો અને કાર્યક્રમોને અમલમાં મૂકવાની જરૂર હોય છે, તેઓની વારંવાર બદલી થાય છે. એક અધિકારીની બદલી સાથે, નીતિ અને અમલીકરણ બંનેમાં હંમેશા ફેરફાર થાય છે.

9. **વહીવટલક્ષી તાલીમ :** ઘણા જાહેર ઉપક્રમોમાં સંચાલનનું નેતૃત્વ નાગરિક સેવકો દ્વારા કરવામાં આવે છે. આ લોકોને ચોક્કસ રીતે તાલીમ આપવામાં આવે છે. તેમની પાસે વહીવટલક્ષી તાલીમ છે. તેઓ સમસ્યાના આર્થિક પાસાને બદલે વહીવટ પર વધુ ભાર મૂકે છે. વધુમાં, મોટાભાગે સનદી કર્મચારીઓ સાહસિક નથી. તેઓને ડર છે કે જો તેમની પહેલ સફળ ન થાય, તો તે શક્ય છે કે ઉપરી અધિકારીઓ નારાજ પણ થઈ શકે છે.

10. **ભ્રષ્ટાચાર :** ખાનગી ક્ષેત્રના ઉપક્રમ ક્યારેય સહન કરશે નહીં કે અસમર્થ વ્યક્તિઓ કોઈપણ રીતે ઉચ્ચ અથવા નીચા હોદ્દા પર કબજો કરે. બીજી તરફ જ્યાં સુધી જાહેર ક્ષેત્રના ઉપક્રમોનો સંબંધ છે, સામાન્ય રીતે ઘણી નિમણૂકો પ્રભાવના આધારે થઈ શકે છે. કોન્ટ્રાક્ટ આપવા, કાચા માલનો પુરવઠો, વિતરણ એજન્સીઓ આપવામાં ભ્રષ્ટાચાર થઈ શકે છે. આને કારણે જ સક્ષમ લોકો વરિષ્ઠ હોદ્દા પર બિરાજમાન નથી.

11. **તુમારશાહી :** કોઈપણ ખાનગી ઉપક્રમ ક્યારેય તુમારશાહી વિશે વિચારશે નહીં કે તે ઉત્પાદન, ખરીદી અને વિતરણની તેમની સમગ્ર પ્રક્રિયા અને કાર્યક્રમમાં વિલંબ કરે છે. પરંતુ જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં સામાન્ય રીતે તુમારશાહી અને રોજ-બરોજનાં કાર્યો હોય છે. પરિણામ એ છે કે નીતિઓ, નિર્ણયો અને મુદ્દાઓના ઝડપી નિકાલના અભાવને લીધે વસ્તુઓ વિલંબિત થાય છે અને સંસ્થા હંમેશા પીડાય છે.

## 14.9 સ્વાધ્યાય - સૈદ્ધાંતિક પ્રશ્નો, ટૂંકા પ્રશ્નો, બહુવૈકલ્પિક પ્રશ્નો

**સૈદ્ધાંતિક પ્રશ્નો :**

1. જાહેર ક્ષેત્ર એટલે શું? જાહેર ક્ષેત્રનાં ઉદ્દેશ્યો લખો.
2. જાહેર ક્ષેત્રનાં ઉદ્દેશ્યો જણાવી તેનું મહત્ત્વ જણાવો.
3. આઝાદી બાદની જાહેર ક્ષેત્રની નીતિ વિશે ચર્ચા કરી તેની સમસ્યાઓ લખો.
4. ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્ર એટલે શું? તે બંને વચ્ચેનો તફાવત લખો.
5. ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્ર વચ્ચેનો મુખ્ય તફાવત વર્ણવો.
6. જાહેર ક્ષેત્રની આર્થિક વિકાસમાં ભૂમિકા જણાવો.
7. જાહેર ક્ષેત્રની કામગીરીનું વર્ણન કરી તેનું ટીકાત્મક મૂલ્યાંકન કરો.
8. જાહેર ક્ષેત્રનાં ફાયદાઓ વિશે જણાવો.
9. જાહેર ક્ષેત્રનાં ગેરફાયદાઓ લખો.

**ટૂંકા પ્રશ્નો :**

1. જાહેર ક્ષેત્રનો અર્થ જણાવો.
2. ખાનગી ક્ષેત્રનો અર્થ જણાવો.
3. જાહેર ક્ષેત્રનું વર્ગીકરણ લખો.
4. જાહેર ક્ષેત્રને કયાં- કયાં ભાગોમાં વહેંચવામાં આવે છે ?

5. જાહેર ક્ષેત્રના હેતુઓ લખો.
6. ભારતમાં જાહેર ક્ષેત્રના વિકાસ વિશે ચર્ચા કરો.
7. ભારતમાં જાહેર ક્ષેત્રના સુધારાઓ વિશે જણાવો.
8. ભારતની જાહેર ક્ષેત્રની નવી એન્ટરપ્રાઈઝ પોલિસી વિશે જણાવો.
9. ભારતમાં જાહેર ક્ષેત્રનાં મહત્ત્વ વિશે લખો.
10. ભારતમાં જાહેર ક્ષેત્રને જે નવરત્નનો દરજ્જો આપ્યો તે અંગેની માર્ગદર્શિકા રજૂ કરો.
11. ભારતમાં નાણાંકીય વર્ષ 2019-20માં ટોચની દસ સૌથી વધુ નફો કરતી કેન્દ્રીય જાહેર સાહસોનાં નામ જણાવી તેમના નફાની વિગત લખો.
12. ભારતમાં નાણાંકીય વર્ષ 2019-20માં ટોચની દસ સૌથી વધુ ખોટ કરતી કેન્દ્રીય જાહેર સાહસોનાં નામ જણાવી તેમના ખોટની વિગત લખો.
13. જાહેર સાહસો અને ખાનગી સાહસો વચ્ચેના મુખ્ય તફાવતો લખો.

**બહુવૈકલ્પિક પ્રશ્નો :**

1. ........... એટલે કે સરકારના તમામ સ્તરો અને સરકાર-નિયંત્રિત સાહસોનો બનેલો અર્થતંત્રનો ભાગ.

   (a) ખાનગી ક્ષેત્ર (b) જાહેર ક્ષેત્ર (c) કૌટુંબિક ક્ષેત્ર (d) ઉપરનાં તમામ

2. સૈન્ય, કાયદાનો અમલ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જાહેર પરિવહન, જાહેર શિક્ષણ, આરોગ્ય સંભાળ વગેરેનો સમાવેશ કયાં ક્ષેત્રોમાં થાય છે ?

   (a) ખાનગી ક્ષેત્ર (b) જાહેર ક્ષેત્ર (c) કૌટુંબિક ક્ષેત્ર (d) ઉપરનાં તમામ

3. ભારતમાં, જાહેર ક્ષેત્રની કંપની એવી કંપની છે જેમાં કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કોઈપણ પ્રાદેશિક સરકાર ............ કે તેથી વધુ હિસ્સાની માલિકી ધરાવે છે.

   (a) 51% (b) 50% (c) 49% (d) 100%

4. હાલમાં માત્ર સરકાર માટે માત્ર ............ સેક્ટર અનામત છે.

   (a) બે (b) ચાર (c) આઠ (d) ત્રણ

5. 1956ના ઠરાવની અનુસૂચિ / દ્વારા કુલ ............ ઔદ્યોગિક ક્ષેત્રો જાહેર ક્ષેત્ર માટે અનામત રાખવામાં આવ્યા હતા.

   (a) 12 (b) 11 (c) 17 (d) 14

6. 1991 માં, ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણને કારણે જાહેર ક્ષેત્રને માત્ર ............ ક્ષેત્રોમાં ઘટાડવામાં આવ્યું હતું.

   (a) 6 (b) 3 (c) 5 (d) 8

7. ........... એક પ્રકારનું ધંધાકીય સાહસ છે જે વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથ દ્વારા માલિકી, સંચાલિત અને નિયંત્રિત છે.

   (a) ખાનગી ક્ષેત્ર (b) જાહેર ક્ષેત્ર (c) કૌટુંબિક ક્ષેત્ર (d) ઉપરનાં તમામ

8. કંપની અધિનિયમ 2013 મુજબ ખાનગી કંપનીઓમાં સભ્યોની મહત્તમ સંખ્યા ………… સુધી મર્યાદિત છે.

   (a) 100 (b) 200 (c) 300 (d) 400

9. એક ખાનગી કંપનીમાં કંપનીની બાબતોનું સંચાલન કરવા માટે ઓછામાં ઓછા ………… ડિરેક્ટર હોઈ શકે.

   (a) 2 (b) 3 (c) 5 (d) 6

10. એક જાહેર કંપનીમાં કંપનીની બાબતોનું સંચાલન કરવા માટે ઓછામાં ઓછા ………… ડિરેક્ટર હોઈ શકે.

   (a) 2 (b) 3 (c) 5 (d) 6

11. ભારતમાં સરકારી માલિકીના સાહસો, સરકારની માલિકીની કોર્પોરેશન, વૈધાનિક કોર્પોરેશન અથવા રાષ્ટ્રીયકૃત કંપનીને ………… કહેવામાં આવે છે.

   (a) પબ્લિક સેક્ટર અંડરટેકિંગ (PSU) અથવા પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ (PSE)

   (b) પ્રાઈવેટ સેક્ટર અંડરટેકિંગ (PSU) અથવા પ્રાઈવેટ સેક્ટર એન્ટરપ્રાઈઝ (PSE)

   (c) બંને (A અને B).

   (d) ઉપરમાંથી એક પણ નહીં.

12. ઓક્ટોબર 2021 સુધીમાં ………… મહારત્ન હતાં.

   (a) 12 (b) 11 (c) 10 (d) 8

13. ઓક્ટોબર 2021 સુધીમાં ………… નવરત્ન હતાં.

   (a) 12 (b) 11 (c) 13 (d) 8

14. ઓક્ટોબર 2021 સુધીમાં, ………… મિનીરત્ન હતાં.

   (a) 12 (b) 11 (c) 13 (d) 73

15. 1951 માં, ભારતમાં જાહેર ક્ષેત્રમાં માત્ર PSE હતા. માર્ચ 2021 સુધીમાં, આવાં સાહસોની સંખ્યા વધીને ………… થઈ ગઈ હતી.

   (a) 340 (b) 365 (c) 370 (d) 390

**જવાબ :**

| | | | | |
|---|---|---|---|---|
| (1) - B | (2) - B | (3) - A | (4) - D | (5) - C |
| (6) - A | (7) - A | (8) - B | (9) - A | (10) - B |
| (11) - A | (12) - B | (13) - C | (14) - D | (15) - B |

BAOU
Education
for All

स्वाध्यायः परमं तपः

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**